વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી

# વર્તમાન પ્રવાહો

**May** **E-COPY**

## 01/05/2023 to 31/05/2023












ભારતનો નેશનલ હેલ્થ એકાઉન્ટ અંદાજ (2019-20) જાહેર કરવામાં આવ્યો

ગુજરાત રાજ્યનો સૌપ્રથમ "ડિસ્ટ્રીક ગુડ ગવર્નન્સ ઈન્ડેક્ષ" જાહેર કરવામાં આવ્યો

જાપાનના હિરોશિમાં ખાતે G-7 શિખર સંમેલનનું આયોજન થયું

ભારતના ઉત્તરપૂર્વીય રાજ્ય મણિપૂરમાં વિવિધ વંશીય સમૂહો વચ્ચે હિંસક અથડામણ જોવા મળી

પેજ નં. 19
કેરળના સમુદ્ર કિનારે ડ્રગ્સ જપ્ત કરવા 'ઓપરેશન સમુદ્રગુપ્ત' હાથ ધરવામાં આવ્યું

પેજ નં. 37
પાપુઆ ન્યુ ગિનીમાં FIPIC સમિટ– 2023 નુ આયોજન કરવામાં આવ્યું

પેજ નં. 49
'પોષણ ભી, પઢાઈ ભી' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું

GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | SIPRI અનુસાર ભારત વિશ્વમાં શસ્ત્ર ખરીદનાર દેશોની યાદીમાં ચોથા ક્રમે રહ્યો | 07 |
| 2 | કેબિનેટ દ્વારા નેશનલ મેડિકલ ડિવાઈસ પોલિસી – 2023 ને મંજૂરી આપવામાં આવી | 07 |
| 3 | ભારતનો નેશનલ હેલ્થ એકાઉન્ટ અંદાજ (2019-20) જાહેર કરવામાં આવ્યો | 08 |
| 4 | ભારત નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં ઈન્ટરનેશનલ કલાઈમેન્ટ એકશનમાં જોડાશે | 08 |
| 5 | ભારતના ઉત્તરપૂર્વીય રાજ્ય મણિપૂરમાં વિવિધ વંશીય સમૂહો વચ્ચે હિંસક અથડામણ જોવા મળી | 09 |
| 6 | સૌપ્રથમ ભારતીય – અમેરિકન અજય બંગાને વિશ્વબેંકના પ્રમુખ નિમવામાં આવ્યા | 10 |
| 7 | Indian Manufacturing Innovation Index (IMII) જાહેર કરવામાં આવ્યો | 10 |
| 8 | મ્યાનમારના સિત્તવે બંદરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ | 11 |
| 9 | રાજસ્થાનના 'દેબાના' માંથી લિથિયમ ખનીજનો વિશાળ ભંડાર મળ્યો | 11 |
| 10 | કેબિનેટ દ્વારા આઈ ટી હાર્ડવેર માટે પ્રોડકશન લિંક ઈન્સેન્ટિવ સ્કીમ – 2.0 ને મંજૂરી આપવામાં આવી | 12 |
| 11 | સુપ્રીમ કોર્ટ દ્વારા જલ્લીકટ્ટુની માન્યતા કાયદેસર હોવાનો ચુકાદો આપ્યો | 12 |
| 12 | ગુજરાત રાજ્યનો સૌપ્રથમ "ડિસ્ટ્રીક ગુડ ગવર્નન્સ ઈન્ડેક્ષ" જાહેર કરવામાં આવ્યો | 14 |
| 13 | જાપાનના હિરોશિમાં ખાતે G-7 શિખર સંમેલનનું આયોજન થયું | 14 |
| | **આંતરરાજ્ય** | |
| 14 | કોચીમાં ભારતની સૌપ્રથમ વોટર મેટ્રો પરિયોજના શરૂ કરવામાં આવી | 16 |
| 15 | મુંબઈમાં ભારતની સૌપ્રથમ અન્ડર સી ટનલનુ કાર્ય અંતિમ તબક્કામાં છે | 16 |
| 16 | સંરક્ષણ મંત્રાલય દ્વારા 2024 ના ગણતંત્ર દિવસની પરેડમાં માત્ર મહિલાઓનો સમાવેશ કરવાની જાહેરાત | 16 |
| 17 | ભારતનો પ્રથમ આંતરરાષ્ટ્રીય મલ્ટિમોડલ લોજિસ્ટિક પાર્ક આસામના જોગીઘોપામાં નિર્માણાધીન છે | 17 |
| 18 | ઓલ ઈન્ડિયા રેડિયોનું નવું નામ આકાશવાણી કરવામાં આવ્યું | 17 |
| 19 | ભારતીય વાયુસેનાના પ્રથમ હેરિટેજ સેન્ટરનું ચંદીગઢ ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું | 17 |
| 20 | તેલંગાણા 'સ્ટેટ રોબોટિક ફ્રેમવર્ક' જાહેર કરનાર દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યુ | 18 |
| 21 | 'શાંતિનિકેતન' ને યુનેસ્કો યાદીમાં સમાવેશ કરવા ભલામણ કરવામાં આવશે | 18 |
| 22 | કર્ણાટક વિધાનસભા ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યાં | 19 |
| 23 | કેરળના સમુદ્ર કિનારે ડ્રગ્સ જપ્ત કરવાં 'ઓપરેશન સમુદ્રગુપ્ત' હાથ ધરવામાં આવ્યું | 19 |
| 24 | તુંગનાથ મંદિરનો રાષ્ટ્રીય મહત્વના સ્મારકની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો | 20 |
| 25 | ભારતીય સેનામાં ગણવેશનું માનકીકરણ કરવામાં આવ્યું | 20 |
| 26 | મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં પીએમ મિત્રા પાર્ક માટે MOU કરવામાં આવ્યાં | 21 |
| 27 | સેલવાસાનાં ખાનવેલમાં તારપા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ | 21 |
| 28 | દહેરાદૂનમાં સસ્ટેનેબલ લેન્ડ મેનેજમેન્ટ માટે સેન્ટર ઓફ એકસેલન્સ (CoE – SLM) નું ઉદ્‌ઘાટન કર્યુ | 22 |
| 29 | અદાણી – હિંડનબર્ગ મુદ્દા અંગેની સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા બનાવેલી સપ્રે સમિતિએ તેનો અહેવાલ જમા કરાવ્યો | 22 |
| 30 | ભારતના રાજદંડને 75 વર્ષ પછી સંસદમાં સ્થાપિત કરવામાં આવશે | 22 |
| 31 | SDG પ્રગતિને ટ્રેક કરનાર ભોપાલ દેશનું પ્રથમ શહેર બન્યું | 23 |

| | | |
|---|---|---|
| | **ગુજરાત** | |
| 32 | ગુજરાત સરકાર દ્વારા આશરે 3500 કિલોમીટરનો 'પરિક્રમા પથ' પ્રોજેકટ તૈયાર કરશે | 25 |
| 33 | અમદાવાદમાં ગુજરાત રાજ્યની સૌ પ્રથમ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટનો પ્રારંભ કરવામાં આવ્યો | 25 |
| 34 | ગુજરાતની વિશિષ્ટ હસ્તકળા 'માતાની પછેડી'ને GI Tag આપવામાં આવ્યું | 25 |
| 35 | ગુજરાત વન વિભાગ દ્વારા રાજ્યમાં મિયાવાકી પધ્ધતિથી 84 સ્થળો પર અર્બન ફોરેસ્ટ બનાવવામાં આવશે | 26 |
| 36 | ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે જમીન ફાળવણી નીતિ – 2023 જાહેર કરવામાં આવી | 26 |
| 37 | ગુજરાત સરકાર દ્વારા જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજનાની જાહેરાત કરવામાં આવી | 27 |
| 38 | 'SWAGAT' પહેલની 20 મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી | 27 |
| 39 | હજીરા–ગોથાણ રેલવે લાઈન પ્રોજેકટને 'વિશેષ રેલવે પ્રોજેકટ'તરીકેની માન્યતા આપવામાં આવી | 28 |
| 40 | ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં 21 નવી GIDC બનાવવાની જાહેરાત કરવામાં આવી | 28 |
| 41 | દરેક સરકારી પ્રાથમિક શાળામાં પ્રવેશ માટે બાલ વાટિકાની શરૂઆત કરવામાં આવશે | 28 |
| 42 | નોર્થ – ઈસ્ટર્ન હિલ યુનિવર્સિટીમાં ગુજરાત યુનિવર્સિટીનું સેન્ટર બનાવવામાં આવશે | 29 |
| 43 | કેન્દ્રીય મંત્રીએ તટીય પુલિસિંગની રાષ્ટ્રીય એકેડેમીનો શિલાન્યાસ કર્યો | 29 |
| 44 | વિશ્વના સૌપ્રથમ ગૌ ટેક – 2023 એકસ્પોનું રાજકોટમાં શુભારંભ | 29 |
| 45 | રાજ્યકક્ષાની વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંબાજીમાં કરવામાં આવશે | 30 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 46 | જાપાને પ્રથમ વખત ગર્ભપાત ગોળીને મંજૂરી આપી | 31 |
| 47 | સુદાનમાંથી ભારતીયોને બહાર કાઢવા "ઓપરેશન કાવેરી" શરૂ કરવામાં આવ્યું | 31 |
| 48 | દલાઈ લામાને 64 વર્ષ પછી રૂબરૂમાં રેમન મેગ્સેસે એવોર્ડ મળ્યો | 31 |
| 49 | દુબઈ ખાતે વૈશ્વિક શિક્ષણ અને તાલીમ પ્રદર્શનમાં ઈન્ડિયા પેવેલિયનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યુ | 32 |
| 50 | વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા PRET પહેલની શરૂઆત કરવામાં આવી | 32 |
| 51 | ભારત અરેબિયન ટ્રાવેલ માર્કેટ (ATM) 2023 માં જોડાયુ | 32 |
| 52 | ગોવા ખાતે SCO સભ્ય દેશોના વિદેશ મંત્રીઓની બેઠક યોજાઈ | 33 |
| 53 | UAE સરકારે 'Machines Can See - 2023' સમિટનું આયોજન કર્યુ | 33 |
| 54 | જર્મનીના બર્લિન ખાતે પીટર્સબગ સંવાદનું આયોજન કરવામાં આવ્યું | 33 |
| 55 | બાંગ્લાદેશના ઢાંકા ખાતે 6th હિંદ મહાસાગર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું | 33 |
| 56 | સુપર સાયકલોન 'મોચા' મ્યાનમારમાં ત્રાટકયુ | 34 |
| 57 | યુરોપીયન દેશ પોર્ટુગલની સંસદમાં ઈચ્છામૃત્યુના ખરડાને મંજૂરી આપવામાં આવી | 34 |
| 58 | બ્રિટનના કિંગ ચાર્લ્સ તૃતીયનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો | 35 |
| 59 | ભારત અને બાંગ્લાદેશએ '50 સ્ટાર્ટઅપ એકસચેંજ પ્રોગ્રામ' લોન્ચ કર્યો | 35 |
| 60 | ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે 'અલ મોહેદ–અલ હિન્દી' – 2023 યુધ્ધાભ્યાસનું આયોજન કરવામાં આવ્યુ | 36 |
| 61 | રાજ્યમંત્રી ડૉ. એલ મુરુગન કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે | 36 |
| 62 | વડાપ્રધાન નરેન્દ્રમોદી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના 76 માં સત્રમાં જોડાયા | 36 |
| 63 | નવી દિલ્હી ખાતે SCO ની સ્ટાર્ટઅપ ફોરમ – 2023 નું આયોજન કરવામાં આવ્યુ | 37 |
| 64 | પાપુઆ ન્યુ ગિનીમાં FIPIC સમિટ– 2023 નુ આયોજન કરવામાં આવ્યું | 37 |


Banking Academy

| | | |
|---|---|---|
| | **અર્થવ્યવસ્થા** | |
| 65 | જ્યુપિટર નિયોબેંક ને NBFCનું લાયસન્સ મળ્યુ | 39 |
| 66 | રેલ વિકાસ નિગમ લિમિટેડનો નવરત્ન શ્રેણીમાં સમાવેશ કરવામાં આવ્યો | 39 |
| 67 | સિટી યુનિયન બેંક દ્વારા ભારતની પ્રથમ વોઈસ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન બેકિંગ એપ લોન્ચ કરવામાં આવી | 40 |
| 68 | દેશના ખેડૂતો માટે પ્રવાહી નેનો ડિએપી લોકાર્પણ કરવામાં આવ્યુ | 40 |
| 69 | યુરોપમાં કુલ શુદ્ધ ઈંધણ આયાતમાં ભારત ટોચના સ્થાને પહોચ્યો | 40 |
| 70 | રૂા. 5 કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે GST ઈ–ઈનવોઈસિંગ ફરજીયાત કરવામાં આવ્યુ | 41 |
| 71 | વિદેશી ચલણમાં કરવામાં આવતા ખર્ચને RBI ની LRS હેઠળ સમાવેશ કરવામાં આવ્યો | 41 |
| 72 | કેબિનેટ દ્વારા ખરીફ પાક – 2023 માટે પોષક તત્વો આધારીત સબસિડીને મંજૂરી આપવામાં આવી | 41 |
| 73 | RBI દ્વારા '100 ડે 100 પે' અભિયાન શરૂ કરવામાં આવ્યુ | 42 |
| 74 | RBI એ 2000 રૂપિયાની નોટને ચલણમાંથી પાછી ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે | 42 |
| 75 | ભારત કુલ સંરક્ષણ ઉત્પાદનમાં 1 લાખ કરોડના આંકને વટાવી ગયુ | 43 |
| 76 | GRES દ્વારા GAINS – 2023 સ્ટાર્ટઅપ ચેલેન્જ લોન્ચ કરવામાં આવી | 43 |
| 77 | RBI દ્વારા FY2023 માટે કેન્દ્ર સરકારને 87,416 કરોડ સરપ્લસ ટ્રાન્સફરને મંજૂરી આપી | 43 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 78 | ઉડાન 5.0 સંસ્કરણનો શુભારંભ કરવામા આવ્યો | 45 |
| 79 | નવી દિલ્હી ખાતે 'વન અર્થ વન હેલ્થ' કાર્યક્રમ – 2023 નું આયોજન કરવામાં આવ્યું | 45 |
| 80 | ભારત સરકાર દ્વારા 'ઈન્ડિયા હેન્ડમેડ પોર્ટલ' શરૂ કરવામાં આવ્યું | 45 |
| 81 | CGTMSE યોજનામાં સંશોધન કરવામાં આવ્યુ | 46 |
| 82 | નવી દિલ્હી ખાતે દેશના સૌપ્રથમ 'મિલેટ્સ એકસપિરિયન્સ સેન્ટર' નું લોકાર્પણ કરવામાં આવ્યુ | 46 |
| 83 | 'વિવાદથી વિશ્વાસ – I MSME ને રાહત' યોજના લાગુ કરવામાં આવી | 47 |
| 84 | વર્ષ 2023-24 માટે રાષ્ટ્રવ્યાપી "AHDF KCC  અભિયાન" નો શુભારંભ કરવામાં આવ્યો | 47 |
| 85 | આરોગ્ય મંત્રાલય દ્વારા SAKSHAM પ્લેટફોર્મનો શુભારંભ કરવામાં આવ્યો | 47 |
| 86 | સ્માર્ટ સિટી મિશનની મર્યાદા જૂન 2024 સુધી લંબાવવામાં આવી | 48 |
| 87 | સ્ટેશન વિસ્તારના વિકાસ માટે પ્રોજેકટ–સ્માર્ટ શરૂ કરવામાં આવ્યો | 48 |
| 88 | 'પોષણ ભી, પઢાઈ ભી' અભિયાન લોન્ચ કરવામાં આવ્યુ | 49 |
| 89 | કેન્દ્ર સરકાર દ્વારા 'હરિત સાગર દિશાનિર્દેશ 2023' જાહેર કરવામાં આવી | 49 |
| 90 | ભારતીય રેલવે દ્વારા 'ભૂર્તપૂર્વ–અગ્નિવીર' માટે 15 ટકા અનામત આપવાની જાહેરાત કરવામાં આવી | 49 |
| 91 | 'મેરી Life' એપ્લિકેશનની શરૂઆત કરવામાં આવી | 50 |
| 92 | નેશનલ મેડિકલ કમિશન દ્વારા ડોકટર માટે 'યુનિક આઈડી' ફરજિયાત બનાવવામાં આવ્યુ | 50 |
| 93 | University Grant Commission દ્વારા ત્રણ નવી પહેલ શરૂ કરવામાં આવી | 50 |
| 94 | નવી દિલ્હી ખાતે લેજીસ્લેટીવ ડ્રાફટીંગ પર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ | 51 |
| 95 | 'સચાંર સાથી' પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યુ | 51 |
| 96 | UGC NEP – 2020  ની જાગરૂકતા ફેલાવવા 300 વિદ્યાર્થીઓને બ્રાન્ડ એમ્બેસેડર બનાવશે | 52 |

| | | |
|---|---|---|
| 97 | કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા 75/25 પહેલ લોન્ચ કરવામાં આવી | 52 |
| 98 | પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ એકસપો – 2023 નું ઉદ્દઘાટન કર્યુ | 52 |
| | **રિપોર્ટ અને ઈન્ડેકસ** | |
| 99 | નીતિ આયોગ દ્વારા મિલેટ્સ પર એક અહેવાલ જાહેર કરવામાં આવ્યો | 54 |
| 100 | વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્ષ – 2023 જાહેર કરવામાં આવ્યો | 54 |
| 101 | નીતિ આયોગ દ્વારા સામાજિક ક્ષેત્રમાં શ્રેષ્ઠ કાર્યપ્રણાલી જાહેર કરવામાં આવી | 55 |
| 102 | સંયુકત રાષ્ટ્ર દ્વારા "માતૃત્વ અને નવજાત આરોગ્યમાં સુધાર તથા જીવિત રાખવુ અને મૃતજન્મ ઘટાડવુ" અહેવાલ જાહેર કરવામાં આવ્યો | 55 |
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 103 | ભારત અને UK વચ્ચે 'અજય વોરિયર – 2023' યુદ્ધાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું | 56 |
| 104 | ભારતીય સેનાએ બુલંદ ભારત અભ્યાસ કર્યો | 56 |
| 105 | ISRO દ્વારા START તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો | 56 |
| 106 | DRDO અને ભારતીય નૌસેના દ્વારા 'ADC - 150' નું પ્રથમ સફળ પરિક્ષણ કરવામાં આવ્યુ | 57 |
| 107 | AIME – 2023 ના પહેલા સંસ્કરણનું આયોજન કરવામાં આવ્યુ | 57 |
| 108 | NTPC અને NPCIL એ પરમાણુ ઉર્જા પ્રોજેકટ માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા | 57 |
| 109 | IAF ને સ્વદેશી VTOL લાઈટરીંગ મ્યુનિશનની પ્રથમ બેચ સોંપવામાં આવી | 58 |
| 110 | ISRO દ્વારા 'સ્ટાર બેરી સેન્સ' નામના લો કોસ્ટ સ્ટાર સેન્સરનુ પ્રક્ષેપણ કરવામાં આવ્યુ | 58 |
| 111 | ભારત માટે એરબસ C-295 એ સફળતાપૂર્વક પહેલી ઉડાન પૂર્ણ કરી | 58 |
| 112 | ભારત – ઈન્ડોનેશિયા વચ્ચે 'સમુદ્ર શકિત– 2023' યુદ્ધાભ્યાસ કરવામાં આવ્યો | 59 |
| 113 | યુધ્ધજહાજ મોર્મુગાવ પરથી સ્વદેશી બ્રહ્મોસનું પ્રથમવાર સફળ પરિક્ષણ કરવામાં આવ્યુ | 59 |
| 114 | પૂણે ખાતે એશિયાની સૌપ્રથમ સબ – સી સંશોધન પ્રયોગશાળા શરૂ કરવામાં આવી | 60 |
| 115 | અસમમાં પૂર રાહત કવાયત 'જલ રાહત' કરવામાં આવી | 60 |
| 116 | ભારતીય નૌસેનાએ કલવરી શ્રેણીની છઠ્ઠી અને અંતિમ સબમરીન વાગ્શીર લોન્ચ કરી | 60 |
| | **રમત–જગત** | |
| 117 | એશિયા ચેમ્પિયનશિપમાં ભારતના સાત્વિક સાઈરાજ અને ચિરાગ શેટ્ટીએ બેડમિન્ટન પુરુષ ડબલમાં સૌપ્રથમ ગોલ્ડ જીત્યો | 62 |
| 118 | ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી રમત – 2022 નો લોગો, શુભંકર, મિશાલ, ગીત તેમજ જર્સી લોન્ચ કરવામાં આવ્યુ | 62 |
| 119 | નીરજ ચોપડાએ ડાયમંડ લીગ – 2023 માં ગોલ્ડ મેડલ જીત્યો | 62 |
| 120 | ગોલ્ડન ગ્લોબ રેસ પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય અને એશિયન અભિલાષ ટોમી બન્યા | 63 |
| 121 | પુરુષોની ભાલા ફેંકમાં નીરજ ચોપડા વિશ્વ નંબર વન ખેલાડી બન્યો | 63 |
| 122 | શૂટિંગ વર્લ્ડ કપમાં ભારતે પ્રથમવાર મહિલા સ્કિટ ઈવેન્ટમાં બ્રોન્ઝ અને સિલ્વર મેડલ જીત્યા | 64 |
| | **નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 123 | પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલનું નિધન | 66 |
| 124 | શારજાહ સ્ટેડિયમના વેસ્ટ સ્ટેન્ડનું નામ 'સચિન તેંડુલકર' રાખવામાં આવ્યુ | 66 |
| 125 | અરવિંદ કુમારના જીવન પર આધારિત 'શબ્દ સારથી અરવિંદ કુમાર' ફિલ્મ બનાવવામાં આવી | 66 |
| 126 | રણછોડલાલ રેંટિયાવાળાની 200 મી જન્મજયંતિ | 67 |


Banking Academy

| | | |
|---|---|---|
| 127 | પ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિ વર્માની 175 મી જન્મજયંતિ | 67 |
| 128 | ભારતીય સેનાએ પાંચ મહિલા અધિકારીઓનો પોતાની આર્ટિલરી રેજીમેંટમાં સમાવેશ કર્યો | 67 |
| 129 | વૈશાખ સુદ પૂનમ : બુધ્ધ પૂર્ણિમાં | 68 |
| 130 | રવિન્દ્રનાથ ટાગોરની જન્મ જયંતી | 68 |
| 131 | પ્રથમ ASI ગોવિંદ સ્વરૂપ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ જયંત નારલીકરને આપવામાં આવ્યો | 68 |
| 132 | કર્ણાટકના DGP પ્રવિણ સૂદની CBI ના નવા નિર્દેશક તરીકે નિમણૂક થઈ | 69 |
| 133 | ડો. મનોજ સોનીએ યુપીએસસીના અધ્યક્ષ તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા | 69 |
| 134 | ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનને ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરીક સન્માન એનાયત કરવામાં આવ્યો | 70 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 135 | રતનટાટાને ઓસ્ટ્રેલિયાના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા | 71 |
| 136 | અર્જુન વાજપાઈ માઉન્ટ અન્નપૂર્ણા સર કરનાર પ્રથમ ભારતીય બન્યા | 71 |
| 137 | IIT બોમ્બેની ‘શૂન્ય’ ટીમે અમેરિકામાં ‘સોલાર ડિકેથલોન બિલ્ડ ચેલેન્જમાં બીજુ સ્થાન મેળવ્યુ | 71 |
| 138 | રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા 37 વીરતા પુરસ્કાર આપવામાં આવ્યા | 72 |
| 139 | લોરેસ વર્લ્ડ સ્પોર્ટ એવોર્ડ – 2023 સમારોહનું આયોજન કરવામાં આવ્યું | 72 |
| 140 | મુંબઈ ખાતે 68 માં ફિલ્મફેર એવોર્ડ – 2023 નું આયોજન કરવામાં આવ્યું | 72 |
| 141 | 31 કલાકારોને ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા | 73 |
| 142 | પી.એમ. નરેન્દ્ર મોદીને ફિજી તેમજ પાપુઆ ન્યુ ગિનીના સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજવામાં આવ્યા | 73 |
| 143 | ‘ટાઈમ શેલ્ટર’ પુસ્તકના લેખકને ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ – 2023 મળ્યો | 74 |
| | **મહત્વના દિવસો** | |
| 144 | 1 - મે : ગુજરાત રાજ્યનો 63 માં સ્થાપના દિવસની ઉજવણી | 76 |
| 145 | 1 - મે : આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ (International Labour Day) | 76 |
| 146 | 2 - મે : વિશ્વ અસ્થમા દિવસ | 77 |
| 147 | 3 - મે : વિશ્વ પ્રેસ સ્વાતંત્ર્ય દિવસ (World Press Freedom Day) | 77 |
| 148 | 4 - મે : આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ (International Firefighter day) | 77 |
| 149 | 8 - મે : આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ (International Thalassemia Day) | 77 |
| 150 | 11 - મે : રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ (National Technology Day) | 78 |
| 151 | 12 - મે : આંતરરાષ્ટ્રીય પરિચારિકા દિવસ (International Nurses Day) | 78 |
| 152 | 15 - મે : આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ (International Day of Families) | 78 |
| 153 | 16 - મે : રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (National Dengue Day) | 79 |
| 154 | 17 - મે : વિશ્વ મેટ્રોલોજી દિવસ (World Metrology Day) | 79 |
| 155 | 18 - મે : આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day) | 79 |
| 156 | 20 - મે : વિશ્વ મેટ્રોલોજી દિવસ (World Metrology Day) | 80 |
| 157 | 20 - મે : વિશ્વ મધમાખી દિવસ (World Bee Day) | 80 |
| 158 | 21 - મે : સંવાદ અને વિકાસ માટે સાંસ્કૃતિક વિવિધતા માટેનો વિશ્વ દિવસ (Day for cultural Diversity for Dialogue and Development) | 80 |
| 159 | 21 - મે : આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day) | 81 |
| 160 | 22 - મે : આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ (International Day for Biological Diversity) | 81 |


Banking Academy

| | | |
|---|---|---|
| 161 | **23 - મે : વિશ્વ કાચબા દિવસ (World Trutle Day)** | 81 |
| 162 | **24 - મે : રાષ્ટ્રમંડળ દિવસ (Commonwealth Day)** | 81 |
| 163 | **28 - મે : મહિલાઓના સ્વાસ્થયની કામગીરી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Action for Women's Health Day)** | 82 |
| 164 | **29 - મે : 75મો સંયુકત રાષ્ટ્ર શાંતિરક્ષક દળ દિવસ (75th International Day of UN Peacekeeper)** | 82 |
| 165 | **31 - મે : વિશ્વ તમાકુ નિષેધ દિવસ (World No-Tobacco Day)** | 82 |
| **Current Affairs Booster** | | 83 |
| **Facts.... Inshort** | | 97 |



Banking Academy

## 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

### SIPRI અનુસાર ભારત વિશ્વમાં શસ્ત્ર ખરીદનાર દેશોની યાદીમાં ચોથા ક્રમે રહ્યો

- સ્વીડનના સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ (SIPRI) ના વાર્ષિક અહેવાલ અનુસાર 2022 માં વિશ્વમાં અત્યાર સુધીનો સર્વોચ્ચ લશ્કરી ખર્ચ કરવામાં આવ્યો.
- અહેવાલનો વિષય : સમગ્ર વિશ્વનો લશ્કરી ખર્ચ




❖ **મુખ્ય તથ્યો**

- યુરોપમાં છેલ્લા 30 વર્ષથી થતા વાર્ષિક વધારાથી આ વર્ષે સૌથી વધુ વાર્ષિક વધારો નોંધાયો છે.
- વર્ષ 2022 માં કુલ વૈશ્વિક લશ્કરી ખર્ચ 3.7% વધીને 2240 અબજ ડોલર રહયો.

| ક્રમાંક | દેશ | વિશ્વમાં હિસ્સો |
|---|---|---|
| (1) | અમેરીકા | 39% |
| (2) | ચીન | 13% |
| (3) | રશિયા | 3.9% |
| (4) | ભારત | 3.6% |
| (5) | સાઉદી અરેબિયા | 3.3% |

- ઉપરોકત પાંચ દેશો સંયુકત રીતે કુલ વૈશ્વિક લશ્કરી ખર્ચમાં 63% નો હિસ્સો ધરાવે છે.
- વિશ્વનો વર્ષ 2022 માં કુલ લશ્કરી ખર્ચ કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) ના 2.2% છે.
- સૌથી વધારે વાર્ષિક વૃધ્ધિ યુરોપમાં 23% , મધ્યપૂર્વ દેશ – 3.2%, એશિયા અને દરિયાઈ ખેશ – 2.7% , અમેરિકામાં - 0.3% રહયો.
- માત્ર આફ્રિકામાં જ લશ્કરી ખર્ચમાં 5.3% ઘટાડો નોંધવામાં આવ્યો છે.
- વૈશ્વિક સ્તરે વર્ષ 2013 થી 2022 માં લશ્કરી ખર્ચમાં 19% નો વધારો થયો છે.
- યુક્રેનનો લશ્કરી ખર્ચ 640% વધીને 44 અબજ ડોલર થયો જે વર્ષ 2022 – GDP ના 34% છે.

**Stockholm International Peace Research Institute (SIPRI) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1966
**વડુમથક** : સોલ્ના, સ્વિડન
**અધ્યક્ષ** : સ્ટીફન લોફવેન

- તે એક સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે યુદ્ધો, શસ્ત્રો, શસ્ત્ર નિયંત્રણ અને નિઃશસ્ત્રીકરણના સંશોધન માટે સમર્પિત છે

❖ **ભારત**

- તેનો લશ્કરી ખર્ચ વર્ષ 2021 ની સરખામણીમાં 6% તેમજ વર્ષ 2013 ની સરખામણીમાં 47% ની વૃધ્ધિ થઈ છે.
- વર્ષ 2021 માં કુલ 76 અબજ ડોલરના લશ્કરી ખર્ચ સાથે ત્રીજા ક્રમાંકે હતો.
- ભારતનો લશ્કરી ખર્ચમાં વધારો ચીન સાથેના સીમા વિવાદથી થયો છે.

### કેબિનેટ દ્વારા નેશનલ મેડિકલ ડિવાઈસ પોલિસી – 2023 ને મંજૂરી આપવામાં આવી

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા રાષ્ટ્રીય તબીબી ઉપકરણ નીતિ – 2023 ને મંજૂરી આપવામાં આવી છે.
- આ નીતિનો ઉદ્દેશ્ય દર્દીઓની વિકસતી આરોગ્ય સંભાળ જરૂરિયાતોને પહોંચી વળવા દર્દી – કેન્દ્રિત અભિગમ સાથે તબીબી ઉપકરણોના ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનો છે.

❖ **મુખ્ય વિશેષતા**

- વિઝન : દર્દી કેન્દ્રિત અભિગમ સાથે ઝડપી વૃધ્ધિનો માર્ગ અને આગામી 25 વર્ષોમાં વિસ્તારતા વૈશ્વિક બજારમાં 10 -12 % હિસ્સો હાંસલ કરીને તબીબી ઉપકરણોના ઉત્પાદન અને નવીનતામાં વૈશ્વિક અગ્રણી તરીકે ઉભરી આવવા.
- આ નીતિ તબીબી ઉપકરણોના ક્ષેત્રે હાલના $ 11 બિલિયન થી 2030 સુધીમાં $ 50 બિલિયન સુધી વધારવામાં મદદ કરશે.

- આ નીતિઓ તબીબી ઉપકરણને પ્રોત્સાહન આપવા છ વ્યાપકક્ષેત્રો આવરી લેવામાં આવ્યા છે.
  - રેગ્યુલેટરી સ્ટ્રીમલાઈનિંગ
  - ઈન્ફ્રાસ્ટ્રકચરને સક્ષમ કરવું
  - R & D અને નવીનીકરણની સુવિધા
  - રોકાણને આર્કષિત કરવું
  - માનવ સંસાધન વિકાસ
  - બ્રાંડ પોઝિશનિંગ અને જાગરૂકતા સર્જન




- વર્તમાનમાં તબીબી ઉપકરણ ક્ષેત્રમાં ભારતનો હિસ્સો નીચે મુજબ છે.
  - વર્ષ 2020 માં ભારત તબીબી ઉપકરણ ઉદ્યોગનું બજાર $ 11 અબજ (90,000 કરોડ) છે જે વિશ્વના કુલ બજારમાં માત્ર 1.65% છે.
  - ભારત એશિયામાં તબીબી ઉપકરણ બજારમાં ચોથા ક્રમાંકે છે. (જાપાન, ચીન અને દક્ષિણ કોરિયા બાદ) તેમજ વૈશ્વિક સ્તરે ટોચના 20 તબીબી ઉપકરણ બજારમાં ભારતનો સમાવેશ થાય છે.
  - વર્ષ 2014 માં તબીબી ઉપકરણને 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ ભારતના સનરાઈઝ સેકટરમાં સમાવેશ કરવામાં આવ્યો.

## ભારતનો નેશનલ હેલ્થ એકાઉન્ટ અંદાજ (2019-20) જાહેર કરવામાં આવ્યો

- આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વર્ષ 2019-20 માટે ભારતના નેશનલ હેલ્થ એકાઉન્ટ્સ 2019 -20 (NHA) અંદાજ જાહેર કરવામાં આવ્યો છે.
- NHA આરોગ્ય ક્ષેત્રમાં જાહેર રોકાણ તરફના સરકારના પ્રયાસોને પ્રકાશિત કરે છે.
- તેના તારણો દર્શાવે છે કે વિવિધ સૂચકાંકો એ સતત ટકાઉ ધોરણે પ્રોત્સાહક વલણ દર્શાવ્યુ છે.




### ❖ મુખ્ય મુદ્દાઓ :

- કુલ આરોગ્ય ખર્ચ (THE) માં Out-Of-Pocket Expenditure (OOPE) નો હિસ્સો વર્ષ 2014-15 માં 62.6% થી ઘટીને વર્ષ 2019-20 માં 47.1% થયો છે.
- દેશના કુલ GDP માં સરકારી આરોગ્ય ખર્ચ (GHE) નો હિસ્સો વર્ષ 2014-15 માં 1.13% થી વધીને વર્ષ 2019 -20 માં 1.35% થયો છે.
- માથાદીઠ ધોરણે વર્ષ 2014-15 અને વર્ષ 2019-20 વચ્ચે GHE રૂ. 1108 થી વધી રૂ. 2014 થયો.
- સામાન્ય સરકારી ખર્ચ (GGE) માં આરોગ્ય ક્ષેત્રના ખર્ચનો હિસ્સો 2014-15 અને 2019-20 વચ્ચે 3.94% થી વધીને 5.02% થયો છે.
- દેશમાં માથાદીઠ સૌથી વધારે આરોગ્ય ખર્ચમાં હિમાચલ પ્રદેશ (રૂ. 3829) પ્રથમ ક્રમાકે જયારે ગુજરાત સાતમાં ક્રમાંકે રહયુ છે.
- ખાનગી આરોગ્ય વીમા ખર્ચ કુલ આરોગ્ય ખર્ચ (THE) 7% છે.

### ❖ ગુજરાતનું પ્રદર્શન

- ગુજરાત આરોગ્ય પાછળ વર્ષ 2014-15 માં રૂ. 18970 કરોડ થી વર્ષ 2019-20 માં 28,498 કરોડ થયો.
- ગુજરાતનો માથાદીઠ કુલ આરોગ્ય ખર્ચ 2014-15 માં 3060 થી વધી ને વર્ષ 2019-20 માં, 4130 થયો.
- કુલ આરોગ્ય ખર્ચમાં સરકારી ખર્ચનો હિસ્સો વર્ષ 2014-15 માં 11% થી વધીને વર્ષ 2019-20 માં 45.1% થયો છે.
- કુલ આરોગ્ય ખર્ચમાં (THE) માં Out-Of-Pocket Expenditure (OOPE) નું પ્રમાણ 40.8% રહ્યુ છે.

### ❖ નેશનલ હેલ્થ એકાઉન્ટ્સ (NHA)નો અંદાજ

- વર્ષ 2019-20 નો નેશનલ હેલ્થ એકાઉન્ટસ્ (NHP) એ અત્યાર સુધીના અંદાજની સાતમી આવૃત્તિ છે.
- આ અહેવાલ NHSRC દ્વારા તૈયાર કરવામાં આવે છે, તેને વર્ષ 2014 માં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા નેશનલ હેલ્થ એકાઉન્ટ્સ ટેકનિકલ સચિવાલય (NHATS) નો દરજ્જો આપવામાં આવ્યો.

## ભારત નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં ઈન્ટરનેશનલ કલાઈમેન્ટ એકશનમાં જોડાશે

- નાગરિક ઉડ્ડયન મંત્રાલય અનુસાર ભારત વર્ષ 2027 થી આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (ICAO) ની કાર્બન ઓફસેટિંગ એન્ડ રિડકશન સ્કિમ ફોર ઈન્ટરનેશનલ એવિએશન (CORSIA) તેમજ લોંગ ટર્ન એસ્પિરેશનલ ગોલ (LTAG) માં જોડાશે.
- ICAO ને આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયનમાંથી કાર્બન ઉત્સર્જનને ઘટાડવું તેના મુખ્ય કાર્યોમાંથી એક છે.
- ઉડ્ડયનમાંથી કાર્બન ઉત્સર્જન અને આબોહવા પરિવર્તન પર તેની અસર ઘટાડવા માટે વૈશ્વિક સંસ્થાએ ઘણા મહત્વકાંક્ષી લક્ષ્યો અપનાવ્યા છે.
- આ લક્ષ્યોમાં વર્ષ 2050 સુધી વાર્ષિક 2% બળતણની કાર્યક્ષમતામાં સુધારો કરવો. કાર્બન તટસ્થ વૃદ્ધિ, તેમજ વર્ષ 2050 સુધી નેટ ઝીરો.
- ICAO દ્વારા આ લક્ષ્યોને CORSIA અને LTAG હેઠળ જોડયા છે.




❖ **Carbon Offsetting and Reduction Scheme for International Aviation (CORSIA)**

- તે એક વૈશ્વિક યોજના છે.
- તેને ICAO દ્વારા લાગુ કરવામાં આવી છે.
- તેનો મુખ્ય હેતુ કાર્બન ઓફસેટિંગ, કાર્બન ક્રેડિટ અને ટકાઉ ઉડ્ડયન બળતણની મદદથી $CO_2$ ના કુલ ઉત્સર્જનને વર્ષ 2020 ના સ્તરે સ્થિર કરવાનો છે.
- તે આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનમાંથી ઉત્સર્જન ઘટાડવુ તેમજ બજારમાં અસ્થિરતા રોકવી વચ્ચે સંતુલન બનાવે છે.
- CORSIA એ માત્ર એક દેશમાંથી બીજા દેશમાં જતી ફ્લાઈટ માટે જ લાગુ પડે છે.
- CORSIA યોજના 3 તબક્કામાં વિભાજીત છે. પાયલોટ (2021-23) અને પ્રથમ તબક્કો (વર્ષ 2024-26) સ્વૈચ્છિક છે. જ્યારે બીજો તબક્કો (2027-35) તમામ સભ્ય દેશ માટે ફરજિયાત છે.
- ભારતે CORSIA ના સ્વૈચ્છિક તબક્કાઓમાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો છે.

❖ **Long term global aspirational goal (LTAG)**

- ICAO ની 41 મી સભામાં LTAG પર સહમતિ બને છે.
- તે પેરિસ સમજૂતિ હેઠળ તાપમાન લક્ષ્યને પ્રાપ્ત કરવા વર્ષ 2050 સુધીમાં આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન કરવા અંગે છે.
- તેમા દરેક સભ્ય રાષ્ટ્ર માટે ચોક્કસ જવાબદારી અથવા પ્રતિબધ્ધતાઓ નથી. પરંતુ દરેક રાષ્ટ્રને તેની પરિસ્થિતિ અને સંબધિત ક્ષમતા જેમ કે વિકાસનું સ્તર, ઉડ્ડયન બજારની પરિપક્વતાના આધારે લક્ષ્ય આપવામાં આવે છે.

**International Civil Aviation Organization (ICAO) વિશે....**

- તેની સ્થાપના વર્ષ 1944 માં કરવામાં આવી.
- તે સંયુક્ત રાષ્ટ્રની વિશેષ સંસ્થા છે.
- તેનો હેતુ સલામત, સુરક્ષિત અને કાર્યક્ષમ હવાઈ પરિવહનને પ્રોત્સાહન આપવાનો છે.
- વડુમથક – મોન્ટ્રીયલ, કેનેડા

## ભારતના ઉત્તરપૂર્વીય રાજ્ય મણિપૂરમાં વિવિધ વંશીય સમૂહો વચ્ચે હિંસક અથડામણ જોવા મળી

- મણિપૂર રાજ્યમાં આ વર્ષના ફેબ્રુઆરી માસ થી જ વિવિધ વંશીય (Ethnic) જૂથ વચ્ચે હિંસક અથડામણો નોંધાઈ હતી.
- હાલમાં થયેલી હિંસા આદિવાસી વિદ્યાર્થી સંઘ દ્વારા બિન આદિવાસી મૈતેઈ સમુદાયની અનુસૂચિત જનજાતિ (ST) સૂચીમાં સમાવેશ કરવાની માંગ સામે વિરોધ પ્રદર્શન હેતુથી રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું.
- પરતું આ રેલી દરમિયાન રેલી કરતા લોકો દ્વારા મૈતેઈ સમુદાયના વિસ્તારોમાં આગ ચાંપી કરતા હિંસા ફેલાઈ હતી.




❖ **પૃષ્ઠભૂમિ :**

- મૈતેઈ અને આદિવાસી સમૂહ વચ્ચે વિવાદમાં આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક ફરિયાદોનો લાંબો ઈતિહાસ છે.
- મૈતેઈ સમુદાય ખીણ વિસ્તારમાં વસવાટ કરે છે, જે મણિપુરના કુલ ભૌગોલિક વિસ્તારનો 10% ભાગ છે.
- મૈતેઈ રાજ્યની કુલ વસતિના 64% છે. તેમજ 60 માંથી 40 વિધાનસભાના સભ્યો ચુંટીને મોકલે છે.
- આદિવાસી સમુદાય પર્વત વિસ્તારમાં વસવાટ કરે છે, જે મણિપૂરનો અન્ય 90% ભૌગોલિક વિસ્તાર છે.
- આદિવાસી સમુદાયની વસતિ કુલ વસતિ કરતા માત્ર 35% જ છે, તેમજ 20 વિધાનસભાના સભ્યો ચુંટીને મોકલે છે.
- ધર્મને આધારે વિભાજનમાં મૈતેઈ સમુદાયની મોટા ભાગની વસતિ હિંદૂ છે ત્યાર બાદ મુસ્લિમ છે.
- 33 આદિવાસી સમૂહોમાં મોટાભાગના ખ્રિસ્તી છે.

❖ **આરક્ષણનો વિવાદ :**

- મૈતેઈ સમુદાય વર્ષ 2012 થી અનુસુચિત જનજાતિ (ST) માં સમાવેશ કરવાની માંગ કરી રહ્યુ છે.
- તેઓની દલીલ છે કે તેઓ ત્યાંની સ્વદેશી આદિવાસી સમુહ છે જેમણે સ્થળાંતરણ અને બહારના લોકોનું અતિક્રમણ થવાથી તેમની જમીન, સંસ્કૃતિ અને ઓળખ ગુમાવી રહ્યા છે.
- ST નો દરજ્જો તેમને તેમના પૂર્વજોની જમીન, પરંપરા, સાંસ્કૃતિ અને ભાષાને જાળવવામાં મદદ કરશે.
- **આદિવાસી સમૂહોનો પક્ષ** : જે મૈતેઈ સમુદાયની ST દરજ્જાની માંગનો વિરોધ કરી રહ્યુ છે.
- આદિવાસી સમૂહોને 35 છે કે મૈતેઈ ને ST નો દરજ્જો મળવાથી તેમની રાજકીય પ્રતિનિધિત્વ, અનામતના લાભો, તેમજ જમીનના અધિકારોમાં તેમનો હિસ્સો ઘટશે.
- આદિવાસી સમુહો મૈતેઈ પર તેમના પૂર્વજોની જમીનો પર અતિક્રમત કરવાનો અને તેમના કુદરતી સંસાધનોનું શોષણ કરવાનો પણ આરોપ લગાવે છે.

Banking Academy

❖ **મણિપૂર હાઈકોર્ટનો ચુકાદો :**
- કોર્ટ મણિપૂર સરકારને મૈતેઈ સમુદાયને ST માં સમાવેશ કરવા પર વિચાર કરવાનો આદેશ આપ્યો છે.
- તેમજ કોર્ટે સરકારને આદેશ મળ્યાના ચાર સપ્તાહની અંદર અરજદારોની માંગને ધ્યાનમાં લઈને તેની ભલામણ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

❖ **મૈતેઈ સમુદાય :**
- મણિપૂર રાજ્યનો સૌથી મોટો સમુદાય છે.
- તેની ભાષા મૈતેઈ અથવા મણિપુરી છે જે સંવિધાનની સૂચિ 8 માં સમાવેશ થયેલી 22 ભાષાઓમાંથી એક છે.
- તે ભારતના અનય રાજ્યો આસામ, ત્રિપુરા, નાગાલેન્ડ, મેઘાલય અને મિઝોરમમાં પણ ફેલાયેલા છે. તેમજ બાંગ્લાદેશ અને મ્યાનમારમાં પણ વસે છે.

## સૌપ્રથમ ભારતીય – અમેરિકન અજય બંગાને વિશ્વબેંકના પ્રમુખ નિમવામાં આવ્યા

- ભારતીય મૂળના અજય બંગાને વિશ્વ બેંકના 14 માં પ્રમુખ તરીકે સત્તાવાર રીતે પસંદ કરવામાં આવ્યા છે.
- તેને વિશ્વબેંકના 25 સભ્યોની એક્ઝિક્યુટીવ બોર્ડ દ્વારા ચૂંટવામાં આવ્યા છે.
- તેઓ તેના અનુગામી ડેવિડ માલપાસનુ સ્થાન 2 જુન, 2023 થી પાં વર્ષ સુધી સંભાળશે.
- અમેરિકા પ્રમુખ જો બિડેન દ્વારા અજય બંગાને વિશ્વ બેંકના પ્રમુખ તરીકે નામાંકિત કર્યા હતા અને તેઓ આ ભૂમિકા માટે નામાંકિત કરવામાં આવેલ એકમાત્ર ઉમેદવાર હતા.




❖ **અજય બંગા**
- તેમનો જન્મ 10 નવેમ્બર, 1959 ના રોજ મહારાષ્ટ્રના પુણે ખાતે થયો છે.
- તેમણે શાળાકીય શિક્ષણ હૈદરાબાદ પબ્લિક સ્કૂલમાં તેમજ અનુસ્તાકની ડિગ્રી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ – અમદાવાદ (IIM-A) થી મેળવી.
- તેમણે નેસ્લે, પેટિસકો, માસ્ટરકાર્ડ તેમજ સીટી ગ્રુપ ઈન્ક જેવી કંપનીઓમાં ઉચ્ચ હોદ્દાઓ પર કામ કર્યુ છે.
- હાલમાં તેઓ 'જનરલ એટલાન્ટિક' ના ઉપપ્રમુખ છે.
- તેમને ભારતમાં વર્ષ 2016 માં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.
- ઈન્ટરનેશનલ ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ તરીકે વર્ષ 2020-2022 સુધી અધ્યક્ષ તરીકેની સેવા આપી.
- તેઓ યુએસ– ઈન્ડિયા સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ ફોરમના સ્થાપક ટ્રસ્ટી છે.

**World Bank (વિશ્વ બેન્ક) વિશે....**
- તેની સ્થાપના વર્ષ 1944 માં કરવામાં આવી.
- તે એક આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા છે જે મૂડિ પરિયોજનાને અનુસરવાના હેતુથી ઓછી અને મધ્યમ આવકવાળા અથવા વિકાસશીલ દેશોની સરકારોને ધિરાણ તેમજ અનુદાન આપશે.
- WB ના પ્રમુખ, જે સમગ્ર WB જુથના પ્રમુખ રહેશે.
- તેઓ બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠકોમાં અધ્યક્ષતા તેમજ બેંકના સમગ્ર સંચાલન માટે જવાબદાર હોય છે.
- પરંપરાગત રીતે વિશ્વ બેંકના પ્રમુખ અમેરિકાના નાગરિક જ હોય છે, કારણકે અમેરિકા વિશ્વબેંકનો સૌથી મોટો ભાગીદાર છે.
- વડુ મથક – વોશિંગ્ટન ડિ.સી. અમેરિકા

## Indian Manufacturing Innovation Index (IMII) જાહેર કરવામાં આવ્યો

- તાજેતરમાં 'નેશનલ મેન્યુફેકચરીંગ સર્વે (NMIS) – 2022 " જાહેર કરવામાં આવ્યો.
- આ ભારતના વિનિર્માણમાં નવાચાર અંગેનો સર્વેક્ષણ છે, જેમાં ભારતના વિનિર્માણ એકમોમાં નવાચાર પ્રદર્શનનું મુલ્યાંકન કરવામાં આવે છે.
- IMII સૂચકાંકમાં કર્ણાટક ટોચના સ્થાને છે.
- NMIS વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ (DST) તથા સંયુકત રાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ સંગઠન (UNIDO) દ્વારા સંયુકત રીતે જાહેર કરવામાં આવે છે.



❖ **NMIS સર્વેક્ષણ – 2022**
- આ સર્વેક્ષણ 28 રાજય અને 6 કેન્દ્ર શાસિત પ્રદેશોનો નાણાકિય વર્ષ 2017 થી 2020 સમયગાળા દરમિયાનનો છે.
- તેમાં વિનિર્માણ અને તેને સંબધિત સેવા અને MSME નો સમાવેશ કરે છે.
- આ સર્વેક્ષણ DST નો પ્રથમ રાષ્ટ્રીય નવાચાર સર્વેક્ષણ – 2022 ને ચાલુ રાખે છે.

- સર્વેક્ષણને મુખ્ય બે ઘટકમાં વિભાજીત કરવામાં આવ્યો છે.
  - (i) વિનિર્માણ એકમ સ્તરે સર્વેક્ષણ – જેમાં એકમો દ્વારા લેવામાં આવતા નવાચારના પ્રકારો અને નવીનતમ પગલાઓનો સમાવેશ થાય છે.
  - (ii) નવાચારની ક્ષેત્રીય પ્રણાલિ (SSI) નું સર્વેક્ષણ તે વિનિર્માણ નવાચાર પ્રણાલિને દર્શાવે છે તેમજ નવીનતા હાસિંલ કરવામાં તેની ભૂમિકા જણાવે છે.

❖ **Indian Manufacturing Innovation Index (IMII)**

- વિનિર્માણ એકમ સ્તરનો સર્વેક્ષણમાં એકત્રિત થયેલી માહિતીને આધારે 'ભારત વિનિર્માણ નવાચાર સૂચકાંક (Indian Manufacturing Innovation Index – IMII) જાહેર કરવામાં આવે છે.
- સમગ્ર ભારતના સ્તરે IMII ના ગુણ 28.18 છે.
- ભારતમાં કર્ણાટક 33.41 ગુણ સાથે પ્રથમ, દાદરા અને નગર હવેલી દમણ અને દીવ – 32.88 ગુણ સાથે દ્વિતિય, તેલંગાણા 32.86 ગુણ સાથે ત્રીજા અને તમિલનાડુ 32.54 ગુણ સાથે ચોથા ક્રમાંકે છે.
- નબળુ પ્રદર્શન કરતા રાજ્યોમાં બિહાર (21.32 ગુણ), ઝારખંડ (22.78 ગુણ) અને ઓડિશા (23.05) ગુણ ધરાવે છે.
- આશરે 8,000 કંપનીઓના સર્વેક્ષણમાંથી 75% જેમાંથી પણ મોટા ભાગની સુક્ષ્મ, લઘુ એ મધ્યમ ઉદ્યમોએ ન તો નવીન ઉત્પાદન તેમજ નવીન પ્રક્રિયા વિકસાવી છે.
- 8,000 કંપનીઓના સર્વેક્ષણમાંથી માત્ર 25.01% જ નવીનતમ ગણી શકાય છે.
- કંપનીઓને નવીનત્તમ કરવાના અવરોધમાં ભંડોળનો અભાવ, 40% કંપનીઓને ઉચ્ચ નવીનતમ ખર્ચનો અવરોધ, ઓછી માંગ વગેરે છે.

**United Nation Industrial Development Organisation (UNIDO) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1966
**વડુમથક** : વિયેના, ઓસ્ટ્રીયા
**પિતૃક સંસ્થા** : United Nation Economic and Social Council

## મ્યાનમારના સિત્તવે બંદરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ




- કેન્દ્રીય બંદરો, શિપીંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ અને મ્યાનમારના ઉપ–વડાપ્રધાન એડમિરલ ટિન આંગ સાન સાથે સિત્તવે પોર્ટનું ઉદ્‌ઘાટન કર્યુ.
- સિત્તવે પોર્ટ મ્યાનમારના રખાઈન રાજ્યમાં આવેલુ છે.
- ઉદ્‌ઘાટન દરમિયાન સિત્તવે બંદર પર ભારતનું પહેલુ માલવાહક જહાજ (MVV-ITT LION – 273) પહોચ્યું. માલવાહક જહાજે તેની યાત્રા કોલકત્તા સ્થિત શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટથી શરૂ કરી હતી.
- સિત્તવે બંદર વિકાસ કાલાદાન મલ્ટિમોડલ ટ્રાન્ઝિટ ટ્રાંસપોર્ટ પ્રોજેકટ (KMTTP) પરિયોજનાનો ભાગ છે.
- સિત્તવે પોર્ટનો વિકાસ ભારતની સહાયથી કરવામાં આવ્યો છે.
- સિત્તવે બંદર રખાઈન નદીના પલેટવા બંદર સાથે જળમાર્ગથી જોડાશે, પલેટવા બંદરથી મિઝોરમના જોરિનપુર સાથે સડકમાર્ગથી જોડાશે.
- અત્યાર સુધી ઉત્તર–પૂર્વીય ભારતને મુખ્ય ભારત સાથે સિલિગુડીનો ચિકન–નેક એક માત્ર માર્ગ હતો.

❖ **KALADAN MULTI-MODAL TRANSIT TRANSPORT PROJECT (KMTTP) પરિયોજના**

- કાલાદાન મલ્ટિમોડલ ટ્રાંઝિટ ટ્રાંસપોર્ટ પ્રોજેકટ
- આ પરિયોજનાનો હેતુ ભારતના પૂર્વીય બંદરોથી મ્યાનમાર સુધી તેમજ મ્યાનમારથી ભારતના ઉત્તર – પૂર્વીય ભાગમાં માલસામાનના શિપમેન્ટ માટે મલ્ટિ – મોડલ પરિવહનનું નિર્માણ કરવાનું છે.
- આ પરિયોજનાથી સિલિગુડી કોરિડોર પર નિર્ભરતા ઘટાડશે ઉત્તર– પૂર્વીય ભારતની પહોચ માટે વૈકિલ્પક માર્ગ પૂરો પાડશે.

❖ **પરિયોજનાનું વિભાજન નીચે કરવામાં આવેલ છે.**

(A) હલ્દિયા બંદર (કોલકત્તા) થી સિત્તવે બંદર (રખાઈન) = નૌવહન (539 કિ.મી.)
(B) સિત્તવે બંદર થી પલેટવા બંદર (કાલાદાન નદી) = નળી જળમાર્ગ (158 કિ.મી.)
(C) પલેટવા થી ભારત – મ્યાનમાર સીમા સુધી = સડકમાર્ગ (110 કિ.મી.)
(D) ભારત મ્યાનમાર સીમાથી NH-54 (ભારતમાં) = સડકમાર્ગ (100 કિ.મી.)

## રાજસ્થાનના 'દેબાના' માંથી લિથિયમ ખનીજનો વિશાળ ભંડાર મળ્યો.

- ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ (GSI) ને રાજસ્થાનના નાગોર જિલ્લાના દેબાનામાંથી લિથિયમ ખનીજનો વિશાળ જથ્થો મળ્યો.
- અત્યાર સુધીમાં લિથિયમ ખનીજનો જથ્થો માત્ર રાજસ્થાન અને જમ્મુ કાશ્મીરમાંથી મળી આવ્યો છે.
- જમ્મુ કાશમીરના રીયાસી જિલ્લામાંથી ફેબ્રુઆરી – 2023 માં લિથિયમ ખનીજનો જથ્થો મળી આવ્યો. અનુમાન અનુસાર જથ્થો 5.9 મિલિયન ટન હશે.
- રાજસ્થાનના દેબાના માંથી મળી આવેલો જથ્થો જમ્મુ–કાશ્મીરના જથ્થા કરતા પણ વિશાળ હોવાનું અનુમાન છે.
- દેબાનાનું લિથિયન દેશની 80% જરૂરીયાતને સંતોષી શકે છે.

Banking Academy

- દેબાનામાંથી જ અંગ્રેજોએ વર્ષ 1914 માં ટગસ્ટન ખનીજનો જથ્થાની શોધ કરી હતી.
- તેનાથી ભારતની ચીન પર નિર્ભરતા ઘટાડવામાં મદદ થશે.




**લિથિયમ**

- તે એક બિન અયસ્ક ધાતુ છે.
- તે વિશ્વમાં સૌથી વધુ નરમ અને હળવી ધાતુ છે.
- તેની ઉપયોગિતા અને વૈશ્વિક માંગને કારણે તેને સફેદ સોનુ તરીકે ઓળખવામાં આવે છે.
- લિથિયમનો ઉપયોગ મોબાઈલ, લેપટોપ, ઈલેક્ટ્રિક વાહન તેમજ અન્ય ચાર્જ કરી શકાય તેવી બેટરીમાં થાય છે.
- તે રસાયણિક ઉર્જાનો સંગ્રહ કરી વિદ્યુત ઉર્જામાં રૂપાંતરણ કરે છે.
- વિશ્વ બેંક અનુસાર વૈશ્વિક સ્તરે લિથિયમની વર્ષ 2050 સુધી માંગમાં 500% વૃધ્ધિ થશે.

**વિશ્વમાં લિથિયમ ખનીજ ભંડાર**

- બોલિવિયા 21 મિલિયન ટન ના ભંડાર સાથે વિશ્વમાં સૌથી આગળ છે.
- ત્યારબાદ આર્જેન્ટિના, ચિલી અને અમેરિકામાં પણ તેનો જથ્થો છે.
- લિથિયમ ત્રિકોણમાં આર્જેન્ટિના, બોલિવિયા અને ચિલીનો સમાવેશ થાય છે. જેઓ વિશ્વના કુલ જથ્થામાંથી 50% હિસ્સેદારી નોંધાવે છે.
- ચીન પાસે 5.1 મિલિયન ટન લિથિયમનો ભંડાર છે. ભારત લિથિયમની આયાત માટે ચીન પર નિર્ભર છે. ભારત લિથિયમ આયાતનો 53.76% જથ્થો ચીન પાસેથી ખરીદે છે.

## કેબિનેટ દ્વારા આઈ ટી હાર્ડવેર માટે પ્રોડકશન લિંક ઈન્સેન્ટિવ સ્કીમ – 2.0 ને મંજૂરી આપવામાં આવી

- વડાપ્રધાન નેરન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રિય કેબિનેટ દ્વારા આઈ ટી હાર્ડવેર ક્ષેત્ર માટે 17,000 કરોડની ઉત્પાદન સાથે સંકળાયેલી પ્રોત્સાહન યોજના (PLI) 2.0 ને મંજૂરી આપવામાં આવી.




**ભારત માટે IT હાર્ડવેર ક્ષેત્રનું મહત્વ**

- ભારતમાં છેલ્લા આઠ વર્ષમાં ઈલેક્ટ્રોનિક ઉત્પાદનનો ચક્રવૃધ્ધિ વાર્ષિક વૃધ્ધિ દર (CAGR) માં 17% ની વૃધ્ધિ જોવા મળી છે.
- ભારત વિશ્વમાં બીજા નંબરનો સૌથી મોટો મોબાઈલ ફોન ઉત્પાદક બન્યો છે.
- આ વર્ષ મોબાઈલ ફોનની નિકાસ USD 11 અબજ રહી છે.
- વૈશ્વિક ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરીંગ ઈકોસિસ્ટમ ભારતમાં આવી રહ્યો છે, ભારત વિશ્વમાં મુખ્ય ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદક દેશ તરીકે ઉભરી રહ્યો છે.

**PLI 2.0 યોજના**

- તેમાં લેપટોપ, ટેબલેટ, ઓલ –ઈન–વન પીસી, સર્વર તેમજ અન્ય નાના ઉપકરણોનો સમાવેશ કરવામાં આવે છે.
- યોજના 6 વર્ષ સુધી ચાલુ રહેશે.
- યોજનાથી અપેક્ષિત વધારાનું 3.35 લાખ કરોડનું ઉત્પાદન, 2430 કરોડનું રોકાણ, તેમજ 75,000 નવા રોજગારનું સર્જન થશે.

**પ્રોડકશન લિંક ઈન્સેન્ટિવ (PLI) યોજના**

- યોજનાની શરૂઆત એપ્રિલ 2020 માં ઈલેક્ટ્રોનિક ઉપકરણોના ઉત્પાદનને પ્રોત્સાહન માટે કરવામાં આવી હતી.
- જેમાં સ્થાનિક સ્તરે ઉત્પાદન વધારવા માટે સ્વદેશી ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે.
- યોજનાનો હેતુ સ્થાનિક એકમોમાં ઉત્પાદિત ઉત્પાદનોનના વેચાણને વધારવા માટે કંપનીઓને પ્રોત્સાહન આપવાનો છે.
- તેનો ઉદ્દેશ્ય – સ્થાનિક ઉત્પાદનને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક તેમજ શ્રેષ્ઠ બનાવવાનો છે.
- હાલમાં આ યોજનામાં ઓટોમોબાઈલ અને ઓટો ઉપકરણો, ફાર્મા, ટેક્ષટાઈલ, વિશેષ સ્ટીલ સહિતના 14 ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- સરકાર દ્વારા 2 લાખ કરોડની નાણાકીય ફાળવણી કરવામાં આવી છે.

## સુપ્રીમ કોર્ટ દ્વારા જલ્લીકટ્ટુની માન્યતા કાયદેસર હોવાનો ચુકાદો આપ્યો

- સુપ્રીમ કોર્ટના જજ કે.એમ જોસેફની અધ્યક્ષતા હેઠળ પાંચ જજની બંધારણીય બેન્ચે સર્વસંમતિથી ચુકાદો જાહેર કર્યો હતો.
- જેમાં સર્વોચ્ચ અદાલતે તમિલનાડુ, મહારાષ્ટ્ર અને કર્ણાટકએ અનુક્રમે જલ્લીકટ્ટુ, કમ્બાલા તથા બળદગાડાની રેસને મંજૂરી આપતા પ્રાણીઓની કુરતા નિવારણ (PCA) અધિનિયમ – 1960 માં કરવામાં આવેલ સુધારાને સમર્થન આપ્યુ.

**ચુકાદાની મુખ્ય બાબતો :**

- અદાલતની બે જજની બેન્ચે 'વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ નાગરાજ' કેસ 2014 માં જલ્લીકટ્ટુ પ્રથા પર પ્રતિબંધ મુકવો હતો.

Banking Academy

- પાંચ જજની બેંચે નોધ્યું કે જલ્લીકટ્ટુ રમત તમિલનાડુમાં ઓછામાં ઓછી એક સદી થી રમાય છે "તેમજ અને તમિલનાડુ વિદ્યાનસભાના તે રાજ્યના સાંસ્કૃતિ વારસા અંગેના દ્રષ્ટિકોણને વિક્ષેપિત કરીશું નહી"
- અદાલતે પ્રાણીઓની ક્રુરતા નિવારણ (તમિલનાડુ સંશોધન) અધિનિયમ – 2017 તેમજ પ્રાણીઓની ક્રુરતા નિવારણ (જલ્લીકટ્ટુનું સંચાલન) નિયમ – 2017 ની માન્યતા ને સમર્થન આપ્યુ છે. તેમજ જણાવ્યુ કે આપેલ સંશોધિત કાયદાઓ ભાગ લેનાર પ્રાણીઓની પીડા અને દર્દમાં 'મહત્વપૂર્ણ ઘટાડો' કરશે.
- સાથે સાથે અદાલતે કર્ણાટકમાં કમ્બાલા રમત અને મહારાષ્ટ્રમાં બળદગાળાની રેસને લગતા કાયદાઓને પણ માન્યતા આપી.

❖ **જલ્લીકટ્ટુ રમત**




- જલ્લીકટ્ટુ તમિલ શાસ્ત્રીય સમયકાળ (400 – 100 બીસીઈ) દરમિયાન ખુબ જ લોકપ્રિય હતું.
- આ રમતને સ્થાનિક ભાષામાં 'ઈરુથાઝુવુથલ' પણ કહેવામાં આવે છે.
- તેમાં બળદ કે આખલાનો ઉપયોગ કરવામાં આવે છે.
- જેનું આયોજન તમિલનાડુમાં પોંગલ દરમિયાન કરવામાં આવે છે.
- જલ્લીકટ્ટુ તમિલ ભાષાના બે શબ્દનો બનેલો છે જલી એટલી સિક્કાની થેલી અને કટ્ટુ એટલે બળદનું શિંગડું થાય છે.
- રમત દરમિયાન આખલાઓના શિંગડા પર સિક્કાની થેલી બાંધવામાં આવે છે અને પછી આ આખલાઓને ભડકાવીને ભીડની વચ્ચે છોડી દેવામાં આવે છે.
- જે વ્યકિત આ આખલા પર નિયંત્રણ મેળવી લે છે. અને તેના શિંગડા પર બાંધવામાં આવેલી સિક્કાની થેલીને લઈ આવે તેને ઈનામ આપવામાં આવે છે.

❖ **પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ – 1960**

- અધિનિયમનો કાયદાકીય ઉદ્દેશ્ય પ્રાણીઓને બિનજરૂરી પીડા અથવા વેદનાથી રોકવાનો છે.
- અધિનિયમની કલમ 4 હેઠળ વર્ષ 1962 માં એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા (AWBI) ની સ્થાપના કરવામાં આવી.
- તેમાં પ્રાણીઓને બિનજરૂરી ક્રુરતા અને દુઃખ પહોંચાડનાર માટે દંડની જોગવાઈઓ છે. તેમાં પ્રાણીઓને વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.
- વૈજ્ઞાનિક હેતુઓ માટે પ્રાણીઓ પર પ્રયોગને માર્ગદર્શિકા પૂરી પાડે છે.
- અધિનિયમ હેઠળ ગુનો બન્યાના ત્રણ મહિનામાં જ ફરિયાદ કરી શકાશે.
- તેમાં પ્રદર્શનમાં ઉપયોગિત પ્રાણીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

**Supreme Court વિશે...**

| | |
|---|---|
| **સ્થાપના** | : 26 જાન્યુઆરી 1950 |
| **મુખ્યમથક** | : નવી દિલ્હી |
| **મુખ્યન્યાયધીશ** | : ધનંજય વાય. ચંદ્રચુડ |
| **ન્યાયાધીશોની સંખ્યા** | : 34 (33 અન્ય ન્યાયાધીશો + 01 મુખ્ય ન્યાયાધીશ) |
| **અનુચ્છેદ** | : 124 થી 147 (ભાગ 5) |

**સર્વોચ્ચ અદાલતના પ્રથમ મુખ્ય ન્યાયધીશ :** જસ્ટિસ હરિલાલ જેકિસુનદાસ કાણીયા

## ગુજરાત રાજ્યનો સૌપ્રથમ "ડિસ્ટ્રીક ગુડ ગવર્નન્સ ઈન્ડેક્ષ" જાહેર કરવામાં આવ્યો



- મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ નર્મદા જિલ્લાના કેવડિયા ખાતેથી ગુજરાતનો પ્રથમ "ડિસ્ટ્રીક ગુડ ગવર્નન્સ ઈન્ડેક્ષ" જાહેર કરવામાં આવ્યો.
- આ સૂચકાંક ગુજરાત સરકાર, વહીવટી સુધારા અને જાહેર ફરિયાદ નિવારણ વિભાગ (DARPG) ભારત સરકાર તેમજ નોલેજ પાર્ટનર તરીકે હૈદરાબાદની સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ સંસ્થાએ સંયુક્ત રીતે જાહેર કર્યો છે.
- ગુજરાતના તમામ 36 જિલ્લાઓમાં વહીવટી માપદંડોનો સૂચકાંક 10 ક્ષેત્રોમાં 65 સંકેતો અંતર્ગત 126 ડેટા પોઈન્ટ પર આધારિત છે.
- સૂચકાંકમાં ટોચનો રેન્ક ધરાવતા જિલ્લાઓમાં નવસારી – પ્રથમ, રાજકોટ – બીજા અને અમદાવાદ –ત્રીજા ક્રમાંકે છે.

❖ **સૂચકાંકની મુખ્ય બાબતો**

- તમામ 33 જિલ્લાઓએ દૂધના ઉત્પાદનમાં સકારાત્મક વૃદ્ધિ કરી છે. તેમજ 2/3 થી વધારે જિલ્લાઓએ અનાજ અને બાગાયતી ઉત્પાદનમાં સકારાત્મક વૃદ્ધિ કરી છે.

- 29 જિલ્લાઓએ ઔદ્યોગિક ઉત્પાદનમાં સકારાત્મક વૃદ્ધિ કરી છે.
- સ્ટાર્ટઅપ્સ સંખ્યાની દૃષ્ટિએ અમદાવાદ, વડોદરા અને સુરત જિલ્લાઓ ગુજરાતના ટોચના જિલ્લાઓ છે.
- તમામ 33 જિલ્લાઓ આધાર સાથે જોડાયેલા રેશનકાર્ડની ટકાવારી 99% થી વધારે છે.
- કુલ નવા જિલ્લાઓએ સ્વાગત પોર્ટલ પર ફરિયાદોનું 100% નિવારણ કર્યુ છે.
- બનાસકાંઠા, સાબારકાંઠા અને જામનગર જિલ્લાઓએ આઈપીસી અપરાધોનાં આરોપનામાં રજૂ કરવા માટે ઓછામાં ઓછા દિવસો લીધા છે.
- તમામ જિલ્લાઓએ 100% થી વધારે પાકની સઘનતા હાંસિલ કરી છે.
- 31 જિલ્લાઓમાએ 85% થી વધારે સંસ્થાગત પ્રસૂતિઓ કરવામાં સફળતા મેળવી છે.
- તમામ 33 જિલ્લાઓ આધાર સાથે જોડાયેલા રેશનકાર્ડની & ટકાવારી 99% થી વધારે છે.

| ક્રમ | ક્ષેત્રો | ટોચનો રેન્ક ધરાવતા જિલ્લાઓ | | |
|---|---|---|---|---|
| | | (1) | (2) | (3) |
| | સંપૂર્ણ DGGI રેન્ક | નવસારી | રાજકોટ | અમદાવાદ |
| 1. | કૃષિ અને સંલગ્ન | પોરબંદર | જૂનાગઢ | દેવભૂમિ દ્વારકા |
| 2. | વાણિજ્ય અને ઉદ્યોગ | પંચમહાલ | ભરૂચ | વડોદરા |
| 3. | માનવ સંસાધન વિકાસ | બોટાદ | પંચમહાલ | ભાવનગર |
| 4. | જાહેર આરોગ્ય | અમદાવાદ | દાહોદ | મહિસાગર |
| 5. | જાહેર માળખું અને સુવિધાઓ | સુરત | અમદાવાદ | વલસાડ |
| 6. | સામાજિક કલ્યાણ અને | ભરૂચ | અમદાવાદ | નવસારી |
| 7. | નાણાકીય સર્વસમાવેશકતા અને સશક્તિકરણ | દાહોદ | નર્મદા | વડોદરા |
| 8. | ન્યાયિક અને જાહેર સલામતી | મોરબી | દેવભૂમિ દ્વારકા | ગાંધીનગર |
| 9. | પર્યાવરણ | ભાવનગર | બોટાદ | રાજકોટ |
| 10. | નાગરિક કેન્દ્રીત વહીવટ | જૂનાગઢ | ખેડા | બોટાદ |

## જાપાનના હિરોશિમાં ખાતે G-7 શિખર સંમેલનનું આયોજન થયું




- હાલમાં યોજવામાં આવેલી G-7 શિખર સંમેલન તેની 49 મી આવૃત્તિ હતી.
- G-7 સિવાયના અન્ય આમંત્રિત દેશો ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કોમોરોસ, કૂક ટાપુઓ, ભારત, ઈન્ડોનેશિયા, દક્ષિણ કોરિયા, યુક્રેન, વિયેતનામ અને ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF), OECD, UN, વર્લ્ડ બેંક, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન તેમજ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

### ❖ G-7 સંમેલનનો નિષ્કર્ષ

- G-7 દેશો 'હિરોશિમા AI પ્રોસેસ' નામની મંત્રિસ્તરીય ફોરમનું નિર્માણ કરશે. જેનો ઉદ્દેશ્ય કુત્રિમ બુધ્ધિમતા સાથે જોડાયેલા મુદ્દાઓ જેમ કે કોપીરાઈટ, તેમજ દુષ્પ્રાચાર પર ચર્ચા કરશે.
- સંમેલનમાં વિશ્વની પ્રમુખ અર્થવ્યવસ્થાઓ ને વર્ષ 2050 સુધીમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન સ્થિતિને પ્રાપ્ત કરવા પ્રતિબધ્ધ થવા કહયુ.
- આર્થિક દબાણ પર સમન્વય મંચ (Co-ordination Platform on Economic Coercion) નો શુભારંભ કરવામાં આવ્યો. આ મંચનો ઉદ્દેશ્ય કોઈ દેશ દ્વારા કરવામાં આવતું આર્થિક દબાણના ઉપયોગનુ સામુહિક આંકલન કરવુ, તેનુ નિષ્કરણ કરવું, તેમજ પ્રતિરોધકતા વિકસાવવાનો છે.
- આર્થિક દબાણ એટલે નીતિગત છૂટ મેળવવા માટે કોઈ એક દેશ દ્વારા અન્ય દેશ પર આર્થિક ખર્ચ (Economic Cost) લગાવવાની ધમકી આપવી.
- સ્થિતિ સ્થાપક વૈશ્વિક ખાદ્ય સુરક્ષા માટે હિરોશિમાં એકશન સ્ટેટમેંટ લોન્ચ કરવામાં આવ્યું. તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક ખાદ્ય સંકટનું સમાધાન કરવાનું છે.
- G-7 દેશોએ ચીનથી અલગ (Decoupling) નહિ પરતું જોખમ ઓછુ કરવા (De-risking) તેના પર નિર્ભરતા ઓછી કરવાનું સ્વીકાર્યુ છે. જે ભાગીદારોમાં વિવિધતા તેમજ તેને મજબૂત કરવાની રણનીતિ પર નિર્ભર છે.
- G-7 દેશોના આઉટરીય સત્રમાં ભારતના પ્રધાનમંત્રીએ 10 સુત્રીયકાર્ય યોજનાની રુપરેખા પ્રસ્તુત કરી હતી. જે ખાદ્ય અને સ્વાસ્થ્ય સુરક્ષા, વિકાસ સંબંધી મુદ્દાઓ, જાતિગત સમાનતા પર કેન્દ્રીત છે.

**G-7 દેશો વિશે....**

- એક આંતરસરકારી સંસ્થા છે જેની સ્થાપના વર્ષ 1975 માં કરવામાં આવી.
- UK, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટલી જાપાન અને અમેરિકા – સાત દેશોનો સમાવેશ થાય છે.
- તમામ G-7 દેશો એ G-20 સમુહના સભ્યો છે.
- વૈશ્વિક આર્થિક શાસન, આંતરરાષ્ટ્રીય સુરક્ષા તેમજ ઉર્જાનીતિ જેવા સામાન્ય હિતના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે આ જૂથ દર વર્ષે સંમેલનનું આયોજન કરે છે.
- G-7 પાસે ઔપચારિક ચાર્ટર કે સચિવાલય નથી.

ગુજરાત સરકારની તમામ ભરતીઓની તૈયારી

# હવે Govt. Jobs કતારગામ માં

2023-2024 માં 20000 થી
વધુ ભરતીઓની થનાર જાહેરાત

- GPSC
- Class-3
- PSI
- કોન્સ્ટેબલ
- તલાટી
- બિન સચિવાલય
- જુ.ક્લાર્ક
- TET/TAT

- નિષ્ણાંત ફેકલ્ટીઓ
- Weekly Test
- Full Day Reading
- સંપૂર્ણ મટીરીયલ્સ
- OMR Mock Test

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો

ટૂંક સમયમાં શરૂ

ગુજરાતની જૂની અને સૌથી વિશ્વસનીય સંસ્થા

નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 2 આંતરરાજ્ય (રાષ્ટ્રીય)

## કોચીમાં ભારતની સૌપ્રથમ વોટર મેટ્રો પરિયોજના શરૂ કરવામાં આવી

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેરળના કોચિ બંદરની આસપાસ 20 નાના ટાપુઓને જોડતી દેશી પહેલી 'વોટર મેટ્રો' ની લીલી ઝંડી બતાવી.
- આ દેશની સૌપ્રથમ 'જળ મેટ્રો' સેવા છે.
- આ મેટ્રો સેવા કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા નિર્મિત 8 ઈલેક્ટ્રિક હાઈબ્રિડ બોટ સાથે શરૂ થશે.
- આ મેટ્રોમાં શ્રેષ્ઠ શ્રેણીના લિથિયમ ટાઈટેનિયમ સ્પિનલ બેટરીનો ઉપયોગ કરવામાં આવે છે.
- મેટ્રો સેવાનો લાભ લેવા યાત્રી 'કોચી વન કાર્ડ' નો પણ ઉપયોગ કરી શકશે જેનાથી યાત્રી ડિઝિટલી ટીકીટ નોંધાવી શકશે.




❖ **કોચી વોટર મેટ્રો પ્રોજેક્ટ**

- કેરલ સરકાર અને જર્મન કંપની KFW દ્વારા ભંડોળ આપવામાં આવશે.
- શરૂઆતમાં આઠ ઈલેક્ટ્રિક હાઈબ્રિડ બોટ તૈયાર કરવામાં આવશે. બાદમાં તેની સંખ્યા વધારીને 78 કરવામાં આવશે.
- કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા આ બોટનું નિર્માણ કરવામાં આવશે.

## મુંબઈમાં ભારતની સૌપ્રથમ અન્ડર સી ટનલનુ કાર્ય અંતિમ તબક્કામાં છે

- દક્ષિણ મુંબઈમાં ભારતની સૌપ્રથમ અન્ડરસી ટ્વિન ટનલનું કાર્ય નજીકના સમયમાં પૂર્ણ થશે.
- આ ટનલનું આવતા નવેમ્બર માસમાં લોકાર્પણ કરવામાં આવશે.
- આ સુરંગ મરીન ડ્રાઈવ નજીક ગિરગાંવથી શરૂ થઈ માલાબાર હિલની નજીક પ્રિયદર્શિની પાર્ક પાસે સમાપ્ત થશે.
- 2.07 કિમી લાંબી સુરંગ બૃહદ મુંબઈ નગર નિગમની (BMC) મુંબઈ તટીય સડક પરિયોજના (MCRP) નો ભાગ છે.
- ટનલનો વ્યાસ 12.19 મીટર છે, તે સમુદ્રના તળથી 17-20 મીટર નીચે તેમજ 1 કિલોમીટર જેટલી સમુદ્રની નીચે હશે.
- સુરંગમાં 3.2 મીટરની ત્રણ લેન છે. તેમાંથી બે લેન સામાન્ય સમયમાં કાર્યરત રહેશે જ્યારે ત્રીજી લેન કટોકટીની સ્થિતિ તેમજ વાહનોની સંખ્યામાં વધારે હોવી તેવા સમયે ઉપયોગ કરવામાં આવશે.




- દક્ષિણ કોરિયાની યોશિન એન્જિનયરીંગ કંપની, પરિયોજનાની મુખ્ય સલાહકાર છે.
- આ યોજનાનું અન્ય આર્કષણ એ છે કે ભારતના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટા 'ટનલ બોરિંગ મશિન' (TBM) નો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ TBM મશીનનું નામ 'માવલા' રાખવામાં આવ્યુ છે.

## સંરક્ષણ મંત્રાલય દ્વારા 2024 ના ગણતંત્ર દિવસની પરેડમાં માત્ર મહિલાઓનો સમાવેશ કરવાની જાહેરાત

- સંરક્ષણ મંત્રાલયે કર્તવ્યપથ પર 26 જાન્યુઆરી 2024 ના રોજ યોજાનારી પ્રજાસત્તાક દિવસની પરેડમાં માત્ર મહિલાઓને જ સામેલ કરવાની જાહેરાત કરી છે.
- પરેડ ઉપરાંત માર્ચિંગ સ્કવોડ, ટેબ્લો અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં માત્ર મહિલાઓ જ જોવા મળશે.
- તેનો હેતુ મહિલાઓને કમાન્ડ આપવા અને તેમને ભાવિ નેતૃત્વ માટે તૈયાર કરવાનો છે.
- હાલમાં જ પાંચ મહિલા અધિકારીઓને આર્ટિલરી રેજીમેન્ટમાં સામેલ કરવામાં આવી હતી.
- વર્ષ 2015 માં પ્રથમ વખત આર્મી, એરફોર્સ અને નેવીમાં મહિલાઓએ પરેડ કરી હતી.



❖ **પ્રજાસત્તાક દિવસની ઉજવણી**

- સૌપ્રથમ ઉજવણી 1950 માં ઈરવિન સ્ટેડિયમ (મેજર ધ્યાન ચંદ સ્ટેડિયમ) ખાતે યોજાઈ હતી.
- વર્ષ 1951 થી ઔપચારિકા પરેડ રાજપથ પર થઈ રહી છે.
- રાજ્યો, અને કેન્દ્રશાસિત પ્રદેશો ઉપરાંત સરકારના મંત્રાલય અને તેના વિભાગ દર વર્ષે રંગબેરંગી ઝાંખીઓ દ્વારા વિવિધ થીમ પર સંસ્કૃતિ અને વારસાને પ્રદર્શિત કરે છે.

## ભારતનો પ્રથમ આંતરરાષ્ટ્રીય મલ્ટિમોડલ લોજિસ્ટિક પાર્ક આસામના જોગીઘોપામાં નિર્માણાધીન છે.

- કેન્દ્રિય બંદર, શિપિંગ અને જળમાર્ગ તેમજ આયુષ મંત્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા ભારતના સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય મલ્ટિમોડલ લોજિસ્ટિક પાર્કની (MMLP) સમીક્ષા માટે સ્થળની મુલાકાત લીધી હતી.




- આ લોજિસ્ટિક પાર્ક આસામના બોંગાઈગાંવ જિલ્લાના જોગીઘોપામાં બ્રહ્મપુત્રા નદીને કિનારે આવેલ છે.
- આ પાર્કને વર્ષ 2023 ના અંત સુધીમાં જનસમર્પિત કરવામાં આવશે.
- બ્રહ્મપુત્રાના કિનારે 317 એકર જમીનમાં તૈયાર થનાર આ પાર્ક રોડ, રેલ, હવાઈ તેમજ જળમાર્ગથી જોડવામાં આવશે.
- MMLP નું નિર્માણ National Highways & Infrastructure Development Corporation Ltd (NHIDCL) દ્વારા કરવામાં આવશે.
- આ પરિયોજનાની આધારશીલાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી દ્વારા 20 ઓક્ટોબર 2020 ના રોજ રાખવામાં આવી હતી.
- લોજિસ્ટિક પાર્કનું નિર્માણ ભારતમાલા પરિયોજના હેઠળ કરવામાં આવ્યુ છે.
- આ પાર્કની રાષ્ટ્રીય રાજમાર્ગ નં. – 17, બ્રહ્મપુત્રાના જોગીઘોપા જળમાર્ગ ટર્મિનલ તેમજ નવનિર્મિત રુપસી અને ગુવાહાટીના હવાઈ સ્ટેશન સાથે મુખ્ય સડક માર્ગથી સીધુ જોડાણ હશે.

## ઓલ ઈન્ડિયા રેડિયોનું નવું નામ આકાશવાણી કરવામાં આવ્યું

- કેન્દ્ર સરકાર અનુસાર સાર્વજનિક પ્રસારક પ્રસાર ભારતી દ્વારા પોતાની રેડિયો સેવા ઓલ ઈન્ડિયા રેડિયો (AIR) નું નામ 'આકાશવાણી' કરવામાં આવ્યું.
- AIR ના તમામ પ્રસારણો અને કાર્યક્રમો ને વિશેષ રૂપે આકાશવાણીને રૂપે સંદર્ભિત કરવામાં આવશે.
- આ પહેલા 'AIR' અને 'આકાશવાણી' બંને નામોનો ઉપયોગ કરવામાં આવતો હતો.




- આ નિર્ણય સંસદ દ્વારા પ્રસારિત 'પ્રસાર ભારતી અધિનિયમ– 1990' ને અનુરૂપ કરવામાં આવ્યો છે.
- વર્ષ 1956 માં આકાશવાણી નામ અપનાવવામાં આવ્યું.
- 'આકાશવાણી' નામ સામાન્ય રીતે તેના હિંદી પ્રસારણ રજૂ કરવા માટે વપરાતો હતો.

❖ **AIR (ઓલ ઈન્ડિયા રેડિયો)**

- બોમ્બેના રેડિયો કલબ દ્વારા વર્ષ 1923 માં પહેલીવાર વ્યવસાયિક પ્રસારણ કરવામાં આવ્યું હતું.
- તે જ વર્ષે કોલકત્તા રેડિયો કલબની શરૂઆત કરવામા આવી અને એક વર્ષ બાદ મદ્રાસ પ્રેસીડેન્સી રેડિયો કલબ સાથે મળીને રેડિયો પ્રસારણનો વિસ્તાર મદ્રાસ સુધી કર્યો.
- વર્ષ 1930 માં ઉદ્યોગ અને શ્રમ વિભાગ હેઠળ 'ભારતીય રાજ્ય પ્રસારણ સેવા' (ISBS) ને પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યું.
- અંતે 8 જૂન 1936 માં ISBS ઓલ ઈન્ડિયા રેડિયો (AIR) બન્યુ.
- વર્તમાનમાં AIR સૂચના તેમજ પ્રસારણ મંત્રાલય હેઠળ કાર્યરત છે.
- વર્તમાનમાં AIR ના 262 થી વધારે રેડિયો સ્ટેશન છે જે ભારતના 96% વિસ્તાર તેમજ 100% આબાદીને આવરી લે છે.

## ભારતીય વાયુસેનાના પ્રથમ હેરિટેજ સેન્ટરનું ચંદીગઢ ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

- કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દ્વારા ચંદીગઢમાં દેશનું પ્રથમ ભારતીય વાયુસેના (IAF) હેરિટેજ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.
- ઈન્ડિયન એરફોર્સ હેરિટેજ સેન્ટર એ કેન્દ્રશાસિત પ્રદેશ અને ભારતીય વાયુસેના વચ્ચેનો એક સંયુક્ત પ્રોજેક્ટ છે.
- કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢના વહીવટીતંત્ર દ્વારા સેન્ટરની જાળવણી કરવામાં આવશે.
- આ સેન્ટર 17,000 ચોરસફૂટમાં ફેલાયેલુ છે.

Banking Academy

- આ સેન્ટરમાં ભારત – પાકિસ્તાન યુધ્ધ (1965 અને 1971), કારગીલ યુધ્ધ (1999) બાલાકોટ એરસ્ટ્રાઈક (2019) સહિત વિવિધ યુધ્ધોમાં IAF ના યોગદાનને ભીંતચિત્રો અને સ્મૃતિચિત્રો દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે.
- આ કેન્દ્રમાં IAF નું પેટન્ટ એરક્રાફ્ટ 'કાનપુર –1 વિંટેજ પ્રોટોટાઈપ એરક્રાફ્ટ' પણ મૂકવામાં આવ્યું છે.
- આ ઉપરાંત રાજનાથસિંહ દ્વારા સરકારી પ્રેસ બિલ્ડીંગમાં ચંદીગઢ પોલીસના 'સેન્ટર ફોર સાયબર ઓપરેશન એન્ડ સિક્યુરીટી' (CenCOPS) નુ પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- આ કેન્દ્ર પોલીસને સાઈબર ક્રાઈમની તપાસ અત્યાધુનિક સોફ્ટવેર અને ટેક્નોલોજીથી સજ્જ અત્યાધુનિક સુવિધા પૂરી પાડશે.

**ભારતીય વાયુસેના વિશે....**

**સ્થાપના** : 8 ઓક્ટોબર 1932
**વડુમથક** : નવી દિલ્હી
**ધ્યેયવાક્ય** : नभ: स्पृशं दीप्तम् (ભગવદ્ ગીતા)




## તેલંગાણા 'સ્ટેટ રોબોટિક ફ્રેમવર્ક' જાહેર કરનાર દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યુ

- તેલંગાણા સરકારએ આત્મનિર્ભર રોબોટિક્સ પારિસ્થતિકીતંત્ર સ્થાપિત કરવા તેમજ ભારતમાં રોબોટિક્સ ક્ષેત્રે અગ્રણી બનવા 'રાજ્ય રોબોટિક ફ્રેમવર્ક' લોન્ચ કર્યુ છે.
- આ ફ્રેમવર્ક તેલંગાણા સરકારએ ઓલ ઈન્ડિયા રોબોટીક એસોસિયેશનના સહયોગથી બનાવ્યુ છે.
- તેનો ઉદ્દેશ્ય અનુસંધાન અને વિકાસનુ સમર્થન કરવુ, શિક્ષા અને ઉદ્યોગો વચ્ચે સહયોગ વધારવો તેમજ રોબોટિક પ્રૌદ્યોગિકી સ્વીકારને પ્રોત્સાહન આપવાનો છે.
- ફ્રેમવર્ક વૃધ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે કૃષિ, સ્વાસ્થ્ય સેવા, ઔદ્યોગિક સ્વચાલન અને ઉપભોક્તા રોબોટિક્સમાં રોબોટિકનો લાભ લેવા પર કેન્દ્રિય કરે છે.




❖ **મુખ્ય મુદ્દાઓ**

- ફ્રેમવર્કનો અમલ કરવા માટે તેલંગાણા ઈનોવેશન સેંટર (TRIC) નું નિર્માણ કરવામાં આવશે.
- રોબો પાર્કનું નિર્માણ કરવામાં આવશે જે પરિક્ષણ સુવિધા સહ ઉત્પાદન વિકલ્પ તેમજ સહકાર્ય વિકલ્પની સુવિધાઓ આપશે.
- રાજ્ય વૈશ્વિક રોબોટીક સંમેલનનું આયોજન કરશે જેનો હેતુ વિશ્વને તેની રોબોટિક પારિસ્થિતિકી તંત્રનુ પ્રદર્શન કરવુ તેમજ આર્થિક ભંડોળ મેળવવાનો છે.

## 'શાંતિનિકેતન' ને યુનેસ્કો યાદીમાં સમાવેશ કરવા ભલામણ કરવામાં આવશે

- તાજેતરમાં નોબલ પુરસ્કાર વિજેતા તેમજ કવિ રવિન્દ્રનાથ ટાગોરના નિવાસ સ્થાન 'શાંતિનિકેતન' ને યુનેસ્કોની વિશ્વવિરાસત યાદીમાં સમાવેશ કરવા ભલામણ કરવામાં આવશે.
- આ ભલામણ આંતરરાષ્ટ્રીય સલાહકાર સંસ્થા "ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યુમેન્ટ એન્ડ સાઈટ (ICOMOS)' દ્વારા કરવામાં આવી છે.
- જે ભારત સરકાર દ્વારા મોકલાવવામાં આવેલ યાદી પ્રમાણે છે.
- આ ભલામણની ઔપચારિક જાહેરાત સપ્ટેમ્બર 2023 ની સાઉદી અરબના રિપાધમાં આયોજિત વિશ્વ ધરોહર સમિતિની બેઠકમાં કરવામાં આવશે.




❖ **'શાંતિનિકેતન'**

- તે પશ્ચિમ બંગાળના વિરભૂમ જિલ્લામાં આવેલ વિશ્વ – વિદ્યાલયોનું શહેર છે.
- મૂળરૂપે તે રવિન્દ્રનાથના પિતા દેવેન્દ્રનાથ ટાગોર દ્વારા નિર્મિત આશ્રમ હતો. અહિ કોઈપણ જાતિ કે ધર્મના વ્યકિત ભેદભાવ વગર રહી શકે છે.
- વિશ્વભારતી વિશ્વવિદ્યાલય દેશની પ્રતિષ્ઠિત સંસ્થા શાંતિનિકેતનમાં આવેલ છે. તેની સ્થાપના રવિન્દ્રનાથ ટાગોર દ્વારા કરવામાં આવી હતી.
- વિશ્વ વિરાસત યાદીમાં સમાવેશ થવા જે તે સ્થળનું વિશેષ સાર્વભૌમિક મુલ્ય હોવુ જરૂરી છે.
- આ સાથે – સાથે યુનેસ્કો દ્વારા નિશ્ચિત કરાયેલ દસ માપદંડોમાંથી ઓછામાં ઓછા એકનું પાલન થવુ જોઈએ.

**International Council on Monuments and Sites (ICOMOS) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1965 માં વેનિસ ચાર્ટર અનુપાલન તરીકે થઈ
**વડુમથક** : પેરિસ, ફ્રાન્સ

- તે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજની સલાહકાર સંસ્થા છે.

## કર્ણાટક વિધાનસભા ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યાં

- કર્ણાટકમાં 224 સભ્યોની વિધાનસભા માટે પ્રતિનિધિઓ ચૂંટવા માટેના મતદાનમાં 73.19% મતદાન નોંધાયું હતું.
- ચૂંટણીમાં પક્ષવાર યાદી : ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ 135 બેઠક, ભારતીય જનતા પાર્ટી – 66 બેઠક, જનતા દળ (સેક્યુલર) (JD(S))- 19 બેઠક અન્ય – 4 બેઠક ચૂંટાઈ આવી હતી.




| Party | 2023 Results | 2018 Results | 2013 Results | 2008 Results |
|---|---|---|---|---|
| INC | 135 | 80 | 122 | 80 |
| BJP | 66 | 104 | 40 | 110 |
| JD(S) | 19 | 37 | 40 | 28 |
| IND | 2 | 1 | 9 | 6 |
| KRPP | 1 | - | - | - |
| SKP | 1 | - | 1 | - |
| KJP | - | - | 6 | - |
| BSRCP | - | - | 4 | - |
| BSP | - | 1 | - | - |
| KPJP | - | 1 | - | - |
| Others | - | - | 2 | - |
| Total | 224 | 224 | 224 | 224 |

❖ **ચૂંટણી સંબંધિત વિશેષ માહિતી**

- લોકપ્રતિનિધિત્વ ધારો 1950 અને 1951 હેઠળ ચૂંટણી પંચ ચૂંટણી પ્રક્રિયાનું આયોજન કરે છે.
- ઔપચારિક ચૂંટણી પ્રચાર ઉમેદવારોની અંતિમ યાદી જાહેર થયા બાદથી મતદાન પૂર્ણ થવાના 48 કલાક પહેલા એમ બે અઠવાડિયા સુધી ચાલે છે.
- મતની ગણતરી ચૂંટણી અધિકારી (Returning officer) ની દેખરેખ હેઠળ કરવામાં આવે છે.

❖ **આદર્શ આચારસંહિતા**

- આદર્શ આચારસંહિતાનો ઉલ્લેખ બંધારણ કે કોઈ કાયદામાં થયો નથી.
- આદર્શ આચારસંહિતા એ ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો પર નિયમન અને નિયંત્રણ માટે 'શું કરવું અને શું ન કરવું' જેવા બાબતોની સૂચિ છે.
- ભારતમાં સૌપ્રથમવાર 1960 માં કેરળ વિધાનસભા ચૂંટણીમાં આદર્શ આચારસંહિતા લાગુ કરવામાં આવી હતી.
- ત્યારબાદ ભારતમાં 1962 માં સૌ પ્રથમ વખત લોકસભા ચૂંટણીમાં તમામ રાજકીય પક્ષોને આદર્શ આચારસંહિતાનું પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો.

### Election Commission of India વિશે....

**સ્થાપના** : 25 જાન્યુઆરી, 1950
**વડુમથક** : નવી દિલ્હી
**ચીફ કમિશનર** : રાજીવ કુમાર
**અન્ય કમિશનર**: અનુપચંદ્ર પાંડે, અનુપ ગોએલ

- તે એક બધારણીય સંસ્થા છે.
- બંધારણના ભાગ 15 માં અનુચ્છેદ 324-329 સુધી ચૂંટણી પંચ તથા ચૂંટણી સંબંધિત જોગવાઈ કરવામાં આવી છે.
- તે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભા, રાજ્યસભા અને રાજ્યોના વિધાનમંડળોની ચૂંટણીનું આયોજન કરે છે.
- કેન્દ્રિય ચૂંટણી પંચના સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

## કેરળના સમુદ્ર કિનારે ડ્રગ્સ જપ્ત કરવાં 'ઓપરેશન સમુદ્રગુપ્ત' હાથ ધરવામાં આવ્યું

- કેરળના સમુદ્ર કિનારે 2500 કિલો ડ્રગ્સ જપ્ત કરવા માટે ભારતીય નેવી અને નાર્કોટિકસ કંટ્રોલ બ્યુરો (NCB) દ્વારા સંયુકત રીતે ઓપરેશન સમુદ્રગુપ્ત હાથ ધરવામાં આવ્યુ હતું.



- આ ડ્રગ્સ મેથામફેટામાઈન છે જેની બજારમાં કુલ કિંમત આશરે 12000 કરોડ રૂપિયા છે.
- જે ભારતીય એન્ટી ડ્રગ એન્ફોર્સમેન્ટ એજન્સી દ્વારા કરવામાં આવેલી સૌથી મોટી ડ્રગ્સ જપ્તી છે.
- આ ડ્રગ્સ પાકિસ્તાનથી સમુદ્ર માર્ગે ભારત પહોંચાડવામાં આવ્યુ હતું.
- 'ગોલ્ડન ક્રેસન્ટ' અથવા 'ડેથ ક્રેસન્ટ' : ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન
- ગોલ્ડન ટ્રાય એંગલ અથવા ડેથ ટ્રાયએંગલ, મ્યાનમાર, થાઈલેન્ડ અને લાઓસ આ બંને વિસ્તાર નશીલા પદાર્થોના મુખ્ય સ્ત્રોત છે.

❖ **ઓપરેશન સમુદ્રગુપ્ત**

- ભારતીય નૌસેના અને નાર્કોટિક કંટ્રોલ બ્યુરો (NCB) સાથે મળીને ઓપરેશન સમુદ્રગુપ્ત ચલાવી રહયા છે.
- આ ઓપરેશન જાન્યુઆરી 2022 માં શરૂ કરવામાં આવ્યુ હતું જેનો હેતુ અફઘાનિસ્તાન અને પાકિસ્તાનથી આવતા જહાજોમાં ડ્રગ્સની હેરાફેરી રોકવાનો છે.

❖ **Methamphetamine ડ્રગ્સ વિશે**

- તે એક શક્તિશાળી, અત્યંત વ્યસનકારક ઉત્તેજક છે જે કેન્દ્રીય ચેતાતંત્રને અસર કરે છે.
- તે સફેદ, ગંધહીન, કડવો – સ્ફટિકીય પાવડરનું સ્વરૂપ લે છે. જે પાણી અથવા આલ્કોહોલમાં સરળતાથી ઓગળી જાય છે.
- તેનો ઉપયોગ નાર્કોલેપ્સી, નીંદર ન આવવી તેમજ અટેંશન ડેફિસિટ હાયપર એક્ટિવિટી ડિસઓર્ડર (ADHD) ની સારવાર માટે થાય છે.

**Narcotics Control Bureau (NCB) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1986
**વડુમથક** : નવી દિલ્હી
**મુખ્ય હેતુ** : અખિલ ભારતીય સ્તરે ડ્રગ્સની હેરફેર સામે લડવાનો છે.

- NCB એ ભારત સરકારના ગૃહમંત્રાલય હેઠળની એક ભારતીય કેન્દ્રીય કાયદા અમલીકરણ અને ગુપ્તચર એજન્સી છે.

## તુંગનાથ મંદિરનો રાષ્ટ્રીય મહત્વના સ્મારકની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો

- કેન્દ્ર સરકાર દ્વારા ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં સ્થિત તુંગનાથ મંદિરને રાષ્ટ્રીય મહત્વના સ્મારક તરીકે જાહેર કરવામાં આવ્યું.
- તે વિશ્વમાં દરિયાની સપાટીથી સૌથી વધુ ઉંચાઈ પર સ્થિત તેના પ્રકારનું એક માત્ર પ્રાચીન શિવાલય છે. તે દરિયાની સપાટીથી 3680 મીટર ઉંચાઈ પર આવેલુ છે.



- તે પંચકેદારમાનું એક મંદિર છે. એવુ માનવામાં આવે છે કે ઋષિ વ્યાસ દ્વારા પાંડવોને મહાભારતના યુધ્ધ દરમિયાન તેમના પિતરાઈ ભાઈ કૌરવોને મારવાના તેમના પાપને માફ કરવા માટે ભગવાન શિવની પૂજા કરવાની સલાહ આપવામાં આવી હતી.
- તે ઉત્તર ભારતીય સ્થાપત્ય શૈલીમાં બાંધવામાં આવ્યુ છે.

❖ **પંચકેદાર**

- પંચકેદાર એ ઉત્તરાખંડના ગઢવાલ હિમાલયમાં સ્થિત ભગવાન શિવના પાંચ મંદિરોનો સમુહ છે.
- જેમાં કેદારનાથ મંદિર – 3583 મીટર, તુંગનાથ મંદિર – 3680 મીટર, રુદ્રનાથ મંદિર – 3559 મીટર, મહમહેશ્વર મંદિર – 3490 મીટર તથા કલ્પેશ્વર મંદિર – 2200 મીટરનો સમાવેશ થાય છે.

## ભારતીય સેનામાં ગણવેશનું માનકીકરણ કરવામાં આવ્યું



- ભારતીય સેના જે વિશ્વમાં સૌથી મોટી સેનાઓમાં સામેલ છે. તેણે બ્રિગેડિયર રેન્ક અને તેનાથી ઉપરના અધિકારીઓ માટે યુનિફોર્મને એક સમાન બનાવવાનો નિર્ણય કર્યો છે.
- આ નિર્ણય 1 ઓગસ્ટ, 2023 થી અમલી બનશે.
- નિર્ણય બ્રિગેડિયર, મેજર જનરલ, લેફટનન્ટ જનરલ, અને જનરલને લાગુ પાડશે.
- જેમાં હેડગિયર, શોલ્ડર રેન્કબેજ, ગોર્જેટ પેચ, બેલ અને શુઝને પ્રમાણિત કરવામાં આવશે.
- તેઓ હેવથી ખભા પર કોઈ લેનયાર્ડ પહેરશે નહી.
- સ્પેશિયલ ફોર્સ, અરુણાચલ સ્કાઉટ, ડોગરા સ્કાઉટ વગેરે સ્ટીકર ખભા પર પહેરશે નહી.
- આ નિર્ણય કર્નલ અને તે રેન્કથી નીચેના અધિકારીઓ દ્વારા પહેરવામાં આવતા યુનિફોર્મને અસર કરશે નહી.
- વરિષ્ઠ અધિકારીઓ માટે સામાન્ય ગણવેશ અપનાવવાના નિર્ણયનું પ્રાથમિક કારણ એ છે કે દળના વરિષ્ઠ નેતૃત્વ વચ્ચે સેવાની બાબતોમાં એક સામાન્ય ઓળખ અને અભિગમને પ્રોત્સાહન આપવાનું છે.
- સેનામાં અધિકારીક પદ ચઢતા ક્રમમાં નીચે પ્રમાણે છે :
  લેફ્ટનન્ટ, કેપ્ટન, મેજર, લેફ્ટનન્ટ કર્નલ, કર્નલ, બ્રિગેડિયર, મેજર–જનરલ, લેફ્ટનન્ટ જનરલ, જનરલ, ફિલ્ડમાર્શલ.
  નોંધ : ફિલ્ડ માર્શલ – ફાઈવ સ્ટાર જનરલ ઓફિસર રેંક છે. પરંતુ તે નિયમિત સૈન્ય માળખામાં તેનો ઉપયોગ થતો નથી.

Banking Academy

## મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં પીએમ મિત્રા પાર્ક માટે MOU કરવામાં આવ્યાં




- કેન્દ્રીય ટેક્ષટાઈલ મંત્રાલય અને મધ્યપ્રદેશ સરકાર વચ્ચે મધ્યપ્રદેશના ધાર જિલ્લાના બદનવર તહેસીલના ભેંસોલા ગામમાં પીએમ મિત્રા પાર્કનું નિર્માણ કરવા MOU કરવામાં આવ્યા.
- પીએમ મિત્રા પાર્ક 50,000 લોકો માટે પ્રત્યક્ષ અને 1.5 લાખ લોકો માટે પરોક્ષ રોજગારીનું સર્જન કરશે, જેનો સીધો ફાયદો સમગ્ર માલવા પ્રદેશ, ખાસ કરીને ધાર, ઝાબુઆ અને રતલામ જિલ્લાને થશે.

**❖ PM Mega Integrated Textile Regions and Apparel (PM MITRA)**

- પ્રાઈમ મિનિસ્ટર – મેગા ઈન્ટિગ્રેટેડ ટેકસટાઈલ રિજિયન્સ એન્ડ એપેરલ પાર્ક.
- કાપડ મંત્રાલય હેઠળ કાર્ય કરશે.
- આ યોજના સમયબધ્ધ રીતે ઝડપી અમલીકરણ માટે જાહેર ખાનગી ભાગીદાર (PPP) મોડલનો લાભ લેવાની પરિકલ્પના કરે છે.
- આ યોજના કાપડ ઉદ્યોગની કુલ મુલ્ય સાંકળ માટે સંકલિત મોટા પાયે અને આધુનિક ઔદ્યોગિક માળખાકીય સુવિધા વિકસાવશે. ઉદાહરણ તરીકે સ્પિનિંગ, વીવિંગ, પ્રોસેસિંગ, ગાર્મેન્ટિગ, ટેકસટાઈલ, ઉત્પાદન પ્રોસેસિંગ અને પ્રિન્ટંગ મશીનરીનો ઉદ્યોગ
- આ યોજના હેઠળ સાત મેગા ટેકસટાઈલ પાર્ક સ્થાપવાની યોજના છે. જેમાં મધ્યપ્રદેશ, તમિલનાડુ, તેલંગાણા, કર્ણાટક , મહારાષ્ટ્ર, ગુજરાત અને ઉત્તરપ્રદેશ રાજ્યોનો સમાવેશ થાય છે.
- આ યોજનાની જાહેરાત ઓકટોબર 2021 માં કરવામાં આવી હતી અને વર્ષ 2026-27 સુધીમાં તમામ પાર્ક સ્થાપિત કરવામાં આવશે.
- આ યોજના પ્રધાનમંત્રીના 5F વિઝન પર આધારિત છે. ફાર્મ ટુ ફાઈબર ફાઈબરથી ફેકટરી, ફેકટરી થી ફેશન અને ફેશન થી ફોરેન.

## સેલવાસાનાં ખાનવેલમાં તારપા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ

- દાદરા અને નગર હવેલીના આદિવાસીઓનું પરંપરાગત વાદ્ય તારપુને બચાવવા અને નવી પેઢીઓને તેની સાથે માહિતગાર કરવા માટે સેલવાસામાં આવેલ ખાનવેલના ચૌડા મેદાન પર લોકભાગીદારીથી તારપા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય આપણી પ્રાદેશિક અને આદિવાસી સંસ્કૃતિ કલાને સંરક્ષિત કરવા અને આદિવાસી કલાકારોને સ્થાન આપવાનો છે.
- તારપુ એ એક આદિવાસી સુષિર વાદ્ય છે.
- દૂધીને સુકવી કોટડા બનાવી અને વાસના બામ્બુમાંથી અને મધમાખીના પુડાના માવાનો ઉપયોગ કરી જીભાડીમાંથી તારપુ વાદ્ય બનાવવામાં આવે છે.



**❖ તારપુ મહોત્સવ**

- દાદરા અને નગર હવેલીનું પ્રસિધ્ધ આદિવાસી નૃત્ય છે.
- વરલી, કોંકણી, તેમજ કોળી લોકો તેની સાથે સંકળાયેલ છે.
- આ મહોત્સવમાં હોડી, તરવાનું , લોકનૃત્ય, રંગોળી તેમજ ટેટૂ ચિત્ર વગેરે જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

Banking Academy

## દહેરાદૂનમાં સસ્ટેનેબલ લેન્ડ મેનેજમેન્ટ માટે સેન્ટર ઓફ એકસેલન્સ (CoE – SLM) નું ઉદ્ઘાટન કર્યુ




- CoE - SLM ની સ્થાપના અંગેની જાહેરાત પ્રધાનમંત્રીએ 2019 માં આયોજીત યુનાઈટેડ નેશન કન્વેન્શન ટુ કોમ્બેટ ડેઝર્ટીફિકેશન (UNCCD) ની 14 મી બેઠક (CoP-14) દરમિયાન કરવામાં આવી હતી.
- CoE - SLM નું નિર્માણ દેહરાદૂનમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન (ICFRE) માં કરવામાં આવ્યુ છે.
- તેનો હેતુ : લેન્ડ ડીગ્રેડેશન ન્યુટ્રાલિટી (LDN) લક્ષ્યો નક્કી કરવા, દુષ્કાળનુ જોખમ તેમજ પ્રારંભિક ચેતવણી પ્રણાલી વિકસાવવી, જમીનના અધિકારોમાં સુશાસનને પ્રોત્સાહન આપવુ, જમીન અધોગતિની હરિતગૃહ વાયુ ઉત્સર્જન તેમજ જૈવ વિવિધતાના નુકશાન પર અસરોનુ મૂલ્યાંકન કરવું, દક્ષિણ – દક્ષિણ સહકારને પ્રોત્સાહન આપવુ.

## અદાણી – હિંડનબર્ગ મુદ્દા અંગેની સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા બનાવેલી સપ્રે સમિતિએ તેનો અહેવાલ જમા કરાવ્યો




- તાજેતરમાં સર્વોચ્ચ ન્યાયાલયએ હિંડનબર્ગ – અદાણી મામલામાં અદાલત દ્વારા નિયુક્ત વિશેષજ્ઞ સમિતિનો અહેવાલ રજૂ કર્યો.
- અમેરિકાની કંપની હિંડનબર્ગ એ જાન્યુઆરી, 2023 માં તેના અહેવાલમાં જણાવ્યુ કે અદાણી જુથની કંપનીઓની કિંમત વાસ્તવિક મૂલ્ય કરતા વધારે હેરફેર કરવામાં આવી છે.
- આ વિવાદ સર્વોચ્ચ અદાલત સુધી પહોચતા, અદાલતે વિસ્તૃત માહિતી માટે સમિતિની રચના કરી.

❖ **સમિતિના અહેવાલની મુખ્ય બાબતો**

- અદાણી જૂથે દરેક લાભદાયી માલિકોને ખુલાસો કર્યો છે.
- SEBI અદાણીના લાભાર્થી માલિકોની જાહેરાતને નકારી હોવાનો કોઈ આરોપ નથી.
- હિંડબર્ગના અહેવાલ પછી અદાણીની રિટેલ હિસ્સેદારીમાં નોંધપાત્ર વધારો થયો છે.
- રિપોર્ટમાં સ્પષ્ટ પણે નોંધવામાં આવ્યુ છે કે પ્રવર્તમાન નિયમો કે કાયદાઓનું કોઈ ઉલ્લંઘન જોવા મળ્યુ નથી.

❖ **સપ્રે સમિતિ**

- સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા માર્ચ – 2023 માં રચના કરવામાં આવી.
- આ સમિતિના અધ્યક્ષ સર્વોચ્ચ ન્યાયાલયના પૂર્વ ન્યાયાધીશ અભય મનોહર સપ્રે હતા.
- આ સમિતિનો ઉદ્દેશ્ય હિંડનબર્ગ અહેવાલના સંદર્ભમાં અદાણી જૂથ દ્વારા સિક્યોરીટી કાયદાના ઉલ્લંઘન અંગે ચકાસણી કરવાનો હતો.

## ભારતના રાજદંડને 75 વર્ષ પછી સંસદમાં સ્થાપિત કરવામાં આવશે

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવી દિલ્હી ખાતે નિર્માણાધીન નવા સંસદ ભવનનું નજીકના સમયમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- આ નવા સંસદભવનના ઉદ્ઘાટન પ્રસંગે નરેન્દ્ર મોદી દ્વારા લોકસભા સ્પીકરની બેઠક પાસે પવિત્ર સેંગોલ (રાજદંડ) સ્થાપિત કરવામાં આવ્યું.
- સેંગોલને અગ્રેજ હકુમત દ્વારા 14 ઓગસ્ટ, 1947 ની રાત્રે 10:45 એ પંડિત જવાહરલાલ નેહરુ ને સત્તાનું હસ્તાંતરણ કરતી વખતે સોંપ્યો હતો.
- ત્યારબાદ વર્ષ 1978 માં તેને અલ્હાબાદ સંગ્રહાલય ખાતે રાખવામાં આવ્યો હતો.
- સેંગોલને (રાજદંડ) ચેન્નાઈના સુવર્ણકાર વર્મુડી બંગારુ દ્વારા બનાવવામાં આવ્યો છે.

❖ **સેંગોલ**




- તે એક તમિલ શબ્દ 'સેમાઈ' પરથી આવ્યો છે, જેનો અર્થ સદાચાર થાય છે.
- સેંગોલને રાજદંડ, સદાચાર, તેમજ સંપતિથી સંપન્ન તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમજ શંખ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- સેંગોલની ટોચ પર નંદી બિરાજમાન છે.
- સેંગોલને સત્તાના હસ્તાંતરણનું પ્રતીક માનવામાં આવે છે.
- સેંગોલએ ભારતીય સમ્રાટની શકિત અને સત્તાનું પ્રતીક હતુ જે સોના અને ચાંદી માંથી બનાવવામાં આવતું તેમજ ઘણીવાર તેને કિંમતી મૂલ્યવાન પત્થરોથી શણગારવામાં આવતું હતું.

- ભારતમાં સેંગોલનો ઈતિહાસ ઘણો જૂનો છે. એનો સૌપ્રથમ ઉપયોગ મૌર્ય સામ્રાજ્ય (322-185 ઈ.સ. પૂર્વે) દ્વારા કરવામાં આવ્યો હતો.
- આ પછી ગુપ્ત સામ્રાજ્ય (320-550 ઈ.સ.) અને અંતે ચોલ વંશ હેઠળ આવ્યુ, જ્યાં તેનો વધુ ઉપયોગ થતો.
- ત્યારબાદ એ મુઘલો પાસે આવ્યુ અને જ્યારે અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ એનો કબ્જો લઈ લીધો હતો.
- સેંગોલ એ ચૌલ સામ્રાજ્યની પરંપરા રહી છે જયારે પણ કોઈ રાજા બનતા ત્યારે તેમને આ રાજદંડ આપવામાં આવતો હતો.
- વાઈસરોય લોર્ડ માઉન્ટબેટન દ્વારા નહેરુને સેંગોલ સોંપવામાં આવ્યુ હતું.

### ❖ વિશ્વની અન્ય સંસ્કૃતિમાં સેંગોલ

- સેંગોલનો ઉલ્લેખ મેસોપોટેમિયાના પ્રાચીન શિલ્પો અને ત્યાના રેકોર્ડમાં તેનો ઉલ્લેખ છે.
- મેસોપોટેમિયાની સંસ્કૃતિમાં તેની દેવતાઓની સત્તા અને તેમની શકિતઓના પ્રતીક તરીકે જોવામાં આવતું હતું.
- ગ્રીકો રોમન પરંપરામાં જ્યુસ અને ઓલંપસ જેવા દેવતાઓની શકિતની નિશાની તરીકે તેઓ સાથે એક લાંબો રાજદંડ રાખતા.
- રોમન સામ્રાજ્યના રાજાઓ હાથીદાંતમાંથી બનેલા રાજદંડનો ઉપયોગ કરતા હતા, જેને 'સેટટ્રમ ઓગસ્ટી' કહેવાય છે.
- ઈજિપ્તમાં પણ રાજદંડ શકિત અને સત્તાનું પ્રતીક ગણવામાં આવે. ત્યાના રેકોર્ડ અનુસાર 'વાજ' નામના રાજદંડનો ઉલ્લેખ જોવા મળે છે.

## SDG પ્રગતિને ટ્રેક કરનાર ભોપાલ દેશનું પ્રથમ શહેર બન્યું

- સંયુકત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્ય (SDG) ના સ્થાનિકરણને અપનાવનાર ભોપાલ દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- તેમા SDG હાંસલ કરવા માટે તેની પ્રતિબધ્ધતા અને ક્ષમતા દર્શાવવા સ્વૈચ્છિક સ્થાનિક સમીક્ષાઓ (VLR) અપનાવશે.
- ભોપાલે 'એજન્ડા ફોર એકશન : સસ્ટેનેબલ અર્બન ટ્રાન્સફોર્મેશન ઈન ભોપાલ' લોન્ચ કર્યુ છે.
- સભ્ય રાષ્ટ્રો સંયુકત રાષ્ટ્રની હાઈ લેવલ પોલિટીકલ ફોરમ (HLPE) ને સ્વૈચ્છિક રાષ્ટ્રીય સમીક્ષ (VNRs) દ્વારા SDG લક્ષ્યો હાંસલ કરવા તરફ તેની પ્રગતિની જાણકારી આપે છે.

### ❖ ભોપાલ સ્વૈચ્છિક સ્થાનિક સમીક્ષા (VLR)

- તેને ભોપાલ મ્યુનિસિપલ કોર્પોરેશન, યુ– એન– હેબિટેટ તેમજ 23 થી વધુ સ્થાનિક હિતધારકોના સામૂહિક સહયોગનું પરિણામ છે.
- આ સમીક્ષામાં 56 વિકાસ પ્રોજેકટ ગુણાત્મક તેમજ મેપિંગ સહિત માત્રાત્મક અને ગુણાત્મક બંને અભિગમનો સમાવેશ થાય છે.
- વર્ષ 2018 માં HLPF ને સ્વૈચ્છિક સ્થાનિક સમીક્ષા (VLR) રજૂ કરતુ ન્યુયોર્ક વિશ્વનું સૌપ્રથમ શહેર બન્યું હતું.
- વર્ષ 2015 માં તમામ 193 UN સભ્યદેશોએ એજન્ડા 2030 અપનાવ્યો છે. જેમાં 17 SDG અને 167 ઉદ્દેશ્યનો સમાવેશ થાય છે.
- 167 ઉદ્દેશ્યમાંથી ઓછામાં ઓછા 60% ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા શહેરો અને પ્રદેશોની ભાગીદારી આવશ્યક છે.




**Sustainable Development Goal (SDG) વિશે....**

- સતત વિકાસને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભાએ 'The 2030 Agenda' શરૂ કર્યો.
- આ લક્ષ્યાંકનો સમયકાળ વર્ષ જાન્યુઆરી 2016 થી 2030 સુધીનો છે.
- 17 સતત વિકાસ લક્ષ્ય અને 169 ઉદ્દેશ્ય સતત વિકાસ માટે 'The 2030 Agenda'નો ભાગ છે.
- આ એજન્ડાને સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભાના 193 દેશોએ અપનાવ્યો છે.

Banking Academy


ખાખીની ખુમારી... ખાખીની ખુમારી... ખાખીની ખુમારી...
ની તૈયારી કરો હવે
આપના વિસ્તારમાં
કતારગામ
પોલીસ
કોન્સ્ટેબલ
PSI/ASI
ટૂંક સમયમાં
જાહેર થનાર
8000 થી વધુ
જગ્યાઓની
ભરતી
Govt. Jobs
સામાન્ય જ્ઞાન
Maths
Reasoning
કાયદો
જેવા
વિષયોની સંપૂર્ણ
મટીરિયલ્સ સાથે
વિશેષ તૈયારી
Weekly Test
Full Day Faculty
All Day Reading
Facilities
Join
New
Class
ADMISSION
OPEN
તૈયારી
માટેના
નવા વર્ગો
ટૂંક સમયમાં શરૂ
GPSC
તલાટી
બિન સચિવાલય
TET/TAT
જેવી તમામ પરીક્ષાઓની
તૈયારી આજે જ શરૂ કરો
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (ઉધના)
Ph. : 70461 40555
સુરત (વરાછા)
Ph. : 70464 16555
સુરત (કતારગામ)
Ph. : 70466 31555

# 3 ગુજરાત

## ગુજરાત સરકાર દ્વારા આશરે 3500 કિલોમીટરનો 'પરિક્રમા પથ' પ્રોજેક્ટ તૈયાર કરશે

- હાલમાં દેશના વિવિધ રાજ્યોને રોડ માર્ગથી જોડવા માટે ગુજરાત સરકાર દ્વારા લગભગ 3500 કિ.મી. નો 'પરિક્રમા પથ' તૈયાર કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટને બે વર્ષમાં પૂર્ણ કરવાનો અંદાજ રાખવામાં આવ્યો છે.
- આ પરિક્રમા પથ ત્રણ કોરિડોરમાં નિર્માણ પામશે.
  - પ્રથમ સ્ટેચ્યુ ઓફ યુનિટી સાપુતારા લીંક રોડને પૂર્વોત્તર બેલ્ટ સાથે જોડવામાં આવશે.
  - બીજો દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાથી સૌરાષ્ટ્ર સુધી લંબાવવામાં આવશે.
  - ત્રીજો કચ્છની આંતરરાષ્ટ્રીય સરહદથી ઉત્તર ગુજરાતને આવરી લેશે.
- આ પ્રોજેક્ટ 33 જિલ્લાનો 79% અને 252 તાલુકાનો 43% પ્રદેશમાંથી પસાર થશે.
- આ પરિયોજનામાં 40% હિસ્સો રાષ્ટ્રીય ધોરીમાર્ગનો, 33% હિસ્સો રાજ્ય ધોરીમાર્ગનો તેમજ 27% હિસ્સો અન્ય રસ્તાનો સમાવેશ થાય છે.




## અમદાવાદમાં ગુજરાત રાજ્યની સૌ પ્રથમ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટનો પ્રારંભ કરવામાં આવ્યો

- ગુજરાત રાજ્યમાં 'વન નેશન વન ચલણ' પ્રોજેક્ટ હેઠળ અમદાવાદની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ ખાતે રાજ્યની સૌપ્રથમ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની શરૂઆત કરવામાં આવી છે.
- અમદાવાદમાં ટ્રાફિક પોલિસ અને RTO ના ચલણ સાથે 'વન નેશન વન ચલણ' પ્રોજેક્ટનું સફળતાથી સંકલન કરવામાં આવ્યુ છે.
- સર્વોચ્ચ અદાલતની ecommittee ની મદદથી અને પુણેની NIC (નેશનલ ઈન્ફોર્મેશન સેંટર) ની મદદથી ગુજરાતમાં વર્ચ્યુ ટ્રાફિક કોર્ટને લાગુ કરવામાં આવશે.
- ઈ–કોર્ટ અમલી બનતો હવે ટ્રાફિક નિયમો તોડનાર વાહન ચાલકોને ઈ–મેમો ફટકાર્યા બાદ 90 દિવસ સુધીની મુદ્દત આપવામાં આવશે. જેમાં નિર્ધારિત સમય મર્યાદામા દંડની રકમ ચુકવવામાં નહી આવેતો આપો – આપ ટ્રાફિક કોર્ટમાં ઈચલણ મોકલવામાં આવશે.




- વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટ વાહન માલિકનાં મોબાઈલ નંબર પર SMS દ્વારા નોટીસ આપશે.
- કેસ ચલાવવાની સ્થિતિમાં વાહન ચાલકે કોર્ટમાં રૂબરૂ હાજર નહી રહેવુ પડે તે વર્ચ્યુઅલી કોર્ટમાં હાજર થઈ શકશે.
- સમગ્ર કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવશે.
- પોલિસ ડિપાર્ટમેન્ટ દ્વારા વર્તમાનમાં રાજકોટ, સુરત અને અમદાવાદ શહેરમાં ઈ–ચલણ સર્વર એલોટ કરવામાં આવ્યાં છે.
- ક્રેડિટ કાર્ડ ડેબિટકાર્ડ, નેટ બેંકિંગ, UPI જેવા વિકલ્પોથી ચલણની ભરપાઈ કરી શકાશે.

## ગુજરાતની વિશિષ્ટ હસ્તકળા 'માતાની પછેડી'ને GI Tag આપવામાં આવ્યું

- વર્ષ 2020 માં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા 'માતાની પછેડી' ને GI Tag આપવા અંગે અરજી કરવામાં આવી હતી.
- તાજેતરમાં કેન્દ્રિય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયલ દ્વારા GI પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. હાલમાં ગુજરાતના કુલ 17 ઉત્પાદનોને GI Tag મળ્યુ છે.

❖ **માતાની પછેડી**

- જેનો સામાન્ય અર્થ 'દેવી માતાની પાછળ' એવો પણ થાય છે.
- પછેડી એક ધાર્મિક વસ્ત્ર છે, જેના કેન્દ્રમાં માતાજીનો ઉલ્લેખ કરવામાં આવે છે અને શેષ ભાગમાં તેની વાર્તાઓ તથા દંતકથાઓનું નિરૂપણ કરવામાં આવે છે.
- તેને 'ગુજરાતની કલમકારી' પણ કહેવામાં આવે છે.
- વાલ્મીકી સમાજ દ્વારા આ આર્ટ કરવામાં આવે છે.



- આ બનાવવા માટે વુડ બ્લોક પ્રિન્ટીંગ અથવા હેન્ડ પેઈન્ટીંગ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવે છે.
- તેમા કુદરતી અને ખનીજ રંગોનો ઉપયોગ થાય છે.
- જો કાપડનો આકાર ગોળાકાર હોય તો તેને માતાનો ચંદરવો કહેવામાં આવે છે.
- માતાજીની પછેડીનો ઉપયોગ – માતાજીની આરાધનાની પ્રતિકૃતિ રૂપે તૈયાર કરવામાં આવે છે.
- માતાજીની ધાર્મિક વિધિઓ માટે થાય છે.
- 'માતાજીની પછેડી' આર્ટ માટે જાણીતા ભાનુભાઈ ચિતારાને વર્ષ 2023 નો પદમશ્રી એવોર્ડ આપવામાં આવ્યો છે.

## ગુજરાત વન વિભાગ દ્વારા રાજ્યમાં મિયાવાકી પધ્ધતિથી 84 સ્થળો પર અર્બન ફોરેસ્ટ બનાવવામાં આવશે

- ગુજરાત વન વિભાગ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિવર્સિટી અને અંબાજીમાં સફળ પ્રયોગ બાદ ગુજરાતમાં મિયાવાકી પદ્ધતિથી અર્બન ફોરેસ્ટ તેમજ વન કવચ બનાવવા માટે 84 જેટલા સ્થળોની પસંદગી કરવામાં આવી છે.




- જેમાં 100 હેકટર જમીનમાં પ્રથમ 3 વર્ષમાં અંદાજીત 10 લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.
- આ 100 હેકટરમાં સામાજીક વનીકરણ હેઠળ 78 હેકટર, વિકાસ અને વ્યવસ્થા હેઠળ – 20 હેકટર તેમજ બાકીના 2 હેકટર ગાંધીનગરમાં વન્યજીવ વર્તુળ હેઠળની જમીનનો ઉપયોગ કરશે.

**❖ મિયાવાકી પદ્ધતિ**

- આ પદ્ધતિના પ્રણેતા જાપાનના ડૉ. અકીરા મિયાવાકી છે.
- જેમાં ઓછા સમયમાં વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરીને ગાઢ જંગલનું નિર્માણ કરી શકાય છે.
- આ પદ્ધતિમાં દેશી પ્રજાતિના છોડને એક બીજાની નજીક રોપવામાં આવે છે, જે ઓછી જગ્યા રોકીને અન્ય વૃક્ષોની વૃદ્ધિમાં પણ મદદ કરે છે.
- આ પદ્ધતિથી માત્ર 20 થી 30 વર્ષોમાં જ ગાઢ જંગલનું નિર્માણ કરી શકાય છે.

## ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે જમીન ફાળવણી નીતિ – 2023 જાહેર કરવામાં આવી

- ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે જમીન ફાળવણી નીતિ – 2023 જાહેર કરવામાં આવી છે.




- જેમા લઘુત્તમ એક લાખ મેટ્રીક ટન ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન કરી શકે તેવા એકમોને વાર્ષિક પ્રતિ હેકટર રૂા. 15,000 ના ભાડેથી 40 વર્ષ માટે જમીન ભાડા પેટે આપવામાં આવશે.
- આ ભાડામાં દર ત્રણ વર્ષે 15% નો વધારો કરવામાં આવશે.

**❖ જમીન ફાળવણી નીતિ – 2023 નો મુખ્ય ઉદ્દેશ્ય**

- ભારત સરકારે તાજેતરમાં જ નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન શરૂ કર્યુ છે.
- મિશન હેઠળ વર્ષ 2030 સુધીમાં 50 લાખ મેટ્રિક ટન પ્રતિવર્ષ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.
- જેથી વર્ષ 2070 સુધી જળવાયુ પરિવર્તનની અસરને ઘટાડી શકાય અને શૂન્યકાર્બન ઉત્સર્જન હાંસલ કરી શકાય.
- ગુજરાતમાં ગ્રીન હાઈડ્રોજન યુનિટો વધુ સ્થપાય, વૈશ્વિક સ્તરે સ્ટ્રેટેજિક મહત્વ જળવાય, ઔદ્યોગિક સ્પર્ધામાં મહત્વનો ભાગ ભજવે તે હેતુથી નીતિ તૈયાર કરવામાં આવી છે.

**❖ મુખ્ય બાબતો**

- આ નીતિ હેઠળ રાજ્યમાં ગ્રીન હાઈડ્રોજન માટે સોલાર અથવા વિન્ડ અથવા વિન્ડ સોલાર હાઈબ્રિડ એનર્જી પ્લાન્ટ વિકસાવવા માંગતા એકમે એક લાખ મેટ્રીક ટન પ્રતિ વર્ષ ઉત્પાદન કરવુ અનિવાર્ય છે.
- જમીન માંગણી કરતા એકમને 500 મેગાવોટ રિન્યુએબલ એનર્જીથી વધુ વીજ ઉત્પાદનનો અનુભવ હોવા જોઈએ.
- સરકારી સાહસો દ્વારા ભવિષ્યમાં ગ્રીન ઉર્જાના પ્રોજેકટની જરૂરીયાતોને ધ્યાને લઈને લઘુત્તમ જરૂરીયાતોને ધ્યાનમાં લઈને લઘુત્તમ એક લાખ હેકટર સરકારી પડતર જમીન રાજ્ય સરકારની કંપનીઓને રિન્યુએબલ એનર્જીના વિકાસ માટે ફાળવવાનું નક્કી થયું છે.
- કચ્છમાં હયાત સોલ્ટ બેઝ કેમિકલ ઉદ્યોગોના વિસ્તરણ માટે પણ એક લાખ એકર જમીન અનામત રહેશે.
- 8 વર્ષને અંતે પ્રોજેકટની 100 ટકા વીજ ક્ષમતા અને તે થકી ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન નહિ થાય તો એવા પ્રોજેકટની ક્ષમતા ઘટાડીને બાકીની જમીન સરકાર પરત લેશે.
- આ નીતિ હેઠળ પાંચ કંપનીઓને ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન માટે જમીન અનામત રાખવા મંજૂરી આપવામાં આવી છે.
- જેમાં રિલાયન્સ ન્યુ એનર્જી લિમિટેડ, અદાણી ન્યુ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ટોરેન્ટ પાવર લિમિટેડ, આર્સેલર નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ તથા વેલસ્પનગ્રુપનો સમાવેશ થાય છે.

❖ **નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન**
- જાન્યુઆરી 2023 માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા 'નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન' અધિકારીક મંજૂરી આપવામાં આવી હતી.
- મુખ્ય ઉદ્દેશ્ય – ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન અને નિકાસમાં ભારતને વૈશ્વિક હબ બનાવવું.
  – ભારતના 'રાષ્ટ્રીય નિર્ધારીત યોગદાન (NOC)' ને પરિપૂર્ણ કરવા ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરવો.
- આ મિશનની મદદથી વર્ષ 2030 સુધીમાં દેશમાં લગભગ 125 ગીગાવોટ જેટલી નવીનિકરણીય ઉર્જા ક્ષમતામાં વધારો કરશે.
- આ મિશન હેઠળ પ્રતિવર્ષ ઓછામાં ઓછું 5 મિલિયન મેટ્રીક ટન ગ્રીન હાઈડ્રોજન ક્ષમતાને વિકસાવશે.

❖ **ગ્રીન હાઈડ્રોજન**
- તેના ઉત્પાદનમાં એવી પધ્ધતિનો ઉપયોગ થાય છે જે હરિત ગૃહ વાયુ (GHG) નું ઉત્સર્જન કરતી નથી.
- ગ્રીન હાઈડ્રોજનનું સામાન્ય રીતે ઈલેક્ટ્રોલાઈઝર નામના ઉપકરણનો ઉપયોગ કરીને ઉત્પાદન કરવામાં આવે છે.
- ઈલેક્ટ્રોલાઈઝર પાણીને હાઈડ્રોજન અને ઓકિસજનમાં વિભાજીત કરવા માટે વીજળીનો ઉપયોગ કરે છે.
- અહી નોંધવુ રહયુ કે ઈલેક્ટ્રોલાઈઝર જે વીજળીનો ઉપયોગ કરે તે નવીનીકરણીય ઉર્જાના સ્ત્રોતમાંથી મેળવે છે જેમકે પવનઊર્જા, સૂર્યઉર્જા વગેરે

## ગુજરાત સરકાર દ્વારા જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજનાની જાહેરાત કરવામાં આવી

➲ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને હાઈસ્કૂલનું શિક્ષણ મેળવવામાં મુશ્કેલી ન અનુભવાય માટે જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજનાની જાહેરાત કરવામાં આવી છે.




❖ **યોજનાનો લાભ**
- યોજના હેઠળ 25 હજાર વિદ્યાર્થીઓને ધોરણ – 9 અને 10 માં વાર્ષિક 20,000 તેમજ ધોરણ – 11 અને 12 માં વાર્ષિક 25,000 રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

❖ **યોજનાનો લાભ લેવાની પ્રક્રિયા**
- દર વર્ષ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે અને તેના મેરિટમાં આવનાર વિદ્યાર્થીઓને જ લાભ મળશે.
- આ પરીક્ષા ધોરણ – 8 માં અભ્યાસ કરતા અથવા ધોરણ – 8 માં ઉર્તીણ થયેલ વિદ્યાર્થીઓ જ આ પરીક્ષા આપી શકશે.
- આ યોજનાનો લાભ એવા જ વિદ્યાર્થીઓ લઈ શકશે કે જેઓએ ધોરણ 1 થી 8 નો સળંગ અભ્યાસ રાજ્યની સરકારી અથવા રાજ્યની અનુદાનિત પ્રાથમિક શાળામાં કર્યો હોય.

❖ **યોજનાનો લાભ લેવાની પૂર્વ શરતો**
- ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પરિવારની વાર્ષિક આવક 1.20 લાખ કરતા ઓછી હોવી જોઈએ.
- શહેરી વિસ્તારમાં રહેતા પરિવારની વાર્ષિક આવક 1.50 લાખથી ઓછી હોવી જોઈએ.
- રાજ્ય સરકાર દ્વારા મિશન સ્કૂલ ઓફ એકસલન્સના ભાગરૂપે જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

## 'SWAGAT' પહેલની 20 મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી

➲ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી 'State Wide Attention on Grievances by Application of Technology' પહેલની 20 મી વર્ષગાંઠ ઉજવણીમાં જોડાયા.

➲ ગુજરાત સરકાર સફળતાપૂર્વક 20 વર્ષ પુરા કરવા બદલ 'SWAGAT' સપ્તાહ મનાવી રહયુ છે.




❖ **State Wide Attention on Grievances by Application of Technology (SWAGAT)**
- તેની શરૂઆત તત્કાલીન ગુજરાત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ 2003 માં કરવામાં આવી.
- જે તકનીકી આધારિત ફરીયાદ નિવારણ કાર્યક્રમ છે.
- જેમાં રાજ્યનો સામાન્ય નાગરીક ફરીયાદો સીધી મુખ્યમંત્રીને કરી શકે છે.
- દર મહિનાના ચોથા ગુરુવારે મુખ્યમંત્રી પોતે ફરિયાદ નિવારણ માટે નાગરીક સાથે વાતચીત કરે છે.
- દરેક આવેદનોની કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવે છે. અત્યાર સુધીની તમામ ફરિયાદોમાંથી 99% ફરિયાદોનું નિવારણ થયુ છે.
- આ પહેલનો ઉદેશ્ય પ્રોદ્યોગિકીનો ઉપયોગ નાગરીકો અને સરકાર વચ્ચે તેમની રોજીંદી ફરીયાદોને તત્કાલ, કુશળરીતે તેમજ સમયસીમાંમાં સમાધાન આપીને એક સેતુ તરીકે કરવાનો છે.

Banking Academy

- SWAGAT પહેલના ઘટકો રાજ્ય સ્વાગત, જિલ્લા સ્વાગત તાલુકા સ્વાગત અને ગ્રામ સ્વાગત છે.
- તેમા ફરિયાદોને ત્રણ શ્રેણીમાં વિભાજીત કરવામાં આવે છે.
  (1) નીતિ વિષયક બાબતો (2) લાંબા સમયથી પેન્ડિંગ અરજીઓ (3) પહેલી વારની ફરિયાદો

## હજીરા –ગોથાણ રેલવે લાઈન પ્રોજેકટને 'વિશેષ રેલવે પ્રોજેકટ'તરીકેની માન્યતા આપવામાં આવી



- રેલવે મંત્રાલય દ્વારા હજીરા થી ગોથાણ સુધીના 50 કિમીના નવા બ્રોડગેજ લાઈન પ્રોજેકટને 'વિશેષ રેલવે પ્રોજેકટ'તરીકેની માન્યતા આપવામાં આવી છે.
- આ વિશેષ દરજ્જાથી રાષ્ટ્રીય માળખાગત સુવિધાઓને પૂર્ણ કરવા માટે તેને જાહેર હિતના પ્રોજેકટ તરીકે ગણવામાં આવશે અને જમીન સંપાદનની પ્રક્રિયા સરળ બનશે તેમજ હજીરા દરિયાકાંઠાના ઉદ્યોગોને માલ પરિવહનમાં મદદરૂપ થશે.
- હાલમાં હજીરાના ઔદ્યોગિક એકમો માલપરિવહન માટે નેશનલ હાઈવે 48 નો ઉપયોગ કરે છે. આ રેલવેલાઈન કાર્યરત થવાથી રોડ પરનુ ભારણ ઘટી જશે.
- હજીરા પોર્ટને રેલ કનેકિટવિટી મળવાથી લોજીસ્ટિક ખર્ચ પણ ઘટશે.

## ગુજરાત સરકાર દ્વારા રાજયમાં 21 નવી GIDC બનાવવાની જાહેરાત કરવામાં આવી

- ગુજરાત ઔદ્યોગિક વસાહત નિગમના નિયામક મંડળ દ્વારા 13 જિલ્લાઓમાં 21 વધારાની GIDC ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે.
- 13 જિલ્લાઓમાં રાજકોટ, મહેસાણા, મહિસાગર, ભરૂચ, બનાસકાંઠા, પાટણ, છોટાઉદેપૂર, ગીર સોમનાથ, ગાંધીનગર, ખેડા, અમરેલી, આણંદ અને જૂનાગઢ જિલ્લાના 21 તાલુકાઓમાં GIDC સ્થાપવામાં આવશે.




❖ **Gujarat Industrial Development Corporation (GIDC)**
- એ સરકારની માલિકીની સંસ્થા છે.
- સ્થાપના વર્ષ 1962માં રાજ્યમાં ઔદ્યોગિક માળખાના વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી હતી.
- GIDC ઔદ્યોગિક વસાહતો તેમજ ઉદ્યોગોના વિકાસ અને સંચાલન માટે જવાબદાર છે.
- તે ઉદ્યોગોને નાણાકીય સહાય, તકનીકી સહાય, અને માળખાકીય વિકાસ સહિત વિવિધ સેવાઓ દ્વારા સહાય પૂરી પાડે છે.
- તે ઔદ્યોગિક વિકાસ માટે જમીનની ફાળવણી તેમજ ઉદ્યોગોને વિવિધ પરવાનગી અને મંજૂરીઓ મેળવવામાં મદદ કરે છે.

## દરેક સરકારી પ્રાથમિક શાળામાં પ્રવેશ માટે બાલ વાટિકાની શરૂઆત કરવામાં આવશે

- આવનાર 12 થી 14 જૂન સુધી ગુજરાતમાં સરકારી શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાશે. જૂન – 2023 થી શરૂ થતા શૈક્ષણિક સત્રથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ– 2020 ના અમલીકરણ માટે દરેક સરકારી પ્રાથમિક શાળામાં બાલવાટીકા શરૂ કરશે.
- તેથી આ વર્ષે બાલવાટીકામાં પ્રવેશ પામનારા બાળકોનો પણ પ્રવેશોત્સવમાં સમાવેશ કરવામાં આવશે.
- નવા સત્રમાં અંદાજે 977513 વિદ્યાર્થી બાલવાટિકામાં તેમજ 230019 વિદ્યાર્થી ધોરણ – 1 માં પ્રવેશ મેળવશે.



- જે બાળકોની ઉંમર 1 લી જૂનના રોજ પાંચ વર્ષથી વધુ અને છ વર્ષ કરતા ઓછી હશે તેને બાલવાટીકામાં પ્રવેશ આપવામાં આવશે.
- જે બાળકોની ઉંમર 1 લી જૂનના રોજ છ વર્ષથી વધુ અને સાત વર્ષ કરતા ઓછી હશે તેને ધોરણ – 1 માં પ્રવેશ આપવામાં આવશે.

❖ **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 (NEP – 2020)**
- જુલાઈ 2020 માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા શરૂ કરવામાં આવી.
- તે સામાન્ય સૂત્ર 5 + 3 + 3 + 4 પર આધારિત છે.
- તેનો હેતુ વર્ષ 2030 સુધીમાં ભારતની શિક્ષણ પ્રણાલિમાં પરિવર્તન લાવવાનો છે.
- આ નીતિ વિદ્યાર્થીઓના અભ્યાસક્રમનો ભાર ઘટાડવાનો અને તેમને વધુ "આંતર–શિસ્ત" અને "બહુભાષી" બનવાની મંજૂરી આપે છે.

## નોર્થ – ઈસ્ટર્ન હિલ યુનિવર્સિટીમાં ગુજરાત યુનિવર્સિટીનું સેન્ટર બનાવવામાં આવશે

- મેઘાલયના શિલોંગમાં આવેલી નોર્થ ઈસ્ટર્ન હિલ યુનિવર્સિટી જે સેન્ટ્રલ યુનિવર્સિટી છે તેની સાથે ગુજરાત યુનિવર્સિટી દ્વારા એમઓયુ સહિ કરવામાં આવ્યા છે.



- MoU અંતર્ગત બંને યુનિવર્સિટીઓ વચ્ચે જોઈન્ટ ડિગ્રી– ડયુઅલ ડિગ્રી પ્રોગ્રામ શરૂ થશે, સ્ટુડેન્ટ અને ફેકલ્ટી એકસચેન્જ થશે તેમજ રિસર્ચ પ્રોજેકટ પણ શરૂ થશે.
- ગુજરાતના રાજ્યપાલ દેવવ્રત આચાર્ય દ્વારા આ યુનિવર્સિટીમાં નવુ બનેલું ગુજરાત યુનિવર્સિટીના સેન્ટર હોલનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

❖ **જોઈન્ટ ડિગ્રી – ડયુઅલ ડિગ્રી પ્રોગ્રામ**

- જોઈન્ટ ડિગ્રી પ્રોગ્રામ હેઠળ સૌપ્રથમવાર ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પ્રથમવાર સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ભણવા જશે. સાથે સાથે સેન્ટ્રલ યુનિવર્સિટી એવી નોર્થ ઈસ્ટર્ન હિલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ગુજરાતમાં ભણવા માટે આવશે.
- ત્યાંના ગુજરાત કલ્ચરલ સેન્ટરમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગુજરાતની સંસ્કૃતિને લગતી તમામ વસ્તુઓ મુકવામાં આવશે.
- ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીમાં નોર્થ ઈસ્ટન હિલ યુનિવર્સિટી દ્વારા મેઘાલય ભવન બનાવવામાં આવશે.

## કેન્દ્રીય મંત્રીએ તટીય પુલિસિંગની રાષ્ટ્રીય એકેડેમીનો શિલાન્યાસ કર્યો

- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા ખાતે તટીય પુલિસિંગની રાષ્ટ્રીય એકેડેમી (NACP) ના સ્થાયી પરિસરનો શિલાન્યાસ કર્યો.



- NACP એ દેશની પહેલી રાષ્ટ્રીય એકેડેમી છે જે દરિયાકાંઠાની સુરક્ષા માટે પોલિસ દળોને તાલીમ આપશે.
- NACP એ વર્ષ 2018 માં ગુજરાત ફિશરીઝ રિસર્ચ સેન્ટરના પરિસરમાં શરૂઆત થઈ હતી.
- તેની સ્થાપના નવ દરિયાકાંઠાના રાજ્યો, પાંચ કેન્દ્ર શાસિત પ્રદેશો તેમજ કેન્દ્રીય પોલીસ દળોની મરીન પોલિસને ઉચ્ચ સ્તરીય તાલીમ આપવા માટે કરવામાં આવી હતી.
- એકેડેમીનો પ્રાથમિક ઉદ્દેશ્ય મરીન પોલીસ કર્મચારીઓની કુશળતા તેમજ ક્ષમતા વધારવાનો છે.
- તેમાં આધુનિક સુવિધાઓ જેમ કે અદ્યતન તાલીમ મોડયુલ , પ્રાયોગિક તાલીમ મેદાન તેમજ આભાસી સ્થિતિનું નિર્માણ કરવું.
- NACP ભારતીય નૌસેના, કોસ્ટગાર્ડ, મરીન પોલિસ, તેમજ અન્ય સંબંધિત સંસ્થાઓ વચ્ચે સહયોગ અને સંકલનને સરળ બનાવશે.

## વિશ્વના સૌપ્રથમ ગૌ ટેક – 2023 એકસ્પોનું રાજકોટમાં શુભારંભ

- રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ગૌ ટેક એકસ્પો આયોજન કરવામાં આવ્યુ છે.




- આ એકસ્પોનો મુખ્ય ઉદ્દેશ્ય ગાયા આધારિત ઉદ્યોગો તેમજ પશુપાલકોને પ્રોત્સાહન આપવાનો છે.
- એકસ્પોમાં 4 ડોમમાં 200 થી વધારે ગૌ – આધારિત પ્રોડકટ એક સાથે જોવા મળી હતી.
- આ ડોમના નામ સુરભી, સુશીલા, સુભદ્રા અને કપિલા ગાયના નામ પરથી આપવામાં આવ્યા હતા.
- એકસ્પોમાં અંદાજીત 200 થી વધુ ગૌ – આધારીત ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવ્યુ હતું.
- ગુજરાતમાં ગીર, કાંકરેજ, ડાંગી, ડગરી, નારી અને થરપાકર વગેરે ગાયોની જાતો જોવા મળે છે. ગુજરાતમાં સૌથી વધુ ગાયોની સંખ્યા રાજકોટ જિલ્લામાં છે.
- ગાયનું વૈજ્ઞાનિક નામ બોસ ઈન્ડિકસ (Bos Indicus) છે.

## રાજ્યકક્ષાની વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંબાજીમાં કરવામાં આવશે

- ગુજરાતમાં 5મી જૂને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે રાજ્યકક્ષાના કાર્યક્રમ દરમિયાન રાજ્યમાં પ્રથમ વખત અંબાજીમાં ડ્રોન દ્વારા બીજની વાવણી કરાશે.
- આ કાર્યક્રમ દરમિયાન સરકાર 10,000 વૃક્ષો વાવશે.
- ઉજવણીમાં અમદાવાદ, આંણદ, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, નવસારી, ભરૂચ, ભાવનગર, મોરબી, વલસાડ અને સુરત એમ 11 જિલ્લાઓમાં Mangrove Initiative for Shoreline Habitats & Tangible Incomes (MISTHI) કાર્યક્રમ હેઠળ મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવશે.
- આ ઉપરાંત ગીર સોમનાથ, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, નડીયાદ, પંચમહાલ, બનાસકાંઠા, ભાવનગર અને સાબરકાંઠાના આઠ જેટલા પવિત્ર પાત્રા સ્થળોએ ઝુબેંશ હાથ ધરી દરેક સ્થળે વૃક્ષારોપણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.





ગુજરાતમાં સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા

GPSC - I/II

તાજેતર (2023)માં જાહેર થનાર

નાયબ મામલતદાર
ચીફ ઓફિસર
Dy.So
રાજ્ય વેરા નિરીક્ષક

650 - 725 કલાકનો CLASSROOM TEACHING PLAN

Enrol Now

Prelim + Main + Interview ની સંપૂર્ણ તૈયારી

Govt. Jobs

નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો 12th June થી શરૂ

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

SURAT - HO (ઉધના) (SOSYO CIRCLE)
Sosyo Circle, Udhna-Magdalla Road, Surat.
Contact : 70466 33255

# 4 આંતરરાષ્ટ્રીય

## જાપાને પ્રથમ વખત ગર્ભપાત ગોળીને મંજૂરી આપી

- જાપાનના આરોગ્ય મંત્રાલયે વ્યક્તિના પ્રજનન અધિકારોને પ્રોત્સાહન આપવા દેશની પ્રથમ ગર્ભપાત ગોળીને મંજૂરી આપી.
- પહેલા વિશ્વમાં મોટા ભાગના દેશોમાં ગર્ભપાત ગોળી ઉપલબ્ધ હતી ત્યારે જાપાનમાં તે પ્રકારની ગોળીનો ઉપયોગ પર પ્રતિબંધ હતો.
- આ દવામાં બે પ્રકારની ગોળીઓ આવે છે, તેનો ઉપયોગ ગર્ભાવસ્થાના નવ અઠવાડિયામાં થાય છે.
- આ દવામાં મિફેપ્રિસ્ટોન અને મિસોપ્રોસ્ટ્રોલનું સંયોજન છે, જેને વિશ્વ આરોગ્ય સંસ્થાએ તેની આવશ્યક દવાઓની સૂચિમાં સમાવેશ કર્યો છે.
- આ દવાને ગર્ભવતી લોકો માટે સલામત અને અસરકારક તરીકે દર્શાવવામાં આવે છે.




## સુદાનમાંથી ભારતીયોને બહાર કાઢવા "ઓપરેશન કાવેરી" શરૂ કરવામાં આવ્યું

- ભારતે સંઘર્ષગ્રસ્ત સુદાનમાંથી પોતાના નાગરીકોને પરત લાવવા ઓપરેશન કાવેરી શરૂ કરવામાં આવ્યું.
- આશરે 300 જેટલા ભારતીયો રાજધાની ખાર્તુમ સહિત દારફૂર જેવા છેવાડાના વિસ્તારોમાં ફસાયા છે.
- ઓપરેશન કાવેરી હેઠળ આઈએનએસ સુમેધાને પોર્ટ સુદાન પહોંચાડવામાં આવ્યુ છે.
- પાછળના કેટલાક દિવસોથી દેશના વિભિન્ન વિસ્તારોમાં દેશની સેના અને અર્ધસૈનિક બળ વચ્ચેની લડાઈને કારણે ખાર્તુમમાં અસ્થિરતા ફેલાય છે.

❖ **સુદાન સંકટ**

- હાલમાં સુદાનની રેપિડ સપોર્ટ ફોર્સ (RSF) અને એક અર્ધસૈનિક સમુહ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યું છે.
- આ સંઘર્ષ સેના પ્રમુખ જનરલ અબ્દેલ ફતાહ અલ–બુરાની અને RSF નેતા જનરલ મોહમ્મદ હમદાન દગાલોની વચ્ચે વર્ચસ્વ માટેની લડાઈ છે.

**સુદાન વિશે....**

| | | |
|---|---|---|
| **રાજધાની** | : | ખાર્તૂમ |
| **વિસ્તાર** | : | ઉત્તર આફ્રિકા ખંડ |
| **નાણું** | : | સુદાન પાઉન્ડ |




## દલાઈ લામાને 64 વર્ષ પછી રૂબરૂમાં રેમન મેગ્સેસે એવોર્ડ મળ્યો

- દલાઈ લામાને 64 વર્ષની રાહ જોયા બાદ, રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશનના સભ્યોએ વ્યકિતગત રીતે 1959 નો એવોર્ડ તેમને અર્પણ કર્યો.
- આ પુરસ્કાર માટે 1959 માં દલાઈ લામાની પસંદગી કરવામાં આવી હતી. પરંતુ ચીનના કારણે તેઓ તિબ્બેટથી ભારતમાં આશ્રય લીધો હતો તેથી એવોર્ડ લેવા માટે જઈ શકતા નહતા.
- આ પુરસ્કાર તેમને તિબ્બટી સમુદાય માટે ઘર્ષણ તેમજ તિબ્બટી સંસ્કૃતિને પ્રેરણા માટે આપવામાં આવ્યો છે.
- દલાઈ લામાને મળનારો આ સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે.

❖ **રેમન મેગ્સેસે પુરસ્કાર**

- આ પુરસ્કાર ફિલીપાઈન્સના રાષ્ટ્રપતિ રેમન મેગ્સેસેની યાદમાં આપવામાં આવે છે.
- તેની શરૂઆત વર્ષ 1959 માં કરવામાં આવી હતી.
- પુરસ્કાર સામાજીક સુધારમાં શ્રેષ્ઠ યોગદાન બદલ આપવામાં આવે છે.
- તેને એશિયાનો નોબેલ પુરસ્કાર પણ કહેવામાં આવે છે.
- પુરસ્કારની સ્થાપનામાં ફિલિપાઈન્સ સરકાર સાથે રોકફેલર સોસાયટીનું પણ યોગદાન છે.
- રોકફેલર સોસાયટીનું વડુ મથક ન્યુયોર્ક અમેરિકામાં આવેલું છે.



## દુબઈ ખાતે વૈશ્વિક શિક્ષણ અને તાલીમ પ્રદર્શનમાં ઈન્ડિયા પેવેલિયનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ

- દુબઈમાં ગ્લોબલ એજ્યુકેશન અને ટ્રેનિંગ એકિઝબિશન (GETEX) ખાતે 'સ્ટડી ઈન ઈન્ડિયા પેવેલિયન' નું ઉદ્ઘાટન દુબઈમાં ભારતના કોન્સલ જનરલ ડૉ. અમન પૂરીએ કર્યુ.
- પેવેલિયનનું આયોજન વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના સહયોગથી સેવાઓ નિકાસ પ્રમોશન કાઉન્સિલ દ્વારા કરવામાં આવ્યું છે.
- પેવેલિયન 200 ચોરસ મીટરમાં ફેલાયેલુ છે જેમાં 30 થી વધુ યુનિવર્સિટીઓ તેમજ ઉચ્ચ શિક્ષણની edtech કંપનીઓ ભાગ લેશે.




❖ **ગ્લોબલ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ એકિઝબિશન (GETEX)**

- એક અગ્રણી શિક્ષણ મેળો છે જે છેલ્લા 30 વર્ષથી કાર્યરત છે.
- શૈક્ષણિક સંસ્થાઓને તેમના પ્રવેશ લક્ષ્યો પૂર્ણ કરવા એક સશકત મંચ પૂરુ પાડે છે.

**સંયુકત આરબ અમિરાત વિશે....**

**રાજધાની** : અબુધાબી
**ભાષા** : અરબી
**ચલણ** : દિરહામ

## વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા PRET પહેલની શરૂઆત કરવામાં આવી

- તાજેતરમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા આરોગ્ય સંબધિત મહામારીની તૈયારીમાં સુધાર કરવા એક નવી પહેલ PRET નો શુભારંભ કરવામાં આવ્યો.
- PRET નું પુરુનામ "Preparedness and Resilience for Emerging Threats"
- આ પહેલનો મુખ્ય હેતું – ઈન્ફ્લૂએન્ઝા તેમજ કોરોનાવાયરસ જેવા કોઈ પણ શ્વસન રોગજનક બિમારીને નિયંત્રિત કરવા એકીકૃત યોજનાનું માર્ગદર્શન આપવાનો અને વિશ્વના દેશોના ભવિષ્યમાં આવનારી મહામારીનો સામનો કરવા મદદ કરવાનો પણ છે.
- હાલમાં આ પહેલ શ્વસન વાયરસ પર ધ્યાન કેન્દ્રિત કરશે, પરતું આવનારા સમયમાં અન્ય પ્રકારના રોગ નિયત્રંણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.




- તેના ત્રણ પાંખીય અભિગમનો સમાવેશ થાય છે.
  (1) સજ્જતા યોજનાઓ અપડેટ કરવી.
  (2) રોગચાળાની સજ્જતાના આયોજનમાં હિતધારકો વચ્ચે જોડાણ વધારવું
  (3) રોગચાળાની તૈયારીમાં સતત રોકાણ ધિરાણ તેમજ નિરીક્ષણ કરવુ.
- આ પહેલ WHO ની મહામારી નિયંત્રણ કરવા માટેની પ્રમુખ તૈયારીઓમાં પ્રતિનિધિત્વ પુરુ પાડશે.

**World Health Organisation (WHO) વિશે....**

**સ્થાપના** : 07 એપ્રિલ, 1948
**વડુમથક** : જીનિવા, સ્વિટ્ઝર્લેન્ડ
**અધ્યક્ષ** : ડૉ. ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસ
**મુખ્ય કાર્ય** : વિશ્વભરમાં આરોગ્યને પ્રોત્સાહન આપવુ, વિશ્વને સુરક્ષિત રાખવુ અને સંવેદનશીલ લોકોની સેવા કરવાનું છે.

## ભારત અરેબિયન ટ્રાવેલ માર્કેટ (ATM) 2023 માં જોડાયુ

- કેન્દ્રિય પર્યટન મંત્રાલયે દુબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે અરેબિયન ટ્રાવેલ માર્કેટની 30 માં સંસ્કરણમાં ભાગ લીધો.
- આ આયોજનમાં વિશ્વભરમાંથી પ્રવાસન અને પર્યટન ઉદ્યોગ સાથે સંકળાયેલ લોકોને આકર્ષિત કરતું વૈશ્વિક સ્તરનું સૌથી મોટુ આયોજન છે.
- આ વર્ષના આયોજનનો મુખ્ય મુદ્દો પ્રવાસન ઉદ્યોગ દ્વારા થતા કાર્બન ઉત્સર્જનને ઘટાડવાનો છે.
- આ વર્ષ ભારતનુ પેવેલિયન સૌથી મોટા પેવેલિયનમાંથી એક હતું.
- ભારત તરફથી રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના પર્યટન વિભાગ, હોટલ અને ટૂર ઓપરેટર સહિત 100 થી વધુ લોકો જોડાયા હતા.
- પર્યટન મંત્રાલય તેમાં 'Incredible India' નું પ્રદર્શન કરશે તેમજ Visit India – 2023 અભિયાન પણ ચલાવશે.
- Visit India – 2023 જે ભારતની પ્રવાસન વૈવિધ્યતા દર્શાવશે તેમજ ટકાઉ પ્રવાસન માટે દેશની પ્રતિબધ્ધતાને પ્રકાશિત કરશે.




Banking Academy

## ગોવા ખાતે SCO સભ્ય દેશોના વિદેશ મંત્રીઓની બેઠક યોજાઈ



- તાજેતરમાં શાંઘાઈ કો– ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ના આઠ સભ્ય દેશોના વિદેશ મંત્રીઓની બેઠકનું આયોજન ગોવા ખાતે કરવામાં આવ્યુ હતું.
- આ બેઠકનું આયોજન જુલાઈમાં નવી દિલ્હી ખાતે આયોજીત થનાર SCO ના લીડર્સ સમિટ વિશે ચર્ચા માટે કરવામાં આવ્યુ હતું.
- ભારત વર્ષ 2023 માં SCO ની અધ્યક્ષતા કરી રહયુ છે. અને આ વર્ષની થીમ – SECURE- SCO છે.
- SCO ના સભ્ય દેશોએ મુખ્યત્વે આંતકવાદને નાબૂદ કરવા, પ્રાદેશિક સુરક્ષા, સંરક્ષણ જેવા ક્ષેત્રોને પ્રાથમિકતા આપી છે.

## UAE સરકારે 'Machines Can See - 2023' સમિટનું આયોજન કર્યુ




- UAE સરકાર દ્વારા કુત્રિમ બુધ્ધિમતા પર આંતરરાષ્ટ્રીય પરિષદ 'Machines Can See -2023' નુ આયોજન કરવામાં આવ્યું.
- પરિષદનું આયોજન દુબઈના મ્યુઝિયમ ઓફ ફયુચરમાં કરવામાં આવ્યુ હતુ.
- આ પરિષદનું આયોજન કુત્રિમ બુદ્ધિમતા, ડિજિટલ ઈકોનોમી અને રિમોટ વર્ક એપ્લિકેશન ઓફિસ તેમજ 'મશીન કેન સી' કંપની દ્વારા સંયુકત રીતે કરવામાં આવ્યુ છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ્ય AI ના ભાવિ વિશે અને UAE માં આગામી સિલિકોન વેલીની સ્થાપનાની મહત્વકાંક્ષામાં તેના સંભવિત યોગદાન વિશે વાત કરવા વિશ્વના વિવિધ ભાગોમાંથી RI નિષ્ણાતોને એકત્રિત કરવાનો છે.
- UAE રાષ્ટ્રીય સ્તરે AI પ્રોગ્રામ ધરાવતો એક માત્ર દેશ છે, જે AI ટેકનોલોજીની પ્રગતિને ટેકો આપવાની તેની પ્રતિબધ્ધતાનો પુરાવો છે.

## જર્મનીના બર્લિન ખાતે પીટર્સબગ સંવાદનું આયોજન કરવામાં આવ્યું

- જળવાયુ પરિવર્તન અંગે પીટર્સબર્ગ સંવાદનું આયોજન જર્મનીના બર્લિન ખાતે કરવામાં આવ્યુ હતું.
- આ કાર્યક્રમની મેજબાની જર્મની તથા સંયુકત રાષ્ટ્ર આમિરાત દ્વારા કરવામાં આવી હતી. આ બંને દેશ જળવાયુ પરિવર્તનના સંયુકત રાષ્ટ્ર ફ્રેમવર્ક કન્વેશન (UNFCC) ના પક્ષકારોની 28 મી બેઠક CoP-28 ની મેજબાની પણ કરશે.




- 40 દેશોના મંત્રીઓએ આ સંવાદમાં ભાગ લીધો.

❖ **પીટર્સબર્ગ સંવાદ**

- આ સંવાદ UNFCCC ની COP બેઠક પહેલા દર વર્ષે કરવામાં આવે છે.
- તેની શરૂઆત વર્ષ 2010 માં જર્મનીના ચાન્સેલર એન્જેલા મેર્કલ દ્વારા કરવામાં આવી હતી.
- સંવાદનો હેતુ જળવાયુ પરિવર્તન સભા COP ના મુદ્દાઓને સફળ બનાવવાનો છે.

❖ **મુખ્ય મુદ્દાઓ**

- વૈશ્વિક તાપવૃધ્ધિને 1.5° C સુધી સીમિત કરવા માટે વિશ્વના દેશોએ હરિતગૃહ વાયુના ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો કરવાની આવશ્યકતા છે.
- વર્ષ 2030 સુધીમાં નવીનતમ્ ઉર્જાસ્ત્રોતની ક્ષમતા વર્તમાન કરતા ત્રણ ગણી કરવી. તેમજ વર્ષ 2040 માં તેની ક્ષમતા 2030 ની સરખામણીમાં બમણી કરવાનું કહેવામાં આવ્યું.
- વર્ષ 2023 ગ્લોબલ સ્ટોકટેકનું વર્ષ છે. જેનો હેતુ વર્તમાન પ્રયાસોથી પેરિસ સંધીના લક્ષ્યોને હાંસિલ થશે કે નહી તેની સમીક્ષા કરવાનો છે.
- વિકસિત દેશો તેની પ્રતિબધ્ધતા પ્રમાણે 100 અબજ ડોલર પ્રતિ વર્ષની સહાય આપી રહયા છે. પરતું વર્તમાન અનુમાન પ્રમાણે વર્ષ 2030 સુધીમાં 1 ટ્રીલીયનની આવશ્યકતા છે.

## બાંગ્લાદેશના ઢાંકા ખાતે 6th હિંદ મહાસાગર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું

- સંમેલનની છઠ્ઠી આવૃતિનું આયોજન ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા બાંગ્લાદેશના વિદેશ મંત્રાલય તેમજ એસ રાજરત્નમ સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટેડીયમના સહયોગથી કરવામાં આવ્યું.
- સંમેલનનું આયોજન બાંગ્લાદેશની રાજધાની ઢાકા ખાતે કરવામાં આવ્યું.

- આ વર્ષની સંમેલનની થીમ – "શાંતિ માટે ભાગીદારી, સમૃદ્ધિ અને સ્થિતિસ્થાપક ભવિષ્ય" છે.
- તેનુ ઉદ્દઘાટન બાંગ્લાદેશના વડાપ્રધાન શેખહસિનાએ કર્યુ હતું.
- સંમેલનમાં 25 દેશોના (મ્યાનમાર સિવાય) 150 પ્રતિભાગીઓ હાજર રહ્યા.
- સંમેલનનો મુખ્ય ઉદેશ્ય હિંદ મહાસાગરક્ષેત્રના 25 દેશો વચ્ચે સહયોગ મજબુત કરવા તેમના ઉચ્ચ સ્તરીય સરકારી પ્રતિનિધિમંડળ અને થિંક ટેંકને એક સાથે લાવવાનો છે.




**❖ હિંદ મહાસાગર સંમેલન**

- દિલ્હી સ્થિત થિંક ટેંક ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા સિંગાપુર, શ્રીલંકા અને બાંગ્લાદેશમાં પોતાના ભાગીદારો સાથે મળીને સંમેલનની શરૂઆત કરી હતી.
- સૌપ્રથમ વાર સંમેલન વર્ષ 2016 માં કરવામાં આવ્યુ હતું.
- સંમેલનનો ઉદેશ્ય ક્ષેત્રની સરકારોના પ્રમુખો, મંત્રીઓ, વિચારકો, વિદ્વાનો વગેરેને એક મંચ પર લાવવાનો છે.

## સુપર સાયકલોન 'મોચા' મ્યાનમારમાં ત્રાટક્યુ

- ચક્રવાત 'મોચા' જેણે મ્યાનમારમાં વિનાશ સર્જયો તેને IMD (ભારતીય હવામાન વિભાગ) દ્વારા અતિ ગંભીર ચક્રવાત શ્રેણી તેમજ તેને વૈશ્વિક હવામાન વેબસાઈટ 'ઝૂમ અર્થ' દ્વારા 'સુપર સાયકલોન' શ્રેણીમા સમાવેશ કર્યો છે.
- તેને દક્ષિણ કોરિયાની જેજુ નેશનલ યુનિવર્સિટી દ્વારા વર્ષ 2023 નું સૌથી ભયાનક ચક્રવાત દર્શાવવામાં આવ્યુ છે.
- ચક્રવાતની સર મ્યાનમાર, બાંગ્લાદેશ અને ઉત્તરપૂર્વીય ભારતનો અમુક હિસ્સો પ્રભાવિત થયા છે.

**❖ મોચા ચક્રવાત**




- 'મોચા' નામ યમન દ્વારા સુચવવામાં આવ્યુ છે.
- ચક્રવાતનું નામ યમનનું સમુદ્ર કિનારે વસેલુ બંદર શહેર પરથી રખાવમાં આવ્યુ છે.
- ચક્રવાત બંગાળની ખાડીમાંથી ઉદ્ભવ્યુ હતું.
- ચક્રવાતની ગતિ 277 કિમી / કલાક હતી. જે તેને વર્ષ 1982 બાદ ઉત્તર હિંદ મહાસાગરના અરબસાગર અને બંગાળની ખાડીમાં દરેક ઋતુમાં બનેલા ચક્રવાતમાં સૌથી વધુ તીવ હતું.

**❖ ચક્રવાત**

- પૃથ્વીના વાતાવરણમાં હવાઓનું નિયમિત અને ચોક્કસ દિશામાં હલનચલન થતુ રહે છે. જેના કારણે વાતાવરણની હવામાં વિક્ષેપ ઉત્પન્ન થાય છે અને આવા અસ્થિર હવાના ચક્ર કે જેના કેન્દ્રમાં હલકુ દબાણ તથા બહાર ભારે દબાણ હોય તેને ચક્રવાત કહે છે.
- જેના કારણે હવા બહારના ભાગથી અંદરના ભાગમાં ગતિ કરે છે અને ચક્રવાતનું નિર્માણ થાય છે.
- ચક્રવાતના કેન્દ્રને ચક્રવાતની આંખ કહેવામાં આવે છે.
- ચક્રવાતના મુખ્ય બે પ્રકાર છે : ઉષ્ણકટીબંધીય ચક્રવાત જે કર્કવૃત અને મકરવૃતની વચ્ચે વિકાસ થાય છે. વધારાના ઉષ્ણકટીબંધીય ચક્રવાત જે સમશીતોષ્ણ અને ઉચ્ચ અક્ષાંશ પ્રદેશોમાં જોવા મળે છે.

## યુરોપીયન દેશ પોર્ટુગલની સંસદમાં ઈચ્છામૃત્યુના ખરડાને મંજૂરી આપવામાં આવી

- યુરોપીયન દેશ પોર્ટુગલે 18 વર્ષથી વધુ ઉંમરના વ્યકિતઓ મૃત્યુ માટે સહાયતા માંગી શકે તેવો ખરડો પસાર કર્યો. પરતું ઈચ્છામૃત્યુ માટે સરકાર દ્વારા કરવામાં આવેલી શરતોનું પાલન કરવુ પડશે.



- શરત મુજબ ફકત એવા જ લોકો ઈચ્છામૃત્યુની માંગ કરી શકે કે જેઓ અસહનીય પીડા અને ઈલાજ વગરની બીમારીઓથી પીડાતા માનસિક રૂપથી સ્વસ્થ વ્યકિતઓ ઈચ્છામૃત્યુનો નિર્ણય લઈ શકે છે.
- આ બરડાને કાયદો બનાવવા માટે રાષ્ટ્રપતિ દ્વારા તેના પર હસ્તાક્ષર કરેલા હોવા જોઈએ.
- પોર્ટુગલના રાષ્ટ્રપતિ માર્સેલો રેબેલો ડી સોસાએ આ કાયદાનો વિરોધ કર્યો હતો. પરતું દેશની જનતાનુ સમર્થન હોવાને કારણે સંસદમાંથી મંજૂરી મળી હતી.

**❖ ઈચ્છામૃત્યુ (Euthanasia)**

- ગંભરી અને અસાધ્ય બીમારીથી પીડિત વ્યકિતએ ડોકટરની મદદથી તેના જીવનનો અંત લાવવો.

❖ **એક્ટિવ યુથનેશિયા**
- એવી દવા આપવી, જેથી દર્દીને રાહત મળે પરંતુ પાછળથી મોત થઈ જાય.

❖ **પેસિવ યુથનેશિયા**
- દર્દીના મૃત્યુ માટે સારવાર બંધ કરવી અથવા લાઈફસપોર્ટ સિસ્ટમ હટાવવી.
- વર્ષ 2018 માં ભારતીય સુપ્રીમ કોર્ટ પેસિવ યુથનેશિયાને કાયદેસર ગણાવે છે.

## બ્રિટનના કિંગ ચાર્લ્સ તૃતીયનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો



- લંડનના વેસ્ટમિન્સ્ટર એબી ખાતે કિંગ ચાર્લ્સ તૃતીયના રાજ્યાભિષેક સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતું.
- આ રાજ્યાભિષેક સમારોહમાં વિશ્વભરના 2000 થી વધુ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.
- તાજપોશીની સાથે જ કિંગ ચાર્લ્સ બ્રિટનના સિંહાસન પર બેસનાર સૌથી વૃધ્ધ બ્રિટિશ સમ્રાટ બની ગયા છે.
- કિંગ ચાર્લ્સ – III એ તેમના રાજ્યાભિષેક દરમિયાન સેન્ટ એડવર્ડનો તાજ ધારણ કર્યો હતો.
- સપ્ટેમ્બર 2022 માં રાણી એલિઝાબેથ II ના મૃત્યુ બાદ શાસન તેમના મોટા પુત્ર પ્રિન્સ ઓફ વેલ્સને સોપવામાં આવ્યુ. જેને હવેથી કિંગ ચાર્લ્સ–III ના નામથી ઓળખવામાં આવશે.
- વેસ્ટમિન્સ્ટર એબી : વર્ષ 1066 માં વિલિયમ ધ કોનકરરે ઈંગ્લેંડ પર વિજય મેળવ્યો ત્યારથી બ્રિટીશ રાજાઓના રાજ્યભિષેક સમારોહનું સ્થળ છે.
- સેંટ એડવર્ડ તાજ બ્રિટીશ શાહી તાજમાં સૌથી જૂનો છે અને તે ક્રાઉન જ્વેલ્સ સંગ્રહનો એક ભાગ છે.
- આ તાજને વર્ષ 1661 માં બનાવવામાં આવ્યો હતો. તે સંપૂર્ણપણે સોનાનો છે અને તેને માણેક અને નીલમથી શણગારવામાં આવ્યો છે.
- તાજનું વજન લગભગ 2 કિલોગ્રામ છે અને તેની કિંમત 40 મિલિયન ડોલર છે.
- ઓપરેશન ગોલ્ડન ઓર્બ એ રાજા ચાર્લ્સ – III ના રાજ્યાભિષેક સમારોહનું ગુપ્ત નામ છે.
- બ્રિટિશ રાજાશાહી બંધારણીય રાજાશાહી છે. જે સરકારની એક પ્રણાલી છે. તેમાં રાજા બંધારણીય રીતે સંગઠિત સરકાર સાથે સત્તા વહેંચે છે.

❖ **ભારતીયોને આમંત્રણ**
- ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર હાજર રહ્યા હતા.
- મુંબઈના ડબ્બાવાલાઓને ખાસ આમંત્રણ આપવામાં આવ્યુ હતું.
- ડબ્બાવાલાઓએ વારકરી સાલ અને પુનેરી પગડી રાજાને ભેટમાં આપી હતી.
- અક્ષતા મૂર્તિ – બ્રિટનના વડાપ્રધાનના પત્નિ, ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મુર્તિ અને સુધા મૂર્તિની પુત્રી છે.
- તેમજ એક્ટર સોનમકપૂર, આર્કિટેક અને શિક્ષક સૌરભ ફડકે, પ્રિન્સ ટ્રસ્ટ ગ્લોબલ એવોર્ડ વિજેતા દિલ્હીની ગુલશફા વગેરેને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

❖ **કિંગ ચાર્લ્સ – III**
- તેમનો જન્મ 14 નવેમ્બર 1948 ના રોજ લંડનના બકિંગહામ પેલેસ ખાતે થયો હતો.
- તેઓ બ્રિટિશ કવીન એલિઝાબેથ – II અને પ્રિન્સ ફિલિપના પુત્ર છે.
- તેઓ પ્રિન્સ ચાર્લ્સ ફિલિપ આર્થર જ્યોર્જ અથવા પ્રિન્સ ઓફ વેલ્સ ચાર્લ્સ તરીકે ઓળખાતા હતા.
- તેઓ સૌથી વધુ લાંબા સમય સુધી સેવા આપનાર વારસદાર પણ છે.
- કિંગ ચાર્લ્સ – III બ્રિટનના ઈતિહાસમાં 40 માં રાજા બન્યા.

## ભારત અને બાંગ્લાદેશએ '50 સ્ટાર્ટઅપ એક્સચેંજ પ્રોગ્રામ' લોન્ચ કર્યો



- ભારત અને બાંગ્લાદેશએ બંને દેશોની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વચ્ચે સહયોગ વધારવા સંયુકતરૂપે '50 સ્ટાર્ટઅપ એકસચેંજ પ્રોગ્રામ' લોન્ચ કર્યો છે.
- કાર્યક્રમનો ઉદ્દેશ્ય સ્ટાર્ટઅપ અને નવાચાર ક્ષેત્રોમાં સહયોગ વધારી બંને દેશોના દ્વીપક્ષીય સંબંધોને મજબૂત કરવાનો છે.
- આ કાર્યક્રમ હેઠળ બંને દેશોના 50-50 સ્ટાર્ટઅપ ભાગીદારીની શોધ કરવા, વ્યાપારી સંબંધોને વિસ્તૃત કરવા તેમજ યુવા અને ઉદ્યોગસાહસિકો સહકારને વધારવા એક–બીજા દેશની મુલાકાત કરશે.
- આ કાર્યક્રમ હેઠળ જોડાયેલ સ્ટાર્ટઅપને મેંટરશીપ અને માર્ગદર્શન આપવામાં આવે છે. તેમજ ઉદ્યમીઓ, ઉદ્યોગ વિશેષજ્ઞ અને નિવેશકોને તેની સાથે જોડે છે.



Banking Academy

## ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે 'અલ મોહેદ–અલ હિન્દી' – 2023 યુધ્ધાભ્યાસનું આયોજન કરવામાં આવ્યુ

- અલ મોહેદ – અલ હિન્દી– 2023 કવાયતની બીજી આવૃત્તિની આયોજન સાઉદી – અરેબિયાના બંદર પોર્ટ અલ જુબૈલ ખાતે કરવામાં આવ્યું.
- તેમાં બંને દેશોની નૌસેના જમીન તેમજ સમુદ્રમાં અભ્યાસ કરશે.
- આ વર્ષ કવાયતમાં મેરિટાઈમ પેટ્રોલ એરક્રાફટની ભાગીદારીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- કવાયતમાં બંને દેશોની નૌસેનાઓ સંયુકત દાવપેંચ, તાલીમ પ્રવૃત્તિઓ તેમજ કૌશલની આપ લે કરશે.
- તેમાં દરિયાઈ સુરક્ષા ક્ષમતાને વધારવા તેમજ આંતરકાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે.
- ભારત તરફથી INS તાર્કશ અને INS સુભદ્રા ભાગ લેશે.




❖ **અલ મોહેદ અલ – હિન્દી અભ્યાસ**
- દ્વીપક્ષીય કવાયતનો નિર્ણય વર્ષ 2019 ના રીયાધ સંમેલનમાં ભારત અને સાઉદી અરેબિયાએ સંયુકત રીતે કર્યો.
- તેનો ઉદ્દેશ્ય વ્યુહાત્મક દાવપેચ, શોધ અને બચાવ કામગીરી, તેમજ આંતર કાર્યક્ષમતા વધારવા માટે ઈલેકટ્રોનિક યુદ્ધ કવાયત કરવાનો છે.
- કવાયતની સૌપ્રથમ આવૃત્તિનું આયોજન 2021 માં કરવામાં આવી હતી.

## રાજયમંત્રી ડૉ. એલ મુરુગન કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે

- માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ મુરુગન કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.
- ઈન્ડિયા પેવિલિયનની કલ્પના અને ડિઝાઈન નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન, અમદાવાદ દ્વારા કરવામાં આવી છે. તેની થીમ 'ભારતની સર્જનાત્મક અર્થવ્યવસ્થાનું પ્રદર્શન' છે.
- પેવિલિયનની ડિઝાઈન 'સરસ્વતી યંત્ર' ના આધારે બનાવવામાં આવી છે.
- ફિલ્મ ફેસ્ટિવલમાં ચાર ભારતીય સિનેમાને પ્રદર્શિત કરવામાં આવશે.
- કેનેડી – મિડનાઈટ સ્કિનિંગ સેકશન, આગ્રા – ડિરેકટર ફોર્ટનાઈટ સેકશન, નેહેમિય – શોર્ટ ફિલ્મ સેકશન, ઈશાનો – કલાસિક સેકશન.



❖ **કેન્સ ફિલ્મ ફેસ્ટિવલ – 2023**
- સ્થાપના વર્ષ 1946 માં કરવામાં આવી.
- વર્ષ 2023 માં તેની 76 મી આવૃત્તિની આયોજન થઈ રહ્યું છે.
- તે ફ્રાન્સના કેન્સમાં આયોજિત વાર્ષિક ફિલ્મ ફેસ્ટિવલ છે.
- આ ફેસ્ટિવલનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર 'પામ ડી ઓર' છે જે શ્રેષ્ઠ ફિલ્મ માટે આપવામાં આવે છે.

## વડાપ્રધાન નરેન્દ્રમોદી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના 76 માં સત્રમાં જોડાયા

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આયોજિત વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના 76 માં સત્રને સંબોધિત કર્યુ.


PM's address at 76th Session of the World Health Assembly in Geneva, Switzerland

❖ **સંબોધનની મુખ્ય બાબતો**
- વૈશ્વિક સ્તરે આરોગ્ય સંભાળમાં વધુ સહયોગ કરવો
- તેમણે સ્થિતિસ્થાપક વૈશ્વિક પ્રણાલીઓના નિર્માણ અને વૈશ્વિક આરોગ્ય સમાનતાને વધારવા માટે સામૂહિક પ્રયાસની જરૂરિયાત પર ભાર મૂકયો.
- ભારતે આશરે 100 થી વધુ દેશો (મોટા ભાગના દક્ષિણ વિશ્વના દેશ છે) ને COVID – 19 રસીના 300 મિલિયન ડોઝ મોકલ્યા છે.
- તેમણે પરંપરાગત દવાનું પ્રથમ વૈશ્વિક કેન્દ્ર ભારતમાં સ્થાપવા બદલ WHO નો આભાર માન્યો.

❖ **વર્લ્ડ હેલ્થ એસેમ્બલી**
- તે એક સામાન્ય સભા છે જેના માધ્યમથી વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) તેના 194 સભ્ય રાષ્ટ્રોની દ્વારા સંચાલિત થાય છે.
- તે વિશ્વની સર્વોચ્ચ આરોગ્ય નીતિ નિર્ધારણ સંસ્થા છે. તેમાં તમામ સભ્ય રાષ્ટ્રોનો આરોગ્ય મંત્રી ભાગ લે છે.
- WHO ના સભ્યો દર વર્ષે મે મહિનામાં જિનીવાના પેલેસ ઓફ નેશન્સ ખાતે મળે છે.
- WHO નું વડુમથક – જિનીવા સ્વિત્ઝર્લેન્ડ છે.

Banking Academy

## નવી દિલ્હી ખાતે SCO ની સ્ટાર્ટઅપ ફોરમ – 2023 નું આયોજન કરવામાં આવ્યુ

- શાંઘાઈ કો–ઓપરેટીવ ઓર્ગેનાઈઝેશન સ્ટાર્ટઅપ ફોરમની ત્રીજી આવૃત્તિનું આયોજન નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યુ. અગાઉની બંને આવૃત્તિ વર્ચ્યુઅલ મોડમાં કરવામાં આવી હતી.
- તેનો ઉદ્દેશ્ય શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ના સભ્ય દેશોમાં સ્ટાર્ટઅપ સહકાર અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે.
- ફોરમમાં SCO સભ્ય દેશો વચ્ચે સ્ટાર્ટઅપ ક્રિયા–પ્રતિક્રિયાને વિસ્તૃત કરવા, નવીનતાઓને પોષવા અને નવીન ઉકેલો વિકસાવવા માટે યુવા પ્રતિભાઓ માટે નોકરીની તક ઉભી કરવાની માંગ કરી હતી.
- તેમાં પ્રતિનિધિઓએ સ્ટાર્ટઅપ ઈન્ડિયા દ્વારા 'સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસાવવામાં દ્વીપક્ષીય અને બહુપક્ષીય જોડાણની ભૂમિકા' પર આયોજિત વર્કશોપમાં હાજરી આપી હતી.



## પાપુઆ ન્યુ ગિનીમાં FIPIC સમિટ– 2023 નુ આયોજન કરવામાં આવ્યું

- ત્રીજી ફોરમ ફોર ઈન્ડિયા – પેસિફિક આઈલેન્ડ કો– ઓપરેશન (FIPIC) સંમેલનનું આયોજન પાપુઆ ન્યુ ગિનીની રાજધાની પોર્ટ મોરેસ્બી ખાતે થયુ હતું.
- ભારતના વડાપ્રધાને પાપુઆ ન્યુગિનીના વડાપ્રધાન સાથે સંમેલની સહ અધ્યક્ષતા કરી હતી.
- તેમાં વેપાર, રોકાણ, આબોહવા પરિવર્તન અને ટકાઉ વિકાસ જેવા વિવિધક્ષેત્રોમાં સહકારને પ્રોત્સાહન આપવા અંગેના વિષયો પર ચર્ચા કરવામાં આવી.




**FIPIC (ફોરમ ફોર ઈન્ડિયા – પેસિફિક ઓઈલેન્ડ કો–ઓપરેશન)**

- તે ભારત અને 14 પેસિફિક ટાપુ રાષ્ટ્રો વચ્ચે સહકાર માટેનું બહુરાષ્ટ્રીય જૂથ છે.
- 14 પેસિફિટ ટાપુ રાષ્ટ્રમાં કુક ટાપુઓ, ફિજી, કિરીબાતી, માર્શલ ટાપુઓ, માઈક્રોનેશિયા, નૌરુ, નિપુ, સમોઆ,સોલોમન ટાપુઓ, પલાઉ, પાપુઆ ગિની , ટોંગા, તુવાલુ અને વનુઆતુનો સમાવેશ થાય છે.
- તમામ રાષ્ટ્રોના વડા સૌપ્રથમ વાર નવેમ્બર 2014 માં ફિજીના સુવા ખાતે મળ્યા હતા. જયાંથી વાર્ષિક સંમેલનમાં પરિણમી હતી.
- FIPIC પહેલએ પેસિફિક ક્ષેત્રમાં ભારતના જોડાણને વિસ્તૃત કરવાના પ્રયાસને ચિન્હિત કરે છે.
- ભારત અને પેસિફિક ટાપુ દેશો વચ્ચે વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા વર્ષ 2015 માં ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) ખાતે FIPIC ટ્રેડ ઓફિસ શરૂ કરવામાં આવી હતી.

Banking Academy

# ગુજરાત સરકાર દ્વારા ટૂંક સમયમાં જાહેર થનાર

GSSSB

# Class-3

નવી પરીક્ષા પદ્ધતિ પ્રમાણે

GROUP - A GROUP - B

GROUP - B | GROUP - A | GROUP - A

## બિન સચિવાલય | સિ.ક્લાર્ક | હેડ ક્લાર્ક

## Part-1 Prelims Exam (MCQ Objective)

**: (GROUP A | B) Common Exam :**

| Marks - 100 | | Time : 60 Minutes |
|---|---|---|
| 1. | Reasoning | 40 Marks |
| 2. | Quantitative Aptitude | 30 Marks |
| 3. | English | 15 Marks |
| 4. | Gujarati | 15 Marks |
| | Total | 100 Marks |

તૈયારી માટેના નવા વર્ગો 12th May થી શરૂ

ADMISSION OPEN

Then Why Wait!!

## Part-2 (Mains -Exam)

**: GROUP - A : (Descriptive)**

| Paper No. | Subject | Marks | Durations |
|---|---|---|---|
| I | Gujarati Language Skill | 100 | 3 Hours |
| II | English Language Skill | 100 | 3 Hours |
| III | General Studies | 150 | 3 Hours |
| Total Marks | | 350 | |

**: GROUP - B : (Objectives)**

| Marks - 200 | | Time : 120 Minutes |
|---|---|---|
| 1. | English | 20 Marks |
| 2. | Gujarati | 20 Marks |
| 3. | Polity/Public Administration RTI / CPS / PCA | 30 Marks |
| 4. | History, Geography, Culture Heritage | 30 Marks |
| 5. | Economics, Environment, Science & Tech | 30 Marks |
| 6. | Current Affairs & Current Affairs with Reasoning | 30 Marks |
| 7. | Reasoning | 40 Marks |
| | Total | 200 Marks |

# Join New Class

## પ્રીલીમ્સ અને મુખ્ય પરીક્ષાની સંપૂર્ણ તૈયારી

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555 | સુરત (વરાછા) Ph. : 70464 16555 | સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 5 અર્થવ્યવસ્થા

## જ્યુપિટર નિયોબેંક ને NBFCનું લાયસન્સ મળ્યુ




- ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા જ્યુપિટર એક નિયોબેંકિંગ સ્ટાર્ટઅપને નોન બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFC) નું લાયસન્સ આપવામાં આવ્યું.

❖ **NBFC લાયસન્સનું મહત્વ**
- જ્યુપિટર તેની ધિરાણ કામગીરી પર વધારે નિયંત્રણ કરી શકશે.
- ધિરાણ પ્રક્રિયા વધારે સુગમ અને નિયંત્રિત કરશે.

❖ **જ્યુપિટર**
- તેની સ્થાપના વર્ષ 2019 માં જીતેન્દ્ર ગુપ્તા દ્વારા કરવામાં આવી.
- એક નિયોબેંક છે.
- એમિકા ફાયનાન્સિપલ ટેકનોલોજી લિ. દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.

❖ **નિયોબેંક :**
- તેને ઓનાલાઈન બેંક, ઈન્ટરનેટ – ઓન્લી બેંક, વર્ચ્યુઅલ બેંક અથવા ડિઝિટલ બેંક તરીકે પણ ઓળખાય છે.
- તે ડાયરેકટ બેંકનો જ એક પ્રકાર છે જેમાં પરંપરાગત ભૌતિક શાખા વિના ફકત ઓનલાઈન જ કાર્ય કરે છે.

❖ **Non-Banking Financial Company (NBFC)**
- નોન બેંકિગ નાણાકીય કંપની
- નાણાકીય સંસ્થા છે જે વિવિધ નાણાકીય સેવાઓ પૂરી પાડે છે,પરંતુ તેની પાસે બેકિંગ લાયસન્સ નથી.
- તે RBI દ્વારા નિયંત્રિત થાય છે.

## રેલ વિકાસ નિગમ લિમિટેડનો નવરત્ન શ્રેણીમાં સમાવેશ કરવામાં આવ્યો

- કેન્દ્રીય સરકારે રેલ વિકાસ નિગમ લિમિટેડ (RVNL) ને સેન્ટ્રલ પબ્લિક સેકટર એન્ટરપ્રાઈઝ (CPSE) ની મિનીરત્ન શ્રેણીમાંથી નવરત્ન શ્રેણીમાં અપગ્રેડ કરી છે.
- નાણા મંત્રાલય દ્વારા પદોન્નતિને મંજૂરી આપવામાં આવી છે.
- RVNL સહિત કુલ 23 નવરત્ન કંપનીઓ છે.

❖ **રેલ વિકાસ નિગમ લિમિટેડ**
- માલિકો – જાહેરક્ષેત્ર
- તે રેલવે મંત્રાલય હેઠળ કાર્યરત છે.
- સ્થાવના વર્ષ 2003 માં કરવામાં આવી હતી.
- વર્ષ 2021-22 માં ટર્નઓવર 19,381 કરોડ તેમજ કુલ નફો 1087 કરોડ રહ્યો હતો.

❖ **'નવરત્ન' CPSE**
- 'નવરત્ન' એટલે નવ કિંમતિ રત્નો.
- નવરત્ન એ ભારત સરકાર દ્વારા સેન્ટ્રલ પબ્લિક સેકટર એન્ટર પ્રાઈઝ (CPSE) ને આપવામાં આવતો દરજ્જો છે.
- નવરત્ન શ્રેણીમાં પ્રવેશમાટેની પૂર્વ શરતો :
  → મિનિરત્ન શ્રેણી–1 અને શેડયુલ – A માં સમાવેશ, જેમણે છેલ્લા પાંચમાંથી ત્રણ વર્ષમાં મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેડિંગ સિસ્ટમ હેઠળ'ઉત્તમ' અથવા 'ખુબ સારુ' રેટિંગ મેળવ્યુ છે.
- નીચે આપેલા 6 માપદંડોનો સંયુકત ગુણભાર 100 માંથી 60 અથવા વધારે હોવો જોઈએ. જેમાં
  (1) ચોખ્ખા નફાની કુલ કિંમત
  (2) શેર દીઠ કમાણી
  (3) આંતરક્ષેત્રીય કામગીરીની સરખામણી
  (4) કુલ ઉત્પાદન કિંમતની સરખામણીમાં માનવશકિતની કિમત
  (5) અવમુલ્યન, વ્યાજ તેમજ રોજગારી હેઠળની મૂડીના કર પહેલાનો નફો
  (6) વ્યાજ અને ટર્નઓવર પર કર પહેલાનો નફો.

Banking Academy

❖ **નવરત્ન શ્રેણીમાં સમાવેશ થવાના ફાયદાઓ**
- એક પ્રોજેક્ટ પર તેમની કુલ નેટવર્થના 15% અથવા 1000 કરોડ સુધીનું રોકાણ કરી શકે છે.
- આ કંપનીએ એક વર્ષમાં તેમની નેટવર્થના 30% સુધી રોકાણ કરી શકે છે.
- પરતું તેઓ 1000 કરોડની રોકાણ મર્યાદા વટાવી શકે નહી.

## સિટી યુનિયન બેંક દ્વારા ભારતની પ્રથમ વોઈસ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન બેકિંગ એપ લોન્ચ કરવામાં આવી




- આ એપ્લિકેશનનો હેતુ ગ્રાહકોને મોબાઈલ બેંકિગ એપ્લિકેશન એકાઉન્ટમાં લોગ ઈન કરતી વખતે સુરક્ષામાં વધારો કરવાનો છે.
- તેનાથી વોઈસ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન સહિત ગ્રાહકો પાસે આઈડી / પીન, ફેસ આઈડી, ફિંગર પ્રિન્ટ જેવી બહુવિધ પ્રમાણીકરણ પદ્ધતિઓ છે.
- ચેન્નાઈ સ્થિત ફીચર મેસર્સ કાઈઝેન સિક્યોર વોઈસ પ્રાઈવેટ લિમિટેડ અને ઈન્સ્ટિટયુટ ફોર ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ ઈન બેન્કિગ ટેકનોલોજી (IDRBT) ની 5G યુઝ કેસ લેબના સહયોગથી આ ટેકનોલોજી વિકસાવવામાં આવી છે.

## દેશના ખેડૂતો માટે પ્રવાહી નેનો ડિએપી લોકાર્પણ કરવામાં આવ્યુ




- કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતશાહે નવી દિલ્હી ખાતેથી IFFCO દ્વારા નિર્મિત પ્રવાહીમાં નેનો ડિએપી જનસમર્પિત કર્યુ.
- DAP (Di-ammonium Phosphate) પ્રવાહીમાં 8% નાઈટ્રોજન અને 16% ફોસ્ફરસ હોય છે.
- તે સફેદ રંગનું યુરિયાનું નેનો કણના સ્વરૂપે છે.
- તેનું નિર્માણ નેનો બાયોટેકનોલોજી રિસર્ચ સેંટર, કલોલ (ગુજરાત) માં સ્વદેશી રીતે થાય છે.
- ઉદ્દેશ્ય ભારત ખેડૂતોને સમૃદ્ધ કરવા તેમજ ઉર્વરક ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાનો છે.
- પ્રધાનમંત્રી દ્વારા ફેબ્રુઆરી 2021 માં નેનો યુરીયાને મંજૂરી આપવામાં આવી છે.

❖ **ડીએપીના ફાયદાઓ :**
- કુત્રિમ રીતે છોડને નાઈટ્રોજન આપનારુ પોષક તત્વ છે.
- તે પારંપરિક યુરીયાના ઉપયોગને 50% સુધી ઘટાડી શકે છે.
- 'Lab to Land' દ્દષ્ટિકોણથી વૈજ્ઞાનિક અનુસંધાનને કૃષિના ક્ષેત્રમાં લઈ જશે.
- વર્ષ 2021-22 માં ભારતમાં યુરિયાના આયાતમાં લગભગ સાત લાખ મેટ્રીક ટનનો ઘટાડો થયો.

**Indian Farmers Fertilizer Co-operative (IFFCO) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1957
**વડુ મથક** : નવી દિલ્હી
**અધ્યક્ષ** : દિલીપ સંઘાણી
- તે બહુ રાજ્ય સહકારી મંડળી છે.
- તેની સંપૂર્ણ માલિકી કો–ઓપરેટેવી સોસાયટી ઓફ ઈન્ડિયાની છે.

## યુરોપમાં કુલ શુદ્ધ ઈંધણ આયાતમાં ભારત ટોચના સ્થાને પહોચ્યો.

- Kpler ની માહિતી અનુસાર યુરોપમાં કુલ શુદ્ધ ઈંધણ આયાતમાં ભારત સાઉદી અરેબિયાને પાછળ રાખી ટોચ પર આવ્યું.
- યુરોપ ભારતમાંથી તેની શુદ્ધ ઈંધણની આયાતને 3,60,000 બેરલ પ્રતિ દિવસ સુધી વધારશે.
- ભારત સૌથી મોટો આયાતકાર બનવાનું મુખ્ય કારણ યુરોપની રશિયાના તેલ સુધી ઘટતી પહોચ છે.

❖ **રશિયા – ભારત વચ્ચે તેલ સંબધ**
- રશિયા – યુક્રેનના સંઘર્ષ વચ્ચે રશિયાએ સૌ પ્રથમવાર સસ્તા દરે તેલનો નિકાસ ભારતમાં કર્યો.
- કેન્દ્રિય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની માહિતી અનુસાર ફેબ્રુઆરી 2023 માં મુલ્યની દ્દષ્ટિએ રશિયા ભારતનો સૌથી મોટો નિકાસદર દેશ બન્યો.




Banking Academy

- ફેબ્રુઆરીમાં ભારતે રશિયા પાસેથી 3.35 અબજ ડોલર, સાઉદી અરેબિયા પાસેથી 2.30 અબજ ડોલર અને ઈરાક પાસેથી 2.03 અબજ ડોલરના તેલની આયાત કરી છે.
- એપ્રિલમાં રશિયાની ભારતમાં તેલની આયાત 20 લાખ બેરલ પ્રતિ દિવસને વટાવી જશે, જે ભારતના કુલ તેલની આયતમાં લગભગ 44% જેટલી હશે.
- Kpler લંડન, ઈંગ્લેંડમાં આવેલી છે. તે માહિતી અને વિશ્લેષણને આધારે વિશ્વની બદલાતી જરૂરીયાતોને પહોંચી વળવા માટે કાર્યક્ષમ અને ટકાઉ વેપારની સુવિધા આપે છે.

## રૂા. 5 કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે GST ઈ–ઈનવોઈસિંગ ફરજીયાત કરવામાં આવ્યુ

- નાણા મંત્રાલય દ્વારા સૂચિત કરાયેલા નવા આદેશ અનુસાર બિઝનેસ – ટુ – બિઝનેસ (B2B) ટ્રાન્ઝેકશન માટે પાંચ કરોડથી વધુ ટર્નઓવર ધરાવનાર વેપારીએ ફરજિયાત ઈ– ઈનવોઈસ બનાવવાનો રહેશે.
- આ નિયમ 1 ઓગસ્ટથી લાગુ કરવામાં આવશે.
- અહિ વેપારી ઈ–ઈનવોઈસ GSTN પોર્ટલપરથી મેળવી શકશે.
- આ નિયમનો ભંગ કરનાર વેપારીને 50 હજાર રૂપિયા સુધીનો દંડ વસૂલવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.
- આ નિયમ હેઠળ 80% વેપારીઓને ઈ–ઈનવોઈસના દાયરામાં આવરી લેવાયા છે.
- જો પાંચ કરોડથી વધુ ટર્નઓવર ધરાવનારે વસ્તુ વેચાણ માટે ઈ–ઈનવોઈસ બનાવ્યુ નહી હોય તો તે માલ ખરીદનાર વેપારીને પણ ક્રેડિટ મળશે નહી.




## વિદેશી ચલણમાં કરવામાં આવતા ખર્ચને RBI ની LRS હેઠળ સમાવેશ કરવામાં આવ્યો

- નાણા મંત્રાલય દ્વારા આંતરરષ્ટ્રીય ક્રેડિટ કાર્ડથી વિદેશી ચલણમાં કરવામાં આવતા ખર્ચ હવે બેંકિંગ ક્ષેત્રના નિયમનકાર ભારતીય રિઝર્વ બેંકની LRS (લિબરલાઈઝડ રેમિટન્સ સ્કીમ) હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે.
- જે માટે નાણા મંત્રાલયએ ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ નિયમ – 2000 ની કલમ 7 દૂર કરવામાં આવી છે.
- હવેથી કોઈ પણ નિવાસી વિદેશમાં દર વર્ષે વધુમાં વધુ 2.50 લાખ ડોલર જ ખર્ચી શકે છે. પરંતુ વિદેશી હૂંડિયામણના રૂપમાં આ રકમથી વધુ ખર્ચ કરવા માટે તેમને RBI પાસેથી મંજૂરી લેવી પડશે.
- અગાઉ ભારતની બહાર મુસાફરી દરમિયાન ખર્ચની ચુકવણી માટે આંતરરાષ્ટ્રીય ક્રેડિટ કાર્ડ (ICC) નો ઉપયોગ LRS મર્યાદામાં સામેલ ન હતો.
- કેન્દ્રિય બજેટ 2023-24 માં વિદેશી ટૂર પેકેજો અને LRS (શિક્ષણ અને તબીબી હેતુઓ સિવાય) હેઠળ મોકલવામાં આવતા ભંડોળ પર હાલમાં TCS દરો 5% થી વધારીને 20% કરવામાં આવ્યા.
- આ નવા ટેકસ દરો 1 જુલાઈ, 2023 થી અમલમાં આવશે.
- આ નિયમોના અમલ પછી વિદેશમાં મુસાફરી કરતી વખતે આંતરરાષ્ટ્રીય ક્રેડિટકાર્ડ પર RBI નું મોનિટરીંગ વધશે.




## કેબિનેટ દ્વારા ખરીફ પાક – 2023 માટે પોષક તત્વો આધારીત સબસિડીને મંજૂરી આપવામાં આવી

- કેન્દ્રીય કેબિનેટે ફોસ્ફેટ અને પોટાશ ખાતરો માટે 38,000 કરોડની સબસિડીને મંજૂરી આપી છે. આ સહાય ખરીફ પાકને મદદરૂપ થશે.
- ભારતમાં ખરીફ પાક એપ્રિલ થી સપ્ટેમ્બર વચ્ચે લેવામાં આવે છે.
- આ સબસિડી પોષણતત્વો આધારીત સહાય (NBS) પ્રમાણે ફાળવવામાં આવશે.
- ફોસ્ફેટ અને પોટાશન સહાય દરો આંતરરાષ્ટ્રીય ભાવ ઘટાડાને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવશે.
- એક કિલો નાઈટ્રોજન(N) પર 76/-, ફોસ્ફરસ પર 41/- તેમજ પોટાશ પર 15/- રૂપિયાની સબસિડી આપવામાં આવશે.
- ભારત તેના ઉપયોગ માટે ફોસ્ફેટ અને પોટાશનો મોટો હિસ્સો આયાત કરવો પડે છે.




Banking Academy

- કેન્દ્ર સરકારે ખરીફ પાક – 2023 માટે સસ્તાદરે ખાતર પૂરૂ પાડવા 1.08 લાખ કરોડની સહાય ફાળવવામાં આવી છે. જેમાં યુરીયા માટે 70,000 ની સહાયનો પણ સમાવેશ થાય છે.

❖ **પોષકતત્વો આધારીત સહાય (NBS)**

- NBS યોજના ખાતર વિભાગ, રસાયણ અને ખાતર મંત્રાલય દ્વારા વર્ષ 2010 થી શરૂ કરવામાં આવી છે.
- આ યોજનામાં ખાતરમાં રહેલા પોષણતત્વ (નાઈટ્રોજન (N), ફોસ્ફેટ(P), પોટાશ(K) અને સલ્ફર (S)) પ્રમાણે રાહત આપવામાં આવે છે.
- આ યોજનામાં યુરીયા આધારીત ખાતરનો સમાવેશ થતો નથી.
- સરકાર દ્વારા દર વર્ષે પોષક તત્વો (N, P, K & S) પર સબસિડીનો નિશ્ચિત દર જાહેર કરવામાં આવે છે.
- તેનો ઉદ્દેશ્ય દેશની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા, કૃષિ ઉત્પાદકતા વધારવી, તેમજ ખાતરોનો યોગ્ય ઉપયોગ કરવાનો છે.

❖ **લિબરલાઈઝડ રેમિટન્સ સ્કીમ (LRS)**

- આ યોજના RBI દ્વારા વર્ષ 2004 માં શરૂ કરવામાં આવી હતી.
- LRS ભારતના રહેવાસીઓને દર નાણાકીય વર્ષમાં USD 2.5 લાખ અથવા તેને સમકક્ષ વિદેશમાં મોકલવાની છૂટ છે.
- LRS માં શિક્ષણ, સ્ટોક અને અન્ય અસ્કયામતોની ખરીદી, મુસાફરી, તબીબી સંભાળ, ભેટ અને દાન વગેરે બાબતો પર વિદેશમાં નાણા ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે.

## RBI દ્વારા '100 ડે 100 પે' અભિયાન શરૂ કરવામાં આવ્યુ

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા 1 જૂન 2023 થી '100 ડે 100 પે' અભિયાન શરૂ કરવામાં આવશે.
- આ અભિયાનનો ઉદ્દેશ્ય 100 દિવસના સમયગાળામાં તમામ જિલ્લાઓમાં દરેક બેંકમાં ટોચની 100 હક દાવા વગરની થાપણોને ઓળખવી અને તેનો ઉકેલ લાવવાનો છે.
- RBI હક દાવા વગરની થાપણોને શોધી કાઢવા માટે ખાસ પોર્ટલ શરૂ કરશે. આ પોર્ટલ વ્યકિતઓને તેમની વિગતો દાખલ કરવા અને કોઈપણ સંભવિત દાવા વગરની થાપણો માટે વ્યાપક શોધ શરૂ કરવામાં સક્ષમ બનાવશે.
- બચત / ચાલુ ખાતું કે જે 10 વર્ષના સમયગાળા માટે બિન–સંચાલિત રહે છે, તેમજ મુદતની થાપણો કે જે પાકતી મુદત્તની તારીખ 10 વર્ષ સુધી દાવા વગરની રહે છે. તેને દાવા – વગરની થાપણ કહેવાય છે.
- બેકોં દાવા વગરની થાપણોની રકમ RBI દ્વારા જાળવવામાં આવેલા ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ (DEA) ફંડમાં ટ્રાન્સફર કરે છે.
- DEA ફંડ થાપણદારોને તેમના અધિકારો અને તેમના ખાતાઓને સક્રિય રીતે સંચાલિત કરવાના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને શિક્ષિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.




**(RBI) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વિશે....**

**સ્થાપના** : 1 એપ્રિલ, 1935 (કોલકાતા)
**વડુમથક** : મુંબઈ
**પ્રકાર** : દેશની મધ્યસ્થ બેંક
**ગવર્નર** : શકિતકાંત દાસ (25મા ગવર્નર) – વર્ષ 2018થી
**રાષ્ટ્રીય કરણ** : વર્ષ 1949

## RBI એ 2000 રૂપિયાની નોટને ચલણમાંથી પાછી ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે

- ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા 'કલીન નોટ પોલિસી' હેઠળ ચલણમાંથી રૂા. 2000 મુલ્યની નોટો પાછી ખેંચવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
- તેમ છતાં 2000 ની ચલણીનોટ લીગર ટેંડર રહેશે.
- કોઈ વ્યકિત 2000 રૂપિયાની નોટને બેંક ખાતામાં જમા કરવુ તેમજ કોઈપણ બેંક શાખામાં અન્ય ચલણ સાથે બદલી શકે છે.
- 23 મે, 2023 થી કોઈપણ બેંક શાખામાં 20,000 રૂપિયાની મર્યાદા સુધી જ અન્ય મૂલ્યો માટે 2000 ની બેંક નોટો બદલવાની સુવિધા પૂરી પાડશે.
- દરેક બેંક 30 સપ્ટેમ્બર 2023 સુધી જ 2000/- ની નોટો ને જમાં અથવા બદલી આપશે.



❖ **'કલીન નોટ પોલિસી'**

- ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા વર્ષ 1999 માં ગંદી તેમજ ફાટેલી નોટોની સમસ્યાના સમાધાન રૂપે 'કલીન નોટ પોલિસી' રજૂ કરવામાં આવી હતી.
- તે હેઠળ બેંકોને સૂચિત કરવામાં આવી કે ગ્રાહકોને ગંદી ફાટેલી તેમજ વિકૃત નોટ ન આપવી, તેના બદલે તેવી નોટોને RBI ને જમા કરાવવી.
- નીતિ મુજબ ચલણી નોટોને / બંડલને સ્ટેપલ કરવા પ્રતિબંધ છે.
- કલીન નોટ પોલિસીનો ઉદ્દેશ્ય ગ્રાહકોને સારી ગુણવત્તાની ચલણી નોટો તથા સિક્કા આપવાનો છે.
- RBI ના નોટ રિફંડ નિયમ – 2009 હેઠળ ટેલર કાઉન્ટર પર ગંદી તેમજ ફાટેલી ચલણી નોટ સરળતાથી બદલી શકાય છે.

## ભારત કુલ સંરક્ષણ ઉત્પાદનમાં 1 લાખ કરોડના આંકને વટાવી ગયુ

- ભારતએ દેશમાં જ સૌપ્રથમવાર સંરક્ષણ ક્ષેત્રમાં 1 લાખ કરોડનું ઉત્પાદન કરી નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે.
- છેલ્લા પાંચ વર્ષમાં સરંક્ષણ ઉત્પાદનનું મુલ્ય લગભગ બમણું થયુ છે.
- વર્ષ 2022-23 નું સંરક્ષણ ઉત્પાદન વર્ષ 2021-22 ની સરખામણીમાં 12% જેટલુ વધ્યુ છે.
- સરકાર સંરક્ષણ ઉદ્યોગો એ તેમના સમૂહોની સાથે મળીને તેમની સમસ્યાને દૂર કરવા તેમજ દેશમાં સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા કાર્યરત છે.
- જેમાં મુખ્ય પહેલ FDI માં 74% સુધીનું મુક્ત રોકાણ, ઉત્તરપ્રદેશ અને તમિલનાડુમાં ડિફેન્સ કોરિડોરનું નિર્માણ IDEX યોજના – નવીનતા અને આધુનિકતાને પ્રોત્સાહન, આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા SRIJAN પોર્ટલ
- છેલ્લા સાત – આઠ વર્ષમાં ઉદ્યોગોને સંરક્ષણ પરવાનગી આપવાની સંખ્યામાં 200% નો નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.
- ભારત સરકારનો વર્ષ 2024-25 સુધીમાં 35,000 કરોડનું સંરક્ષણ નિકાસ સહિત કુલ 1.75 લાખ કરોડનું સંરક્ષણ ઉત્પાદનનો લક્ષ્યાંક છે.


India's Defence Production Crosses Rs 1 Lakh Crore Mark For The First Time Ever In FY23

SWARAJYA MAY 19TH, 2023

The government on Friday said that the value of India's defence production crossed Rs 1 lakh crore mark for the first time ever in the financial year 2022-23. The value of India's defence production in FY23 currently stands at Rs 1,06,800 crore and it will go further up once the data is received from the remaining private defence industries, the ministry said.

## GRES દ્વારા GAINS – 2023 સ્ટાર્ટઅપ ચેલેન્જ લોન્ચ કરવામાં આવી

- ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) લિમિટેડ દ્વારા શિપબિલ્ડિંગમાં નવીનતા અને તકનીકી પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે GAINS-2023 (GRSE એક્સિલરેટેડ ઈનોવેશન નર્ચરિંગ સ્કીમ) નામની પહેલ કોલકાતા ખાતેથી શરૂ કરવામાં આવી.
- GAINS 2023 પહેલ શિપબિલ્ડિંગમાં નવીનતા અને તકનીકી પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે નું મહત્વનું પગલું છે.
- તેનો હેતુ ઈકોસિસ્ટમનો લાભ ઉઠાવવાનો અને જહાજ ડિઝાઈન અને બાંધકામ ઉદ્યોગમાં વર્તમાન તેમજ આવનાર સમસ્યાનું નિવારણ લાવવાનું છે.
- આ પહેલમાં કુત્રિમ બુદ્ધિમતા, હરિત ઉર્જા, ઉર્જા કાર્યક્ષમતા અને ઉન્નતીકરણ પર ધ્યાન કેન્દ્ર કરે છે.




## RBI દ્વારા FY2023 માટે કેન્દ્ર સરકારને 87,416 કરોડ સરપ્લસ ટ્રાન્સફરને મંજૂરી આપી

- RBI દ્વારા આર્થિક વર્ષ 2022 -23 માટે 87,416 કરોડનું વધારાનું ભંડોળ જે ગયા વર્ષ કરતા 188% જેટલુ વધારે છે તે કેન્દ્ર સરકારને સોપવામાં આવ્યુ.
- RBI કેવી રીતે સરપ્લસ કરી શકે છે?

❖ **RBI ની આવક**

- ઘરેલુ તેમજ વિદેશી ઋણપત્ર પર વ્યાજ.
- RBI ની વિવિધ સેવાઓ માટેની ફી
- વિદેશી વિનિમય વ્યવહારોમાંથી નફો મેળવવો.
- પેટા કંપનીઓ અને સહયોગી કંપની પાસેથી વળતર



- **RBI નો ખર્ચ**
  - ચલણી નોટોનું છાપકામ.
  - થાપણ અને ઉધાર પર વ્યાજની ચુકવણી.
  - કર્મચારીઓના પગાર અને પેન્શન
  - આકસ્મિકતા અને અવમૂલ્યન માટેની જોગવાઈઓ
  - કચેરીઓ અને શાખાનો સંચાલન ખર્ચ
- **RBI પાસે સરપ્લસ**
  - RBI ની આવક અને ખર્ચ વચ્ચેના હકારાત્મક તફાવતને સરપ્લસ કહેવામાં આવે છે.
  - રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અધિનિયમ – 1934 ની કલમ 47 (સરપલસ આવકની ફાળવણી) હેઠળ RBI સરપ્લસની સરકારને ફાળવણી કરે છે.
  - RBI બોડની તકનીકી સમિતિ વાય એચ માલેગમ (2013) ની અધ્યક્ષતામાં સમિતિએ અનામતની પર્યાપ્તતા તેમજ સરપ્લસ વિતરણ નીતિની સમીક્ષા કરવામાં આવી હતી.
  - સમિતિએ કેન્દ્રસરકારને મહત્તમ ફાળવણીની ભલામણ કરી હતી.



# 6 યોજના,પોર્ટલ અને એપ્લીકેશન

## ઉડાન 5.0 સંસ્કરણનો શુભારંભ કરવામા આવ્યો

- નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા છેવાડાના ક્ષેત્રે સુધી કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા ઉડાન 5.0 યોજનાની શરૂઆત કરવામાં આવી.
- આ પ્રાદેશિક જોડાણ યોજના ઉડાન (ઉડે દેશકા આમ નાગરિક) નું પાંચમું સંસ્કરણ છે.




❖ **UDAN 5.0**

- ઉદ્દેશ્ય સુદૂરવર્તી વિસ્તારોમાં પ્રાદેશિક જોડાણ તેમજ નવા માર્ગોનું જોડાણ કરવુ છે.
- તે માત્ર શ્રેણી -2 (20-80 સીટ) અને શ્રેણી – 3 (> 80 સીટો) ના વિમાનોનું સંચાલન કરશે.
- તેમાં વિમાનની ઉડાનના પ્રાંરભ અને અંતિમ સ્થાન માટે કોઈ મર્યાદા નથી.
- વ્યવહાર્યતા અંતરાલ અનુદાન (Viability Gap Funding ) ને પ્રાથમિકતા તથા ગૈર પ્રાથમિકતાવાળા બંને ક્ષેત્રો માટે 600 કિમીનું અંતર નિર્ધારિત કરેલું છે જે પહેલા 500 કિમી જ હતું.

❖ **ઉડે દેશ કા આમ નાગરિક : ઉડાન**

- યોજનાની શરૂઆત 2016 મા કરવામાં આવી હતી.
- તેને નાગરીક ઉડ્ડયન મંત્રાલય દ્વારા એક ક્ષેત્રીય જોડાણ યોજનાના સ્વરૂપે શરૂ કરવામાં આવી હતી.
- તે રાષ્ટ્રીય નાગરીક ઉડ્ડયન નીતિ – 2016 ના ભાગરૂપે છે.
- ઉદ્દેશ્ય :– છેવાડાના વિસ્તાર સુધી હવાઈ સફરની સુવિધા, ઉડ્ડયન ક્ષેત્રમાં રોજગાર સર્જન કરવું.
- આ યોજના 20 વર્ષ માટે લાગુ કરવામાં આવી.
- ઉડાન 2.0 વર્ષ 2017, ઉડાન 2.0 વર્ષ 2018, ઉડાન 3.0 વર્ષ નવેમ્બર 2018 તેમજ ઉડાન 4.0 વર્ષ 2019 માં શરૂ કરવામાં આવી.

## નવી દિલ્હી ખાતે 'વન અર્થ વન હેલ્થ' કાર્યક્રમ – 2023 નું આયોજન કરવામાં આવ્યું

- વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિડિયો કોન્ફરન્સના માધ્યમથી વન અર્થ વન હેલ્થ – એડવાંટેઝ હેલ્થકેર ઈન્ડિયા – 2023 નું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું
- આ કાર્યક્રમનું આયોજન નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું છે જે વર્ષ 2023 માં આ યોજનાનું છઠ્ઠું સંસ્કરણ છે.




- ઉદ્દેશ્ય : → મૂલ્ય આધારિત આરોગ્ય સેવાઓ આપનાર હેલ્થકેર વર્કફોર્સના નિર્યાતકના રૂપે મેડિકલ વેલ્યુ ટ્રાવેલ ક્ષેત્રમાં ભારતની ક્ષમતાને પ્રદર્શિત કરવાનો છે.
  → વિશ્વ સ્તરે સ્વાસ્થ્ય તેમજ કલ્યાણકારી સેવાઓ માટે એક પ્રમુખ કેન્દ્ર તરીકે કાર્ય કરવું.
- સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચૈબર્સ ઓફ કોમર્સ એન્ડ ઈડસ્ટ્રી (FICCI) ના સહયોગ થી આ કાર્યક્રમને ભારતની G-20 અધ્યક્ષતા સાથે જોડયુ છે.
- આ કાર્યક્રમમાં 70 દેશોના પ્રદર્શન કર્તાઓ તેમજ લગભગ 500 યજમાન વિદેશી પ્રતિનિધિઓએ ભાગ લીધો.
- આ કાર્યક્રમથી ભારતીય સેવાનો નિકાસમાં વધારો કરશે.

## ભારત સરકાર દ્વારા 'ઈન્ડિયા હેન્ડમેડ પોર્ટલ' શરૂ કરવામાં આવ્યું

- ભારત સરકાર દ્વારા કારીગરો અને વણકરોને તેમના ઉત્પાદનો સીધા ગ્રાહકોને વેચવાના ઉદ્દેશ્ય સાથે ઈ–કોમર્સ પ્લેટફોર્મ 'ઈન્ડિયા હેન્ડ–મેડ પોર્ટલ' નો શુભારંભ કરવામાં આવ્યો.
- તેના હેઠળ સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવા અને 'સ્થાનિક માટે અવાજ' ચળવળને સમર્થન આપવાના સરકારના પ્રયાસોનો એક ભાગ છે.

- પોર્ટલ દ્વારા 35 લાખથી વધુ હેન્ડલૂમ વણકરોનો ઉત્પાદનો અને 27 લાખથી વધુ હસ્તકલા કારીગરોના ઉત્પાદનો સીધા ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ પોર્ટલ કારીગરો અને વણકરોને તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કરવા અને ગ્રાહકોને પ્રત્યક્ષ ખરીદી માટે એક પ્લેટફોર્મ પ્રદાન કરી PM-VIKAS યોજનાનો પૂરક બનાવે છે.




❖ **PM-VIKAS**
- પ્રધાનમંત્રી વિરાસત કા સંવર્ધન (PM-VIKAS)
- આ યોજના હેઠળ અગાઉની 'શીખો ઓર કમાઓ', Upgradation of Skills and Training in Ancestral Arts (USTAAD), હમારી ઘરોહર નયી રોશની, નયી મંઝીલ એમ 5 જુની યોજનાનો વિલય કરવામાં આવ્યો છે.

## CGTMSE યોજનામાં સંશોધન કરવામાં આવ્યુ

- કેન્દ્રીય લઘુ કુટીર અને મધ્યમ ઉપક્રમ મંત્રી નારાયણ રાણે દ્વારા મુંબઈમાં સંશોધિત Credit Guarantee Fund Trust for Micro and Small Enterprises Scheme (CGTMSE) યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો.
- CGTMSE સુક્ષ્મ તેમજ લઘુ ઉદ્યમો માટે ક્રેડિટ ગેરંટી નિધિ ટ્રસ્ટ છે.
- CGTMSE યોજનાને વિત્તિય વર્ષ 2023 – 24 ના કેન્દ્રિય બજેટમાં 9000 કરોડ વધારાની સુરક્ષા નિધિ સહાયતા આપવામાં આવી છે.
- જેથી સુક્ષ્મ અને લઘુ ઉદ્યમોને વધારાની ર લાખ કરોડની ગેરંટી માટે યોજનામાં સુધારો લાવી શકાય.




❖ **સંશોધનની મુખ્ય બાબતો :**
- ગેરંટી શુલ્કની મર્યાદા 2 કરોડથી વધારીને 5 કરોડ કરવામાં આવી.
- એક કરોડ સુધીની લોન માટે ગેરંટી શુલ્કમાં 50% ઘટાડો કર્યો.
- કોઈપણ ફરિયાદ નિવારણ માટે
- કાનુની કાર્યવાહી વિના જ ફરિયાદ નિવારવા માટેની મર્યાદા (5) લાખથી વધારીને (10) લાખ કરવામાં આવી.

❖ **Credit Guarantee Fund Trust for Micro and Small Enterprises Scheme (CGTMSE) યોજના**
- આ યોજનાની શરૂઆત 20, ઓગસ્ટ, 2000 શરૂ કરવામાં આવી.
- તે સૂક્ષ્મ,લઘુ અને મધ્યમ ઉદ્યમ મંત્રાલય તેમજ ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (SIDBI) દ્વારા સંયુક્ત રીતે શરૂ કરવામાં આવી.
- મુખ્ય ઉદ્દેશ્ય ધિરાણ વિતરણ પ્રણાલીને વધારવાનો તેમજ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યમોમાં ધિરાણ પ્રવાહને સરળ બનાવવાનો છે.

## નવી દિલ્હી ખાતે દેશના સૌપ્રથમ 'મિલેટ્સ એકસપિરિયન્સ સેન્ટર' નું લોકાર્પણ કરવામાં આવ્યુ

- ભારતના કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમર દ્વારા નવી દિલ્હીમાં 'દિલ્હી હાટ' ખતે 'મિલેટ્સ એકસપિરિયન્સ સેન્ટર' નું (MEC) લોકાપર્ણ કરવામાં આવ્યું.
- આ કેન્દ્રનું નેશનલ એગ્રીકલ્ચર કો. ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NAFED) દ્વારા સામાન્ય લોકોમાં મિલેટ્સને અપનાવવા માટે પ્રોત્સાહન આપવા કૃષિ મંત્રાલયના સહયોગથી નિર્માણ કરવામાં આવ્યુ છે.




- સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા વર્ષ 2023 ને આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ (IYM – 2023) તરીકે ઘોષણા કરવામાં આવી હતી.
- મિલેટ્સનો વર્ષ 2023 -24 ના બજેટમાં 'શ્રી અન્ન' ના નામથી કરવામાં આવ્યો છે.
- ભારત મિલેટના સંદર્ભમાં 'ગ્લોબલ હબ' બનવા અગ્રેસર છે.

❖ **Millets Experience Centre (MEC)**
- તેનો ઉદ્દેશ મિલેટને સ્વસ્થ અનાજના રૂપે પ્રોત્સાહન આપવું.
- આ કેન્દ્ર પરથી સ્થાનિક મિલેટ સ્ટાર્ટ અપ પાસેથી વિવિધ પ્રકારના ખાવા માટે તૈયાર અને રાંધવા માટે તૈયાર ઉત્પાદનોની ખરીદી કરી શકશે.

## 'વિવાદથી વિશ્વાસ – I MSME ને રાહત' યોજના લાગુ કરવામાં આવી

- કેન્દ્રીય વિત મંત્રાલયના ખર્ચ વિભાગ દ્વારા 'વિવાદથી વિશ્વાસ – I MSME ને રાહત' યોજના શરૂ કરવામાં આવી છે.
- તેનો ઉદ્દેશ્ય : Covid – 19 મહામારીથી પ્રભાવિત સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમો (MSME) ને રાહત આપવાનો છે.
- આ યોજનાની જાહેરાત વિત્ત મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા કેન્દ્રીય બજેટ 2023-24 માં કરવામાં આવી હતી.
- યોજના 17 એપ્રિલ 2023 થી શરૂ કરવામાં આવી અને વિવાદ પ્રસ્તુત કરવાની છેલ્લી તારીખ 30 જૂન 2023 છે.

❖ **વિવાદથી વિશ્વાસ યોજના માટેની પાત્રતા :**

- કોઈ વિભાગ, મંત્રાલય, સહાયક કાર્યાલય, સ્વાયત્ત સંસ્થા, સેન્ટ્રલ પબ્લિક સેકટર એન્ટરપ્રાઈઝ (CPSE) અથવા જાહેરક્ષેત્રની નાણાકીય સંસ્થા વગેરેને વસ્તુ અને સેવા પૂરી પાડવાના કરારમાં જોડાયેલી સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમોને રાહત આપવામાં આવે છે.
- MSME એ નીચેના માપદંડો પણ પૂર્ણ કરેલા હોવા જોઈએ
  - કરાર 31-3-2023 ના રોજ નોંધાયેલ હોવો જોઈએ
  - કરાર હેઠળ વસ્તુ તેમજ સેવાની ડિલિવરીનો સમયગાળો 19-2-2020 થી 31-3-2022 ની વચ્ચે હોવો જોઈએ.




❖ **યોજના હેઠળના લાભ :**

- જપ્ત કરવામાં આવેલી પર્ફોમન્સ સિક્યોરીટીનું 95% રીફંડ કરવુ.
- જપ્ત કરવામાં આવેલી બિડ સિક્યોરીટીનું 95% રીફંડ કરવુ.
- રિફંડ કરેલી રકમ પર કોઈ વ્યાજ લાગશે નહી.
- MSME માંથી કાપવામાં આવેલ લિકિવડેટેડ ડેમેજનું (LD) 95% રિફંડ મળશે.
- સરકારી ઈ માર્કેટપ્લેસ (GeM) દ્વારા આ યોજનાને લાગુ કરવા અલગ વેબ પેજ બનાવવામાં આવ્યુ છે.

## વર્ષ 2023-24 માટે રાષ્ટ્રવ્યાપી "AHDF KCC અભિયાન" નો શુભારંભ કરવામાં આવ્યો




- કેન્દ્રીય મત્સ્ય પાલન, પશુપાલન અને ડેરી મંત્રી પુરુષોત્તમ રૂપાલા દ્વારા આઝાદીના અમૃતમહોત્સવના ભાગ રૂપે વર્ષ 2023-24 માટે રાષ્ટ્રવ્યાપી 'AHDF KCC અભિયાન' નો શુભારંભ કરવામાં આવ્યો.
- આ અભિયાન પશુપાલન અને ડેરી વિભાગ, મત્સ્ય ઉદ્યોગ વિભાગ તેમજ નાણાકીય સેવાઓ વિભાગના સહયોગથી ચલાવવામાં આવશે.
- અભિયાન 1 લી મે 2023 થી 32 મી માર્ચ 2024 સુધી ચાલશે.
- તેનો ઉદ્દેશ્ય દેશના તમામ મત્સ્ય પાલન, પશુપાલન તેમજ ડેરી, ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડનો (KCC) લાભ આપવાનો છે.

❖ **KCC (કિસાન ક્રેડિટ કાર્ડ)**

- સૌ પ્રથમ આ યોજના વર્ષ 1998 માં શરૂ કરવામાં આવી.
- જેમાં ખેડૂતોને ખેતી અને અન્ય જરૂરીયાતો જેમ કે બિયારણ, ખાતર, જતુંનાશક વગેરે જેવી કૃષિ ઈનપુટ માટે સરળ પ્રક્રિયાથી સમયસર ધિરાણ સહાય પૂરી પાડવામાં આવે છે.
- ત્યાર બાદ વર્ષ 2004 માં ખેડૂતોની રોકાણ ધિરાણ જરૂરિયાત માટે વધુ વિસ્તૃત કરવામાં આવી જેમ કે તેને સંલગ્ન તેમજ બિનખેતી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો.
- બજેટ વર્ષ 2018-19 માં કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા વિસ્તૃત કરી મત્સ્ય પાલન અને પશુ પાલનનો પણ સમાવેશ કરવામાં આવ્યો.

## આરોગ્ય મંત્રાલય દ્વારા SAKSHAM પ્લેટફોર્મનો શુભારંભ કરવામાં આવ્યો

- આરોગ્ય મંત્રાલયના કેન્દ્રીય આરોગ્ય સચિવ દ્વારા ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ SAKSHAM (Stimulating Advanced Knowledge for Stainable Health Mangement) લોન્ચ કરવામાં આવ્યું.
- આ પ્લેટફોર્મ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલફેર (NIHFW) દ્વારા વિકસાવવામાં આવ્યુ છે.




- આ પ્લેટફોર્મનો ઉદ્દેશ્ય – દેશના તમામ આરોગ્ય વ્યવસાયિકોને ડિજિટલ માધ્યમથી તાલીમ અને તબીબી શિક્ષણ પ્રદાન કરશે.
- તે ખાનગી તેમજ જાહેર આરોગ્ય સેવા સાથે સંકળાયેલ દરેક વ્યવસાયિકનો સમાવેશ થાય છે.
- આ પ્લેટફોર્મ હાલમાં ઓનલાઈન માધ્યમથી 100 જાહેર આરોગ્ય અને 200 ક્લિનિકલ અભ્યાસક્રમો કરાવે છે.
- તાલીમ પૂર્ણ કર્યા બાદ યોગ્ય મુલ્યાંકન માપદંડમાંથી પસાર થનારને પૂર્ણતાનુ પ્રમાણપત્ર આપવામાં આવશે.
- પોર્ટલમાં ઓફર કરવામાં આવેલ અભ્યાસક્રમો વૈશ્વિક આરોગ્ય સંભાળ સંસ્થાઓ જેમ કે WHO, UNDP, UNICE વગેરે તેમજ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સહયોગથી વિકસાવવામાં આવ્યા છે.

## સ્માર્ટ સિટી મિશનની મર્યાદા જૂન 2024 સુધી લંબાવવામાં આવી

- કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે તેના સ્માર્ટ સિટી મિશનની સમયમર્યાદા જૂન 2024 સુધી લંબાવી છે.
- આ બીજી વખત મિશનની સમય મર્યાદા વધારવામાં આવી છે.
- જયારે વર્ષ 2015 માં મિશનનો શુભારંભ કરવામાં આવ્યો ત્યારે જુન 2021 ની સમયમર્યાદા હતી. ત્યારબાદ જુન 2023 કરવામાં આવી.

### સ્માર્ટ સિટી મિશન




- મિશનનો શુભારંભ જુન 2015 માં કરવામાં આવ્યો હતો.
- મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય એવા શહેરોને પ્રોત્સાહન આપવાનો છે જે માળખાગત સુવિધાઓ, સ્વચ્છ અને ટકાઉ વાતાવરણ તેમજ 'સમાર્ટ સોલ્યુશન' દ્વારા તેમના નાગરીકોને યોગ્ય ગુણવત્તાયુકત જીવન આપે છે.
- મિશન હેઠળ 100 શહેરોને 'સ્માર્ટ સિટી' તરીકે વિકસાવવામાં આવશે. આ શહેરોની પંસંદગી વર્ષ 2016 થી 2018 વચ્ચે દ્વી સ્તરીય સ્પર્ધાત્મક પ્રક્રીયા દ્વારા કરવામાં આવી છે.
- તે કેન્દ્રિય પ્રાયોજીત યોજના છે.
- યોજનાનું અમલીકરણ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) દ્વારા કરવામાં આવશે. આ SPV માં રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ તથા શહેરી સ્થાનિક સંસ્થાની સમાન હિસ્સેદારી (50% ≅ 50%) રહેશે.

## સ્ટેશન વિસ્તારના વિકાસ માટે પ્રોજેકટ–સ્માર્ટ શરૂ કરવામાં આવ્યો

- આવાસ અને શહેરી બાબતો મંત્રાલય (MOHUA) તેમજ રેલ મંત્રાલય એ સંયુકત રીતે મુંબઈ–અમદાવાદ હાઈસ્પીડ રેલની સાથે સ્ટેશન એરિયા ડેવલપમેન્ટ (પ્રોજેકટ – સ્માર્ટ) માટે જાપાન ઈન્ટરનેશનલ કો.ઓપરેશન એજન્સી (JICA) સાથે MoU કર્યા છે.
- તેના હેઠળ ચાર સ્ટેશનો ગુજરાતમાં સાબરમતી અને સૂરત જ્યારે મહારાષ્ટ્રમાં થાણે અને વિરારને વિકસાવવામાં આવશે.
- સુરત, વિરાર અને થાણે ગ્રીન ફિલ્ડ પ્રોજેકટ છે જયારે સાબરમતી બ્રાઉન ફિલ્ડ પ્રોજેકટ છે.

### પ્રોજેકટ સ્માર્ટ



- પ્રોજેકટ સ્માર્ટ મુંબઈ– અમદાવાદ હાઈસ્પીડ રેલ્વે (MAUIR) સ્ટેશનની આસપાસના વિસ્તારને વિકસાવવાની પરિકલ્પના કરી રહયું છે.
- આ પરિયોજના MAHSR સ્ટેશનોની આસપાસના વિસ્તારોની યોજના, વિકાસ તથા સંચાલન માટે રાજ્ય સરકારો, નગર નિગમ તેમજ શહેરી વિકાસ પ્રધિકરણોની સંસ્થાગત ક્ષમતાને સુદઢ બનાવશે.
- MOUHA, ગુજરાત, મહારાષ્ટ્ર તથા JICA ની સરકારોએ દિલ્હી, અમદાવાદ અને મુંબઈ ખાતે પ્રોજેકટ સ્માર્ટ માટે સેમિનાર તથા ફિલ્ડ વિઝિટ નું આયોજન કરે છે.
- પ્રથમ સેમિનાર 8 મે 2023 માં નિર્માણ ભવન, નવી દિલ્હીમાં આયોજીત કરવામાં આવ્યો હતો.

## ‘પોષણ ભી, પઢાઈ ભી’ અભિયાન લોન્ચ કરવામાં આવ્યુ




- કેન્દ્રિય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઝુબીન ઈરાની એ ‘મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0’ હેઠળ પ્રારંભિક બાળપણ સારસંભાળ અને શિક્ષા કાર્યક્રમ પોષણ ભી પઢાઈ ભી’ લોન્ચ કરવામાં આવ્યું.
- અભિયાન હેઠળ 3 થી 6 વર્ષના બાળકોને પોષણની સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે દેશભરની આંગણવાડીઓમાં કામ કરવામાં આવશે.
- આંગણવાડી કાર્યકરોને NIPCIO દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 હેઠળ 3 થી 6 વર્ષની વયના બાળકોના માનસિક વિકાસ અંગે તાલીમ આપવામાં આવી રહી છે.
- મંત્રાલય દ્વારા ગ્રામ પંચાયતોમાં 51 લાખથી વધુ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. તેમજ ભારતમાં બનેલા રમકડા દ્વારા આંગણવાડીમાં આવતા બાળકો માટે પ્રારંભિક શિક્ષણ પર ભાર મુકવામાં આવી રહ્યો છે.

❖ **સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0**

- આ યોજના ભારત સરકાર દ્વારા 15 માં નાણાપંચનો સમયગાળો 2021-22 થી 2025-26 માટે મંજૂર કરવામાં આવી છે.
- તે એકીકૃત પોષણ સહાયતા કાર્યક્રમ છે.
- તેને બાળકો , કિશોરીઓ, સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓમાં કુપોષણની સમસ્યાને દૂર કરવા લાગુ કરવામાં આવી છે.
- આ પુનર્ગઠિત યોજનામાં ICDS, પોષણ અભિયાન, કિશોરીઓ માટેની યોજના, તેમજ રાષ્ટ્રીય ક્રેચ યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## કેન્દ્ર સરકાર દ્વારા ‘હરિત સાગર દિશાનિર્દેશ 2023’ જાહેર કરવામાં આવી

- કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળપરિવહન મંત્રી સર્બનંદા સોનોવાલે નવી દિલ્હી ખાતેથી ગ્રીન પોર્ટ દિશાનિર્દેશ 2023 ‘હરિત સાગર’ નો શુભારંભ કર્યો.




- ઉદ્દેશ્ય :
  ઝીરો કાર્બન ઉત્સર્જન લક્ષ્યને પ્રાપ્ત કરવાના વ્યાપક દ્દષ્ટિકોણને પૂર્ણ કરવું અને તમામ બંદરો પર પર્યાવરણને અનુકુળ કાર્યપ્રણાલી વિકસાવવાની છે.
- હરિત સાગર દિશાનિર્દેશ બંદરનો વિકાસ, સંચાલન તેમ સારસંભાળમાં ઈકોસિસ્ટમ સાથે કાર્ય કુશળતા વધારવાની પરિકલ્પના પર આધારિત છે.
- આ પહેલ હેઠળ બંદરના સંચાલનમાં હરિતઉર્જા જેમ કે ગ્રીન હાઈડ્રોજન, ગ્રીન એમોનિયા, ગ્રીન મિથેનોલ / ઈથેનોલના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવશે.

❖ **સાગર શ્રેષ્ઠ સન્માન એવોર્ડ – 2023**

- આ અવસરે મુખ્ય બંદરો વર્ષ 2022-23 દરમિયાન તેના પરિવહન તેમજ વિવિધ માપદંડોમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે પુરસ્કાર આપવામાં આવ્યા.
- વિજેતાઓની યાદી – કાર્ગો સંચાલન – દિનદયાળ બંદર, કંડલા ગુજરાત
  – શિપ બર્થડ આઉટપુટ – પારાદીપ બંદર, ઓડિશા
  – ટર્ન અરાઉન્ડ ટાઈમ – જવાહરલાલ નેહરુ બંદર (મહારાષ્ટ્ર)

## ભારતીય રેલવે દ્વારા ‘ભૂર્તપૂર્વ–અગ્નિવીર’ માટે 15 ટકા અનામત આપવાની જાહેરાત કરવામાં આવી.



- ભારતીય રેલવેએ આર્મીની ‘અગ્નિપથ યોજના’ હેઠળ ચાર વર્ષની સેવા પૂર્ણ કર્યા બાદ નિવૃત અગ્નિવીરોને તેનો વિવિધ વિભાગો હેઠળ બિન–રાજયત્રિત પદ પર સીધી ભરતીમાં 15% અનામત આપવાની જાહેરાત કરી છે.
- આ સાથે ‘અગ્નિવીરો’ ને વય મર્યાદા અને શારીરિક કાર્યક્ષમતા પરિક્ષણમાં પણ છૂટ આપવામાં આવશે.
- અગ્નિવીરની પ્રથમ બેચને નિર્ધારિત વયમર્યાદામાંથી પાંચ વર્ષની છૂટછાટ જયારે પછીની બેચને ત્રણ વર્ષની છૂટ આપવામાં આવશે.
- અગ્નિવીરો તેમની સેવા પૂર્ણ કર્યા બાદ દસ્તાવેજી પુરાવા સાથે નોનગેઝેટેડ પે ગ્રેડ સામે ઓપન માર્કેટમાંથી સ્ટાફની ભરતી માટે રેલવે ભરતી એજન્સી દ્વારા જાહેર કરાયેલ કેન્દ્રીય રોજગાર સૂચના સામે અરજી કરી શકે છે.

Banking Academy

## 'મેરી Life' એપ્લિકેશનની શરૂઆત કરવામાં આવી




- કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી એ એક મોબાઈલ એપ્લિકેશન 'મેરી LIFE' ની શરૂઆત કરી.
- આ એપ્લિકેશનનો ઉદ્દેશ્ય જળવાયુ સબંધીત યુવાઓને સશકત કરવાનો તેમજ પર્યાવરણીય સમસ્યાઓના હલ માટે તેઓની સક્રિય ભાગીદારી વધારવાનો છે.
- આ એપ્લિકેશન LIFE મિશનના વિચારોથી પ્રેરિત છે, જેની પરિકલ્પના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ COP 26 માં કરી હતી.
- એપ્લિકેશન પર્યાવરણને બચાવવામાં નાગરિકો વિશેષ રૂપે યુવાઓની શકિતને પ્રદર્શિત કરે છે.
- તેમાં પાંચ વિષય હશે. ઉર્જા બચત, પાણી બચત, એકલ ઉપયોગ પ્લાસ્ટિક ઓછા કરવા, ટકાઉ ખાદ્ય પ્રણાલી તેમજ સ્વસ્થ જીવનશૈલી અપનાવવી.
- એપ ૫ જૂન (વિશ્વ પર્યાવરણ દિવસ) સુધીમાં લોકોને ગેમની મદદથી પાંચ વિષય પર પાંચ ચેલેન્જ આપશે.
- એપ ગુગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ છે.

### ❖ મિશન LIFE

- મિશન LIFE (Lifestyle for Environment – પર્યાવરણ માટે જીવનશૈલી) ની શરૂઆત પ્રધાનમંત્રી દ્વારા 20 ઓક્ટોબર 2022 માં કેવડિયા, ગુજરાતથી કરવામાં આવી હતી.
- આ મિશન પર્યાવરણને અનુરૂપ જીવનશૈલીને પ્રોત્સાહન આપે છે જે વિવકેહિન અને વ્યર્થ વપરાશને બદલે 'સચેત અને ઈરાદાપૂર્વક કેન્દ્રિત છે.
- પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, મિશન લાઈફનુ રાષ્ટ્રીય સ્તરે કેન્દ્રીય નોડલ મંત્રાલય છે.
- મિશન લાઈફ વર્ષ 2022 થી 2027 ની વચ્ચે ન્યુનતમ એક અબજ ભારતીય અન્ય વૈશ્વિક નાગરીકોને પર્યાવરણની રક્ષા અને સંરક્ષણ માટે તૈયાર કરશે.
- વર્ષ 2028 સુધીમાં ભારતના ગામડાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓ પૈકી 80%ને પર્યાવરણ અનુકુળ બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

## નેશનલ મેડિકલ કમિશન દ્વારા ડોકટર માટે 'યુનિક આઈડી' ફરજિયાત બનાવવામાં આવ્યુ

- નેશનલ મેડિકલ કમિશન (NMC) દ્વારા "રજીસ્ટ્રેશન ઓફ મેડિકલ પ્રેકિટસનર એન્ડ લાયસન્સ ટૂ પ્રેકિટસ મેડિસિન રેગ્યુલેશન – 2023' અધિસૂચિત કરવામાં આવ્યું છે.




- આ નવા નિયમો અનુસાર ડોકટરોએ દેશમાં દવાની પ્રેકિટસ કરવા માટે ફરજીયાત અનન્ય ઓળખ નંબર (UID) મેળવવો પડશે.
- NMC નું એથિકસ બોર્ડ દ્વારા UID નંબર આપવામાં આવશે.
- નોંધાયેલ તમામ મેડિકલ પ્રેકિટસનરનું સામાન્ય રાષ્ટ્રીય મેડિકલ નોંધણીપત્ર રાખવામાં આવશે.
- આ નોંધણીપત્રક NMC નાં એથિકસ એન્ડ મેડિકલ રજીસ્ટ્રેશન બોર્ડ દ્વારા જાળવવામાં આવશે.
- નોંધાયેલ દરેક મેડિકલ પેકિટસનું લાયસન્સ પાંચ વર્ષ સુધી માન્ય રહેશે. આ લાયસન્સ ને પાંચ વર્ષ પૂરા થવા પહેલા નવીનીકૃત કરી શકાશે.

### ❖ નેશનલ મેડિકલ કાઉન્સિલ (NMC)

- એક વૈદ્યાનિક સંસ્થા છે, જેની રચના 'નેશનલ મેડિકલ કમિશન એકટ – 2019' હેઠળ કરવામાં આવી છે.
- મુખ્યાલય – નવી દિલ્હી
- મુખ્ય કાર્ય – દેશમાં તબીબી શિક્ષણ અને વ્યવસાયિકોનું નિયમન કરે છે.
  - – તબીબી શાળાઓને માન્યતા આપવી, તબીબી વ્યવસાયિકોની નોંધણી કરવી તેમજ તબીબી માળખાકીય સુવિધાનું મુલ્યાંકન કરે છે.

## University Grant Commission દ્વારા ત્રણ નવી પહેલ શરૂ કરવામાં આવી

- યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ : 2020 નો અમલ કરવા અને દેશમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા માટે ત્રણ પહેલ શરૂ કરવામાં આવી છે.
- UGC ની **નવી વેબસાઈટ** ઉપયોગ કર્તાને અનુરૂપ અને માહિતપ્રદ છે. વિદ્યાર્થીઓ, પ્રધ્યાપકો તેમજ વિશ્વ વિદ્યાલયોની માહિતી વર્ગીકૃત કરીને આપવામાં આવી છે.

### ❖ UTSAH પોર્ટલ

- તેમાં UGC દ્વારા ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરતી પહેલોની માહિતી આપતુ એક પ્લેટફોર્મ છે.
- તે સંસ્થાઓને તેની સિધ્ધિઓ, શ્રેષ્ઠ પ્રયાસે શેર કરવા તેમજ જ્ઞાન આદાન – પ્રદાન કરવામાં મદદરૂપ થાય છે.

Banking Academy

- પોર્ટલની મદદથી સંસ્થાઓ UGC ની યોજનામાં પ્રગતિનું નિરિક્ષણ કરવુ તેમજ અહેવાલને ઓનલાઈન જમા કરાવી શકશે.

❖ **પ્રોફેસર ઓફ પ્રેકિટસ પોર્ટલ (POP)**

- આ પહેલ શૈક્ષણિક અને ઉદ્યોગ વચ્ચે રહેલી ખાઈને દૂર કરશે.
- ઉદ્યોગ વ્યવસાયિકો, પ્રધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા વિચારણાની સુવિધા આપશે.
- આ પોર્ટલ વિદ્યાર્થીઓને બહુમુલ્ય અંતઃદ્રષ્ટિ તેમજ વાસ્તવિક દુનિયાનુ જ્ઞાન પ્રદાન કરશે.
- તેનો ઉદ્દેશ્ય શૈક્ષણિક ક્ષેત્રમાં નવા પરિપ્રેક્ષ્ય અને કુશળતાને ઉમેરવાનો છે.




**યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1956

- તે એક વૈદ્યાનિક સંસ્થા છે, UGC અધિનિયમ – 1956 હેઠળ રચવામાં આવેલ છે.
- તેનુ મુખ્યાલય નવી દિલ્હી ખાતે તેમજ છ સ્થાનિક કાર્યાલય બેગાલુરૂ, ભોપાલ, ગુવાહાટી, હૈદરાબાદ, કોલકતા તેમજ પુણે ખાતે આવેલ છે.
- તેમાં એક – અધ્યક્ષ, એક – ઉપાધ્યક્ષ અને 10 અન્ય સભ્યો છે.

## નવી દિલ્હી ખાતે લેજીસ્લેટીવ ડ્રાફટીંગ પર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ

- કેન્દ્રીયમંત્રી અમિતશાહ દ્વારા સંસદ,રાજ્ય વિધાનસભા તેમજ મંત્રાલયના અધિકારીઓ માટે લેજીસ્લેટિવ ડ્રાફટીંગ અંગેના તાલીમ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું.
- તાલીમ કાર્યક્રમનું આયોજન લોકશાહી માટે સંસદીય સંશોધન અને તાલીમ સંસ્થા (PRIDE) અને બંધારણીય અને સંસદીય અભ્યાસ સંસ્થા (ICPS) દ્વારા કરવામાં આવે છે.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સંસદ, રાજ્ય વિધાનસભા, મંત્રાલયો, વૈદ્યાનિક સંસ્થાઓ અને અન્ય સરકારી વિભાગોના અધિકારીઓમાં લેજીસ્લેટિવ ડ્રાફટીંગની પ્રક્રિયા અને સિદ્ધાંતો વિશે સમજ વધારવાનો છે.
- લેજીસ્લેટિવ ડ્રાફટીંગ એ સરકાર અને લોકશાહીનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. જે કાયદા પર ધ્યાન કેન્દ્રિત કરીને લોકશાહી પ્રણાલી તેમજ ન્યાયતંત્રને મજબુત બનાવે છે.



## 'સચાંર સાથી' પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યુ

- કેન્દ્રીય દૂરસંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા નાગરિક કેન્દ્રિત 'સંચાર સાથી' પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યુ.
- આ પોર્ટલનો હેતુ મોબાઈલ, કનેકશન અને ટેલિકમ્યૂનિકેશન સબંધિત વિવિધ સુધારાઓ અને સેવાઓ આપવાનો છે.
- ઓળખ સંતાડવી નકલી KYC, બેંકિંગ છેતરપિંડી વગેરેને રોકવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકમ્યૂનિકેશન (Dot) હેઠળની C-DOT (સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિકસ) દ્વારા તૈયાર કરવામાં આવ્યુ છે.
- આ પોર્ટલ મોબાઈલ ફોન વપરાશકર્તાને તેના નામ પર નોંધાયેલ કનેકશનની જાણકારી ચોરાઈ / ખોવાઈ ગયેલા મોબાઈલ ફોનને બ્લોક કરવો, મોબાઈલ ખરીદતા પહેલા IMEI ની ખરાઈ કરવી.
- પોર્ટલના માળખામાં ત્રણ સુધારાઓ રજૂ કરવામાં આવ્યા છે.
- CEIR : (સેન્ટ્રલ ઈકિવપમેન્ટ આઈડેન્ટિરી રજીસ્ટર) તે દેશમાં કોઈ પણ જગ્યાએ ખોવાયેલા અથવા ચોરાયેલા ફોનને ટ્રેકિંગ તેમજ બ્લોક કરવા સક્ષમ બનાવે છે.
- તમારા મોબાઈલ કનેકશનને જાણો : તે વપરાશકર્તાને તેના નામ પર કેટલા મોબાઈલ કનેકશન ચાલુ છે તેની માહિતી આપશે. તેનાથી અનિધકૃત અને અનિચ્છનીય જોડાણને ઓળખી બંધ કરી શકાશે.




- ASTR (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ફેશિયલ રેકગિનશન પાવર્ડ સોલ્યુશન ફોર ટેલિકોમ સિમ સબસ્ક્રાઈબર વેરિફિકેશન) : તે કૃત્રિમ બુદ્ધિમતા આધારિત મોબાઈલ ચોરીની જાણકારી કાયદા અમલીકરણ સંસ્થાઓ તેમજ માલિકને પહોચાડશે.
- આ પોર્ટલ અને તેના સુધારાનો હેતુ ટેલિકોમ ક્ષેત્રમાં પારદર્શિતા સુરક્ષા અને જવાબદારી વધારવાનો છે.

Banking Academy

## UGC NEP – 2020 ની જાગરૂકતા ફેલાવવા 300 વિદ્યાર્થીઓને બ્રાન્ડ એમ્બેસેડર બનાવશે




- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) – 2020 હેઠળ ઉચ્ચ શિક્ષણમાં સુધારાને પ્રોત્સાહન આપવા માટે UGC દેશભરમાં 300 વિદ્યાર્થીઓને પોતાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવશે.
- આ વિદ્યાર્થીઓ NEP સારથી તરીકે ઓળખાશે.
- UGC પંચે તમામ યુનિવર્સિટીઓ, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, કોલેજના કુલપતિઓ, નિર્દેશકો અને પ્રિન્સિપાલોને ત્રણ – ત્રણ વિદ્યાર્થીઓના નામની ભલામણ યાદી મોકલવા માટે જણાવવામાં આવ્યુ.
- જુલાઈમાં 300 NEP સારથીના નામોની જાહેરાત કરવામાં આવશે.
- NEP - સારથી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 હેઠળ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં કરવામાં આવી રહેલી પહેલ પ્રત્યે જાગરૂકતા ફેલાવશે.

## કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા 75/25 પહેલ લોન્ચ કરવામાં આવી

- કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા વિશ્વ હાઈપરટેન્સન દિવસ નિમિત્તે હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ ધરાવતા 750 મિલિયન લોકોની તપાસ કરવા અને તેઓને વર્ષ 2025 સુધીમાં પ્રમાણભૂત સંભાળ હેઠળ 75 / 25 નામની પહેલ લોન્ચ કરવામાં આવી.



- આ ઉપરાંત સશક્ત પોર્ટલની શરૂઆત કરવામાં આવી હતી.
- પોર્ટલ થી 4,000 પ્રાથમિક આરોગ્ય સંભાળ (PHC) તબીબી અધિકારીઓને બિનસંચારી રોગ (NCDS) માટે પ્રમાણભૂત સારવાર તાલીમ આપવામાં આવશે.
- નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ નોન કમ્યુનિકેબલ (NP-NCD) માટે સંશોધિત ઓપરેશનલ માર્ગદર્શિકા પણ જાહેર કરવામાં આવી. જે દેશની આરોગ્ય સંભાળ પ્રણાલીને વધુ મજબુત બનાવશે.
- NP-NCD ની સુધારેલી ઓપરેશનલ માર્ગદર્શિકા ક્રોનિક ઓબસ્ટ્રકિટવ પલ્મોનરી ડિસીઝ (COPD), અસ્થમા, ક્રોમિક કિડની ડિસીઝ ((KD), નોન – આલ્કોહોલિક હેટિ લિવર ડિસીઝ (NAFLO) ST એલિવેશન ઓફ મ્યોકાર્ડિવલ ઈન્ફાકર્શન (STEMI) જેવા જેવા વધારાના રોગોને આવરી લેશે.

## પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ એકસપો – 2023 નું ઉદઘાટન કર્યુ




- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા નવી દિલ્હી ખાતે આયોજીત આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ એકસપો – 2023 નું ઉદઘાટન કરવામાં આવ્યું.
- આ પ્રદર્શન સ્વતંત્રતાના અમૃત મહોત્સવની ઉજવણીનો એક ભાગ છે.
- 47 માં આતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ નિમિત્તે તેનુ આયોજન કરવામાં આવ્યુ છે.
- પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ એકસપોનો શુભંકર, ‘સંગ્રહાલયમાં એક દિવસ’ – ભારતીય સંગ્રહાલયોની નિર્દેશિકા, કર્તવ્ય પથના પોકેટ માનચિત્રનું અનાવરણ કયુ હતુ.
- આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ એકસપોનું શુભંકર લાકડામાંથી બનાવેલી ચેન્નાપટ્ટનમ કલા શૈલીની નૃત્ય કરતી સ્ત્રી.

ખાખીની ખુમારી... ખાખીની ખુમારી... ખાખીની ખુમારી...

# પોલીસ કોન્સ્ટેબલ



# PSI/ASI

ની તૈયારી કરો હવે આપના વિસ્તારમાં

# વરાછા

ટૂંક સમયમાં જાહેર થનાર **8000** થી વધુ જગ્યાઓની ભરતી

Govt. Jobs



- સામાન્ય જ્ઞાન
- Maths
- Reasoning
- કાયદો

જેવા વિષયોની સંપૂર્ણ મટીરિયલ્સ સાથે વિશેષ તૈયારી

- Weekly Test
- Full Day Faculty
- All Day Reading
- Facilities

Join New Class

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો

## 12th June થી શરૂ

GPSC | તલાટી | બિન સચિવાલય | TET/TAT

જેવી તમામ પરીક્ષાઓની તૈયારી આજે જ શરૂ કરો

**Banking Academy**
(Creating A Way For Govt. Jobs)
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555 | સુરત (વરાછા) Ph. : 70464 16555 | સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 7 રિપોર્ટ અને ઈન્ડેક્સ

## નીતિ આયોગ દ્વારા મિલેટ્સ પર એક અહેવાલ જાહેર કરવામાં આવ્યો

- નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ અહેવાલનું શીર્ષક : "આહારમાં મિલેટ્સને પ્રોત્સાહન આપવુ : ભારતના રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોની સર્વોત્તમ પહેલ"
- આ અહેવાલમાં રાજ્ય સરકાર અને વિવિધ સંસ્થાઓ દ્વારા બાજરીના મુલ્ય શ્રૃંખલાના વિવિધ પાસાઓમાં ખાસ કરીને ઉત્પાદન, પ્રક્રિયા અને વાપરવામાં સ્વીકારવામાં આવેલી ઉત્તમ અને નવીન પદ્ધતિઓનો સમૂહ રજૂ કરે છે.
- અહેવાલ મુખ્ય રીતે ત્રણ થીમ પર આધારિત છે.
  (1) રાજ્ય મિશન અને મિલેટ્સ પ્રોત્સાહન આપવા માટેની પહેલ.
  (2) ICDS માં મિલેટ્સનો સમાવેશ
  (3) સંશોધન વિકાસ અને નવીની પ્રથાઓ માટે ટેકનોલોજીનો ઉપયોગ
- અહેવાલ આપણા આહારમાં બાજરીને પુનર્જીવિત કરવા અને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે માર્ગદર્શક ભંડાર તરીકે કાર્ય કરશે.

❖ **મિલેટ્સ**

- મિલેટ્સ એક સામૂહિક શબ્દ છે જેમાં અસંખ્ય નાના બીજવાળા વાર્ષિક ઘાસનો સમાવેશ થાય છે.
- ભારતમાં થતા મુખ્ય મિલેટ્સ – રાગી, જુવાર, બાજરા, સામા, વારીગા છે.
- તેમાં વિશેષ પોષક તત્વો રહેલા છે.
- તે પ્રાકૃતિક રીતે ગ્લૂટીન ફ્રી હોય છે.
- તેમાં ફાયબર, પ્રોટીન વિટામીન તેમજ મિનરલથી ભરપૂર હોય છે.
- ભારતનો ટોચના પાંચ મિલેટ્સ નિર્યામક દેશોમાં સમાવેશ થાય છે.




**Niti Ayog (National Institution for Transforming India વિશે....**

રચના : 1લી જાન્યુઆરી, 2015
વડુમથક : નવી દિલ્હી
અધ્યક્ષ : નરેન્દ્ર મોદી (હોદ્દાની રૂએ વડાપ્રધાન)
ઉપાધ્યક્ષ : રાજીવકુમાર
CEO : બી.વી.આર. સુબ્રમણ્યમ

## વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્ષ – 2023 જાહેર કરવામાં આવ્યો

- કુલ 180 દેશોના સૂચકાંક ભારત 161 માં ક્રમાકે રહ્યું
- નોર્વે સતત સાતમી વાર શીર્ષ સ્થાને તેમજ આયર્લેન્ડ અને ડેનમાર્ક અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમાંકે રહ્યા.
- આ સૂચકાંક 'રીપોટર્સ વિધ આઉટ બોડર્સ' દ્વારા પ્રતિવર્ષ જાહેર કરવામાં આવે છે.
- વર્ષ 2023 માં જાહેર કરવામાં આવેલ સૂચકાંક તેનું 21 મું સંસ્કરણ છે.




❖ **સૂચકાંકના મહત્વપૂર્ણ મુદ્દાઓ**

- પાકિસ્તાર દ્વારા આ વર્ષે મીડિયાની સ્વતંત્રતા બાબતે સુધારો કરવાથી ગત વર્ષમાં 157 માં ક્રમે હતુ જ્યારે આ વર્ષે તેમા સુધારો થઈ 150 માં ક્રમે રહ્યું.
- જ્યારે શ્રીલંકા પણ ગત વર્ષ 2022 માં 146 માં ક્રમાંકેથી વર્ષ 2023 માં 135 માં ક્રમે રહ્યું.
- સૌથી નીચે એશિયાઈ દેશોમાં વિયતનામ 178, ચીન 179 અને ઉત્તરકોરિયા 180 માં ક્રમાંકે રહ્યા.
- સૂચકાંક અનુસાર 31 દેશોમાં પત્રકારિતાની સ્થિતિ 'વધારે ગંભીર, 42 દેશોમાં 'મુશ્કેલ', 55 દેશોમાં 'સમસ્યાગ્રસ્ત' તેમજ પર દેશોમાં સ્થિતિ 'સારી' અથવા 'સંતોષજનક' રહી.

❖ **વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્ષ**

- રિપોટર્સ વિધઆઉટ બોડર્સ દ્વારા દર વર્ષે પ્રેસની સ્વતંત્રતાની વૈશ્વિક રેંક જાહેર કરે છે.
- સૌપ્રથમવાર આ સૂચકાંક વર્ષ 2002 માં જાહેર કરવામાં આવ્યો હતો.
- સૂચકાંકનો મુખ્ય ઉદ્દેશ્ય 180 દેશોમાં પત્રકારો અને મીડિયાની સ્વતંત્રતાની આકરણી અને મુલ્યાંકન કરવું.
- સૂચકાંક મીડિયા બહુલતા, સ્વતંત્રતા, પારદર્શિતા, કાયદાકીય માળખું તેમજ પત્રકારોની સુરક્ષાના મુલ્યાંકનના આધારે આપવામાં આવે છે.
- સૂચકાંક વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ 3 મે ના રોજ પ્રકાશિત કરવામાં આવે છે.

## નીતિ આયોગ દ્વારા સામાજિક ક્ષેત્રમાં શ્રેષ્ઠ કાર્યપ્રણાલી જાહેર કરવામાં આવી

- નીતિ આયોગે સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) ના સહયોગથી 'સામાજિક ક્ષેત્રમાં શ્રેષ્ઠ કાર્યપ્રણાલી : સાર સંગ્રહ 2023' જાહેર કરવામાં આવ્યો.




- આ સાર સંગ્રહનો હેતુ ભારતની આઝાદીના 75 વર્ષની ઉજવણી તેમજ કેન્દ્રીય અને રાજ્ય સરકારોના પ્રયત્નોને પ્રકાશિત કરવા અને તેની પ્રશંસા કરવાનો છે.
- સાર સંગ્રહમાં 14 પ્રમુખ સામાજિક ક્ષેત્રોની 75 કેસ સ્ટડીનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ 75 શ્રેષ્ઠ કાર્યપ્રણાલીઓ એવા મોડેલને પ્રકાશિત કરે છે કે જે નવીનતમ, ટકાઉ, પ્રતિકૃતિયુકત અને પ્રભાવશાળી છે.
- આ કવાયતનો ઉદ્દેશ્ય પાયાના સ્તરે જીવનનો વિસ્તાર, ઉન્નતિ તેમજ સુધારના ઉદ્દેશ્ય સાથે ભવિષ્ય માટે તૈયાર રહેવાનો છે.
- સમાવેશ કરવામાં આવેલી કાર્યપ્રણાલીઓમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને પોષણ, ઈગવર્નન્સ, કૃષિ, મહિલા સશકિતકરણ, રમત– ગમત તથા વિતિય સમાવેશનને ઉમેરવામાં આવ્યા છે.
- ગુજરાત સરકારના બે પગલાનો તેમા સમાવેશ કરવામાં આવ્યો છે.
  (1) વિદ્યા સમીક્ષા કેન્દ્ર : ગુજરાત રાજ્યના શૈક્ષણિક વિભાગની યોજનાઓનુ ઉચીત પરિણામ માટે નિરિક્ષણ કરવાનું છે.
  (2) પ્રોજેકટ એકસેલ : રાજ્યમાં વંચિત લોકો મહિલા, યુવાનો, અનાથ બાળકો, માછીમારી પ્રજા, અનુસૂચિત જાતિ અને જનજાતિ વગેરેની પ્રગતિ માટે છે.

## સંયુકત રાષ્ટ્ર દ્વારા "માતૃત્વ અને નવજાત આરોગ્યમાં સુધાર તથા જીવિત રાખવુ અને મૃતજન્મ ઘટાડવુ" અહેવાલ જાહેર કરવામાં આવ્યો

- સંયુકત રાષ્ટ્રના અહેવાલ અનુસાર વિશ્વમાં માતૃત્વ અને નવજાતશિશુના સ્વાસ્થ્યમાં સુધારો કરવાની પ્રગતિ વર્ષ 2015 બાદ અટકી ગઈ છે.
- અહેવાલનો ઉદ્દેશ્ય ટકાઉ વિકાસ લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફની પ્રગતિ દર્શાવવી તેમજ અટકાવી શકાય તેવા માતૃત્વ અને નવજાત મૃત્યુ તેમજ મૃતજન્મોને દૂર કરવા માટેના આવશ્યક પગલાઓ દર્શાવવાનો છે.



❖ **વૈશ્વિક તારણો**
- સગર્ભા સ્ત્રીઓ, માતાઓ અને બાળકોના મૃત્યુને ઘટાડવાની વૈશ્વિક પ્રગતિ છેલ્લા આઠ વર્ષથી સ્થગિત થઈ ચૂકી છે.
- દર વર્ષે 2.90 લાખ માતાઓ મૃત્યુ પામે છે. દર વર્ષે 19 લાખ બાળકો મૃતજન્મે છે. (બાળક ગર્ભાવસ્થાના 28 અઠવાડિયા બાદ મૃત્યુ પામવુ) 23 લાખ નવજાત શિશુ મૃત્યુ પામે (જન્મના એક માસમાં) છે.
- (2.9 + 19 + 23) લાખ મૃત્યુ સમયસર સ્વાસ્થ્ય સેવાથી અટકાવી શકાય છે.

❖ **ભારતની સ્થિતિ**
- ભારત ટોચના દસ દેશોમાં ટોચના સ્થાર પર છે. ટોચના દસ દેશો વિશ્વમાં થતા કુલ માતૃત્ય મૃત્યુ, મૃતજન્મ અને નવજાતશિશુ મૃત્યુમાં 60% ની હિસ્સેદારી નોંધાવે છે.
- ભારત એકલુ જ વિશ્વમાં થતા કુલ માતૃત્વ મૃત્યુ, મૃતજન્મ અને નવજાતશિશુમાં 17% સાથે ટોચના સ્થાને છે.

❖ **અહેવાલ અનુસાર સ્વાસ્થ્ય સુધારમાં પ્રગતિના મુખ્ય કારણો**
- માતૃત્વ અને નવજાત શિશુ સંબધિત સ્વાસ્થ્ય યોજનાઓના અમલ માટે પૂરતા ભંડોળની અછત.
- આરોગ્ય માટે મુળભુત સુવિધાનો અભાવ.
- ગરીબી ગુણવતાયુકત સેવાઓથી વંચિત રાખે છે.
- માનવતાવાદી કટોકટી : રશિયા – યુક્રેન યુધ્ધ, સુદાન સંકટ

Banking Academy

# 8 પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

## ભારત અને UK વચ્ચે 'અજય વોરિયર – 2023' યુદ્ધાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું




- ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે સંયુક્ત સૈન્ય કવાયત અજય વોરિયર – 2023 યુનાઈટેડ કિંગડમના સેલિસબરી પ્લેન ખાતે આયોજીત કરવામાં આવ્યું.
- વર્ષ 2023 માં આ યુદ્ધાભ્યાસની સાતમી આવૃત્તિ છે.
- આ યુદ્ધાભ્યાસનું આયોજન ભારત અને UK માં કરવામાં આવે છે. યુદ્ધાભ્યાસની છેલ્લી આવૃત્તિનું આયોજન ચૌબટીયા ખાતે ઉત્તરાખંડમાં કરવામાં આવ્યું હતું.
- આ કવાયતમાં UK તરફથી '2 રોયલ ગોરખા રાયફલ' અને ભારત તરફથી બિહાર રેજિમેંટ ભાગ લીધો.
- તેમા બટાલિયન સ્તરે 'કમાન્ડ પોસ્ટ કવાયત' અને કંપની સ્તરે 'ફિલ્મ ટ્રેનિંગ કવાયત' કરવામાં આવ્યું.

❖ **'અજય વોરિયર' યુદ્ધાભ્યાસ**

- અભ્યાસની સૌપ્રથમ શરૂઆત વર્ષ 2023 માં કરવામાં આવી હતી.
- હેતુ : એક બીજાની સેનાને આંતકવાદ વિરોધી અને બળવાખોરી વિરોધી કામગીરીમાં તાલીમ આપવી.
- બંને દેશ વચ્ચે વ્યુહાત્મક સંબધો મજબૂત કરવા.

❖ **ભારત અને UK વચ્ચે અન્ય યુદ્ધાભ્યાસ**

- કોંકણ – નૌસેના યુદ્ધાભ્યાસ
- ઈન્દ્રધનુષ સેના યુદ્ધાભ્યાસ

## ભારતીય સેનાએ બુલંદ ભારત અભ્યાસ કર્યો.



- બુલંદ ભારત અભ્યાસનું આયોજન અરુણાચલ પ્રદેશમાં સ્થિત ઈસ્ટર્ન થિયેટરની સૌથી લાંબી હાઈએલ્ટિટયુડ આર્ટિલરી રેન્જમાં કરવામાં આવ્યુ.
- આ ભારતીય સેના દ્વારા આયોજીત એક સંકલિત સર્વેલન્સ અને ફાયરપાવર તાલીમ અભ્યાસ છે.
- મહિના સુધી ચાલનાર આ અભ્યાસનો હેતુ નિશ્ચિત લક્ષ્યોના વિનાશ તરફની આર્ટિલરી બંદૂકો અને પાયદળના ફાયર સપોર્ટ ઘટકોના તેમજ સંકલિત ઘટકોના ગોળીબાર દ્વારા સંકલિત ફાયરપાવર ઘટાડવા માટેની યોજનાઓની ચકાસણી કરવાનો છે.
- સાથે – સાથે કવાયતમાં આર્ટિલરી અને પાયદળની દેખરેખ અને ફાયર પાવર ક્ષમતાઓના સંકલિત ઉપયોગનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
- અભ્યાસમાં સેનાએ અલગ અલગ માધ્યમોની સંચાર સેવાનું પરિક્ષણ કર્યું.
- આ અભ્યાસના અંતે યુદ્ધ જેવી સ્થિતિનું ઉચ્ચ ઉંચાઈવાળા વિસ્તાર અને તીવ્ર વાતાવરણમાં નિર્માણ કરીને સૈનિકો અને સાધનોનું પરિક્ષણ કરવામાં આવે છે.

## ISRO દ્વારા START તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો




- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) દ્વારા વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવિધ પાસાઓ અંગે માહિતગાર કરવા માટે "સ્પેસ સાયન્સ એન્ડ ટેકનોલોજી અવેરનેસ ટ્રેનિંગ (START)" નામની પહેલ શરૂ કરવામાં આવી છે.
- START એ ભૌતિક વિજ્ઞાન અને ટેકનોલોજીના અનુસ્નાતક અને પૂર્વસ્નાતકમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલ પ્રારંભિક સ્તરનો ઓનલાઈન તાલીમ કાર્યક્રમ છે.
- આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને અવકાશવિજ્ઞાન અને ટેકનોલોજીમાં પ્રારંભિક સ્તરની તાલીમ આપવાનો છે.
- આ કાર્યક્રમ અવકાશ વિજ્ઞાનના વિવિધક્ષેત્રોને આવરી લેશે જેમાં એસ્ટ્રોનોમી અને એસ્ટ્રોફિઝિક્સ હેલિયોફિઝિક્સ અને સન–અર્થ ઈન્ટરકેશન, ઈન્સ્ટ્રુમેન્ટેશન તેમજ એરોનોમીનો સમાવેશ થાય છે.

## DRDO અને ભારતીય નૌસેના દ્વારા 'ADC - 150' નું પ્રથમ સફળ પરિક્ષણ કરવામાં આવ્યુ

- ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગોનાઈઝેશન (DRDO) અને ભારતીય નૌકાદળે ગોવાના કિનારે IL385D હવાઈજહાજ પરથી 'એર ડ્રોપેબલ કન્ટેનર– 150 (ADC)' નું પ્રથમ સફળ પરિક્ષણ કર્યુ.
- ADC – 150 એ 150 કિલોગ્રામ વજનની વહનક્ષમતા ધરાવતું સ્વદેશી ડિઝાઈન અને વિકસિત એર ડ્રોપેબલ કન્ટેન્ટર છે.
- તેની મદદથી દરિયાકાંઠાથી હજારો કિલોમીટર દૂર તૈનાત કરાયેલા જહાજોને (આપતિ સમયે) જટીલ એન્જિનિયરીંગ સ્ટોર્સની જરૂરીયાતોને પહોચી વળવા તેમજ ઝડપી પ્રતિસાદ આપી નૌકાદળની ઓપરેશનલ લોજીસ્ટીક ક્ષમતા વધશે.
- ADC -150 નું નિર્માણ DRDO ની ત્રણ પ્રયોગશાળાઓ દ્વારા કરવામાં આવ્યું જે નીચે મુજબ છે.
  (1) નેવલ સાયન્સ એન્ડ ટેકનોલોજીકલ લેબોરેટરી (NSTL) વિશાખાપટ્ટનમ
  (2) એરિયલ ડિલિવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ADRDE) આગ્રા
  (3) એરોનોટીકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ADE) બેંગલુરૂ દ્વારા કરવામાં આવ્યું છે.



**Defence Research & Development Organisation (DRDO) વિશે....**

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | વર્ષ 1958 |
| **વડુમથક** | : | નવી દિલ્હી |
| **અધ્યક્ષ** | : | ડૉ. સમીર વી. કામત |

## AIME – 2023 ના પહેલા સંસ્કરણનું આયોજન કરવામાં આવ્યુ

- આસિયાન ભારત સમુદ્રી અભ્યાસ – 2023 (AIME) નો શુભારંભ સિંગાપોરના ચાંગી નવલ બેઝ પરથી કરવામાં આવ્યો.
- આ અભ્યાસની સહ મેજબાની ભારતીય નૌસેના અને રિપબ્લિક ઓફ સિંગાપોર નેવી (RSN) દ્વારા કરવામાં આવી.
- AIME – 23 નો ઉદ્દેશ્ય ભારતીય નૌસેના અને આસિયાન નૌસેનાઓ વચ્ચે સહયોગ, ભરોસો, મિત્રતા તેમજ વિશ્વાસને પ્રોત્સાહન આપવાનો છે.
- અભ્યાસમાં આસિયાન દેશો – કમ્બોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ, વિયેતનામ અને બ્રુનેઈની નૌસેનાઓ અને ભારતીય નૌસેનાએ ભાગ લીધો.
- ભારતીય નૌસેના તરફથી INS દિલ્લી જે ભારતનુ પ્રથમ સ્વદેશ નિર્મિત ગાઈડેડ મિસાઈલ વિધ્વંસક છે. અને INS સતપુડા જે એ સ્વદેશી ગાઈડેડ મિસાઈલ સ્ટીલ્થ ફ્રિગેટ છે. આ બંને જહાજો વિશાખાપટ્ટનમમાં આવેલ ભારતીય નૌસેનાના પૂર્વીય કમાન્ડમાં કાર્યરત છે.
- આ અભ્યાસ બે ચરણમાં આયોજીત કરવામાં આવશે – હાર્બર ફેઝ અને સી–ફેઝ. જેમાં હાર્બર ફેઝનું સિંગાપોરના ચાંગી નૌસેના બેઝ જયારે સી – ફેઝનું દક્ષિણ ચીન સાગરમાં આયોજન કરવામાં આવશે.




- ભારતીય જહાજો સિંગાપોર દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય સમુદ્રી રક્ષા પ્રદર્શન (IMDEX- 2023) તેમજ આંતરરાષ્ટ્રીય સુરક્ષા સંમેલન (IMSC) માં પણ જોડાશે.
- નૌસેના તેમજ સમુદ્રી રક્ષા કાર્યક્રમ IMDEX ની શરૂઆત વર્ષ 1997 માં કરવામાં આવી.
- IMSC ની શરૂઆત વર્ષ 2009 માં કરવામાં આવી. સિંગાપોર નૌસેના અને રાજારત્નમ સ્કુલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝ (RSIS) દ્વારા સંયુકત રીતે IMSC નું આયોજન કરવામાં આવે છે.

## NTPC અને NPCIL એ પરમાણુ ઉર્જા પ્રોજેકટ માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા

- રાષ્ટ્રીય તાપવિદ્યુત નિગમ (NTPC) લિમિટેડએ પરમાણુ ઉર્જા પરિયોજનાઓના વિકાસ માટે ન્યુકિલઅર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NPCIL) સાથે એક પૂરક સંયુકત સાહસ પર હસ્તાક્ષર કર્યા છે.
- આ સંયુકત સાહસ કંપની શરૂઆતમાં બે પ્રેશરાઈઝ્ડ હેવી – વોટર રિએકટર (PHWR) પ્રોજેકટ વિકસાવશે.
- જેમાં એક મધ્યપ્રદેશનો ચુટકા ન્યુકિલઅર પાવર પ્રોજેકટ જે 2 × 700 MW ની ક્ષમતાનો છે. અને અન્ય રાજસ્થાનનો માહિ બાંસવાડા ન્યુકિલઅર પાવર પ્રોજેકટ, જે 4 × 700 MW ની ક્ષમતાનો છે.



Banking Academy

- આ બંને PHWR ને ફલીટ મોડ ન્યુકિલઅર પ્રોજેકટના ભાગ તરીકે ઓળખવામાં આવ્યા છે.
- ભારતની વર્તમાન સ્થાપિત ન્યુકલીઅર ઉર્જા ક્ષમતા – 6.78 GW છે.
- ભારત સરકારે 2030 સુધીમાં 20 GW પરમાણુ વીજ ઉત્પાદન ક્ષમતાનું લક્ષ્ય નક્કી કર્યુ છે. તે વર્ષ 2070 ના ચોખ્ખા શૂન્ય ઉત્સર્જન લક્ષ્યને હાંસલ કરવાના પગલાનો એક ભાગ છે.

## IAF ને સ્વદેશી VTOL લાઈટરીંગ મ્યુનિશનની પ્રથમ બેચ સોંપવામાં આવી

- ભારતીય વાયુસેના(IAF)ને સ્વદેશી વર્ટીકલ ટેક ઓફ એન્ડ લેન્ડિંગ (VTOL) લોઈટરીંગ મ્યુનિશન મળ્યુ.
- આ લોઈટરીંગ મ્યુનિશનનું નામ ALS -50 છે.




- આ શસ્ત્રનું દરેક પ્રકારના ભૂપ્રદેશ અને ઉંચાઈ પરથી સંચાલન કરી શકાશે તેમજ તે 50 કિમી કરતા પણ વધારે દૂરના ટાર્ગેટનો નાશ કરી શકે છે.

**VTOL ALS-50**

- તે એક સ્વાયત પ્રણાલી છે.
- તેનુ નિર્માણ ટાટા એડવાન્સ સિસ્ટમ લિમિટેડ (TASL) દ્વારા કરવામાં આવ્યુ છે.
- તેને ‘Suicide drone’ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ ટેકનોલોજીએ લદ્દાખ જેવા ઉચ્ચ પ્રદેશ અને રાજસ્થાન જેવા ગરમ પ્રદેશમાં સફળ પરિક્ષણ આપ્યું છે.
- તેની રેન્જ 50 કિમી જેટલી છે તે ઓટરેટર અથવા સ્વાયત રીતે સંચાલિત થઈને રીયલ – ટાઈમમાં લક્ષ્યને ભેદી શકે છે.
- આ સિસ્ટમની સચોટતા 2 મીટર કરતા પણ ઓછી નોંધવામાં આવી છે.
- VTOL હવાઈજહાજને ટેક ઓફ અને ઓન માટે રનવેની આવશ્યકતા રહેતી નથી. આ પ્રકારના જહાજ ગાઢ જગલ, સાંકડી ખીણ, પર્વતો વગેરેથી પણ સંચાલિત થઈ શકે છે.

## ISRO દ્વારા ‘સ્ટાર બેરી સેન્સ’ નામના લો કોસ્ટ સ્ટાર સેન્સરનુ પ્રક્ષેપણ કરવામાં આવ્યુ

- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ તેના ધ્રુવીય સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV) C-55 રોકેટ દ્વારા ‘સ્ટારબેરીસેન્સ’ નામનું લો–કોસ્ટ સ્ટાર સેન્સર લોન્ચ કરવામાં આવ્યું.




- તેનુ નિર્માણ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (IIA) ના ખગોળવિદ્ દ્વારા કરવામાં આવ્યુ છે. તે ઓફ– ધ – શેલ્ફ ઘટકો બનતું ઓછા ખર્ચનું એક સ્ટાર સેંસર છે.
- સ્ટાર બેસી સેન્સનો પ્રાથમિક ઉદ્દેશ્ય ‘દશ્યના ક્ષેત્ર’ ની તસવીર લેવી, તારાઓની ઓળખ કરવી અને અવકાશયાનની નિર્દેશિત દિશાની ગણતરી કરવાનો છે.
- આ સેન્સર તેના દશ્ય ક્ષેત્રમાં તારાઓને ઓળખીને નિર્દેશિત દિશાની ગણતરી કરે છે. આ સેન્સર સૌપ્રથમ તારાઓની તસવીર લે છે અને તેનો ઉપયોગ અવકાશયાનની દિશા નિર્ધારિત કરવા કરે છે.
- અવકાશયાનની ગતિવિધિને નિયંત્રિત કરવા અને તેને સાચા માર્ગ પર રાખવા આ માહિતી મહત્વપૂર્ણ છે.

## ભારત માટે એરબસ C-295 એ સફળતાપૂર્વક પહેલી ઉડાન પૂર્ણ કરી

- એરબસ C-295 ની સફળ ઉડાન જણાવે છે કે વર્ષ 2023 ની બીજા છ માસમાં તેનુ હસ્તાંતરણ સમયસર થઈ જશે.
- આ પ્રથમ ઉડાન પ્રથમ મેક ઈન ઈન્ડિયા એરોસ્પેસ પ્રોગ્રામ માટે નોંધપાત્ર સિદ્ધિ દર્શાવે છે.




**C-295 હવાઈજહાજ પરિયોજના :**

- ભારતીય સરક્ષણ મંત્રાલય અને એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ કંપની વચ્ચે સપ્ટેમ્બર 2021 માં કરાર કરવામાં અવ્યો છે.
- જેમાં એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ કંપની 56 જેટલા C-295 એરબસ ભારતીય વાયુ સેનાને સોપશે.
- આ સમજૂતી આત્મનિર્ભર ભારતનો એક હેઠળ એક યોજના છે.
- આ કરાર હેઠળ 16 એરબસ સ્પેનથી ભારત મોકલવામાં આવશે જયારે અન્ય 40 એરબસનું નિર્માણ ભારતમાં કરવામાં આવશે.

Banking Academy

- 16 એરબસ સપ્ટેમ્બર 2023 થી 2026 ની વચ્ચે ભારતને હસ્તગત કરવામાં આવશે. જયારે પ્રથમ મેડ ઈન ઈન્ડિયા એરબસ સપ્ટેમ્બર 2026 તેમજ અન્ય 39 ઓગસ્ટ 2031 સુધીમાં હસ્તગત કરવામાં આવશે.
- ભારતમાં આ એરબસનું ઉત્પાદન 'ટાટા એડવાન્સ સિસ્ટમ લિમિટેડ' (TASL) દ્વારા કરવામાં આવશે.
- ટાટા વડોદરામાં મુખ્ય વિનિર્માણ સુવિધા બનાવી રહયુ છે તેમજ ધોલેરામાં એક એરોસ્પેસ અને સંરક્ષણ સંકુલ પણ સ્થાપિત કરશે.
- આ નવુ સંકુલ ભારતની પહેલી ખાનગી ક્ષેત્રની વિમાન નિર્માણ સુવિધા હશે.
- C-295 એરબસ ભારતીય વાયુસેનામાં AVRO હવાઈજહાજનું સ્થાન લેશે.

❖ **C-295**

- તે એક મધ્યમ સામૂહિક પરિવહન વિમાન છે.
- જેની ડિઝાઈન સ્પેનિશ એરોસ્પેસ કંપની CASA દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- તે વિભિન્ન પ્રકારના મિશનોને અસરકારક રીતે પૂર્ણ કરવા સક્ષમ છે.
- તે 71 સૈનિકો અથવા 50 પેરટૂપર્સના સામૂહિક પરિવહન માટે વપરાતુ શ્રેષ્ઠ વિમાન છે.
- હવાઈજહાજનો ઉપયોગ અકસ્માત, આરોગ્ય સ્થળાંતરણ, પેરાટૂપર્સ આપત્તિ રાહત કામગીરી, એરડ્રોપિંગ લોડ તેમજ દરિયાઈ પેટ્રોલિંગમાં થશે.

## ભારત – ઈન્ડોનેશિયા વચ્ચે 'સમુદ્ર શકિત– 2023' યુદ્ધાભ્યાસ કરવામાં આવ્યો



- સમુદ્ર શકિત – 2023 એક નૌસેન્ય દ્વીપક્ષીય અભ્યાસ છે.
- વર્ષ 2023 માં 4 થું સંસ્કરણનું આયોજન ઈન્ડોનેશિયામાં કરવામાં આવ્યું.
- કવાયતનો ઉદ્દેશ્ય બંને દેશોની નૌસેનાઓ વચ્ચે પારસ્પરિકતા, જોડાણ તેમજ સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.
- અભ્યાસમાં ભારતના INT કવારતી, ડોર્નિયર પેટ્રોલ એરક્રાફટ અને ચેતક હેલિકોપ્ટર જોડાશે. જયારે ઈન્ડોનેશિયાના KRI સુલતાન ઈસ્કંદર મુદ્દા, CN-235 મેરિટાઈમ પેટ્રોલ એરક્રાફટ અને AS-565 પેંથર હેલિકોપ્ટર જોડાશે.
- અભ્યાસ કુલ બે ચરણમાં કરવામાં આવશે, હાર્બર ચરણ અને સમુદ્રી ચરણ
- હાર્બર ચરણમાં એક બીજાના યુદ્ધજાહાજોની મુલાકાત, વિશેષ વસ્તુ વિશેષજ્ઞ આદાન–પ્રદાન, ચર્ચા વિચારણાનું આયોજન કરવામાં આવશે.
- સમુદ્રી ચરણમાં હેલિકોપ્ટર સંચાલન, પન્ડુપી વિરોધી યુદ્ધાભ્યાસ, વાયુ રક્ષા અભ્યાસ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.
- ભારતની 'એકટ ઈસ્ટ નીતિ'ના અનુપાલન માટે 'સમુદ્ર શકિત' ની કલ્પના 2018 માં કરવામાં આવી.
- **ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે અન્ય યુદ્ધાભ્યાસ** – ગરુડશકિત (સેના વચ્ચે) અને કોર્પેટ (નૌસેના વચ્ચે).

## યુધ્ધજહાજ મોર્મુગાવ પરથી સ્વદેશી બ્રહ્મોસનું પ્રથમવાર સફળ પરિક્ષણ કરવામાં આવ્યુ

- અરબી સમુદ્રમાં મુંબઈના મઝગાંવ ડોકમાં નિર્મિત યુદ્ધજહાજ INS મોર્મુગાવ પરથી બ્રહ્મોસ મિસાઈલનું પ્રથમવાર સફળ પરિક્ષણ કરવામાં આવ્યુ.
- આ મિસાઈલ સબમરિન, યુદ્ધજહાજ, એરક્રાફટ અને જમીન પરથી લોન્ચ કરી શકાય છે.
- બ્રહ્મોસ મિસાઈલની ગણના દુનિયાની સૌથી ઝડપી સુપરસોનિક મિસાઈલમાં થાય છે. તેની સ્પીડ આશરે 2.8 Mach છે.



- ભારતે આ મિસાઈલની નિકાસ કરવાની પણ શરૂઆત કરી છે. તાજેતરમાં જ ફિલિપાઈન્સ સાથે ત્રણ મિસાઈલ માટે કરાર કરવામાં આવ્યો છે.

❖ **બ્રહ્મોસ મિસાઈલ**

- ભારતના ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) અને રશિયાના NPO મશિનોસ્ટ્રોપેનિયા (NPOM) ના સંયુકત પ્રયાસથી બ્રહ્મોસ મિસાઈલનું નિર્માણ કરવામાં આવ્યુ છે.
- મિસાઈલનું નામ ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કોવા નદીના નામ પરથી રાખવામાં આવ્યુ છે.
- ભારતીય વૈજ્ઞાનિક શિવધાનું પિલ્લાઈને 'ફાધર ઓફ બ્રહ્મોસ' તરીકે ઓળખવામાં આવે છે.
- આ મિસાઈલ હવામાં જ પોતાનો માર્ગ બદલી શકે છે. તેમજ માર્ગ બદલતા લક્ષ્યનો પીછો કરી શકે છે. આ મિસાઈલ 10 મીટરની ઉંચાઈએ ઉડી શકે છે જેથી રડારની પકડમાં આવતી નથી.
- તેની મહત્તમ રેન્જ – 400 કિમી. ગતિ – 2.8 Mac, અને વહનક્ષમતા – 200-300 કિગ્રા છે.

❖ **INS મોર્મુગાવ**

- નવેમ્બર 2022 માં મુંબઈના મઝગાંવ ડોકયાર્ડ ખાતેથી પ્રોજેક્ટ 15B ના ચાર સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર પૈકીના દ્વીતીય યુધ્ધ જહાજ INS મોર્મુગાવને ભારતીય નૌસેનામાં સમાવેશ કરવામાં આવ્યા.
- તેની ડિઝાઈન ભારતીય નૌસેનાના સંગઠન વોરશિપ ડિઝાઈન બ્યુરો દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- મઝગાંવ ડોકશિપબિલ્ડર્સ લિમિટેડ, મુંબઈ દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યુ છે.
- તેની લંબાઈ 163 મીટર અને પહોળાઈ – 17 મીટર છે. જે 7400 ટન જેટલું વજન વહન કરી શકે છે. તેની મહત્તમ ગતિ 30 નોટિકલ માઈલની છે.

## પૂણે ખાતે એશિયાની સૌપ્રથમ સબ – સી સંશોધન પ્રયોગશાળા શરૂ કરવામાં આવી



- પૂણે ખાતે આવેલી MIT- વર્લ્ડ પીસ યુનિવર્સિટી દ્વારા એશિયાની સૌપ્રથમ સબ–સી સંશોધન પ્રયોગશાળા સેંટર ફોર સબ–સી એન્જિનયરીંગ રિસર્ચ (CSER) શરૂ કરવામાં આવી છે.
- આ અત્યાધુનિક પ્રયોગશાળા IIT – વર્લ્ડ પીસ યુનિવર્સિટી અને એકર સોલ્યુશન દ્વારા સંયુકત રીતે તૈયાર કરવામાં આવી છે.
- CSER નો ઉદ્દેશ્ય ઓઈલ અને ગેસ ઉદ્યોગમાં તાલીમ અને શિક્ષણ આપીને તેમાં નવી ક્રાંતિ લાવવાનો છે.
- પ્રયોગશાળા ગેસ અને ઓઈલ ક્ષેત્રમાં સબ–સી એન્જિનયરીંગ સાથે સંકળાયેલ અપતટીય અન્વેષણ અને ઉત્પાદન પર કેન્દ્રિત છે.
- પ્રયોગશાળા વિદ્યાર્થીઓ અને સંશોધકો સબ–સી ઓપરેશનમાં આવતી અડચણોનો વ્યવહારુ અનુભવ કરાવશે.

## અસમમાં પૂર રાહત કવાયત 'જલ રાહત' કરવામાં આવી

- ભારતીય સૈન્યના ગજરાજ કોર્પ્સએ અન્ય આપત્તિ વ્યવસ્થાપન જૂથ સાથે મળીને આસામની માનસ નદી પરના હગ્રામા બ્રિજ નજીક પૂર રાહત કવાયત 'જલ રાહત' નું આયોજન કરાયું.
- આ કવાયતમાં ભારતીય સેના સાથે સશસ્ત્ર સીમા બળ, નેશનલ ડિઝાસ્ટર રિસપોનસ ફોર્સ (NDRF), સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF), ડિસ્ટ્રીક ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (DDMA) તેમજ પોલિસ વિભાગ પણ જોડાયુ હતું.



- **કવાયતનો હેતુ** – કુદરતી આફતો ખાસ કરીને પૂરની પ્રતિક્રિયા માટે ભારતીય સેનાની સજ્જતા અને ક્ષમતાઓનું પ્રદર્શન કરવુ છે.
- તેમાં અસરગ્રસ્ત લોકોને ત્વરીત બચાવ કામગીરી, જરૂરી ચીજવસ્તુ તેમજ તબીબી મદદ વગેરેનું અસરકારક સંકલન કરવામાં આવશે.

❖ **ગજરાજ કોર્પ્સ**

- તેને IV કોર્પ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતીય સેનાને વિવિધ લશ્કરી ક્ષેત્રમાં વિભાજીત કરવામાં આવે છે.
- ગજરાજ કોર્પ્સનું આસાન અને પશ્ચિમ અરૂણાચલ પ્રદેશ લશ્કરી ક્ષેત્ર છે.

## ભારતીય નૌસેનાએ કલવરી શ્રેણીની છઠ્ઠી અને અંતિમ સબમરીન વાગ્શીર લોન્ચ કરી

- ફ્રેન્ચ સ્કોર્પિન શ્રેણીની છઠ્ઠી તેમજ અંતિમ સબમરીન વાગ્શીરને મુંબઈના મઝગાંવ ડોક લિમિટેડ (MOL) ખાતેથી લોન્ચ કરવામાં આવી.
- વાગ્શીર સબમરીનનું એક વર્ષ સુધી સમુદ્રમાં પરિક્ષણ કરવામાં આવશે. આ પરિક્ષણને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી નૌસેનામાં સમાવેશ કરવામાં આવશે.



- INS વાગ્શીરનું નામ હિંદ – મહાસાગરના ઉંડા જળમાં મળતી ઘાતક શિકારી માછલીના નામ પરથી રાખવામાં આવી છે.
- પહેલી 'રશિયાની વાગ્શીર' સબમરીન ભારતીય નૌસેનામાં ડિસેમ્બર 1974 માં સમાવેશ કરવામાં આવી જેને વર્ષ 1997 માં સેવામાંથી નિવૃત્ત જાહેર કરવામાં આવી.
- આ નવી વાગ્શીર સબમરીન તેના જૂના સંસ્કરણનું આધુનિક સ્વરૂપ છે.

❖ **કલવરી શ્રેણી સબમરીન**

- તે સ્કોંર્પિન વર્ગની સબમરિન પર આધારિત સબમરીનનો વર્ગ છે.
- તે ડિઝલ – ઈલેક્ટ્રિક એટેક સબમરિન પ્રકારની છે.

- આ સબમરિન ફ્રાન્સના નેવલ ગ્રુપ સાથે ટેકનોલોજી ટ્રાન્સફર કરાર હેઠળ બનાવવામાં આવી રહી છે. આ કરાર વર્ષ 2005 માં કરવામાં આવ્યો હતો.
- આ શ્રેણીની તમામ છ સબમરીન મુંબઈ સ્થિત મઝગાંવ ડોક શિપબિલ્ડીંગ લિ. (MDL) ખાતે કરવામાં આવશે.

❖ **સબમરીનની વિશેષતાઓ**

- પાણીની અંદર તેમજ સપાટી પર ટોર્પિડો તેમજ ટયુબ લોન્ચ એન્ટિશીપ મિસાઈલથી દુશ્મનો પર હૂમલો કરી શકાશે.
- તે વિવિધ મિશન પાર પાડવા સક્ષમ છે જેમ કે પાણીની સપાટી પર યુદ્ધ, સબમરીન યુદ્ધ, ગુપ્ત માહિતી એકત્રિત કરવી. વિસ્તારની દેખરેખ રાખવી વગેરે.
- કલવરી શ્રેણીની સબમરીનની વર્તમાન સ્થિતિ :
  - INS કલવરી – વર્ષ 2017 થી નૌસેનામાં સામેલ
  - INS ખંડેરી – વર્ષ 2019 થી નૌસેનામાં સામેલ
  - INS કરંન્જ – વર્ષ 2020 થી નૌસેનામાં સામેલ
  - INS વેલા – વર્ષ 2021 થી નૌસેનામાં સામેલ
  - INS વગીર – વર્ષ 2022 થી નૌસેનામાં સામેલ



# 9 રમત-જગત

## એશિયા ચેમ્પિયનશિપમાં ભારતના સાત્વિક સાઈરાજ અને ચિરાગ શેટ્ટીએ બેડમિન્ટન પુરુષ ડબલમાં સૌપ્રથમ ગોલ્ડ જીત્યો

- સાત્વિક અને ચિરાગ પુરુષ ડબલ બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપમાં સુવર્ણ પદક જીતનારી ભારતની સૌપ્રથમ જોડી બની છે.
- ભારતીય જોડીએ એક કલાકથી વધુ ચાલેલી રોમાંચક રમતમાં મલેશિયાની જોડી ઓંગ પૂસિન અને ટીઓ ઈ પીને હરાવી.
- એશિયા ચેમ્પિયનશિપની શરૂઆત વર્ષ 1962 માં થઈ અત્યાર સુધીમાં ભારતે માત્ર એક જ ગોલ્ડમેડલ વર્ષ 1965 માં પુરુષ સિંગલમાં દિનેશ ખન્નાએ જીત્યો હતો.
- બેડમિન્ટન એસોશિએશન ઓફ ઈન્ડિયા દ્વારા બંન્ને સુવર્ણ પદક વિજેતાઓને 20 લાખ ઈનામની જાહેરાત કરી છે.
- આ વર્ષે ટુર્નામેન્ટનું આયોજન દુબઈ, સયુકત આરબ અમીરાતમાં કરવામાં આવ્યુ હતું.



❖ **બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશીપ**

- ચેમ્પિયનશીપની શરૂઆત વર્ષ 1962 માં થઈ હતી.
- વર્ષ 1991 થી વાર્ષિક ધોરણે ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવે છે.
- રમતનું આયોજન બેડમિન્ટન એશિયા દ્વારા કરવામાં આવે છે. જેનુ મુખ્યાલય માલે, માલ્દીવમાં આવેલું છે.

## ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી રમત – 2022 નો લોગો, શુભંકર, મિશાલ, ગીત તેમજ જર્સી લોન્ચ કરવામાં આવ્યુ

- કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા લખનૌ ખાતેથી 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ–2022 (KIUG) ના લોગો, જર્સી, શુભંકર, મિશાલ અને ગીત લોન્ચ કર્યુ.
- KIUG ના લોગોમાં દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશનો સમૃદ્ધ વારસાને દર્શાવવામાં આવ્યો છે.
- KIUG નું શુભંકર બારાસિંઘા છે.
- વર્ષ 2022માં ત્રીજી આવૃત્તિનું આયોજન 23 મે થી 3 જુન સુધી કરવામાં આવશે.
- લખનૌની બાબુ બનારસી દાસ યુનિવર્સિટી ખાતેથી 23 મે ના રોજ ઉદ્દઘાટન સમારોહ યોજાશે.
- આ KIUG ની આવૃત્તિમાં 200 થી વધુ વિશ્વવિદ્યાલયોના 4700 જેટલા રમતવીરો ભાગ લેશે. જે ઓ વિવિધ 21 રમતોમાં ભાગ લેશે.




- KIUG – 2022 રમતનું આયોજન ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌ, ઉપરાંત વારણસી, નોઈડા અને ગોરખપુરમાં થશે.
- શૂટિંગ સ્પર્ધાનું આયોજન નવી દિલ્હીમાં ડો. કરણીસિંહ શૂટિંગ રેન્જ ખાતે કરવામાં આવશે.
- KIUG – 2022 માં સૌપ્રથમ રોઈંગ જેવી વોટર સ્પોર્ટ પણ ઉમેરવામાં આવી છે.

## નીરજ ચોપડાએ ડાયમંડ લીગ – 2023 માં ગોલ્ડ મેડલ જીત્યો

- ડાયમંડ લીગ – 2023 માં નીરજ ચોપરાએ 88.67 મીટર દૂર ભાલો ફેંકીને ગોલ્ડ મેડલ જીત્યો.
- જેમાં ચેક રિપબ્લિકના જેકબ વાડલેચને સિલ્વર મેડલ મળ્યો.
- આ 14 મી લીગનું આયોજન કતરની રાજધાની દોહામાં કરવામાં આવ્યુ હતું
- આ સાથે જ નીરજ સતત બીજો ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય બન્યો. આ અગાઉ તેમણે ડાયમંડ લીગ– 2022 માં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- નીરજ ચોપરાનો આ મેડલ સહિત તેની કારકિર્દીનો સાતમો આંતરરાષ્ટ્રીય ગોલ્ડ મેડલ છે.
- તેમને વર્ષ 2018 માં અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.



- એથ્લેટિકસ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા નિરજ ચોપરાના સન્માનમાં દર વર્ષે 7 ઓગસ્ટના દિવસને જેવલિન થ્રો દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યુ છે.

❖ **ડાયમંડ લીગ**

- આ લીગની શરૂઆત વર્ષ 2010 માં કરવામાં આવી હતી.
- તેમા કુલ 32 રમતોનો સમાવેશ કરવામાં આવે છે.
- ડાયમંડ લીગ અગાઉ વર્લ્ડ એથ્લેટિકસ તરીકે ઓળખાતી હતી.

## ગોલ્ડન ગ્લોબ રેસ પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય અને એશિયન અભિલાષ ટોમી બન્યા



- નિવૃત નેવલ ઓફિસર કમાન્ડર અભિલાષ ટોમી ગોલ્ડન ગ્લોબરેસ 2023 પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય તેમજ એશિયન બન્યા.
- આ રેસ તેમણે 236 દિવસ 14 કલાક અને 46 મિનિટમાં પૂર્ણ કરીને બીજો ક્રમાંક મેળવ્યો.
- દક્ષિણ આફ્રિકાની મહિલા કસ્ટર્ન ન્યુશેફરે આ રેસ 235 દિવસ, 5 કલાક, 44 મિનિટ અને 4 સેકન્ડમાં પૂર્ણ કરી પ્રથમ સ્થાન મેળવ્યુ. તેણી આ રેસ જીતનારી સૌ પ્રથમ મહિલા બની.
- ગોલ્ડન ગ્લોબ રેસ વિશ્વભરની એકલ સઢવાળી રેસ છે. જે 4 સપ્ટેમ્બર 2022 ના રોજ લેસ સેબલ્સડ ઓલોન, ફ્રાન્સથી શરૂ થઈ હતી.
- વર્ષ 2022 ની ગોલ્ડન ગ્લોબ રેસ એ મૂળ સન્ડે ટાઈમ્સ ગોલ્ડન ગ્લોબ રેસની 3 જી આવૃતિ છે.
- સૌપ્રથમવાર આ રેસનું આયોજન વર્ષ 1968-69 માં કરવામાં આવ્યુ હતું.

❖ **અભિલાષ ટોમી**

- અભિલાષ ટોમી સાહસિક, લેખક, પર્યાવરણવાદી, સર્વાઈવલ નિષ્ણાત અને ભારતના સૌથી પ્રખ્યાત ખલાસી છે.
- તેઓ ભારતીય નૌસેનામાં પાયલટ તરીકે કાર્યરત હતા.
- તેમને તેનજીંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડથી 2012 માં સન્માનિત કરવામાં આવ્યા હતા.

## પુરુષોની ભાલા ફેંકમાં નીરજ ચોપડા વિશ્વ નંબર વન ખેલાડી બન્યો

- ટોકયો ઓલંપિક – 2020 ના સુવર્ણ પદક વિજેતા નીરજ ચોપડા તાજેતરમાં પુરુષોની ભાલા ફેંકમાં સૌપ્રથમવાર વિશ્વ સ્તરે પ્રથમ સ્થાન મેળવ્યું આ તેની કારકિર્દીની સૌથી મોટી સિધ્ધી છે.
- નીરજ 1455 અંક સાથે બીજા ક્રમાંકના ખેલાડી એન્ડરસન પીટર્સથી 22 અંક આગળ છે.




❖ **પુરુષ ભાલા ફેંકમાં શીર્ષના 5 ખેલાડી**

- નીરજ ચોપડા (ભારત) – 1455 અંક
- એંડરસન પીટર્સ (ગ્રેનેડા) – 1433 અંક
- જૈકબ વડલેજસ (ચેક ગણરાજ્ય) – 1416 અંક
- જૂલિયન વેબર (જર્મની) – 1385 અંક
- અર્શદ નદીમ (પાકિસ્તાન) – 1306 અંક

❖ **નીરજ ચોપડા**

- તેનો જન્મ 24 ડિસેમ્બર, 1997 માં હરિયાણાના ખંડ્રા ખાતે થયો છે.
- રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ ભારતીય સેનાએ તેમને રાજપૂતાના રાઈફલ્સમાં નાયબ સૂબેદારના પદથી સન્માનિત કર્યો છે.
- વિક્રમી વિજય : – ટોકયો – 2020 – સુવર્ણ પદક
  – વિશ્વ કોમનવેલ્થ – 2022 – સિલ્વર પદક
  – ડાયમંડ લીગ – 2022 – પ્રથમ ક્રમાંક
  – એશિયન રમત – 2018 – સુવર્ણપદક

**નીરજ ચોપડા વિશે....**

- નીરજ ચોપરાનો જન્મ તારીખ 24 ડિસેમ્બર વર્ષ 1997 ના રોજ હરિયાણાના ખાંદ્રા ગામમાં થયો હતો.
- ભારતના યુવા જેવેલિન થ્રોઅર નીરજ ચોપરાએ ટોકયો ઓલિમ્પિક 2020માં જેવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.
- આ સાથે નીરજ ચોપરાએ ઓલિમ્પિકના ઈતિહાસમાં એથ્લેટિકમાં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો. ઓલિમ્પિકમાં આ અગાઉ ભારતે કયારેય 'ટ્રેક એન્ડ ફિલ્ડ' એટલે કે એથ્લેટિકમાં ગોલ્ડ મેડલ જીત્યો ન હતો.
- નીરજ ચોપરાએ જેવેલિન થ્રો (ભાલા ફેંક)ની ઈવેન્ટમાં 87.58 મીટર થ્રો ફેંકી આ ગોલ્ડ મેડલ જીત્યો છે.
- વર્ષ 2008માં અભિનવ બિન્દ્રા એ શુટિંગમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ નીરજ ચોપરા વ્યકિતગત ગોલ્ડ મેડલ જીતનારા બીજા ભારતીય ખેલાડી બન્યા છે.

## શૂટિંગ વર્લ્ડ કપમાં ભારતે પ્રથમવાર મહિલા સ્કિટ ઈવેન્ટમાં બ્રોન્ઝ અને સિલ્વર મેડલ જીત્યા

- કઝાખસ્તાનમાં ચાલી રહેલા શૂટિંગ વર્લ્ડ કપમાં (ISSF) ભારતીય બેટર્સે વર્લ્ડ કપમાં પ્રથમવાર મહિલા સ્કિટમાં 2 મેડલ જીત્યું.
- જેમાં ગનેમત શેંખો ને સ્લિવર મેડલ અને દર્શના રાઠોડ બ્રોન્ઝ મેડલ જીત્યો.
- કઝાકિસ્તાનની અસેમ ઓરિનબે એ ગનેમત શેંખોને 60 શોર્ટની ફાઈનલમાં હરાવીને ગોલ્ડમેડલ જીત્યો.
- પુરુષ સ્કિટમાં ભારતનો કોઈપણ ખેલાડી ફાઈનલમાં આવી શકયો નથી.



**(ISSF) ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન વિશે....**

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | વર્ષ 1907 |
| **વડુમથક** | : | મ્યુનિચ, જર્મની |

Banking Academy

ગુજરાત સરકાર દ્વારા ટૂંક સમયમાં જાહેર થનાર

Class-3 અને GSSSB / GPSSB

# GPSC Class-3

## બિન સચિવાલય | સિ.ક્લાર્ક | હેડ ક્લાર્ક
## તલાટી કમ મંત્રી | જુનિયર ક્લાર્ક

### પ્રીલીમ્સ અને મુખ્ય પરીક્ષાની સંપૂર્ણ તૈયારી

**છેલ્લા 13 વર્ષથી**

- Maths
- Reasoning
- English
- Gujarati

ના શ્રેષ્ઠ ફેકલ્ટીઓ ની Team ધરાવતી સંસ્થા

Then Why Wait!!

GROUP - A GROUP - B

જાહેર થયેલ નવી પરીક્ષા પદ્ધતિ પ્રમાણે સંપૂર્ણ તૈયારી

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો

12th May થી શરૂ

ટૂંક સમયમાં જાહેર થનાર 6000+ થી વધુ જગ્યાઓ

નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555 | સુરત (વરાછા) Ph. : 70464 16555 | સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 10 નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન

## પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલનું નિધન

- પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને અકાલીદળના નેતા પ્રકાશ સિંહ બાદલનું મોહાલીમાં 95 વર્ષની વયે નિધન થયું.
- જન્મ 8 ડિસેમ્બર 1927, માલોટ, પંજાબ ખાતે થયો.
- કેન્દ્ર સરકારે બે દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો.
- પંજાબ સરકારે તેમના સન્માનમાં 27 એપ્રિલને જાહેર રજા જાહેર કરી.




❖ **રાજકીય કારકીર્દી**

- તેઓ સૌપ્રથમ 1957 માં રાજ્ય વિધાનસભામાં ચુંટાયા.
- તેઓ ૧૧ વખત વિધાનસભાના સભ્ય તરીકે ચુંટાયા તેમજ માત્ર બે જ વાર વિધાનસભા સીટ હાર્યા.
- પાંચ વખત મુખ્યમંત્રી તરીકેની ફરજ બજાવી. 1970-71, 1977-80, 1997 -2002, 2007-12, 2012-17
- વર્ષ 1977 માં કેન્દ્રમાં મોરારજી દેસાઈની સરકારમાં કૃષિ મંત્રી તરીકે સેવા બજાવી.
- વર્ષ 2015 માં દેશનો બીજો સર્વોચ્ચ નાગરીક સન્માન પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

## શારજાહ સ્ટેડિયમના વેસ્ટ સ્ટેન્ડનું નામ 'સચિન તેડુલકર' રાખવામાં આવ્યુ

- સચિન તેંડુલકરના 50 માં જન્મદિવસે, શારજાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતેના 'વેસ્ટ સ્ટેન્ડ' નું નામ બદલીને 'સચિન તેંડુલકર સ્ટેન્ડ' રાખવામાં આવ્યું.
- આ વિશેષ સમારોહનું આયોજન સયુંકત રાષ્ટ્ર આમિરાતમાં કરવામાં આવ્યું.
- સચીને કુલ 49 સદીમાંથી સાત સદી માત્ર આ જ મેદાનમાં ફટકારી છે.




❖ **શારજાહ સ્ટેડિયમ**

- તે શારજાહ શહેર, સંયુક્ત રાષ્ટ્ર આમિરાત (UAE) માં આવેલું છે.

## અરવિંદ કુમારના જીવન પર આધારિત 'શબ્દ સારથી અરવિંદ કુમાર' ફિલ્મ બનાવવામાં આવી

- હિન્દી ભાષામાં ભારતનો પ્રથમ સમાનાર્થી શબ્દોનો સંગ્રહ 'સમાંતર કોશ' તૈયાર કરનારા તેમજ થિરોસન મેન તરીકે ઓળખાતા અરવિંદ કુમાર 52'48' મિનિટની દસ્તાવેજી ફિલ્મ બનાવવામાં આવી છે.
- આ દ્વિ ભાષી દસ્તાવેજી ફિલ્મનું નામ શબ્દ સારથી અરવિંદ કુમાર છે.
- આ ફિલ્મનું નિર્દેશન સંજય શર્મા દ્વારા કરવામાં આવ્યું છે અને તેના નિર્માતા મીતાલાલ છે.
- સમાંતર કોશ પ્રકાશિત કર્યા પછી અરવિંદ Lexicon Online તૈયાર કરવા માટે તેમણે હિન્દી ભાષાના ડેટાબેઝને અંગ્રેજી ભાષા સાથે જોડવાનું શરૂ કર્યુ. જેમાં આજે 10 લાખ અંગ્રેજી અને હિન્દી ઉદ્ગારોના સંગ્રહ થયેલો છે.



❖ **અરવિંદ કુમાર**

- જેમનો જન્મ 1930 માં મેરઠ, ઉત્તર પ્રદેશમાં થયો હતો.
- તેણે હિન્દી ફિલ્મ મેગેઝિન 'માધુરી' અને 'રીડર્સ ડાયઝેસ્ટ'ની હિન્દી આવૃતિ સર્વોત્તમમાં પણ કામ કર્યુ.
- તેમણે 20 વર્ષ સુધી સંશોધન કરીને હિન્દી ભાષાના 1,60,000 ઉદ્ગારોનું સંપાદન કરીને આગવી સિધ્ધિ મેળવી છે. નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા 1996 માં તેને પ્રકાશિત કરવામાં આવી.

## રણછોડલાલ રેંટિયાવાળાની 200 મી જન્મજયંતિ




- અમદાવાદ કાપડ ઉદ્યોગના જનક રણછોડલાલ રેંટિયાવાળાની 29 એપ્રિલ 2023 ના દિવસે 200 મી જન્મજયંતિ છે.
  - **કાપડ ઉદ્યોગમાં યોગદાન :**
    - તેમણે સૌપ્રથમ વર્ષ 1852 માં ભરૂચ ખાતે સૂતરના કારખાનાની શરૂઆત કરી.
    - વર્ષ 1859 માં અમદાવાદ ખાતે સ્પિનિંગ એન્ડ વિવિંગ કંપનીની સ્થાપના કરી.
    - વર્ષ 1961 માં અમદાવાદમાં સૌપ્રથમ કાપડ મિલની શરૂઆત કરી હતી. આ સાથે અમદાવાદને 'ભારતના માન્ચેસ્ટર' તરીકે બિરુદ અપાવવા માં નોંધપાં ફાળો આપ્યો.

## પ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિ વર્માની 175 મી જન્મજયંતિ



- ભારતના પ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિવર્માનો જન્મ 29 એપ્રિલ 1848 ના રોજ કેરળના કિલીમનુર ખાતે થયો હતો.
- આ વર્ષે તેમની 175 મી જન્મજયંતિ છે.
- જન્મ જયંતિ ઉજવણી કાર્યક્રમ રાજા રવિ વર્મા હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા બિહાર મ્યુઝિયમમાં કરવામાં આવ્યો.
- આ કાર્યક્રમમાં રાજા રવિવર્મા દ્વારા તૈયાર કરવામાં આવેલ પંચકન્યા (મંદોદરી, દ્રૌપદી, અહલ્યા, સીતા અને તારા) ચિત્રના સીતા આધારીત મોનોડ્રામાને પ્રથમ વખત પ્રદર્શિત કરવામાં આવ્યું.
- આ ફાન્ડેશન દ્વારા વર્ષ 2019 માં સૌપ્રથમ મંદોદરી ત્યારબાદ દ્રૌપદી અને અહલ્યાના પાત્રને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 2023 માં 'સીતા' અને વર્ષ 2024 માં 'તારા' ને પ્રદર્શિત કરી આ શ્રેણીને સમાપ્ત કરવામાં આવશે.
- આ ઉપરાંત ઉજવણી નિમિત્તે ગણેશ શીવસ્વામી દ્વારા લખવામાં આવેલુ પુસ્તક 'રાજા રવિવર્મા એન એવરલાસ્ટીંગ ઈમપ્રીંટ' નું વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે વિમોચન કરવામાં આવ્યુ.
- તેમણે ચિત્રકલાની તાલિમ મદુરાઈના ચિત્રકાર રામાસ્વામી નાયડુ અને નેધરલેન્ડના મશહુર ચિત્રકાર થિયોડોર જેન્સન પાસેથી લીધી હતી.
- ઓઈલ પેઈન્ટનો ઉપયોગ કરનાર પ્રથમ ભારતીય કલાકારોમાં તેમની ગણના થાય છે.
- તેમના ચિત્રમાં પશ્ચિમના ખ્યાતનામ ચિત્રકાર રેમ્બ્રાન્ડની ચિત્રકલાનો પ્રભાવ જોવા મળે છે.
- હાલમાં આપણને ફોટો, પોસ્ટર અને કેલેન્ડરમાં લક્ષ્મી, દુર્ગા, રાધા, કૃષ્ણ અને સરસ્વતી દેવીની જે તસ્વીરો જોવા મળે છે તે મોટા ભાગની રાજા રવિવર્માની કલ્પના શક્તિની જ ઉપજ છે.
- તેઓ પ્રથમ એવા ચિત્રકાર હતા જેમણે હિંદુ દેવી – દેવતાઓને સામાન્ય વ્યકિતઓ જેવા દર્શાવ્યા હતા.
- તેમના પ્રસિધ્ધ ચિત્રોમાં 'નળ અને દમયંતિ', સિતાર વગાડતી સુંદરી, પત્રલેખન કરતી શકુંતલા, હરિશ્ચંદ્ર અને તારામતી, ભૂમિમાં સમાઈ જતા માતા સીતા વગેરેનો સમાવેશ થાય છે.
- તેઓ વર્ષ 1904 માં વાઈસરોય લોર્ડ કર્ઝન દ્વારા 'કેસર – એ – હિંદ' નો એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય કલાકાર બન્યા હતા.
- આ એવોર્ડની પ્રશંસાપત્રમાં તેમના નામની આગળ 'રાજા'ની પદવીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

## ભારતીય સેનાએ પાંચ મહિલા અધિકારીઓનો પોતાની આર્ટિલરી રેજીમેંટમાં સમાવેશ કર્યો



- લેફ્ટનન્ટ મહક સૈની, સાક્ષી દુબે, અદિતી યાદવ, પિયસ મુદ્દગિલ તેમજ આકાંક્ષા, આ પાંચ મહિલા અધિકારીઓએ ચેન્નઈમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીમાં પોતાનું પ્રશિક્ષણ પૂર્ણ કર્યા બાદ સેનાની પ્રમુખ તોપખાના (આર્ટિલરી) એકમોમાં સામેલ થઈ.
- સેનાની માહિતી અનુસાર પાંચ મહિલા અધિકારીમાંથી ત્રણ મહિલાઓને ચીન સાથેની સમી 'વાસ્તવિક નિયંત્રણ રેખા' ના અગ્રિમ મોર્ચા પર તૈનાત કરવામાં આવશે.
- આર્ટિલરી રેજીમેંટ એક પ્રમુખ લડાકુ સહાયક શાખા છે. જે બોફોર્સ હોવિત્ઝર, ધનુષ, M-77 હોવિત્ઝર તેમજ K-9 વ્રજ સ્વ–ચલિત બંદૂક સહિત વિવિધ બંદૂક પ્રણાલિના સંચાલન માટે જવાબદાર છે.

- મહિલા અધિકારીઓને દરેક પ્રકારની પ્રમુખ તોપખાના એકમોમાં તૈનાત કરવામાં આવશે. જયા તેઓને રોકેટ સંભાળવું, ક્ષેત્ર તેમજ સર્વેલન્સ એન્ડ ટાર્ગેટ ઓકિવઝિશન (SATA) પ્રણાલી, સાથે–સાથે મુખ્ય ઉપકરણોને સંભાળવા માટે પર્યાપ્ત પ્રશિક્ષણ અને અનુભવ મેળવશે.
- ભારતીય સેનાના આ કાર્યથી ભારતીય સશસ્ત્ર સેનામાં લૈગિંક સમાનતાને પ્રોત્સાહન મળશે. આ પગલુ સેનાનું લૈગિંક સમાનતા પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવે છે.

**(Indian Army) ભારતીય સેના વિશે....**

| | |
|---|---|
| **સ્થાપના** | : 26 જાન્યુઆરી 1950 |
| **મુખ્યાલય** | : નવી દિલ્હી |
| **મુખ્ય કાર્ય** | : ભૂમિ યુધ્ધની પરિસ્થિતિમાં નેતૃત્વ કરવુ. |
| **આર્મી ચીફ** | : મનોજ પાંડે |
| **આદર્શ વાકય** | : સેવા પરમો ધર્મ : (સંસ્કૃત) |

## વૈશાખ સુદ પૂનમ : બુધ્ધ પૂર્ણિમાં

- દર વર્ષે સમગ્ર વિશ્વમાં વૈશાખી પૂર્ણિમા (સુદ પૂર્ણિમાં) ના દિવસને બુદ્ધ પૂર્ણિમાં અથવા બુદ્ધ જયંતિ તરીકે ઉજવવામાં આવે છે.
- આ જ દિવસે ભગવાન બુદ્ધનો જન્મ, જ્ઞાન પ્રાપ્તિ અને નિર્વાણ થયુ હતું.
- વર્ષ 1999 માં સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા આ દિવસ ઉજવવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને સંયુકત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2000 થી આ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.
- ગૌતમ બુદ્ધનો જન્મ લુમ્બિનીવન, કપિલવસ્તુ નગર વર્તમાનના નેપાળમાં થયો હતો.




- તેમના માતા અને પિતાનું નામ અનુક્રમે માયાદેવી અને શુધ્ધોધન છે.
- તેમના પત્ની અને પુત્રનું નામ અનુક્રમે યશોધરા અને રાહુલ છે.
- તેમણે એક રોગી, એક વૃદ્ધ માળાસ, એક શબ, અને એક સાધુને જોયા ત્યારથી તેમને દુ:ખ, વૃધ્ધાવસ્થા અને મૃત્યુ માનવ માટે બંધનરૂપ લાગ્યા.
- તેમણે માનવજાતીને આ બંધનમાંથી મુક્તિ અપાવવા માટે 29 વર્ષની ઉંમરે સંસારનો ત્યાગ કર્યો હતો. ઈતિહાસમાં આ ઘટનાને મહાભિનિષ્કમણ તરીકે ઓળખવામાં આવે છે.
- તેમનું નિધન 80 વર્ષની વયે કુશીનગર ખાતે થયુ હતુ, તેને મહાપરિનિર્વાણ કહેવામાં આવે છે.

## રવિન્દ્રનાથ ટાગોરની જન્મ જયંતી

- ભારતના રાષ્ટ્રગાન જન ગણ મન... ના રચયિતા અને જાણીતા બંગાળી સાહિત્યકાર રવિન્દ્રનાથ ટાગોરની આ વર્ષે 162 મી જન્મજયંતી છે.
- તેમનો જન્મ 09 મે, 1861 માં કોલકતા ખાતે થયો હતો.
- તેઓ કવિ, ચિત્રકાર, નાટયકાર, સંગીતકાર, નિબંધકાર, તત્વજ્ઞાની, સમાજસુધારક તેમજ કંપોઝર જેવી બહુમુખી પ્રતિભા ધરાવતા હતા.

❖ **તેમના મુખ્ય કાર્યો**

- વર્ષ 1901 માં કોલકાતા ખાતે શાંતિનિકેતન આશ્રમની સ્થાપના કરી હતી. વિશ્વ ભારતી યુનિવર્સિટી તેનો જ એક ભાગ છે.
- શાંતિનિકેતન આશ્રમ UNESCO ની કામ ચલાઉ યાદીમાં સામેલ છે.
- ભારતનું રાષ્ટ્રગાન – 'જન ગણ મન...' તેમજ બાંગ્લાદેશનું રાષ્ટ્રગાન "અમાર સોનાર બાંગલા.." એમ બે દેશોના રાષ્ટ્રગાનની રચના કરનાર એકમાત્ર વ્યકિત હતા.




- વર્ષ 1913 માં ગીતાંજલિ કાવ્યસંગ્રહ માટે સાહિત્ય ક્ષેત્રનો નોબેલ પુરસ્કાર મેળવનાર એશિયાના પ્રથમ વ્યકિત હતા.
- વર્ષ 1915 માં બ્રિટિશ સરકાર દ્વારા 'નાઈટહુડ' નો ખિતાબ આપવામાં આવ્યો હતો. પરંતુ 1919 માં જલિયાંવાલા બાગ હત્યાકાંડના વિરોધમાં તેમણે આ ખિતાબ પરત કર્યો.
- તેમણે ઓલ ઈન્ડિયા રેડિયા (AIR) માટે આકાશવાણી નામ સૂચવ્યું.
- તેમણે બે હજાર કરતા પણ વધારે ગીતોની રચના કરી હતી, જેને હવે રવિન્દ્ર સંગીતના નામે ઓળખવામાં આવે છે.
- ગાંધીજીને 'મહાત્મા'નું બિરુદ તેમજ સુભાષચંદ્ર બોઝને 'દેશ નાયક'નું બિરુદ આપ્યુ હતુ.
- ઝવેરચંદ્ર મેઘાણીનુ લોકગીત 'મન મોર બની થનગનાટ કરે..' મૂળરૂપે રવિન્દ્ર ટાગોરની બંગાળી કવિતા નવી વર્ષામાંથી લેવામાં આવ્યુ છે.

## પ્રથમ ASI ગોવિંદ સ્વરૂપ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ જયંત નારલીકરને આપવામાં આવ્યો

- ધ એસ્ટ્રોનોમિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા (ASI) એ તાજેતરમાં ખગોળશાસ્ત્રના ક્ષેત્રમાં નોંધપાત્ર વ્યકિતઓને સન્માનિત કરવા માટે સૌપ્રથમ ગોવિંદ સ્વરૂપ લાઈફટાઈમ અચીવમેંટ એવોર્ડની શરૂઆત કરી.
- આ સૌપ્રથમ એવોર્ડ જાણીતા ખગોળશાસ્ત્રી જયંત વિષ્ણુ નારલીકરને એનાયત કરવામાં આવ્યો છે.

❖ **પ્રોફેસર જયંત નારલીકર**
- 'ઈન્ટર યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ (IUCAA) ના સ્થાપક રહ્યા છે.
- તેમણે ભારતમાં બ્રહ્માંડ વિજ્ઞાન સંશોધન શરૂ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી, બ્રહ્માંડ અને તેની વિવિધ ઘટનાઓની સમજણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.



❖ **પ્રોફેસર ગોવિંદ સ્વરૂપ**
- ભારતમાં રેડિયો ખગોળશાસ્ત્રના પ્રણેતા તરીકે વ્યાપક પણે ઓળખવામાં આવે છે.
- તેમણે નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોફિઝિક્સ (NCRA) ના સ્થાપક નિયામક, ઊટી રેડિયો ટેલિસ્કોપ (ORT) અને જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ (GMRT) જેવા ગ્રાઉન્ડબ્રેકિંગ પ્રોજેક્ટનું નેતૃત્વ કર્યુ છે.
- તેઓ સ્કવેર કિલોમીટર એરે (SKA) પ્રોજેક્ટના મજબુત સમર્થક રહયા હતા.

## કર્ણાટકના DGP પ્રવિણ સૂદની CBI ના નવા નિર્દેશક તરીકે નિમણૂક થઈ

- કર્ણાટક કેડરના 1986 બેચના ભારતીય પુલિસ સેવા (IPS) અધિકારી પ્રવિણ સૂદને કેન્દ્રીય અન્વેષણ બ્યૂરો (CBI) ના નવા નિદેશક નિયુક્ત કરવામાં આવ્યા છે.
- પ્રવિણ સૂદ વર્તમાન CBI નિર્દેશક સુબોધ જાયસવાલનું સ્થાન લેશે.
- કર્મચારી અને તાલીમ વિભાગે બે વર્ષના સમયગાળા માટે CBI નિર્દેશક તરીકે તેની નિયુકિત કરી છે.



❖ **કેન્દ્રિય અન્વેષણ બ્યૂરો (CBI)**
- તેની સ્થાપના વર્ષ 1963 માં કરવામાં આવી.
- CBI ની સ્થાપના અંગેની ભલામણ ભ્ષ્ટ્રાચાર નિવારણ અંગેની સંથાનામ સમિતિ (1962-64) દ્વારા કરવામાં આવી હતી.
- તે કેન્દ્ર સરકારની મુખ્ય તપાસ એજન્સી છે.
- તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય વહીવટની અખંડિતતા અને વિશ્વસનીયતા જાળવવાનો, ન્યાય સુનિશ્ચિત કરવાનો તેમજ કાયદાના શાસનને જાળવી રાખવાનો છે.
- તે વૈધાનિક સંસ્થા નથી. તે દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ – 1946 માંથી તપાસ માટેની સતા મેળવે છે.

❖ **CBI ના નિદેશકની નિમણૂક :**
- ત્રણ સભ્યોની નિમણૂક સમિતિની ભલામણને આધારે કેન્દ્ર દ્વારા નિમણૂક કરવામાં આવે છે.
- ત્રણ સભ્યોની નિમણૂક સમિતિમાં વડાપ્રધાન, લોકસભા વિરોધ પક્ષના નેતા અને ભારતના મુખ્ય ન્યાયાધીશ અથવા તેમના દ્વારા નામાંકિત સુપ્રીમ કોર્ટના ન્યાયધીશનો સમાવેશ થાય છે.

## ડો. મનોજ સોનીએ યુપીએસસીના અધ્યક્ષ તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા

- ડો. મનોજ સોનીએ સંઘ લોક સેવા આયોગ (UPSC) ના અધ્યક્ષ તરીકે શપથ લીધા.
- તેમને આયોગના વરિષ્ઠ સભ્ય સ્મિતા નાગરાજે શપથ લેવડાવ્યા છે.
- ડો. મનોજ સોની 28 જૂન 2017 ના રોજ કમિશનના સભ્ય બન્યા અને બાદમાં 2022 ના રોજ બંધારણના અનુચ્છેદ 316(A) અનુસાર અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી.
- તેમણે એમએસ યુનિવર્સિટી ઓફ બરોડાના એક ટર્મ માટે અને ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ગુજરાતના બે ટર્મ માટે વાઈસ – ચાન્સેલર તરીકે સેવા આપી હતી.
- તેઓ સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં સૌથી યુવા વાઈસ ચાન્સેલર હતા.




❖ **યુપીએસસી (સંઘ લોક સેવા આયોગ)**
- ભારતના બંધારણના અનુચ્છેદ 315-323 ભાગ XIV, પ્રકરણ II હેઠળ સ્થપાયેલ એક સંવિધાનિક સંસ્થા છે.
- તે ભારતીય પ્રશાસનિક સેવા (IAS), ભારતીય વિદેશ સેવા (IFS) અને ભારતીય પુલિસ સેવા (IPS) સહિત અન્ય અધિકારીઓની પસંદગી માટે સિવિલ સેવા પરિક્ષાનું આયોજન કરે છે.

- આયોગમાં એક અધ્યક્ષ અને મહત્તમ 10 સભ્યો હોઈ શકે છે.
- આયોગના સભ્ય અને અધ્યક્ષની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- તેના અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ છ વર્ષ અથવા 65 વર્ષની ઉંમર, આ બે માંથી કોઈ પણ પૂર્ણ થવા સુધી પદભાર સંભાળી શકે છે.

## ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનને ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરીક સન્માન એનાયત કરવામાં આવ્યો

- ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરને ભારત અને ફ્રાન્સ વચ્ચેના વેપાર સંબંધોને મજબૂત કરવા માટે તેમના યોગદાન બદલ ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરીક પુરસ્કાર 'શેવેલિયર ડે લા લેજીઓન ડી ઓનર' થી આપવામાં આવ્યો છે.




**નટરાજન ચંદ્રશેખરન**

- તેમનો જન્મ વર્ષ 1963 માં તમિલનાડુના મોહનૂરમાં થયો હતો.
- તેઓ ટાટા સન્સ ચેરમેન છે. તે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસના ચીફ ઓપરેટીંગ ઓફિસર (COO) અને એક્સિક્યુટીવ ડિરેક્ટર રહી ચૂકયા છે.
- તેમને વર્ષ 2022 માં 'ભારતભૂષણ'થી સન્માનિત કરવામાં આવ્યા.



# 11 એવોર્ડ અને પુરસ્કાર

## રતનટાટાને ઓસ્ટ્રેલિયાના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.



- ભારતીય ઉદ્યોગપતિ અને ટાટા સન્સના ભૂતપૂર્વ ચેરમેન રતનટાટાને ઓસ્ટ્રેલિયાનો સર્વોચ્ચ નાગરિક સન્માન પુરસ્કાર આપવામાં આવ્યો છે.
- આ સન્માનને ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયા (AO) કહેવામાં આવે છે.
- રતનટાટાને તેમના ઓસ્ટ્રેલિયા – ભારત દ્વિપક્ષીય વેપાર સંબધોમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ આપવામાં આવ્યો છે.
- તેમને ઓસ્ટ્રેલિયા દ્વારા વ્યાપાર, ઉદ્યોગ અને પરોપકારના દિગ્ગજ તરીકે ઓળખવામાં આવે છે.
- **ભારતના વિવિધ સન્માન** – વર્ષ 2008 માં દ્વિતિય ક્રમાંકનો સર્વોચ્ચ પુરસ્કાર પદ્મવિભુષણ અને વર્ષ 2000 માં તૃતીય ક્રમાંકનો સર્વોચ્ચ પુરસ્કાર પદ્મભૂષણ આપવામાં આવ્યા હતાં.

## અર્જુન વાજપાઈ માઉન્ટ અન્નપૂર્ણા સર કરનાર પ્રથમ ભારતીય બન્યા

- ભારતના વ્યવસાયિક પર્વતારોહક અર્જુન વાજ્યાઈ માઉન્ટ અન્નપૂર્ણા–1 શિખર સર કરનાર પ્રથમ ભારતીય વ્યકિત બન્યા.




- અન્નપૂર્ણા – 1 શિખર (8091 મીટર) વિશ્વનો 10 માં ક્રમાંક સૌથી ઉંચો પર્વત છે.
- અર્જુનએ 8000 મીટર થી વધુ ઉંચાઈના 7 પર્વતના શિખરો સર કર્યા છે, આ પ્રકારના રેકોર્ડ બનાવનાર પ્રથમ ભારતીય બન્યા.
- પર્વત અન્નપૂર્ણા વિશ્વના 8000 મીટરની ઉંચાંઈના 14 પર્વતોમાં સૌથી વધારે ખતરનાક છે.
  - ❖ **અર્જૂન વાજપાઈ**
    - તેનો જન્મ 9 જૂન 1993 માં મુંબઈ, મહારાષ્ટ્રમાં થયો.
    - તેમને ફિટ ઈન્ડિયા ચેમ્પિયનનું બિરુદ આપવામાં આવ્યું છે.
    - અર્જુન માઉન્ટ એવરેસ્ટ ચઢનાર સૌથી યુવા પર્વતારોહકમાંથી એક છે.
    - તેણે માઉન્ટ એવરેસ્ટ, માઉન્ટ લોત્સે, માઉન્ટ મકાલુ, માઉન્ટ કંચનજંગા, માઉન્ટ મન્સાલુ, અને માઉન્ટ ચો– ઓપુને સર કર્યા છે.
  - ❖ **અન્નપૂર્ણા પર્વત**
    - તે ઉત્તર – મધ્ય નેપાળની અન્નપૂર્ણા પર્વતમાળામાં આવેલું છે.
    - તે સમુદ્રની સપાટીથી 8091 મીટરની ઉંચાઈ સાથે વિશ્વનો દસમાં ક્રમાંકનો સૌથી ઉંચો પર્વત છે.
    - આ શિખર સર કરવો ઘાતક હોવાને કારણે તેને 'કિલર માઉન્ટેન' તરીકે પણ ઓળખાય છે.

## IIT બોમ્બેની 'શૂન્ય' ટીમે અમેરિકામાં 'સોલાર ડિકેથલોન બિલ્ડ ચેલેન્જમાં બીજુ સ્થાન મેળવ્યુ

- ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી (IIT- બોમ્બે) ની SHUNYA (Sustainable Housing For Urbanizing Nation by Its Young Aspriants) ટીમે અમેરિકામાં યોજાતી 'સોલાર ડિકેથલોન' બિલ્ડ ચેલેન્જમાં બીજુ સ્થાન મેળવ્યું.
- SHUNYA ને આ સ્થાન મુંબઈમાં હવા પ્રદૂષણની સમસ્યાના સમાધાનરૂપે 'શૂન્ય ઉર્જા ઘર' ને તૈયાર કરવા બદલ આપવામાં આવ્યુ.




- SHUNYA એ IIT બોમ્બેની વિદ્યાર્થી સંચાલિત તકનીકી ટીમ છે જે ટકાઉ ભવિષ્યના નિર્માણ માટે કાર્ય કરે છે.
- વિશ્વની કુલ 32 ટીમોમાંથી આ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરતી એક માત્ર ટીમ હતી.
- આ ટીમમાં IIT બોમ્બેની અલગ – અલગ 16 શાખાઓ જેમકે એન્જિનયરીંગ, આર્કિટેક, મેનેજમેન્ટ.. વગેરેના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.
  - ❖ **શૂન્ય ઉર્જા ઘર**
    - ટીમ દ્વારા વિકસિત ઘરમાં 14 KW સોલાર PV પ્લાન્ટ સાથે આધુનિક ઈન હાઉસ ઓટોમેશન સિસ્ટમ છે.

- આ સિસ્ટમમાં વાતાવરણમાં રહેલા ભેજને દૂર કરવાની ક્ષમતા છે જે દરિયાકાંઠાની આબોહવાને અનુકુળ છે.
- આ ઘરમાં અફિશિયન્સી ફિકસર, રિસાયકલીંગ સિસ્ટમ તેમજ રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમની મદદથી 80% પાણીની બચત થશે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા 37 વીરતા પુરસ્કાર આપવામાં આવ્યા

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, સશસ્ત્ર સેનાના સર્વોચ્ચ કમાન્ડર દ્વારા નવી દિલ્હી ખાતે સશસ્ત્ર દળોને, કેન્દ્રીય સશસ્ત્ર પોલિસ બળ તેમજ રાજય /કેન્દ્ર શાસિત પ્રદેશોના કર્મીઓને પુરસ્કાર આપવામાં આવ્યો.
- કુલ 37 પુરસ્કારોમાંથી પાંચ મરણોપરાંત સહિત આઠ કિર્તી ચક્ર છે. તેમજ પાંચ મરણોપરાંત સહિત 29 શોર્યચક્ર આપવામાં આવ્યા છે.



### ❖ કિર્તી ચક્ર અને શોર્ય ચક્ર

- તે શાંતિ સમયનો બીજા ક્રમાંકનો સર્વોચ્ચ શોર્ય પુરસ્કાર છે, અને પ્રથમ ક્રમાકે અશોક ચક્ર છે.
- તે યુદ્ધ ક્ષેત્રથી દુર બહાદૂરી પૂર્વક કાર્યવાહી તેમજ આત્મબલિદાન માટે આપવામાં આવે છે.
- સામાન્ય નાગરીક તેમજ સેના સાથે સંકળાયેલ કર્મચારીઓને (મરણોપરાંત સહિત) આપવામાં આવે છે.
- આ પુરસ્કારની શરૂઆત સૌપ્રથમવાર 1952 માં આપવામાં આવ્યા હતા.
- શોર્ય શાંતિ સમયનો ચક્ર ત્રીજા ક્રમાંકનો સર્વોચ્ચ શોર્ય પુરસ્કાર છે.
- જયારે યુદ્ધક્ષેત્રના સર્વોચ્ચ શોર્ય પુરસ્કારોમાં પ્રથમ ક્રમાંકે પરમવીર ચક્ર, બીજા ક્રમાકે મહાવીર ચક્ર અને ત્રીજા ક્રમાકે વીર ચક્ર આપવામાં આવે છે.

## લોરેસ વર્લ્ડ સ્પોર્ટ એવોર્ડ – 2023 સમારોહનું આયોજન કરવામાં આવ્યું

- લોરેસ વર્લ્ડ સ્પોર્ટ એવોર્ડનું વર્ષ 2020 બાદ પહેલીવાર રૂબરૂમાં આયોજન કરવામાં આવ્યું.
- આ સન્માન સમારોહનું આયોજન ફ્રાન્સના પેરિસ ખાતે કરવામાં આવ્યું.




- આ પુરસ્કાર વર્ષમા સૌથી શ્રેષ્ઠ અને પ્રેરણાદાયી વિજયને સન્માનિત કરવામાં આવે છે.
- સૌપ્રથમ આ સન્માન સમારોહ વર્ષ 2000 માં કરવામાં આવ્યો હતો.
- ગોલ્ફ સાથે સંકળાયેલ અમેરિકન ખેલાડી ટાઈગર વુડ આ પુરસ્કારનો સૌપ્રથમ વિજેતા છે.
- આ પુરસ્કારને રમત – ગમત ક્ષેત્રનો 'ઓસ્કાર' ગણવામાં આવે છે.

### ❖ વિવિધ શ્રેણીમાં વિજેતાઓની યાદી

- લોરેસ વર્લ્ડ સ્પોર્ટમેન ઓફ ધ યર – લિયોનલ મેસ્સી (આર્જેન્ટિના) (ફૂટબોલ)
- લોરેસ વર્લ્ડ સ્પોર્ટ વુમન ઓફ ધ યર – શૈલી – એન ફ્રેઝર પ્રાઈસ (જમૈકા) (એટલેટ)
- લોરેસ વર્લ્ડ ટીમ ઓફ ધ યર – આર્જેન્ટિનાની પુરુષ ફૂટબોલ ટીમ
- લોરેસ વર્લ્ડ કમબેક ઓફ ધ યર – કિશ્ચિયન અરિકસન (ડેનમાર્ક) (ફૂટબોલ)
- લોરેસ વર્લ્ડ બ્રેક થ્રુ ઓફ ધ યર અ કાર્લોસ અલ્કારાઝ (સ્પેન) (ટેનિસ)
- લોરેસ વર્લ્ડ એકશન સ્પોર્ટપર્સન ઓફ ધ યર : ઈલીન ગુ (ચીન) (ફ્રી સ્ટાઈલ સ્કીઈંગ)
- લિયોનલ મેસ્સી એક જ વર્ષમાં વર્લ્ડ સ્પોર્ટમેન ઓફ ધ યર એવોર્ડ અને વર્લ્ડ ટીમ ઓફ ધ પર એવોર્ડ બંને મેળવનાર પ્રથમ ખેલાડી બન્યો.

## મુંબઈ ખાતે 68 માં ફિલ્મફેર એવોર્ડ – 2023 નું આયોજન કરવામાં આવ્યું

- મુંબઈના Jio વર્લ્ડ કન્વેન્શનલ સેન્ટર ખાતે હ્યુન્ડાઈ ફિલ્મફેર એવોર્ડ – 2023 ની 68 મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતું.
- આ વર્ષે સમારોહની સહયજમાની સલમાનખાન, આયુષ્યમાન ખુરાના અને મનીષ પોલ દ્વારા કરવામાં આવી છે.
- પુરસ્કાર મહારાષ્ટ્ર સરકારના મહારાષ્ટ્ર પર્યટન સાથેના સહયોગથી આપવામાં આવ્યા હતા.

### ❖ ફિલ્મફેર પુરસ્કારના મુખ્ય વિજેતા

- સર્વશ્રેષ્ઠ ફિલ્મ – ગંગુબાઈ
- સર્વશ્રેષ્ઠ અભિનેત્રી – આલિયા ભટ્ટ (ગંગુબાઈ)
- સર્વશ્રેષ્ઠ અભિનેતા – રાજકુમાર રાવ (બધાઈ હો)
- સર્વશ્રેષ્ઠ નિર્દેશક – સંજય લીલા ભણસાલી (ગંગુબાઈ)
- લાઈફટાઈમ અચીવમેંટ પુરસ્કાર – પ્રેમ ચોપડા

Banking Academy




- સર્વશ્રેષ્ઠ પાર્શ્વ ગાયક (પુરુષ) – અરિજીત સિંહ (કેસરીયા)
- સર્વશ્રેષ્ઠ પાર્શ્વ ગાયિકા (મહિલા) – કવિતા સેઠ (રંગિસરી)
- સર્વશ્રેષ્ઠ ડેબ્યુ અભિનેતા – અંકુશ ગેડામ (જુંડ)
- સર્વશ્રેષ્ઠ ડેબ્યુ અભિનેત્રી – એંડ્રિયા (અનેક)
- સર્વશ્રેષ્ઠ ડેબ્યુ નિર્દેશક – જસપાલ સિંહ સંધુ અને રાજીવ વર્ણવાલ (વધ)
- આગામી સંગીત પ્રતિભા માટે આર.ડી. બર્મન પુરસ્કાર – જાનવી શ્રીમંકર ઢોલિડા ગીત ગંગુબાઈ કાઠિયાવાડી.

❖ **ફિલ્મફેર પુરસ્કાર**

- પુરસ્કારની શરૂઆત વર્ષ 1954 માં કરવામાં આવી.
- હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં કલાત્મક એ તકનીકી સિદ્ધિઓને માન્યતા આપવા માટે 'ધ ટાઈમ્સ ગ્રુપ' દર વર્ષે ફિલ્મફેર પુરસ્કાર રજૂ કરે છે.
- આ પુરસ્કાર સૌથી જૂના અને સૌથી અગ્રણી સિનેમા સન્માનમાંથી એક છે.
- વર્ષ 1954 માં સૌપ્રથમ ફિલ્મફેર પુરસ્કારમાં સર્વશ્રેષ્ઠ સિનેમા – 'હો બીઘા જમીન', સર્વશ્રેષ્ઠ અભિનેતા દિલિપ કુમાર ( દાગ), સર્વશ્રેષ્ઠ અભિનેત્રી – મીના કુમારી (બૈજુ બાવરા) નો સમાવેશ થાય છે.

## 31 કલાકારોને ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા



- ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા પેઈન્ટીંગ, શિલ્પકલા અને છબીકલાના કલાકારો માટે ગૌરવ પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો.
- રાજ્ય સરકાર દ્વારા વિશેષ કાર્યક્રમ યોજીને ૫૧ હજારનો પુરસ્કાર, શાલ અને તામ્રપત્ર વડે સન્માનિત કરવામાં આવ્યા.
- પેઈન્ટીંગ, શિલ્પકલા અને છબીકલા ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનારા ગુજરાતના 31 કલાકારોને ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો.
- આ વર્ષે 2016-17, 2017-18, 2018-19 તથા 2019-20 ની પુરસ્કાર યાદી જાહેર કરી છે.

## પી.એમ. નરેન્દ્ર મોદીને ફિજી તેમજ પાપુઆ ન્યુ ગિનીના સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજવામાં આવ્યા

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ત્રીજા The Forum for India-Pacific Islands Cooperation (FIPIC) સંમેલનમાં ભાગ લેવા માટે તેમની પાપુઆ ન્યુ ગિનીની મુલાકાત દરમિયાન સન્માનિત કરવામાં આવ્યા.



- નરેન્દ્ર મોદીને તેમના ફિજીયન સમકક્ષ સિટવેની રાબુકા દ્વારા તેમના વૈશ્વિક નેતૃત્વ માટે "ધ કમ્પેનિયમ ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી" સન્માન આપવામાં આવ્યુ છે.
- આ સન્માન બિન – ફિજીયન માટે દુર્લભ છે.
- જ્યારે પાપુઆ ન્યુ ગિનીનું 'The Grand Companion of the Order of Logohu' (GCL) સર્વોચ્ચ સન્માન આપવામાં આવ્યુ.
- આ સન્માન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પેસિફિક ટાપુ રાષ્ટ્રોની એકતા માટેના પ્રયાસ બદલ આપવામાં આવે છે.

### ફિજી પ્રજાસત્તાક વિશે....

**રાજધાની** : સુવા
**ચલણ** : ફિજીયન ડોલર
**વડાપ્રધાન** : સિટીવેની રાબુકા

- તે દક્ષિણ પેસિફિક મહાસાગરમાં લગભગ 300 ટાપુઓનાં સમુહનો દેશ છે.

### પાપુઆ ન્યુગિની વિશે....

**રાજધાની** : પોર્ટ મોરેસ્બી
**ચલણ** : કીના
**વડાપ્રધાન** : જેમ્સ મારાપે

- તે દક્ષિણ પેસિફિક મહાસાગરમાં આવેલો ટાપુ દેશ છે.

## 'ટાઈમ શેલ્ટર' પુસ્તકના લેખકને ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ – 2023 મળ્યો

- પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર – 2023 બલ્ગેરિયન લેખક જ્યોર્જી ગોસ્પોડિનોવ અને અનુવાદક એન્જેલા રોડલને તેમની નવલકથા 'ટાઈમશેલ્ટર' માટે એનાયત કરવામાં આવ્યો.
- 'ટાઈમ શેલ્ટર' બુલ્ગેરિયન ભાષાનું સૌપ્રથમ પુસ્તક કે જેણે ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ – 2023 મેળવ્યો.




**❖ 'ટાઈમ શેલ્ટર'**

- આ પુસ્તક વર્ષ 2020 માં બલ્ગેરિયન ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યુ હતું.
- તેમા ભૂતકાળ માટે કિલનિક' ની કલ્પના કરવામાં આવી છે. જે ભૂતકાળને ફરીવાર જીવિત બનાવશે.
- આ પુસ્તકનો ઉદ્દેશ્ય ડિમેંશિયા (મનોભ્રંશ) થી પીડાઈ રહેલા દર્દીઓને તેની યાદો ફરી તાજા કરવામાં મદદરૂપ કરશે, જે પોતાના ભૂતકાળને ભૂલી ચૂકયા છે.
- આ પુસ્તકનો 25 વિવિધ ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો છે.

**❖ આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર**

- પહેલા મેન બુકર પુરસ્કાર તરીકે ઓળખાતો પુરસ્કાર યુનાઈટેડ કિંગ્ડમમાં આપવામાં આવતો સાહિત્યિક પુરસ્કાર છે.
- તેને દર વર્ષે એક પુસ્તકને આપવામાં આવે છે જેનુ અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં આવ્યુ હોય અને યુનાઈટેડ કિંગ્ડમ અથવા ભાષાંતર કરવામાં આવ્યુ હોય અને યુનાઈટેડ કિંગ્ડમ અથવા આયર્લેન્ડમાં પ્રકાશિત કરવામાં આવ્યુ હોય.
- વિજેતાને 50,000 પુરોનું પારિતોષિક મળે છે જે મૂળલેખક અને અનુવાદક વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવે છે.
- આ પુરસ્કારનો પ્રારંભ વર્ષ 2005 માં કરવામાં આવ્યો હતો.

Banking Academy

ખાખીની ખુમારી... ખાખીની ખુમારી... ખાખીની ખુમારી...

# પોલીસ કોન્સ્ટેબલ



# PSI/ASI

ની તૈયારી કરો હવે આપના વિસ્તારમાં

## ઉધના

(Sosyo Circle - HO)

ટૂંક સમયમાં જાહેર થનાર 8000 થી વધુ જગ્યાઓની ભરતી



Govt. Jobs

- સામાન્ય જ્ઞાન
- Maths
- Reasoning
- કાયદો

જેવા વિષયોની સંપૂર્ણ મટીરિયલ્સ સાથે વિશેષ તૈયારી

- Weekly Test
- Full Day Faculty
- All Day Reading
- Facilities

Join New Class

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો

## 12th June થી શરૂ

GPSC | તલાટી | બિન સચિવાલય | TET/TAT

જેવી તમામ પરીક્ષાઓની તૈયારી આજે જ શરૂ કરો

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | સુરત (કતારગામ) |
|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 31555 |

# 12 મહત્વના દિવસો

## 1 - મે : ગુજરાત રાજ્યનો 63 માં સ્થાપના દિવસની ઉજવણી




- દર વર્ષે 1 મે ના રોજ ગુજરાત સ્થાપના દિવસ અથવા ગુજરાત ગૈરવ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષની ઉજવણી જામનગર ખાતે કરવામાં આવી છે.
- ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા 12 ફૂટ ઉંચી મહારાણા પ્રતાપની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.
- આ પ્રસંગે જામનગરમાં અદ્યતન તથા પુરાતન શસ્ત્રોનું પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું.
- 'નમોસ્તુતે નવાનગર' નામે ભવ્ય મલ્ટીમીડિયા શો રજૂ કરવામાં આવ્યો જેમાં જામનગરની સ્થાપનાથી લઈને શહેરનો ઈતિહાસ, ભૂચરમોરી યુદ્ધ સહિત જામનગરના સાંસ્કૃતિક અને સાહિત્યિક ચેતનાને ઉજાગર કરતા દ્રશ્યો જોવા મળશે.

❖ **ગુજરાતની સ્થાપનામાં મહાગુજરાત આંદોલનની ભૂમિકા**

- 'મહા ગુજરાત' શબ્દ કનૈયાલાલ મુનશી દ્વારા આપવામાં આવ્યો.
- 17 જાન્યુઆરી 1956 ના રોજ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ જાહેરાત કરી કે સૌરાષ્ટ્ર સહિતનું ગુજરાત વિદર્ભ સહિતનું મહારાષ્ટ્ર, શેષ ગુજરાત અને મુંબઈ શહેર અલગ થશે.
- વડા પ્રધાનની તે જાહેરાતથી મુંબઈમાં તોફાનો ફાટી નીકળ્યા.
- વર્ષ 1952 માં મહાગુજરાત સીમા પરિષદની રચના ભાઈલાલભાઈ પટેલના પ્રયાસોથી કરવામાં આવી જેના અધ્યક્ષ હિંમતલાલ શુકલ હતા.
- 18 ઓગસ્ટ 1956 ના રોજ અમદાવાદની લો કોલેજના વિદ્યાર્થી સ્વયંભૂ હડતાળ પાડી સરઘસો કાઢતાં પોલીસ ગોળીબારમાં પૂનમચંદ, કૌશિક વ્યાસ, સુરેશ ભટ્ટ, અબ્દુલભાઈ પીરભાઈ ડી.જી. ઠારા સ્વામી એમ કુલ પાંચ વિદ્યાર્થીઓ શહિદ થયા.
- પોલીસ ગોળીબારની તપાસ માટે વામનરાવ ધોળકીયાની અધ્યક્ષતામાં 'ધોળકિયા પંચ' નિમવામાં આવ્યું.
- કોંગ્રેસ વિરુદ્ધ આંદોલન ચલાવા આ આંદોલન ચલાવવા માટે રાજકીય પક્ષોએ 9 સપ્ટેમ્બર, 1956 ના રોજ ઈન્દુલાલ યાજ્ઞિક ની અધ્યક્ષતા હેઠળ 'મહાગુજરાત જનતા પરિષદ'ની રચના થઈ.
- લાંબા સંઘર્ષ બાદ 24 ફેબ્રુઆરી 1960 ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપનાની જાહેરાત નવી દિલ્હી ખાતે મોરારજી દેસાઈ દ્વારા કરવામાં આવી.
- નવનિર્મિત ગુજરાત રાજ્યનું ઉદ્ઘાટન અમદાવાદના સાબરમતી આશ્રમ ખાતે રવિશંકર મહારાજના વરદ્ હસ્તે કરવામાં આવ્યુ હતું તેમજ મહારાષ્ટ્ર રાજ્યનું ઉદ્ઘાટન જવાહરલાલ નેહરુ દ્વારા કરવામાં આવ્યું હતું.

## 1 - મે : આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ (International Labour Day)




- પ્રતિ વર્ષ 1 મે ના રોજ આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ (International Labour Day) ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વભરમાં શ્રમિકોના અધિકાર અને સન્માન જળવાઈ રહે તે માટે પ્રયત્નો કરવાનો છે.
- વર્ષ 1889 માં અમેરિકા ખાતે આંતરરાષ્ટ્રીય સમાજવાદી સંમેલનની બીજી બેઠકમાં 1 મે ના રોજ આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યો હતો.
- ભારતમાં વર્ષ 1923 થી 1 મે ના રોજ આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ ઉજવામાં આવે છે.
- ભારતમાં શ્રમિક દિવસ ઉજવવાની શરૂઆત લેબર કિસાન પાર્ટી ઓફ હિન્દુસ્તાનના નેતા કોમરેડ સિંગારાવેલુ ચેટ્ટીપારે કરી હતી.

## 2 - મે : વિશ્વ અસ્થમા દિવસ




- વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની સહયોગી સંસ્થા ગ્લોબલ ઈનિશિએટીવ ફોર અસ્થમાં (GINA) દ્વારા દર વર્ષે મે મહિનાના પ્રથમ મંગળવારે વિશ્વ અસ્થમાં દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ : 'Asthama Care for All'
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વભરના લોકોમાં અસ્થમાં , તેના લક્ષણો અને તેની સારવાર વિશે જાગૃતિ લાવવાનો છે.
- વર્ષ 1998 માં બાર્સેલોન, સ્પેનમાં આયોજીત પ્રથમ વિશ્વ અસ્થમાં મીટીંગ સાથે 35 થી વધુ દેશોમાં 'વિશ્વ અસ્થમાં દિવસ ઉજવવામાં આવ્યો હતો.
- અસ્થમાના લક્ષણો : ખાંસી આવવી, છાતીમાં દુખાવો કે ભારે લાગવુ, શ્વસનનળીમાં અવાજ આવવો, થાક લાગવો, શ્વાસ લેવામાં તકલીફ થવી.
- અસ્થમાની કોઈ ચોક્કસ સારવાર નથી પરંતુ નિયમિત કાળજી દ્વારા તેના લક્ષણોને નિયંત્રિત કરી શકાય છે.

## 3 - મે : વિશ્વ પ્રેસ સ્વાતંત્ર્ય દિવસ (World Press Freedom Day)




- દર વર્ષે 3 મે ના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ (World Press Freedom Day) ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Shaping a future of Rights : Freedom of Expression as driver for all other human Rights"
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય પ્રેસની સ્વતંત્રતા અંગે વિશ્વમાં લોક જાગૃતિ લાવવાનો અને પ્રેસની સ્વતંત્રતાની રક્ષા કરતા મૃત્યુ પામેલા પત્રકારોને શ્રધ્ધાંજલિ આપવાનો છે.
- યુનેસ્કો (United Nations Educational, Scientific and Cultural Organization – UNESCO) ની ભલામણથી સંયુકત રાષ્ટ્ર (UN) દ્વારા 3 મે, 1993 ના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.

## 4 - મે : આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ (International Firefighter day)




- દર વર્ષે સમગ્ર વિશ્વમાં 4 મે ના રોજ આંતરરાષ્ટ્રીય અગ્નિ શામક દિવસનું આયોજન કરવામાં આવે છે.
- વર્ષ 199 માં ઓસ્ટ્રેલિયાના વિકટોરિયા સ્થિત લિંટનના જંગલમાં આગ લાગી ત્યારે આ આગને બુજાવવા ગયેલા અગ્નિશામક ટીમના 5 સભ્યોના મૃત્યુ થયા હતા.
- તેમના આ બલિદાન અને બહાદુરીના સન્માનમાં દર વર્ષે 4 મે ના રોજ આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ સૌ પ્રથમ વખત વર્ષ 1999 માં ઉજવવામાં આવ્યો હતો.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય અગ્નિશામકોના કાર્યોને સન્માનિત કરવાનો અને તેમના બલિદાન પ્રત્યે લોક જાગૃતિ લાવવાનો છે.

## 8 - મે : આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ (International Thalassemia Day)




- દર વર્ષે 8 મે ના રોજ આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Be Aware, Share, Care : Strengtheming Education to Bride the Thalassaemia Care Gap
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય થેલેસેમિયા જેવી આનુવંશિક બિમારી અંગે લોકજાગૃતિ લાવવાનો છે.
- આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા ફેડરેશન દ્વારા વર્ષ 1994 થી 8 મે ના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે.

❖ **થેલેસેમિયા**
- તે એક આનુવંશિક રકતવિકાર રોગ છે.
- તેમાં શરીરમાં લાલ રકતકણ અને હિમોગ્લોબિન ઓછુ થઈ જાય છે.
- લક્ષણો : નખ અને જીભ કાળા થવા, વિકાસ અટકી જવો, વજન ન વધવું, કુપોષણ, શ્વાસ લેવામાં તકલીફ, થાક રહેવો, પેટ પર સોજો આવવો.

## 11 - મે : રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ (National Technology Day)

- દર વર્ષે 11 મે ના રોજ રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ “School to Startup : Igniting Young Minds to Innovate”
- દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય દેશના વિકાસ માટે વૈજ્ઞાનિકો અને ઈજનેરોએ આપેલ અમૂલ્ય યોગદાનને બિરદાવવાનો તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે દેશના યુવાનોમાં અભિરુચિ લાવવાનો છે.




- વર્ષ 1998 માં કરવામાં આવેલ સફળ પરમાણુ પરિક્ષણ પોખરણ – 2 ની યાદમાં ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા 11 મે, 1999 ની ‘રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ’ તરીકે ઉજવણી કરી હતી.
- પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી દ્વારા ‘રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ’ ના 25 માં વર્ષની ઉજવણી નિમિત્તે નવી દિલ્હીના પ્રગતિમેદાન ખાતે વિશેષ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

❖ **ભારત દ્વારા કરવામાં આવેલ પરમાણુ પરીક્ષણ**
- 18 મે 1974 માં વડાપ્રધાન ઈન્દિરાગાંધી તેમજ તેમના સલાહકાર અને ભારતના પરમાણુ કાર્યક્રમના જનક રાજા રમન્ના ના નેતૃત્વમાં રાજસ્થાનનો પોખરણ ખાતે કરવામાં આવ્યુ હતું. તેને સ્માઈલિંગ બુધ્ધા નામ આપવામાં આવ્યું.
- બીજુ પરિક્ષણ 11 થી 13 મે 1998 દરમિયાન કરવામાં આવ્યું. તેને ઓપરેશન શકિત નામ આપવામાં આવ્યું.

## 12 - મે : આંતરરાષ્ટ્રીય પરિચારિકા દિવસ (International Nurses Day)

- દર વર્ષે 12 મે ના રોજ આંતરરાષ્ટ્રીય પરિચારિકા દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ ‘Our Nurses, Our Future’ છે.
- આ દિવસ ઉજવણીનો ઉદ્દેશ્ય વિશ્વમાં સ્વાસ્થ્ય પરિચારિકાના નોંધનીય યોગદાન અંગે લોકજાગૃતિ લાવવાનો છે.




- વર્ષ 1965 માં આંતરરાષ્ટ્રીય પરિચારિક પરિષદ (International Council of Nurses – ICN) દ્વારા 12 મે ના રોજ સૌપ્રથમ વાર આ દિવસ ઉજવવામાં આવ્યો હતો.
- ઈટાલીયન નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલ (Florence Nightingale) ક્રિમિયાના યુદ્ધમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ તેમની યાદમાં તેમના જન્મદિવસ 12 મે ના રોજ આ દિવસ મનાવવામાં આવે છે.
- વર્ષ 1974 માં સંયુકત રાષ્ટ્ર દ્વારા આ દિવસને મંજૂરી આપવામાં આવી હતી.

## 15 - મે : આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ (International Day of Families)

- દર વર્ષે 15 મે ના રોજ આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ (International Day of Families) ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ “Demographic trends and Families”
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય લોકોમાં ‘વસુધૈવ કુટુમ્બકમ’ (સમગ્ર વિશ્વ એક પરિવાર) ની ભાવના ઉજાગર કરવાનો અને સંયુક્ત પરિવારનું મહત્વ તેમજ જીવનમાં પરીવારની જરૂરીયાત અંગે જાગૃતિ લાવવાનો છે.




- સંયુકત રાષ્ટ્ર (UN) ની સામાન્ય સભાએ 9 ડિસેમ્બર 1989 ના રોજ પરિવાર દિવસ ઉજવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. ત્યાર બાદ વર્ષ 1993 માં UN દ્વારા 15 મે ને આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી.
- વર્ષ 1994 માં સૌપ્રથમવાર આ દિવસ ઉજવવામાં આવ્યો.

## 16 - મે : રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (National Dengue Day)




- ભારતમાં દર વર્ષે 16 મે ના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (National Dengue Day) ને ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય દેશમાં વધતા ડેન્ગ્યુના કેસને ધ્યાનમાં લઈ તેને નિયંત્રણમાં લાવવા માટે લોકજાગૃતિ લાવવાનો છે.
- આ દિવસ ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વર્ષ 2016 થી ઉજવવામાં આવે છે.
  - ❖ **ડેન્ગ્યુ**
  - તે એક મચ્છરજન્ય રોગ છે. જે એડિસ ઈજિપ્ત (Aedes Aegypti) નામના મચ્છર કરડવાથી ફેલાઈ છે.
  - તે દિવસે કરડતા હોવાથી તેને ડે બાઈટર તરીકે પણ ઓળખાય છે.
  - તે આર્બોવાઈરસ ગ્રુપનો ફલેવી વાઈરસથી થતો રોગ છે.
  - ડન્ગ્યુ લક્ષણો : માથુ દુખવું, તાવ આવવો, સાંધા અથવા પીઠના સ્નાયુમાં દુખાવો થવો તેમજ શરીરમાં સફેદ ત્રાકકણોની સંખ્યા ઘટવી.
  - તેનો ઉદ્વવ અવધિ (IP) 3 થી 10 દિવસ છે.

## 17 - મે : વિશ્વ મેટ્રોલોજી દિવસ (World Metrology Day)

- દર વર્ષે 17 મે ના રોજ વિશ્વ હાઈપરટેન્શન દિવસ (World Metrology Day) ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Measure Your Blood Pressure Accurately Control It, Live Longer'
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય હાઈપરટેન્શન અને તેની ગંભીર અસરો અંગેની લોકજાગૃતિ લાવવી, તેના નિદાન વિશેની માહિતી પ્રદાન અને પ્રસાર કરવાનો છે.
- 17 મે 2005 ના રોજ વિશ્વ હાઈપરટેન્શન પરિષદ દ્વારા સૌપ્રથમ વખત આ દિવસ ઉજવવામાં આવ્યો હતો.
  - ❖ **હાયપરટેન્શન**
  - જયારે કોઈ વ્યકિતના શરીરમાં લોહી પહોચાડવા માટે હદયને સામાન્યથી વધુ કાર્ય કરવુ પડે તેને હાઈપરટેન્શન, હાઈ–બ્લડ પ્રેશર અથવા ઉચ્ચ રકતચાપ કહેવામાં આવે છે.
  - તે એક બિનચેપી રોગ છે.
  - જયારે વ્યકિતના શરીરનુ બ્લડપ્રેશર (BP) 120 /80 કરતા વધી જાય તેને હાયપરટેન્શન કહે છે. અને જો 120 / 80 કરતા ઘટી જાય તો તેને હાઈપોટેન્શન કહે છે.




Banking Academy

## 18 - મે : આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day)

- દર વર્ષે 18 મે ના રોજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day) ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Museums Sustainability and Well being'
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સમાજના વિકાસમાં રહેલા સંગ્રહાલયોના અગત્યના પ્રદાન અંગે જાગૃતિ લાવવાનો અને તેની જાળવણી કરવાનો છે.
- આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય પરિષદ (International Council of Museum – ICOM) દ્વારા વર્ષ 1977 માં 18 મે ના રોજ આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.



## 20 - મે : વિશ્વ મેટ્રોલોજી દિવસ (World Metrology Day)

- દર વર્ષે 20 મે ના રોજ વિશ્વ મેટ્રોલોજી દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Measurements Supporting the global food system' છે.
- દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય માપન ક્ષેત્રે વિશ્વભરમાં એકરૂપતા લાવવાનો તેમજ વૈજ્ઞાનિક શોધ, આંતરરાષ્ટ્રીય વેપાર અને વૈશ્વિક વાતાવરણને સંરક્ષણ આપવાનો છે.
- વર્ષે 1986 થી પ્રતિવર્ષ વિશ્વ મેટ્રોલોજી દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી મા International Bureau of Weight and Measures (BIPM) અને International Organisation of Legal Metrology (OIML) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે.




❖ **ભારતમાં ઉજવણી**

- ભારતમાં નવી દિલ્હી ખાતે CSIR – નેશનલ ફિઝિકલ લેબોરેટરીએ મેટ્રોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયા (MSI) ના સહયોગથી વર્લ્ડ મેટ્રોલોજી દિવસ – 2023 નું આયોજન કરવામાં આવ્યુ.
- આ દિવસની ઉજવણી નિમિત્તે ચાર ભારતીય નિર્દેશક દ્રવ્ય (BND), એટેનોલોલ માટે BND 9002, એટોર્વોસ્ટેટિન કેલ્શિયમ માટે BND – 9003, પેરાસિટામોલ માટે BND – 9004, ટ્રાઈમેથોપ્રિમ માટે BND 9005 ને લોન્ચ કરવામાં આવ્યુ છે.
- કોઈ પણ વસ્તુને માપવાની વૈજ્ઞાનિક પદ્ધતિને મેટ્રોલોજી કહેવાય છે.

## 20 - મે : વિશ્વ મધમાખી દિવસ (World Bee Day)




- દર વર્ષે 20 મે ના રોજ વિશ્વ મધમાખી દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Bee engaged in pollinator – friendly agricultural production'
- દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય – જૈવવિવિધતા અને પર્યાવરણમાં મધમાખી અને અન્ય પરાગણોની અગત્યની ભૂમિકા અંગે લોકજાગૃતિ લાવવાનો તેમજ તેને મુશ્કેલીથી બચાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર (UN) ની સામાન્ય સભાએ ડિસેમ્બર, 2017 માં 20 મે ના રોજ વિશ્વ મધમાખી દિવસ ઉજવવાની સતાવાર જાહેરાત કરી હતી.
- સૌ પ્રથમવાર આ દિવસ વર્ષ 2018 માં ઉજવવામાં આવ્યો હતો.
- મધમાખીનું વૈજ્ઞાનિક નામ એપિસ મેલીફેરા (Apis Mellifreal) છે.
- મધમાખી ઉછેરની પધ્ધતિને એપિકલ્ચર કહેવાય છે.

## 21 - મે : સંવાદ અને વિકાસ માટે સાંસ્કૃતિક વિવિધતા માટેનો વિશ્વ દિવસ (Day for cultural Diversity for Dialogue and Development)

- દર વર્ષે 21 મે ના રોજ સંવાદ અને વિકાસ માટે સાંસ્કૃતિક વિવિધતા માટેનો વિશ્વ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વની તમામ સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે માહિતી અને તકનિકથી પરસ્પર સંવાદ દ્વારા વિકાસ કરવાનો છે.
- ડિસેમ્બર, 2002 માં સંયુકત રાષ્ટ્ર (UN) ની સહસંસ્થા યુનેસ્કો દ્વારા 21 મે ના રોજ સંવાદ અને વિકાસ માટે સાંસ્કૃતિક વિવિધતા માટેનો વિશ્વ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા વર્ષ 2000 ને સંસ્કૃતિની શાંતિ માટેનું આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કરવામાં આવ્યુ હતું.



## 21 - મે : આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day)




- દર વર્ષે 21 મે ના રોજ આંતરરાષ્ટ્રીય ચા દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય ચા ની ખેતી કરતા કામદારો અને ઉત્પાદકોની સ્થિતિ સુધારવાનો તેમજ તેમની અધિકાર અને આરોગ્યને પ્રોત્સાહન આપવાનો છે.
- સંયુકત રાષ્ટ્ર (UN) ની સામાન્ય સભા તેમજ ખાદ્ય અને કૃષિ સંગઠન (Food and Agriculture Organization – FAO) દ્વારા વર્ષ 2015 માં 21 મે ના રોજ આંતરરાષ્ટ્રીય ચા દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવા માટે ભારત દ્વારા સંયુકત રાષ્ટ્ર સમક્ષ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.
- ચીન, ભારત, કેન્યા અને શ્રીલંકા ચા ના મુખ્ય ઉત્પાદક દેશો છે.
- ચા એ ભારતનું રાષ્ટ્રીય પીણું (National Drink) છે.

## 22 - મે : આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ (International Day for Biological Diversity)

- દર વર્ષે 22 મે ના રોજ આંતરરાષ્ટ્રીય જૈવ – વિવિધતા દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ : "From Agreement of Action : Building Back Biodiversity"
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય – સમગ્રવિશ્વમાં જૈવવિવિધતાના મહત્વ અને તેની ભવિષ્યમાં જરૂરીયાત અંગે લોક જાગૃતિ લાવવાનો છે.
- સંયુકત રાષ્ટ્ર (UN) દ્વારા વર્ષ 1992 માં બ્રાઝિલના રિયો – ડી – જોનેરો ખાતે પૃથ્વી સંમેલન (The Earth Summit) નું આયોજન કરવામાં આવ્યુ હતું. તેમા આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ ઉજવવા અંગે વિચારણા કરવામાં આવી હતી.




- UN ની સામાન્ય સભા દ્વારા વર્ષ 2000 માં 22 મે ના રોજ આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 2001 માં ઉજવવામાં આવ્યો હતો.
- વર્ષ 2011 થી 2020 જૈવ વિવિધતા દશકની જાહેરાત કરવામાં આવી હતી. (United Nation Decade on Biodiversity)
- સંયુકત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2010 ને આંતરરાષ્ટ્રીય જૈવા વિવિધતા વર્ષ અને 2011 ને આંતરરાષ્ટ્રીય વન વર્ષ જાહેર કરવામાં આવ્યુ હતું.

Banking Academy

## 23 - મે : વિશ્વ કાચબા દિવસ (World Trutle Day)




- દર વર્ષે 23 મે ના રોજ વિશ્વ કાચબા દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'I Love Turtle'
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય કાચબાની લુપ્ત થતી પ્રજાતિ અંગે લોકોમાં જાગરૂકતા લાવવા અને તેમના સંરક્ષણ અંગે પગલા લેવાનો છે.
- સુસાન ટેલ્લેમ અને માર્શલ થોમ્પ્સન દ્વારા સ્થાપિત American Tortoise Rescue (ATR) દ્વારા સૌપ્રથમ વર્ષ 2000 માં વિશ્વ કાચબા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## 24 - મે : રાષ્ટ્રમંડળ દિવસ (Commonwealth Day)




- દર વર્ષે 24 મે ના રોજ રાષ્ટ્રમંડળ દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ – 'Forging a sustainable and peaceful common future'
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સભ્ય રાષ્ટ્રો વચ્ચે એકતા, બંધુત્વ, સમાનતા, શાંતિ, સુમેળ અને લોકશાહી સ્થાપવાનો છે.
- બ્રિટનના મહારાણી વિકટોરિયા દ્વારા તેમના જન્મદિવસે રાષ્ટ્રમંડળ દિવસનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

- તેમના નિધનના એક વર્ષ બાદ વર્ષ 1902 માં સૌપ્રથમ વખત સામ્રાજ્ય દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો.
- ભુતકાળમાં જે દેશો બ્રિટિશ સત્તા હેઠળ ગુલામ હતા તેવા દેશોના સમૂહને કોમનવેલ્થ દેશ કહેવામાં આવે છે.
- રાષ્ટ્રમંડળના સભ્ય દેશોમાં એશિયા, આફ્રિકા, યુરોપ, અમેરિકા તેમજ પેસિફિક મહાદ્વીપના ભારત સહિત કુલ 56 દેશોનો સમાવેશ થાય છે.
- કોમનવેલ્થ સચિવાલય અને કોમનવેલ્થ ફાઉન્ડેશનનું આંતરરાષ્ટ્રીય હેડકવાર્ટર લંડન ખાતે આવેલું છે.

## 28 - મે : મહિલાઓના સ્વાસ્થયની કામગીરી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Action for Women's Health Day)




- દર વર્ષે 28 મે ના રોજ મહિલાઓના સ્વાસ્થ્યની કામગીરી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Uphold Women's Health and Rights Now!'
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વભરમાં મહિલાઓના સ્વાસ્થ્ય અને કલ્યાણ સંબંધી અધિકારો અંગે લોકજાગૃતિ લાવવાનો છે.
- વર્ષ 1987માં દક્ષિણ આફ્રિકા દ્વારા અધિકારીક રીતે આ દિવસ ઉજવવાની માન્યતા આપવામાં આવી હતી. આ દિવસ વિમેન્સ ગ્લોબલ નેટવર્ક ફોર રિપ્રોડકિટવ રાઈટ્સ (WGNRR) નામના આંતરરાષ્ટ્રીય NGOના સહકારથી ઉજવવામાં આવે છે.
- WGNRRની સ્થાપના વર્ષ 1984માં થઈ હતી. તેનું વડુમથક ફિલીપાઈન્સ – મનિલા ખાતે આવેલું છે.

## 29 - મે : 75મો સંયુકત રાષ્ટ્ર શાંતિરક્ષક દળ દિવસ (75th International Day of UN Peacekeeper)




- દર વર્ષે 29 મે ના રોજ સંયુકત રાષ્ટ્ર શાંતિરક્ષણ દળ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે 75મો સંયુકત રાષ્ટ્ર શાંતિરક્ષણ દળ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Peace Begins with Me' છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વમાં શાંતિ સ્થાપવામાં બલિદાન આપનાર શાંતિરક્ષકોને યાદ કરી શ્રદ્ધાંજલિ આપવાનો છે.
- સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા 22 ડિસેમ્બર, 2002ના રોજ 29 મે ના દિવસે સંયુકત રાષ્ટ્રના શાંતિ સૈનિકોનો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવાની જાહેરાત કરી.
- 29 મે ના દિવસે UN એ પેલેસ્ટાઈનમાં સૌપ્રથમ શાંતિ રક્ષા અભિયાનની શરૂઆત કરી હતી.
- આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 2003માં ઉજવવામાં આવ્યો હતો.

## 31 - મે : વિશ્વ તમાકુ નિષેધ દિવસ (World No-Tobacco Day)




- દર વર્ષે 31 મે ના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "We Need Food, Not Tobacco"
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય – તમાકુથી થતા નુકસાન પ્રત્યે જાગૃતિ લાવવાનો તેમજ જીવલેણ બિમારીથી લોકોનું રક્ષણ કરવાનો છે.
- સંયુકત રાષ્ટ્ર (UN)ની સહ સંસ્થા વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ 17 મે 1989 ના રોજ ઠરાવ પસાર કરી 31 મે ના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી છે.

# 13 Current Affairs Booster

1. તાજેતરમાં ભારતે કયા દેશમાં અશાંતિથી તેના નાગરિકોને બચાવવા માટે 'ઓપરેશન કાવેરી' શરૂ કર્યું?
(A) સુદાન (B) ઈરિટ્રિયા (C) ઓસ્ટ્રેલિયા (D) ચાડ

2. તાજેતરમાં ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રમોશન વિભાગ દ્વારા સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?
(A) દિપક મિશ્રા (B) રણજીત વર્મા (C) રાજેશ કુમાર (D) વિનોદ શર્મા

3. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના પ્રથમ વોટર મેટ્રો પ્રોજેકટને કયા લીલી ઝંડી બતાવી?
(A) કોચીન (B) પણજી (C) મુંબઈ (D) ચેન્નઈ

4. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે કયા રાજ્યમાં શિપિંગ મંત્રાલયની ટેકનોલોજી વિંગનું ઉદ્ઘાટન કર્યુ છે?
(A) કર્ણાટક (B) તમિલનાડુ (C) તેલંગાના (D) મહારાષ્ટ્ર

5. તાજેતરમાં શાળાની ગુણવત્તાનું મુલ્યાંકન કરવા માટે કયા રાજ્યમાં AI (Artificial Intelligence) મશીન સ્થાપિત કરવામાં આવ્યું છે?
(A) ઉત્તર પ્રદેશ (B) રાજસ્થાન (C) કર્ણાટક (D) મહારાષ્ટ્ર

6. તાજેતરમાં કયા ક્રિકેટ સ્ટેડિયમમાં સચિન તેંડુલકરના 50 માં જન્મદિવસ પર સ્ટેન્ડનું નામ આપવામાં આવ્યું છે?
(A) શારજાહ ક્રિકેટ સ્ટેડિયમ (B) ચિન્નાસ્વામી ક્રિકેટ સ્ટેડિયમ (C) ઈડન ગાર્ડન સ્ટેડિયમ (D) વાનખેડે સ્ટેડિયમ

7. તાજેતરમાં કયા ભારતીયને ઓસ્ટ્રેલિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન આપવામાં આવ્યું છે?
(A) મુકેશ અંબાની (B) રતન ટાટા (C) ગૌતમ અદાની (D) અહાર પુનાવાલા

8. IGGL (Indradhanush Gas Grid Limited) નો એશિયાનો સૌથી મોટો અંડરવોટર પાઈપલાઈન પ્રોજેકટ કઈ નદી સાથે સંકળાયેલો છે?
(A) ગંગા નદી (B) બ્રહ્મપુત્ર નદી (C) ગોદાવરી નદી (D) નર્મદા નદી

9. વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ (World Intellectual Property Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?
(A) 23 એપ્રિલ (B) 24 એપ્રિલ (C) 25 એપ્રિલ (D) 26 એપ્રિલ

10. તાજેતરમાં ભારતનું પ્રથમ હેવી લિફ્ટ લોજિસ્ટિક્સ ડ્રોન કયા લોન્ચ કરવામાં આવ્યું?
(A) ઓડિશા (B) બિહાર (C) ગુજરાત (D) કેરળ

11. તાજેતરમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશને (BRO) ચીન સરહદ સાથે જોડાયેલ ગામ 'માના' પર એક સાઈનબોર્ડ લગાવ્યુ અને તેને "પ્રથમ ભારતીય ગામ" તરીકે જાહેર કર્યુ. આ 'માના' ગામ કયા રાજ્યમાં આવેલું છે?
(A) હિમાચલ પ્રદેશ (B) ઉત્તરાખંડ (C) સિક્કિમ (D) પશ્ચિમ બંગાળ

12. તાજેતરમાં પ્રતિષ્ઠિત 'ગોલ્ડન મેન પર્યાવરણ પુરસ્કાર' કોને એનાયત કરવામાં આવ્યો છે?
(A) ચીમા વિલિયમ્સ (B) ડાયને વિલ્સન (C) ક્રિસ્ટલ એમ્બ્રોસ (D) એલેસેંડ્રા કોરાપ

13. તાજેતરમાં ચોલ કાળથી ચોરાયેલી ભગવાન હનુમાનની મૂર્તિ કેન્દ્ર સરકારે કયા રાજ્યને સોંપી છે?
(A) તમિલનાડુ (B) કર્ણાટક (C) કેરળ (D) ઓડિશા

14. હાલમાં કયા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલનું 95 વર્ષની વયે નિધન થયું છે?
(A) પંજાબ (B) હરિયાણા (C) ઉત્તરાખંડ (D) રાજસ્થાન

15. તાજેતરમાં મિકસ્ડ માર્શલ આર્ટ્સ – 1 ફેડરેશનના પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?
(A) ગજેંદ્ર ફોગાટ (B) મહાવીર સિંહ ફોગાટ (C) અશોક વર્મા (D) કુલદીપ રાણા

16. તાજેતરમાં કયા રાજ્યમાં બરખેડા પઠાણીનું નામ બદલીને લાલ બહાદુર શાસ્ત્રી નગર કરવામાં આવ્યું છે?
(A) રાજસ્થાન (B) હરિયાણા (C) મધ્યપ્રદેશ (D) ઉત્તર પ્રદેશ

17. તાજેતરમાં કિન્નર સામાજિક કાર્યકર સંજના સિંહને કયા રાજ્યના ચુંટણી પ્રતિક તરીકે નિયુકત કરવામાં આવ્યા છે?
(A) તેલંગાણા (B) ઓડિશા (C) અસમ (D) મધ્યપ્રદેશ

18. તાજેતરમાં ભારતના કોસ્ટગાર્ડ અને કયા દેશ વચ્ચે નવી દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે?
(A) જાપાન (B) દક્ષિણ કોરિયા (C) ઓસ્ટ્રેલિયા (D) ઓમાન

19. તાજેતરમાં કયા દેશે ક્રિપ્ટો નિયમન માટે વિશ્વમાં પ્રથમ વખત 'MiCA' કાયદો ઘડયો છે?
(A) દક્ષિણ કોરિયા (B) કનાડા (C) ચીન (D) યુરોપ સંઘ

**20. સોલાર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વિકસિત સ્વદેશી UAV કયું છે જેને ભારતીય સેના ખરીદવા જઈ રહી છે?**
(A) હેમીજ 900 (B) નિશાંત (C) નાગસ્ત્ર–1 (D) ઘાતક

**21. ભારતીય કોસ્ટ ગાર્ડે 25 થી 26 એપ્રિલે કયા રાજ્યમાં કોસ્ટલ સિક્યોરિટી એક્સરસાઈઝ 'સાગર કવચ' હાથ ધરી છે?**
(A) પશ્ચિમ બંગાળ (B) ઓડિશા (C) આંધ્ર પ્રદેશ (D) તમિલનાડુ

**22. હાલમાં હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા બહાર પાડવામાં આવેલ 29 મા "આર્થિક સ્વતંત્રતા સૂચકાંક 2023" માં ભારતનો ક્રમ શું છે?**
(A) 129 (B) 131 (C) 138 (D) 135

**23. તાજેતરમાં સાયકલિંગ ફેડરેશનના પ્રમુખ તરીકે કોણ ચૂંટાયા છે?**
(A) પંકજ સિંહ (B) અશોક મહેતા (C) પ્રદિપ કુમાર (D) રમેશ બૈસ

**24. વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું 900 ફૂટ ઊંડુ બ્લુ હોલ કયા દેશમાં મળી આવ્યું છે?**
(A) ઓસ્ટ્રેલિયા (B) સિંગાપુર (C) અમેરિકા (D) મેક્સિકો

**25. હાલમાં 'મિશન યુથ' જેને ઈનોવેશન કેટેગરી હેઠળ પ્રધાનમંત્રીનો શ્રેષ્ઠતા પુરસ્કાર મળ્યો છે, તે કયા રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશનો છે?**
(A) પંજાબ (B) હરિયાણા (C) નવી દિલ્હી (D) જમ્મુ કશ્મીર

**26. દ્વિપક્ષીય તાલીમ અભ્યાસ 'અજય વોરિયર 2023' ની 7 મી આવૃત્તિ ભારત અને કયા દેશ વચ્ચે યોજાશે?**
(A) જાપાન (B) દક્ષિણ કોરિયા (C) ઓસ્ટ્રેલિયા (D) બ્રિટન

**27. તાજેતરમાં કયા રાજ્યના મનમદુરાઈ માટીકામને GI ટેગ આપવામાં આવ્યો છે?**
(A) કર્ણાટક (B) તમિલનાડુ (C) મહારાષ્ટ્ર (D) રાજસ્થાન

**28. તાજેતરમાં બંદરો, જળમાર્ગો અને દરિયાકિનારા માટે નેશનલ સેન્ટર ફોર ટેકનોલોજી કયા સ્થાપવામાં આવ્યું છે?**
(A) IIT દિલ્હી (B) IIT મુંબઈ (C) IIT મદ્રાસ (D) IIT કાનપુર

**29. નીચે આપેલ પૈકી વિધાન ઉડાન 5.0 યોજનાના સંદર્ભમાં સત્ય છે.**
(A) તેને રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિ – 2016 ના ભાગરૂપે છે.
(B) UDAN-5.0 માત્ર શ્રેણી – 2 (20-80 સીટ) શ્રેણી–3 (>80 સેટ) ના વિમાનો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
(C) આપેલ બંને (D) એક પણ નહી

**30. નીચે આપેલ પૈકી વિધાન SIPRI ના વૈશ્વિક લશ્કરી ખર્ચ અંગે સત્ય છે.**
**(1) અહેવાલ અનુસાર વર્ષ 2023 માં ટોચ પાંચ દેશોમાં અમેરિકા, ચીન, રશિયા, ભારત અને જાપાનનો સમાવેશ થાય છે.**
**(2) આ વર્ષની થીમ 'સમગ્ર વિશ્વમાં લશ્કરી ખર્ચ' છે.**
**(3) વિશ્વના દરેક ખંડના લશ્કરી ખર્ચમાં આગળના વર્ષ કરતા વૃધ્ધિ જોવા મળી છે.**
(A) માત્ર (1) (B) માત્ર (2) (C) માત્ર (3) (D) આપેલ તમામ

**31. નીચે આપેલા વિધાન/નો નવરત્ન શ્રેણીના સંદર્ભમાં સત્ય છે.**
(1) એપ્રિલ 2023 માં કુલ 23 નવરત્ન છે.
(2) હાલમાં રેલ વિકાસ નિગમ લિમિટેડને નવરત્નનો દરજ્જો મળ્યો છે.
(3) નવરત્ન શ્રેણીમાં સમાવેશ કંપની 10,000 કરોડ સુધીના રોકાણની સ્વતંત્રતા મેળવે છે.
(A) માત્ર (1) (B) માત્ર (2) (C) માત્ર (2) & (1) (D) માત્ર (2) & (3)

**32. તાજેતરમાં 64 વર્ષ પછી વ્યક્તિગત રીતે 'રેમન મેગ્સેસે એવોર્ડ' કોને મળ્યો છે?**
(A) સદગુરુ (B) લાલ કૃષ્ણ અડવાણી (C) દલાઈ લામા (D) રામદેવ

**33. તાજેતરમાં કઈ કંપનીને નવરત્ન સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસનો દરજ્જો મળ્યો છે?**
(A) Rural Electirification Corporation (B) Rail Vikas Nigam Limited
(C) Power Finance Corporation (D) Solar Energy corporation of India Limited

**34. હાલમાં કઈ IIT ની ઝીરો ટીમે અમેરિકામાં યોજાયેલી 'સોલર ડેકાથલોન કોમ્પિટિશન' માં બીજું સ્થાન મેળવ્યું છે?**
(A) IIT મુંબઈ (B) IIT કાનપુર (C) IIT મદ્રાસ (D) IIT ગુવાહાટી

**35. કયું શહેર 3-4 જુલાઈ 2023 ના રોજ SCO સમિટનું આયોજન કરશે?**
(A) નવી દિલ્હી (B) બીજીંગ (C) પેરીસ (D) લંડન

**36. કઈ રાજ્ય સરકારે માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યકિતને હોસ્પિટલમાં લઈ જનાર વ્યકિતને 10,000 રૂપિયા આપવાની જાહેરાત કરી છે?**
(A) અસમ (B) હિમાચલ પ્રદેશ (C) બિહાર (D) ઉત્તરપ્રદેશ

**37. તાજેતરમાં કયા રાજ્ય સરકારે 'મોંઘવારી રાહત શિબિર' શરૂ કરી છે?**
(A) હરિયાણા (B) રાજસ્થાન (C) મધ્યપ્રદેશ (D) ઝારખંડ

Banking Academy

38. **આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 26 એપ્રિલ (B) 27 એપ્રિલ (C) 28 એપ્રિલ (D) 29 એપ્રિલ

39. **તાજેતરમાં ઓડિશા FC ટીમે કોને હરાવીને 'હીરો સુપર કપ – 2023' જીતી લીધી છે?**
(A) બેંગલુરૂ FC (B) ગોવા FC (C) મુંબઈ FC (D) કેરળ બ્લાસ્ટર્સ

40. **તાજેતરમાં કઈ કંપની અને ભારતીય નૌકાદળે સમુદ્ર આધારિત BMD ઈન્ટરસેપ્ટર મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ?**
(A) ISRO (B) DRDO (C) HAL (D) BHEL

41. **તાજેતરમાં નરેન્દ્ર મોદીએ કયા રાજ્યમાં ભારતનો પ્રથમ ડિજિટલ સાયન્સ પાર્કનો શિલાન્યાસ કર્યો?**
(A) ગોવા (B) કેરળ (C) આસામ (D) સિક્કિમ

42. **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રમોદીએ કયા રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશમાં 'નવો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ' નું ઉદ્ઘાટન કર્યુ છે?**
(A) જમ્મુ કશ્મીર (B) દાદરા અને નગર–હવેલી અને દમણ અને દીવ
(C) હિમાચલ પ્રદેશ (D) મધ્યપ્રદેશ

43. **તાજતેરમાં સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી સ્વીકારનારી પ્રથમ વીમા કંપની કઈ બની છે?**
(A) રિલાયન્સ જનરલ (B) આદિત્ય બિરલા ફાઈનેંસ (C) મુથૂટ ફાઈનેંસ (D) HDB ફાઈનેંસ સર્વિસ

44. **ભારતીય જીવન વીમા નિગમના હાલમાં નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી?**
(A) સંજય કુમાર બાલિયાન (B) નારાયણ બાગુલ (C) સિદ્ધાર્થ મોહંતી (D) મહેશ શુકલા

45. **તાજેતરમાં કઈ એરલાઈને વિશ્વના પ્રથમ રોબોટિક ચેક–ઈન સહાયકનું અનાવરણ કર્યુ છે?**
(A) ઈન્ડિયન એરલાઈન (B) તુર્કી એરલાઈન (C) અમીરાત એરલાઈન (D) સિંગાપુર એરલાઈન

46. **તાજેતરમાં કયા રાજ્યની પ્રાચીન કાપડ કલા 'માતા ની પછેડી' ને GI ટેગ આપવામાં આવ્યો છે?**
(A) રાજસ્થાન (B) ગુજરાત (C) હરિયાણા (D) મહારાષ્ટ્ર

47. **વિશ્વના 10 મા સૌથી ઊંચા પર્વત અન્નપૂર્ણા પર્વત પર ચડનાર પ્રથમ ભારતીય કોણ બન્યા?**
(A) અર્જુન વાજપેયી (B) નરેન્દ્ર કુમાર (C) કુંતલ જોશી (D) મોહન સિંહ કુજાન

48. **હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 12,000 રન બનાવનાર બીજો એશિયન બેટસ્મેન કોણ બન્યા?**
(A) કે.એલ રાહુલ (B) સુર્યકુમાર યાદવ (C) મોહમ્મદ રિઝવાન (D) બાબર આઝમ

49. **તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રીએ IFFCO દ્વારા વિકસિત વિશ્વની પ્રથમ 'Nano DAP' લોન્ચ કરી?**
(A) અમીત શાહ (B) નરેન્દ્રસિંહ તોમર (C) ગિરીરાજ સિંહ (D) અનુરાગસિંહ ઠાકુર

50. **'આંતરરાષ્ટ્રીય મજુર દિવસ' (Internatioanl Labour Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 01 મે (B) 01 એપ્રિલ (C) 30 એપ્રિલ (D) 04 મે

51. **તાજેતરમાં કઈ સંસ્થાએ CSR (Corporate Social Responsibility) કાર્ય માટે ગ્લોબલ ગોલ્ડ એવોર્ડ જીત્યો?**
(A) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (B) ભારત હેવી ઈલેક્ટ્રોનિક લિમિટેડ
(C) રાષ્ટ્રીય ખનિજ વિકાસ નિગમ (D) પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ

52. **તાજેતરમાં કયા રાજ્યના હાઉસિંગ બોર્ડને રિયલ એસ્ટેટ માટે રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો?**
(A) મધ્ય પ્રદેશ (B) કર્ણાટક (C) રાજસ્થાન (D) મેઘાલય

53. **તાજેતરમાં પ્રતિષ્ઠિત 'ગોલ્ડન ગ્લોબ રેસ' પૂર્ણ કરનાર ભારતીય કોણ બન્યું છે?**
(A) અભિલાષ ટોમી (B) સંદીપ કાપડીયા (C) જગદીશ વર્મા (D) વિષ્ણુ દુબે

54. **તાજેતરમાં બેંક ઓફ ઈન્ડિયાના નવા એમડી અને ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી?**
(A) અશોક વર્મા (B) દેવદત્ત ચંદ્ર (C) સંજીવ કુમાર (D) રજનીશ કર્ણાટક

55. **તાજેતરમાં chatGPT સાથે સ્પર્ધા કરવા માટે કયા દેશે 'Gigachat - AI' ચેટબોટ લોન્ચ કર્યુ**
(A) રશિયા (B) જાપાન (C) ઈઝરાયેલ (D) ફ્રાંસ

56. **યુનાઈટેડ કિંગ્ડમમાં ગ્રીન ઓર્ગેનાઈઝેશન દ્વારા કઈ મેટ્રોને 'ગ્રીન વર્લ્ડ એવોર્ડ 2023' એનાયત કરવામાં આવ્યો?**
(A) દિલ્હી મેટ્રો (B) મુંબઈ મેટ્રો (C) ચેન્નઈ મેટ્રો (D) કોલકાતા મેટ્રો

57. **તાજેતરમાં કયા રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશે સિંથન સ્નો (Sinthan Snow) ફેસ્ટિવનું આયોજન કર્યુ?**
(A) દિલ્હી (B) જમ્મુ કશ્મીર (C) મેઘાલય (D) કેરળ

58. **તાજેતરમાં સ્વચ્છ ભારત મિશન (શહેરી) હેઠળ કયા રાજ્યને HUDCO એવોર્ડ એનાયત કરવામાં આવ્યો?**
(A) મહારાષ્ટ્ર (B) ઉત્તર પ્રદેશ (C) તેલંગાના (D) આંધ્રપ્રદેશ

Banking Academy

**59. હાલમાં 'કલેક્ટિવ સ્પિરિટ, કોંક્રીટ એક્શન' (Collective Spirit, Concrete Action) નામનું પુસ્તક કોના દ્વારા બહાર પાડવામાં આવ્યું?**
(A) શશિ શેખર (B) જમદીશ ભગવતી (C) મુકુલ કેસવન (D) સબ્યસાચી ડૈશ

**60. વિશ્વ ટુના દિવસ (World Tuna Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 1 મે (B) 2 મે (C) 10 જુન (D) 12 એપ્રિલ

**61. હાલમાં 'અઝરબૈજાન ગ્રાન્ડ પ્રિક્સ 2023' કોણે જીત્યું લીધું છે?**
(A) લુઈસ હેમિલ્ટન (B) મૈક્સ વેરસ્ટૈપેન (C) સર્જિયો પેરેજ (D) વાલ્ટેરી બોટાસ

**62. તાજેતરમાં એટોમિક એનર્જી કમિશનના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી?**
(A) એ.કે. મોહંતી (B) દેવ કુમાર (C) અક્ષય શર્મા (D) વિપિન વર્મા

**63. હાલના RBI (Reserve Bank of India) ના ડેટા મુજબ કયું રાજ્ય સતત ત્રીજા વર્ષે માર્કેટ બોરોઈંગમાં (market borrowing) ટોચ પર છે?**
(A) કર્ણાટક (B) ઉત્તર પ્રદેશ (C) તમિલનાડુ (D) તેલંગાણા

**64. તાજેતરમાં કયા રાજ્યમાં કન્ફેડરેશન ઓફ ઈન્ડિય ઈન્ડસ્ટ્રી (CII) દ્વારા 'ડિજિટલ હેલ્થ સમિટ 2023' નું આયોજન કરવામાં આવ્યું હતું?**
(A) રાજસ્થાન (B) પંજાબ (C) કેરળ (D) ગોવા

**65. તાજેતરમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ સગ્ર દેશમાં લગભગ કેટલા કિ.મી. ઓપ્ટિક ફાઈબર કેબલ (OFC) ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવાની જાહેરાત કરી**
(A) 8,000 K.M. (B) 10,000 K.M. (C) 15,000 K.M. (D) 16,200 K.M.

**66. તાજેતરમાં ભારતનો પ્રથમ કેબલ સ્ટેડ રેલ બ્રિજ કયાં પૂર્ણ થયો છે?**
(A) જમ્મુ કશ્મીર (B) લદ્દાખ (C) મેઘાલય (D) હિમાયલ પ્રદેશ

**67. તાજેતરમાં ASEAN ઈન્ડિયા મેરીટાઈમ એક્સરસાઈઝ AIME-2023 કયા દેશમાં યોજાઈ હતી?**
(A) વિયતનામ (B) સિંગાપોર (C) શ્રીલંકા (D) મલેશિયા

**68. તાજેતરમાં કયા મંત્રાલયે 'ઈન્ડિયા હેન્ડમેડ' પોર્ટલ લોન્ચ કર્યું?**
(A) રેલ્વે મંત્રાલય (B) જળ મંત્રાલય
(C) કાપડ મંત્રાલય (D) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય

**69. તાજેતરમાં કયા શહેરે 'ઈઝ ઓફ મુવિંગ ઈન્ડેક્સ' ઈન્ડિયા રિપોર્ટ 2022 માં સૌથી વધુ સ્કોર મેળવ્યો.**
(A) પુણે (B) બેંગ્લોર (C) અમદાવાદ (D) જયપુર

**70. તાજેતરમાં કઈ ભારતીય જોડીએ પ્રથમ વખત એશિયા બેડમિન્ટન ચેમ્પિયનીશિપની મેન્સ ડબલ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો છે?**
(A) પૂલેલા ગોપીચંદ અને પારુપલ્લી કશ્યપ (B) શ્રીકાંત કિદાંબી અને પ્રકાશ પાદુકોણ
(C) લક્ષ્ય સેન અને સમીર વર્મા (D) ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ

**71. કયા દેશના ડિંગ લીરેને પ્રથમ 'વિશ્વ ચેસ ચેમ્પિયન' ખિતાબ જીતી લીધું છે?**
(A) મલેશિયા (B) મંગોલિયા (C) ચીન (D) સિંગાપોર

**72. તાજેતરમાં મહાત્મા ગાંધીના કયા પૌત્ર એ 89 વર્ષની વયે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં નિધન થયું છે?**
(A) રામચંદ્ર ગાંધી (B) રામદાસ ગાંધી (C) અરુણ ગાંધી (D) કેવલ ગાંધી

**73. 'પ્રેસ ફ્રીડમ દિવસ' (Press Freedom Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 1 મે (B) 2 મે (C) 3 મે (D) 4 મે

**74. તાજેતરમાં આંદામાન અને નિકોબાર કમાન્ડના કમાન્ડર – ઈન – ચીફ તરીકે કોણે કાર્યભાર સંભાળ્યું છે?**
(A) સાજુ બાલ કૃષ્ણન (B) વેદ પ્રકાશ મલિક (C) નિર્મલ ચંદર વિજ (D) શંકરરાય ચૌધરી

**75. હાલમાં હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા બહાર પાડવામાં આવેલ 29 માં 'આર્થિક સ્વતંત્રતા સૂચકાંક' માં ભારતનો ક્રમ કેટલામો છે?**
(A) 72 મો (B) 129 મું (C) 131 મો (D) 112 મો

**76. હાલ સમાચારમાં રહેનાર 'બિહાન મેળો' કયા રાજ્યની કોંધ જનજાતિ દ્વારા મનાવવામાં આવ્યું?**
(A) ઓડિશા (B) મધ્યપ્રદેશ (C) હિમાચલ પ્રદેશ (D) ત્રિપુરા

**77. આંતરરાષ્ટ્રીય ખગોળ દિવસ (International Astronomy Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 30 એપ્રિલ (B) 01 મે (C) 02 મે (D) 28 એપ્રિલ

**78. આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય અંતર્ગતના સ્માર્ટ સિટીઝ (Smart Cities) મિશનની સમય મર્યાદા કયા સુધી લંબાવાઈ?**
(A) જુન – 2024 (B) જુન – 2025 (C) જુન – 2026 (D) જુન – 2027

Banking Academy

79. કયા રાજ્યના સિમલીપાલ ટાઈગર રિઝર્વમાં એક દુર્લભ મેલાનિસ્ટિક વાઘ મૃત હાલતમાં મળી આવ્યો છે?
(A) ઓડિશા (B) કર્ણાટક (C) મધ્યપ્રદેશ (D) પશ્ચિમ બંગાળ

80. હાલમાં કયા દેશની જેલમાં બંધ મહિલા પત્રકારોએને યુનાઈટેડ નેશન્સ પ્રેસ ફ્રીડમ એવોર્ડ 2023 જીત્યો છે?
(A) અફગાનિસ્તાન (B) ઈઝરાયેલ (C) અઝરબૈજાન (D) ઈરાન

81. તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપતિએ તેમના દેશના બંધારણ પુનઃલેખન માટે લોકમત જીત્યો છે?
(A) ઉજ્બેકિસ્તાન (B) સાઉદી અરબ (C) મલેશિયા (D) ઈન્ડોનેશિયા

82. વિધાઊટ બોર્ડર્સ (Without Border) ના તાજેતરના અહેવાલ મુજબ, વર્ષ 2023 ના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારતનું સ્થાન કેટલામું છે?
(A) 131 (B) 148 (C) 161 (D) 112

83. તાજેતરમાં કયા દેશની ક્રિકેટ ટીમે પ્રથમ વખત પુરુષોના એશિયા કપ માટે ક્વોલિફાય થઈ છે?
(A) નેપાળ (B) ચીન (C) મલેશિયા (D) ભૂટાન

84. 'Made in India : 75 years of Business and Enterprize' પુસ્તક હાલમાં કોના દ્વારા બહાર પાડવામાં આવ્યું છે?
(A) જગજીત સિંહ (B) મેઘનાથ દેસાઈ (C) અશોક દેલજીત (D) અમિતાભ કાંત

85. કેપ્લર ડેટા અનુસાર કયો દેશ સાઉદી અરેબિયાને પાછળ છોડીને યુરોપનો સૌથી મોટો રિફાઈન્ડ ઈંધણનો સપ્લાયર બન્યો છે?
(A) ચીન (B) ભારત (C) અમેરિકા (D) રશિયા

86. મે 2023 દરમિયાન ભારતે ઝડપી પેટ્રોલિંગ જહાજ અને લેન્ડિંગ યાન કયા દેશને સોપ્યું છે?
(A) સિંગાપોર (B) માલદીવ (C) બાંગ્લાદેશ (D) શ્રીલંકા

87. આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ (International Fire Fighter Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?
(A) 01 મે (B) 02 મે (C) 03 મે (D) 04 મે

88. કયા ભૂતપૂર્વ લોકસભા સાંસદ અને સમાજવાદી નેતાને નવી દિલ્હીમાં 'શતાબ્દી પુરુષ' ના બિરુદથી નવાજવામાં આવ્યા હતા?
(A) પંડિત રામકિશન (B) રામ ગોપાલ યાદવ (C) મુલાયમસિંહ યાદવ (D) કિરણ નંદા

89. તાજેતરમાં કયા સંગઠને સ્થાપના દિવસના ભાગરૂપે 'એકતા અને શ્રદ્ધાંજલિ અભિયાન' નું આયોજન કર્યુ હતું?
(A) SEBI (B) ONGC (C) નીતી આયોગ (D) BRO

90. તાજેતરમાં કયા રાજ્યના વાયનાડ જિલ્લાને 'ઓપન ડિફેકેશન ફ્રી' (ODF) પ્લસમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે?
(A) કર્ણાટક (B) તમિલનાડુ (C) કેરળ (D) મધ્યપ્રદેશ

91. હાલમાં સમાચારમાં જણાવ્યા મુજબ વિશ્વનું સૌથી મોટું રિફાઈનરી કોમ્પ્લેસ કયા રાજ્યમાં બનવા જઈ રહ્યું છે?
(A) ગુજરાત (B) મધ્યપ્રદેશ (C) મહારાષ્ટ્ર (D) તમિલનાડુ

92. ભારતીય પ્રવાસન મંત્રાલયે કયા શહેરમાં 01 થી 03 મે દરમિયાન આયોજિત 'અરેબિયન ટ્રાવેલ માર્ટ' (ATM) 2023 માં ભાગ લીધો હતો?
(A) અબુ ધાબી (B) દુબઈ (C) નવી દિલ્હી (D) બગદાદ

93. ફોર્બ્સ 2023 ના અહેવાલ મુજબ વિશ્વના 10 સૌથી વધુ કમાણી કરનારા ખેલાડીઓની યાદીમાં કોણ ટોચ પર છે?
(A) ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (B) લિયોનેલ મેસ્સી (C) કિલિયાન મ્બાપે (D) ડસ્ટિન જોનસન

94. તાજેતરમાં ભારતની પ્રથમ 'અન્ડરસી ટનલ' કયા શહેરમાં બનાવવામાં આવી છે?
(A) કોલકાતા (B) ચૈન્નઈ (C) મુંબઈ (D) કોટ્યિ

95. તાજેતરમાં કયા રાજ્યે 'ગીતા કર્મકુળ ભીમ' વીમા યોજના લાગુ કરવાની જાહેરાત કરી?
(A) તમિલનાડુ (B) કર્ણાટક (C) તેલંગાણા (D) આંધ્રપ્રદેશ

96. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કયા દેશમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ કર્યું?
(A) મૉરેશિયસ (B) સિંગાપોર (C) મલેશિયા (D) બાંગ્લાદેશ

97. હાલમાં બંગાળની ખાડીમાં આવેલા ઉષ્ણ કટિબંધીય તોફાન 'સાયકલોન મોચા' નું નામ કયા દેશે આવ્યું છે?
(A) યમન (B) શ્રીલંકા (C) ઈન્ડોનેશિયા (D) બાંગ્લાદેશ

98. મે – 2023 દરમિયાન ભારતે ઔદ્યોગિક સંશોધન અને વિકાસ સહયોગ માટે કયા દેશ સાથે 'MOU' પર હસ્તાક્ષર કર્યું?
(A) ફ્રાન્સ (B) ઈઝરાયેલ (C) જર્મની (D) ઓસ્ટ્રેલિયા

99. તાજેતરમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ કયા જૂથ દ્વારા સ્થાપિત 'વિભાગ ટેક પાર્ક' નો શિલાન્યાસ કર્યો?
(A) ભારતી મિત્તલ ગ્રુપ (B) રિલાયન્સ ગ્રુપ (C) ટાટા ગ્રુપ (D) અદાણી ગ્રુપ

100. ભારતીય વાયુસેનાના નવા વાઈસ ચીફ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?
(A) એર માર્શલ સુરેન્દ્ર સિન્હા (B) એર માર્શલ અશુતોષ દિક્ષિત (C) એર માર્શલ અજય ચૌધરી (D) એર માર્શલ મહેશ ખૈર

**101. હાલમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ના નિદેશ મંત્રીઓની બેઠક કયા યોજાઈ હતી?**
(A) મહારાષ્ટ્ર (B) ગોવા (C) દિલ્હી (D) ગુજરાત

**102. નીચે આપેલ પૈકી વિધાન મૈતેઈ સમુદાયના સંદર્ભમાં સત્ય છે.**
(1) મૈતેઈ સમુદાય આસામનો સૌથી મોટો વસતિ સમુદાય છે.
(2) મણિપુરી ભાષા મૈતેઈ સમુદાય સાથે જોડાયેલી છે.
(3) આ સમુદાય ભારત ઉપરાંત નેપાળ અને ભૂતાનમાં પણ વસે છે.
(A) માત્ર (1) (B) માત્ર (2) (C) માત્ર (3) (D) એકપણ નહી

**103. તાજેતરમાં કઈ યુનિવર્સિટીએ "Shared future : youth in Democracy and Governance" પર Y-20 સેમિનારનું આયોજન કર્યું?**
(A) કલકત્તા યુનિવર્સિટી (B) મદ્રાસ યુનિવર્સિટી (C) મનીપુર યુનિવર્સિટી (D) હૈદરાબાદ યુનિવર્સિટી

**104. 'ઓરિએન મિલિટરી એકસરસાઈઝ 2023' માં ભાગ લેનાર ભારતની પ્રથમ રાફેલ લેડી પાયલટ શિવાંગી સિંહ કયા રાજ્યની રહેવાસી છે?**
(A) આંધ્ર પ્રદેશ (B) બિહાર (C) કેરળ (D) રાજસ્થાન

**105. તાજેતરમાં કયો દેશ 2023 માં પ્રથમ ફ્રેન્ચાઈઝી આધારિત ગ્લોબલ ચેસ લીગનું આયોજન કરશે?**
(A) ઓસ્ટ્રેલિયા (B) તુર્કી (C) સંયુકત આરબ અમીરાત (D) ઈજીપ્ત

**106. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ કોની સાથે ગ્લોબલ ટેક કોમ્પિટિશન 'G20 Tech Sprint' શરૂ કર્યું છે?**
(A) World Bank (B) State Bank of India
(C) World Economic Forum (D) Bank of International Settlements

**107. હાલ સમાચારોમાં રહેનાર 'કિસાન ક્રેડિટ કાર્ડ યોજના કયા વર્ષે શરૂ કરવામાં આવી હતી?**
(A) 2014 (B) 2002 (C) 1998 (D) 1996

**108. ભારતનો પ્રથમ ઈન્ટરનેશનલ 'મલ્ટિમોર્ડલ લોજિસ્ટિક પાર્ક કયા રાજ્યમાં બનાવવામાં આવી રહયો છે?**
(A) આસામ (B) ગુજરાત (C) તમિલનાડુ (D) આંધ્રપ્રદેશ

**109. તાજેતરમાં કયો શહેરમાં AI (Artificial Intelligence) પર 'Machine Can see 2023' સમિટનું આયોજન કરવામાં આવ્યું?**
(A) લંડન (B) અબુધાબી (C) મેલબર્ન (D) દુબઈ

**110. હાલમાં બહાર પાડવામાં આવેલ 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેકસ 2023' માં કયો દેશ પ્રથમ સ્થાને છે?**
(A) ઈઝરાયેલ (B) નોર્વે (C) ચીન (D) ફિનલેન્ડ

**111. તાજેતરમાં કયા દેશની મહિલા ખેલાડી શબનીમ ઈસ્માઈલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી?**
(A) બાંગ્લાદેશ (B) પાકિસ્તાન (C) દક્ષિણ આફ્રિકા (D) ઓસ્ટ્રેલિયા

**112. વિશ્વભરમાં દર વર્ષે 'વિશ્વ અસ્થમા દિવસ' (World Asthma Day) કયારે ઉજવવામાં આવે છે?**
(A) મે મહિનાના પ્રથમ રવિવારે (B) મે મહિનાના પ્રથમ સોમવારે
(C) મે મહિનાના પ્રથમ મંગળવારે (D) મે મહિનાના પ્રથમ શનિવારે

**113. તાજેતરમાં, ભારતીય મૂળની કઈ વ્યકિત વિશ્વ બેંકના નવા પ્રમુખ બન્યા છે?**
(A) રવિન્દ્ર ઝા (B) મનીષ મિપીલ (C) અજય બંગા (D) અજીત મોહન

**114. તાજેતરમાં, આપવામાં આવેલ 'ફિલ્મફેર એવોર્ડ્સ 2023' માં શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ કોને મળ્યો છે?**
(A) અક્ષય કુમાર (B) રાજકુમાર રાવ (C) રણવીર સિંહ (D) રણવીર કપુર

**115. તાજેતરમાં IT ઉદ્યોગની સર્વોચ્ચ વેપાર સંસ્થા NASSCOM ના પ્રમુખ કોણ બન્યા છે?**
(A) આદિત્ય રાવ (B) દિલીપ કશ્યપ (C) અનંત મહેશ્વરી (D) પ્રફુલ શર્મા

**116. તાજેતરમાં, વીરતા પુરસ્કાર મેળવનાર ભારતીય વાયુસેનાના પ્રથમ મહિલા અધિકારી કોણ બન્યા?**
(A) નીલમ શાહ (B) દિપિકા મિશ્રા (C) વિમલા સિંહ (D) રાણી રાજપુત

**117. અસામ સરકાર દ્વારા નિર્મિત વિશ્વનું સૌથી મોટું શબ્દકોષ બનાવવામાં આવ્યું છે. આ શબ્દકોષનું નામ જણાવો?**
(A) બરખાડી કોષ (B) હેમકોષ (C) જમૂદ કોષ (D) આસામી કોષ

**118. તાજેતરમાં 'વિશ્વ સ્નૂકર ચેમ્પિયનશીપ 2023' કોણે જીતી લીધી છે?**
(A) પંકજ અડવાણી (B) લુકા બ્રેસેલ (C) રોની સુલીવન (D) માર્ક સેલ્બી

**119. તાજેતરમાં બે દિવસીય 'ફુડ કોનકલેવ 2023' નું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું?**
(A) નવી દિલ્હી (B) હૈદરાબાદ (C) મુંબઈ (D) પૂણે

**120. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કયા દેશ તરફથી 'બાસ્તીલ દિવસ પરેડ' માટે આમંત્રણ મળ્યું?**
(A) અમેરિકા (B) ફ્રાન્સ (C) રશિયા (D) જર્મણી

**121. તાજેતરમાં ભારતીય સૈન્યે કયા રાજ્યમાં હાઈ એલ્ટિટ્યૂડ આર્ટિલરી રેન્જમાં 'બુલંદ ભારત પ્રશિક્ષણ અભ્યાસ'નું આયોજન કર્યું?**
(A) <u>અરુણાચલ પ્રદેશ</u> (B) મણિપુર (C) મેઘાલય (D) આસામ

**122. હાલ સમાચારમાં રહેનાર 'મૈતેઈ સમુદાય' કયા રાજ્ય સાથે સંબંધિત છે?**
(A) મધ્ય પ્રદેશ (B) બિહાર (C) <u>મણિપુર</u> (D) કેરળ

**123. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશને (BRO) તેમના 64 માં સ્થાપના દિવસની ઉજવણી પર "એકતા અને શ્રદ્ધાંજલિ અભિયાન" કયા શહેરમાં લોન્ચ કર્યુ હતું?**
(A) મુંબઈ (B) <u>નવી દિલ્હી</u> (C) ચંદીગઢ (D) ભોપાલ

**124. તાજેતરમાં કયા બંદરે 22 કલાકના રેકોર્ડ કન્ટેનર ટર્નઅરાઉન્ડ સમય સાથે વૈશ્વિક બેન્ચમાર્ક હાંસલ કર્યો છે?**
(A) વિશાખાપટ્ટનમ પોર્ટ (B) દિનદયાળ પોર્ટ (C) <u>પંડીત જવાહરલાલ નેહરુ પોર્ટ</u> (D) અમરેલી પોર્ટ

**125. હાલમાં ઉત્તર પ્રદેશ સરકાર ડિઝનીલેન્ડની તર્જ પર 'રામાલેન્ડ' કયા સ્થળે બનાવવાની યોજના ધરાવે છે?**
(A) કાનપુર (B) લખનઉ (C) ગોરખપુર (D) <u>અયોધ્યા</u>

**126. હાલમાં RBI એ 'ચલણ અને નાણાકીય વર્ષ 2022-23' પર અહેવાલ જાહેર કર્યો છે. આ રિપોર્ટની થીમ શું છે?**
(A) <u>Towards a Greener Clearner India</u> (B) Towards a sustainable India
(C) Towards a pollution free India (D) ઉપરમાંથી એક પણ નહી

**127. તાજેતરમાં બાસ્કેટબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયાના એડમિનિસ્ટ્રેટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?**
(A) પવન કુમાર સુરી (B) કેશવ ગોવિંદરાજ (C) <u>પી. ક્રિષ્ણા ભટ</u> (D) રાજેશ બિંદાલ

**128. તાજેતરમાં કેન્દ્રસરકારે નીચેનામાંથી કયા રાજ્યમાં કલમ 355 લાગુ કરી?**
(A) આસામ (B) <u>મણિપુર</u> (C) નાગાલેન્ડ (D) કર્ણાટક

**129. હાલમાં કયા રાજ્ય સરકારે આયોજન અને પરિવર્તન વિભાગ હેઠળ લઘુમતી બાબતોના નવા નિયામકની રચના કરી?**
(A) મણીપુર (B) <u>નાગાલેન્ડ</u> (C) આસામ (D) પશ્ચિમ બંગાળ

**130. તાજેતરમાં કયા INS જહાજને 36 વર્ષની ઉમદા સેવા પછી નિવૃત્તી જાહેર કરવામાં આવી?**
(A) INS જલાસ્વ (B) INS શાર્દુલ (C) INS વિક્રમાદિત્ય (D) <u>INS મગર</u>

**131. 'વિશ્વ એટલેટિક્સ દિવસ' દર વર્ષે 07 મે ના રોજ લોકોને ફિટનેસના મહત્ત્વ વિશે જાગૃત કરવા માટે ઉજવવામાં આવે છે. વર્ષ 2023 ના આ વર્ષની થીમ જણાવો?**
(A) <u>Athletics for All – A new Begining</u> (B) Sport for peace and Development
(C) Stay Active stay healthy (D) Training for life

**132. તાજેતરમાં રક્ષામંત્રી રાજનાથ સિંહે ભારતીય વાયુસેના હેરિટેજ સેન્ટરનું કયાં શહેરમાં ઉદ્‌ઘાટન કર્યું?**
(A) <u>ચંદીગઢ</u> (B) ચેન્નઈ (C) હૈદરાબાદ (D) લખનઉ

**133. નીચે આપેલ પૈકી વિધાન વિશ્વબેંકના સંદર્ભમાં અસત્ય છે.**
(1) વિશ્વબેંકની સ્થાપન 1945 માં કરવામાં આવી.
(2) ભારત મૂળના અજયબંગા 5 જૂન 2024 થી વિશ્વબેંકનું પ્રમુખ પદ મેળવશે.
(A) માત્ર (1) (B) માત્ર (2) (C) <u>આપેલ બન્ને</u> (D) એંક પણ નહી

**134. નીચે આપેલ પૈકી વિધાન Indian Manufacturing Innovation Index ના સંદર્ભમાં સત્ય છે.**
(A) IMII સૂચકાંકમાં તામિલનાડુ પ્રથમ ક્રમાકે છે.
(B) <u>સૂચકાંક વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ (DST) તથા UNIDO દ્વારા સંયુકત રીતે જાહેર કરવામાં આવે છે.</u>
(C) UNIDO નું વડુ મથક ન્યુયોર્ક અમેરિકામાં છે. (D) આપેલ તમામ વિધાન અસત્ય છે.

**135. નીચે આપેલ પૈકી વિધાનો લિથિયમ ખનીજના સંદર્ભમાં સત્ય છે.**
(1) GSI અનુસાર ભારતમાં માત્ર બે રાજ્ય રાજસ્થાન અને જમ્મુકાશ્મીરમાંથી લિથિયમ ખનીજનો જથ્થો મળી આવ્યો છે.
(2) હાલમાં ભારત તેની લિથિયમ આયાત માટે માત્ર અમેરિકા પર જ નિર્ભર છે.
(A) <u>માત્ર (1)</u> (B) માત્ર (2) (C) આપેલ બંને (D) એકપણ નહી

**136. નીચે આપેલ પૈકી વિધાન સ્માર્ટસિટી મિશનના સંદર્ભમાં સત્ય છે.**
(1) SCM ની શરૂઆત જૂન 2016 માં કરવામાં આવી હતી.
(2) SCM ની સમયમર્યાદા જે 2021 હતી તે હવે વધારીને જૂન 2024 કરવામાં આવી છે.
(3) ગુજરાતના 6 શહેરોનો સ્માર્ટ સિટી મિશન હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, દાહોદનો સમાવેશ થાય છે.
(A) માત્ર (1) (B) <u>માત્ર (2) & (3)</u> (C) માત્ર (3) (D) માત્ર (1) & (3)

**137. તાજેતરમાં કોલ ઈન્ડિયા (Coal India) ના નવા ચીફ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી છે?**
(A) હાર્દિક સિંહ (B) અશોક મહેતા (C) હનુમાન પ્રસાદ (D) પોલાવરાપુ મલ્લીઅરજુન પ્રસાદ

**138. હાલમાં કયા રાજ્યના બાંધવગઢ ટાઈગર રિઝર્વમાં 2000 વર્ષ જુની "આધુનિક સંસ્કૃતિ" ના અવશેષો મળી આવ્યા?**
(A) ઉત્તરપ્રદેશ (B) મધ્યપ્રદેશ (C) કર્ણાટક (D) તમિલનાડુ

**139. અદાણી ગ્રુપ કયા રાજ્યમાં દેશનું પ્રથમ સંકલિત ડેટા સેન્ટર સ્થાપશે?**
(A) આંધ્રપ્રદેશ (B) પશ્ચિમ બંગાળ (C) તમિલનાડુ (D) ગુજરાત

**140. ભારતનો પ્રથમ આંતરરાષ્ટ્રીય મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ પાર્ક કયા રાજ્યમાં બનાવવામાં આવી રહયો છે?**
(A) મહારાષ્ટ્ર (B) ઉત્તરપ્રદેશ (C) રાજસ્થાન (D) અસમ

**141. હાલમાં કયા રાજ્યની કેબિનેટે 'મુખ્યમંત્રી કૌશલ્ય અપગ્રેડેશન અને વૈશ્વિક રોજગાર યોજના' ને મંજુરી આપી?**
(A) કેરળ (B) તમિલનાડુ (C) ઉત્તરાખંડ (D) ઉત્તરપ્રદેશ

**142. વિશ્વ એથ્લેટિક્સ દિવસ (World Athletics Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 04 મે (B) 05 મે (C) 06 મે (D) 07 મે

**143. 76 માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવમાં કોને 'ઓનરરી પામ ડી. ઓર' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો?**
(A) માઈકલ ડમલસ (B) ટોમ ક્રુઝ (C) ડેનજેલ વોશિંગ્ટન (D) રોબર્ટ જુનિયર

**144. તાજેતરમાં કયા દેશે બેઝિક પ્લાન ઓન ઓશન પોલિસી (Basic Plan on Ocean Policy) અપનાવી છે?**
(A) અમેરિકા (B) ભારત (C) ફીનલેન્ડ (D) જાપાન

**145. હાલ સમાચારમાં રહેનાર "ઉભૌલી ઉત્સવ" કયા દેશમાં મનાવવામાં આવ્યો?**
(A) નેપાળ (B) ઓસ્ટ્રેલિયા (C) ભુતાન (D) ફ્રાન્સ

**146. તાજેતરમાં મગજ અને કરોડરજ્જુમાં ગાંઠો શોધવા માટે કઈ સંસ્થાએ મશીન લર્નિંગ ટુલ વિકસાવી છે?**
(A) IIT મદ્રાસ (B) ઓલ ઈન્ડિયા મેડીકલ એસોશિયેશન, દિલ્હી
(C) IIT મુંબઈ (D) મેડિકલ સાયન્સ સેન્ટર, મુંબઈ

**147. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચેના પ્રથમ બોર્ડર હાટનું સિલહેટ વિભાગના ભોલાગંજ ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું?**
(A) ભુટાન (B) બાંગ્લાદેશ (C) પાકિસ્તાન (D) નેપાળ

**148. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે કયા રાજ્યમાં ડાવકી લેન્ડ પોર્ટનું ઉદ્‌ઘાટન કર્યુ?**
(A) અસમ (B) મણિપુર (C) ત્રિપુરા (D) મેઘાલય

**149. હાલમાં 'માય લાઈફ એઝ એ કોમરેડ' (My Life as a Comrade) કોની આત્મકથા પ્રકાશિત થઈ છે?**
(A) આનંદીબેન પટેલ (B) દીપા જ્યકુમાર (C) કેકે શૈલજા (D) અંબિકા સોની

**150. તાજેતરમાં કયા દેશે વર્ષ 2023 ના પ્રથમ ચક્રવાતી તોફાનને 'મોચા' (Mocha) નામ આવ્યું છે?**
(A) યમન (B) ઓમાન (C) બાંગ્લાદેશ (D) ભારત

**151. વર્ષ 2022 માં કયો દેશ એશિયામાં સૌથી વધુ Asian Development Bank (ADB) લોન મેળવનાર બન્યો છે?**
(A) પાકિસ્તાન (B) બાંગ્લાદેશ (C) શ્રીલંકા (D) ઈરાન

**152. તાજેતરમાં કયા દેશની મિસ યુનિવર્સ ફાઈનલિસ્ટ 'સિએના વિયર'નું 23 વર્ષની વયે અવસાન થયું છે?**
(A) સિંગાપોર (B) ઓસ્ટ્રેલિયા (C) અમેરિકા (D) બ્રિટન

**153. તાજેતરમાં ઉત્તર પ્રદેશના કયા જિલ્લામાં પ્રથમ 'ફાર્મા પાર્ક' ની સ્થાપનાને મંજુરી આપવામાં આવી છે?**
(A) લલિતપુર (B) આગરા (C) મથુરા (D) વારાણસી

**154. તાજેતરમાં કઈ મહિલા ખેલાડીએ એપ્રિલ–2023 માટે ICC પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીત્યો?**
(A) શેફાલી વર્મા (ભારત) (B) નારુમોલ ચાયવર્ડ (થાઈલેન્ડ) (C) કલોય ત્ર્યોન (દક્ષિણ આફ્રીકા) (D) બિસ્માદ મારુફ (પાકિસ્તાન)

**155. તાજેતરમાં કયા પુરુષ ખેલાડીએ એપ્રિલ – 2023 માટે ICC પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીત્યો?**
(A) જો રૂટ (ઈંગ્લેન્ડ) (B) સૂર્યકુમાર યાદવ (ભારત) (C) ટેવિસ હેડ (ઓસ્ટ્રેલિયા) (D) ફખર જમાન (પાકિસ્તાન)

**156. તાજેતરમાં કયા પુરુષ ખેલાડીએ વર્ષ 2023 માટે 'લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર' એવોર્ડ જીત્યો?**
(A) કાલોંસ અલ્કરાજ (B) લિયોનેલ મેસ્સી (C) લુઈસ હેમિલ્ટન (D) મૈક્સ વેસ્ટર્વન

**157. તાજેતરમાં કયા રાજ્યમાં ભારતીય સેનાએ મંડલા હાઈ એલ્ટિટ્યુડ ફાયરિંગ રેન્જ ખાતે 'બુલંદ ભારત' કવાયત હાથ ધરી છે?**
(A) હિમાચલ પ્રદેશ (B) અસમ (C) અરુણાચલ પ્રદેશ (D) ઉત્તરાખંડ

**158. રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 08 મે (B) 06 મે (C) 10 મે (D) 11 મે

**159. તાજેતરમાં "દોહા ડાયમંડ લીગ"માં નીરજ ચોપડાએ કયો મેડલ જીત્યો?**
(A) સિલ્વર (B) બ્રોન્ઝ (C) <u>ગોલ્ડ</u> (D) આમાંથી એક પણ નહી

**160. બેડમિન્ટન એશિયા દ્વારા ટેકનિકલ અધિકારીઓ સમિતિના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી?**
(A) <u>ઉમર રશીદ</u> (B) મોહમ્મદ હાફિજ (C) જગદીશ વર્મા (D) કિશોર રન્જન

**161. તાજેતરમાં કઈ IIT એ ભારતના સ્વચ્છ ઊર્જા સંક્રમણને ચલાવવા માટે નવી લેન્સનું અનાવરણ કર્યુ?**
(A) IIT કાનપુર (B) IIT દિલ્હી (C) IIT મુંબઈ (D) <u>IIT રૂરકી</u>

**162. વિશ્વ રેડક્રોસ દિવસ 2023 વૈશ્વિક સ્તરે ક્યારે મનાવવામાં આવે છે?**
(A) 07 મે (B) <u>08 મે</u> (C) 12 મે (D) 16 મે

**163. ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી "વર્લ્ડ ટ્રાન્સપ્લાન્ટ ગેમ્સ 2023" માં ત્રણ મેડલ જીતનાર અંકિતા શ્રીવાસ્તવ કયા રાજ્યની છે?**
(A) <u>મધ્યપ્રદેશ</u> (B) ઉત્તરપ્રદેશ (C) બિહાર (D) છત્તીસગઢ

**164. હાલમાં કયા બોલિવુડ અભિનેતાને વેકફિટ એ તેના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સાઈન કર્યા છે?**
(A) અર્જુન કપુર (B) અર્જુન રામપાલ (C) પ્રભાસ (D) <u>આયુષ્માન ખુરાના</u>

**165. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે હાલમાં કેટલા બોર્ડર હાટ કાર્યરત છે?**
(A) 10 (B) <u>13</u> (C) 8 (D) 5

**166. તાજેતરમાં જમ્મુ અને કાશ્મીર પછી કયા રાજ્યમાં નવા લિથિયમ ભંડાર મળી આવ્યાં છે?**
(A) ગુજરાત (B) કેરળ (C) ઝારખંડ (D) <u>રાજસ્થાન</u>

**167. ભારત અને કયા દેશની નેવીએ 3 થી 10 મે, 2023 દરમિયાન કોઓર્ડિનેટ પેટ્રોલ (CORPAT) ની 35 મી આવૃત્તિનું આયોજન કર્યુ હતું?**
(A) ઈન્ડોનેશિયા (B) સિંગાપોર (C) <u>થાઈલેન્ડ</u> (D) બાંગ્લાદેશ

**168. તાજેતરમાં કયા દેશે 'પીટર્સબર્ગ ક્લાઈમેટ ડાયલોગ' નું આયોજન કર્યુ?**
(A) ઓસ્ટ્રેલિયા (B) અમેરિકા (C) બ્રિટેન (D) <u>જર્મની</u>

**169. તાજેતરમાં કયા મંત્રાલયે લર્નિંગ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ 'સક્ષમ' (SAKSHAM) શરૂ કર્યુ?**
(A) <u>સ્વાસ્થ મંત્રાલય</u> (B) શિક્ષા મંત્રાલય (C) નાણા મંત્રાલય (D) કાનુન અને ન્યાય મંત્રાલય

**170. તાજેતરમાં કયું રાજ્ય બાળકો માટે 'ડિજિટલ હેલ્થ કાર્ડ' બનાવનાર પ્રથમ રાજ્ય બન્યું?**
(A) તમિલનાડુ (B) <u>ઉત્તરપ્રદેશ</u> (C) રાજસ્થાન (D) કેરળ

**171. હાલમાં કોના દ્વારા લખાયેલ પુસ્તક 'ધ ઈન્ડિયન મેટ્રોપોલિસઃ ડિકન્સ્ટ્રકટિંગ ઈન્ડિયાસ અર્બન સ્પેસ' પ્રકાશિત થયું છે?**
(A) પ્રદીપ ગુરહા (B) દીપાંકર અરૂણ (C) અનુરાગ બહેર (D) <u>વરુણ ગાંધી</u>

**172. હાલમાં કઈ રાજ્ય સરકારે તેના પ્રકારનું પ્રથમ રાજ્ય રોબોટિકસ ફ્રેમવર્ક શરૂ કર્યુ છે?**
(A) <u>તેલંગાણા</u> (B) ઓડિશા (C) તમિલનાડુ (D) આંધ્રપ્રદેશ

**173. યુનાઈટેડ નેશનની "વૈશ્વિક માતૃ મૃત્યુ, મૃત જન્મ અને નવજાત મૃત્યુ" ની યાદીમાં કયો દેશ પ્રથમ ક્રમે છે?**
(A) નાઈઝીરીયા (B) બાંગ્લાદેશ (C) અફગાનિસ્તાન (D) <u>ભારત</u>

**174. ભારતનો પ્રથમ 'પોડ ટેક્સી પ્રોજેક્ટ' (Pod taxi Project) કયા રાજ્યમાં શરૂ થશે?**
(A) કર્ણાટક (B) <u>ઉત્તરપ્રદેશ</u> (C) તમિલનાડુ (D) કેરળ

**175. આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ (Internationl Nurses Day) ક્યારે ઉજવવામાં આવે છે?**
(A) 09 મે (B) 10 મે (C) 11 મે (D) <u>12 મે</u>

**176. હાલમાં સસ્ટેનેબલ એવિએશન ફયુઅલનો ઉપયોગ કરીને કોમર્શિયલ ફલાઈટ ચલાવનારી પ્રથમ ભારતીય એરલાઈન કઈ છે?**
(A) Spicejet Airline (B) Indigo Airline (C) <u>Vistara Airline</u> (D) Air India Airline

**177. તાજેતરમાં રીડિંગ લાઉન્જ મેળવતું ભારતનું પ્રથમ એરપોર્ટ કયું બન્યું?**
(A) <u>લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ</u> (B) ચૈન્નઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ
(C) ઈન્દિરાગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (D) રાજીવગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ

**178. તાજેતરમાં ભારતે પ્રથમ વખત શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સ્ટાર્ટઅપ ફોરમનું આયોજન કયા શહેરમાં કર્યુ?**
(A) મુંબઈ (B) <u>નવી દિલ્હી</u> (C) કોલકાતા (D) દહેરાદૂન

**179. હાલમાં IPL ઈતિહાસમાં સૌથી ઝડપી અર્ધશતક (50) ફટકારનાર ખેલાડી કોણ બન્યો છે?**
(A) કે.એલ. રાહુલ (B) વિરાટ કોહલી (C) <u>યશસ્વી જાયસ્વાલ</u> (D) સુર્યકુમાર યાદવ

**180. ભારતમાં સૌથી મોટી NBFC પાવર ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડના પ્રથમ મહિલા અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેકટર કોણ બન્યા?**
(A) સુષ્મિતા રૈના (B) પ્રિયંકા વર્મા (C) રજની મિશ્રા (D) <u>પરમિંદર ચોપડા</u>

**181. તાજેતરમાં દેશના કયા રાજ્યે લોકોને રસ્તાઓ પર સુરક્ષિત રીતે ચાલવાનો અધિકાર આપવા માટે આદેશ જારી કર્યા છે?**
(A) પંજાબ (B) હરિયાણા (C) રાજસ્થાન (D) મધ્યપ્રદેશ

**182. ડયુચેન મસ્કયુલર ડિસ્ટ્રોફીથી પીડિત દર્દીઓને કયા રાજ્યે 10 લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી?**
(A) તેલંગાણા (B) ઓડિશા (C) મધ્યપ્રદેશ (D) મહારાષ્ટ્ર

**183. તાજેતરમાં ટાઈમ મેગેઝિનના કવરપેજ માટે કઈ ભારતીય અભિનેત્રીએ વૈશ્વિક હસ્તીઓની કલબમાં સ્થાન મેળવ્યું છે?**
(A) આલિયા ભટ્ટ (B) દિપીકા પાદુકોણ (C) પ્રિયંકા ચોપડા (D) વિદ્યા બાલન

**184. તાજેતરમાં કયા મુખ્યમંત્રીને 'ભારત રત્ન ર્ડા.આંબેડકર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા?**
(A) બસવરાજ બોમ્મઈ (B) પિનારાઈ વિજયન (C) શિવરાજસિંહ ચૌહાન (D) યોગી આદિત્યનાથ

**185. તાજેતરમાં કયા રાજ્યમાં 'સી હેરિયર મ્યુઝિયમ' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું?**
(A) આંધ્ર પ્રદેશ (B) પશ્ચિમ બંગાળ (C) તેલંગાણા (D) કેરળ

**186. તાજેતરમાં નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ (NIIF) ના વચગાળાના CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી?**
(A) રાજીવ ધર (B) વિકાશ ગુપ્તા (C) સંદીપ કુમાર (D) જગદીશ વર્મા

**187. નીચે આપેલ પૈકી વિધાન શાંતિનિકેતનના સંદર્ભમાં સત્ય છે.**
(1) તે પ્રશ્ચિમ બંગાળના 24 પરંગણા જિલ્લામાં સ્થિતિ છે.
(2) શાંતિ નિકેતનની સ્થાપના મુળરૂપે દેવેન્દ્રનાથ ટાગોર દ્વારા કરવામાં આવી છે.
(3) વિશ્વભારતી વિશ્વ વિદ્યાલય શાંતિનિકેતનનો એક ભાગ છે.
(A) માત્ર (1) (B) માત્ર (2) & (3) (C) માત્ર (3) (D) માત્ર (2)

**188. તાજેતરમાં કયા યુદ્ધ જહાજ પર પ્રથમ વખત સ્વદેશી સુપરસોનિક બ્રહ્મોસ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું?**
(A) INS મોર્મુગાવ (B) INS વિક્રાંત (C) INS શિવાજી (D) INS રુસ્તમ

**189. તાજેતરમાં કર્ણાટક વિધાનસભા ચુંટણીમાં કઈ પાર્ટીને સ્પષ્ટ બહુમતી હાંસલ થઈ છે?**
(A) ભારતીય જનતા પાર્ટી (B) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (C) આમ આદમી પાર્ટી (D) આમાંથી એક પણ નહી

**190. તાજેતરમાં કેરળના સમુદ્રકિનારે ડ્રગ્સ જપ્ત કરવા માટે ભારતીય નૌસેના અને નાર્કોટિકસ કંટ્રોલ બ્યુરો દ્વારા કયુ ઓપરેશન ચલાવવામાં આવ્યું?**
(A) ઓપરેશન સમુદ્રગુપ્ત (B) ઓપરેશન તલવાર (C) ઓપરેશન સમુદ્રસાથી (D) ઓપરેશન ચારી

**191. ડિસેમ્બર 2023 માં વૈશ્વિક આયુર્વેદ મેળો કયા ભારતીય શહેરમાં યોજાશે?**
(A) ચેન્નઈ (B) તિરુવનંતપુરમ (C) કોલકાતા (D) મુંબઈ

**192. તાજેતરમાં કયા ભારતીય બંદરને સાગર શ્રેષ્ઠ સન્માન 2022-23 એનાયત કરવામાં આવ્યું?**
(A) કંડલા પોર્ટ (B) મુંબઈ પોર્ટ (C) ચૈન્નઈ પોર્ટ (D) કોચીન પોર્ટ

**193. ભારત અને કયા દેશ વચ્ચે ચોથી દ્વિ–પક્ષીય કવાયત 'સમુદ્ર શકિત – 23' નું આયોજન કરવામાં આવ્યુ હતું?**
(A) શ્રીલંકા (B) મલેશિયા (C) ઈન્ડોનેશિયા (D) ફ્રાન્સ

**194. હાલમાં કઈ રાજ્ય સરકારે 'સ્માર્ટ સ્કૂલ સ્માર્ટ બ્લોક' કાર્યક્રમ શરૂ કર્યો છે?**
(A) છત્તીસગઢ (B) ઉત્તરાખંડ (C) હિમાચલ પ્રદેશ (D) ઉત્તર પ્રદેશ

**195. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) ના પ્રોજેકટ દંતકની સ્થાપના કરી?**
(A) શ્રીલંકા (B) નેપાળ (C) ભૂટાન (D) અફગાનિસ્તાન

**196. ભારતે કયા દેશ સાથે સંયુકત સૈન્ય કવાયત 'અજેય વોરિયર–23' નું આયોજન કર્યુ હતું?**
(A) ઈંગ્લેન્ડ (B) ફ્રાન્સ (C) જાપાન (D) અમેરિકા

**197. તાજેતરમાં કઈ સંસ્થાએ એગ્રિકલ્ચર એન્ડ માર્કેટ ઈન્ફર્મેશન સિસ્ટમ (AMIS) ની સ્થાપના કરી?**
(A) NABARD (B) FAD (C) UNDP (D) (A) & (B)

**198. CBI (Central Bureu of Investigation) ના નવા ડિરેકટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી?**
(A) રોહન ત્રિવેદી (B) પ્રવિણ સુદ (C) સુધા મૂર્તી (D) ત્રિવેશ વર્મા

**199. તાજેતરમાં ભારતના 82 માં ગ્રાન્ડમાસ્ટર કોન બન્યા છે?**
(A) ગણેશ મુર્મુ (B) વુખલા પ્રણીત (C) આર્ય સેખદ (D) મનિશ અય્યર

**200. તાજેતરમાં કોને ગોવિંદ સ્વરૂપ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ 2022 થી સન્માનિત કરવામાં આવ્યાં?**
(A) વિકાસ કુમાર (B) જયંત નાર્લીકર (C) કરણ શર્મા (D) સુલ્તાન સિંહ

**201. તાજેતરમાં કયા ભૂતપૂર્વ કેન્દ્રીય શિક્ષણ મંત્રીને લંડનમાં 'ભારત ગૌરવ સન્માન' થી સન્માનિત કરવામાં આવ્યું?**
(A) એમ. એમ.પલ્લમ રાજુ (B) સ્મૃતિ ઈરાની (C) પ્રકાશ જાવડેકર (D) રમેશ પોખરિયાલ 'નિશંક'

**202. આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસની ઉજવણી કયા દિવસે થાય છે?**
(A) 14 મે (B) 15 મે (C) 16 મે (D) 17 મે

**203. હાલમાં છઠ્ઠુ 'હિંદ મહાસાગર પરિષદ – 2023' નું આયોજન કયાં કરવામાં આવ્યું?**
(A) કાટમાંડુ (B) ઢાકા (C) નવી દિલ્હી (D) જકાર્તા

**204. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા 'મેરી લાઈફ, મેરા સ્વચ્છ શહેર' નામનું અભિમાન શરૂ કરવામાં આવ્યું?**
(A) આવાસ અને શહેરી મંત્રાલય (B) જલ મંત્રાલય
(C) ગૃહ મંત્રાલય (D) આરોગ્ય મંત્રાલય

**205. તાજેતરમાં કયા રાજ્યે "આયુષ્માન અસોમ – મુખ્યમંત્રી જન આરોગ્ય યોજના" શરૂ કરી?**
(A) આસામ (B) તમિલનાડુ (C) કેરળ (D) આંધ્રપ્રદેશ

**206. તાજેતરમાં IPL ના ઈતિહાસમાં સૌથી વધારે 183 વિકેટ લેનાર બોલર કોણ બન્યા?**
(A) રાશિદ ખાન (B) યુજવેન્દ્ર ચહલ (C) પિયુષ ચાવલા (D) મોહમ્મદ શમી

**207. તાજેતરમાં 'ઓલ ઈન્ડિયા રેડિયો' નું નામ બદલીને કયુ કરવામાં આવ્યું?**
(A) આકાશવાણી (B) ભારત રેડિયો (C) ભારત વાણી (D) અપના રેડિયો

**208. ગીતા રાવ ગુપ્તાએ વૈશ્વિક મહિલા મુદ્દાઓ માટે ભારતમાં કયા દેશના રાજદૂતની નિમણૂક કરી છે?**
(A) ઓસ્ટ્રેલિયા (B) અમેરિકા (C) જાપાન (D) કનાડા

**209. વર્ષ 2024 માં કયો દેશ 'ASEAN ટુરિઝમ ફોરમનું આયોજન' કરશે?**
(A) અમેરિકા (B) જાપાન (C) સીરિયા (D) લાઓસ

**210. તાજેતરમાં વાયુસેનાના વાઈસ ચીફ તરીકે કોણે કાર્યભાર સંભાળ્યો છે?**
(A) સાજુ બાલકૃષ્ણન (B) રાકેશ ભદૌરિયા (C) આશુતોષ દીક્ષિત (D) દિનેશ ત્રિપાઠી

**211. ભારત – EV વેપાર અને ટેકનોલોજી પરિષદની પ્રથમ મંત્રી સ્તરીય બેઠક કયા દેશમાં યોજાઈ છે?**
(A) બેલ્જિયમ (B) જર્મની (C) ઈંગ્લેન્ડ (D) ફ્રાન્સ

**212. તાજેતરમાં ટ્રિવ્ટરના (Twitter) નવા CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી?**
(A) રોજાલિંડ બ્રેવર (B) જેન ફ્રેજર (C) ટ્રિસિયા ગ્રિફિય (D) લિંડા યાકારિનો

**213. તાજેતરમાં કયા રાજ્યે 'જગન્નાકુ ચેબુડમ પ્રોગ્રામ' શરૂ કર્યો?**
(A) તેલંગાણા (B) આંધ્રપ્રદેશ (C) મધ્યપ્રદેશ (D) મહારાષ્ટ્ર

**214. હાલમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ તરફ પ્રગતિને ટ્રેક કરનાર પ્રથમ ભારતીય શહેર કયું બન્યું?**
(A) ભોપાલ (B) જયપુર (C) ઈન્દોર (D) દેહરાદૂન

**215. કયા દેશના પાસંગ દાવા શેરયા 26 વખત એવરેસ્ટ પર વિજય મેળવનાર બીજા વ્યકિત બન્યા છે?**
(A) મલેશિયા (B) નેપાળ (C) ભારત (D) ચીન

**216. વિશ્વ ટેલિકોમ દિવસ (World Telecom Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 14 મે (B) 15 મે (C) 16 મે (D) 17 મે

**217. કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ હેસ્ટિવલમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કયા મંત્રીએ કર્યુ છે?**
(A) રામદાસ આઢવલે (B) રાવ ઈન્દ્રજીત સિંહ (C) ડૉ. એલ મુરુગન (D) જિતેન્દ્ર સિંહ

**218. સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મોન્ટ્રીયલ 2023 માં 'બેસ્ટ લોંગ ડોકયુમેન્ટરી એવોર્ડ' કોને આપવામાં આવ્યો?**
(A) 'ઓલ હેટ બ્રીથ્સ' (B) 'થી ઈલેફન્ટ વ્હિસ્પર્સ' (C) 'ગૌરી' (D) 'થી મેન ઓન મિશન'

**219. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે '50 સ્ટાર્ટ – અપ એકસચેન્જ પ્રોગ્રામ' શરૂ કરવામાં આવ્યો?**
(A) બાંગ્લાદેશ (B) જાપાન (C) ફ્રાન્સ (D) અમેરિકા

**220. હાલમાં ભારતીય સેનાએ કયા રાજ્યમાં માનસ નદી પરના હાગરામા પુલ પર સંયુકત પૂર રાહત કવાયત 'જલ રાહત' હાથ ધરી હતી?**
(A) અસમ (B) તમિલનાડુ (C) અરુણાચલ પ્રદેશ (D) બિહાર

**221. તાજેતરમાં રાજ્યમંત્રી ડો. જિતેન્દ્ર સિંહે 8 મી ઓલ ઈન્ડિયા પેન્શન અદાલતનું કયા શહેરમાં ઉદ્દ્ઘાટન કર્યુ?**
(A) મુંબઈ (B) નવી દિલ્હી (C) જયપુર (D) ભોપાલ

**222. તાજેતરમાં UPSC ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી?**
(A) મનોજ સોની (B) જગદીશ વર્મા (C) વિપિન કુમાર (D) સંદીપ રાણા

**223. તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રીએ ડિજિટલ સેવાઓ માટ 'હિમ ડેટા પોર્ટલ' શરૂ કર્યો?**
(A) તેલંગાણા (B) મહારાષ્ટ્ર (C) આંધ્રપ્રદેશ (D) હિમાચલ પ્રદેશ

Banking Academy

**224. તાજેતરમાં 'સુપ્રીમ કોર્ટ ઓન કોમર્શિયલ આર્બિટ્રેશન' પુસ્તક કોના દ્વારા બહાર પાડવામાં આવ્યું?**
(A) અનુરાગ આનંદ (B) અશોક બાંકર (C) અમિત ચૌધરી (D) ડો. મનોજ કુમાર

**225. અઝરબૈજાનમાં બાકુ શકેરમાં આયોજિત ISSF વર્લ્ડકપ – 2023 માં 4 મેડલ જીતીને ભારત કયું ક્રમ પર રહયું?**
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા

**226. વિશ્વ એઈડ્સ રસી દિવસ (World AIDS Vaccine Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે

**227. કેન્દ્ર સરકાર દ્વારા 'કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા' (CCI) ના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?**
(A) અશોક ખન્ના (B) બ્રજેશ વર્મા (C) રવનીત કૌર (D) રાજેશ મિશ્રા

**228. તાજેતરમાં કયા રાજ્યમાં 'સ્વદેશી મસાલા વિતરણ કાર્યક્રમ' શરૂ કરવામાં આવ્યું છે?**
(A) ત્રિપુરા (B) તેલંગાણા (C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક

**229. તાજેતરમાં પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી?**
(A) મનોજ કુમાર (B) વિનોદ કુમાર (C) મુકેશ ખન્ના (D) એ.કે. જૈન

**230. હાલમાં સૌથી વધુ GI ટેગ્સની યાદીમાં કયું રાજ્ય બીજા સ્થાને પહોચ્યું છે?**
(A) અસમ (B) ઉત્તરપ્રદેશ (C) અરૂણાચલ પ્રદેશ (D) બિહાર

**231. હાલમાં કઈ ભારતીય કંપની દેશમાં એપલની પ્રથમ સ્થાનિક આઈફોન ઉત્પાદન ભાગીદાર બની છે?**
(A) મહિન્દ્રા કંપની (B) રિલાયંસ કંપની (C) ટાટા કંપની (D) માઈક્રોમેક્સ

**232. હાલમાં વૈશ્વિક સ્તરે વાર્ષિક હાઉસિંગ ભાવ વૃદ્ધિમાં મુંબઈનું સ્થાન કયું છે?**
(A) 4 (B) 6 (C) 3 (D) 5

**233. ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનને કયા દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજવામાં આવ્યા છે?**
(A) ફ્રાન્સ (B) જર્મની (C) ઈટલી (D) ઈંગ્લેન્ડ

**234. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા કયા દિવસને વિશ્વ ટકાઉ પરિવહન દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો?**
(A) 26 નવેમ્બર (B) 26 ડિસેમ્બર (C) 26 ઓક્ટોબર (D) 26 જાન્યુઆરી

**235. હાલમાં કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી કિરેન રિજિજુના રાજીનામા પછી નવા કાયદા અને ન્યાયમંત્રી તરીકે કોની નિમણુક કરવામાં આવી?**
(A) નિત્યાનંદ રાય (B) દિલીપ સૈકેયા (C) અર્જુન રામમેઘવાલ (D) સુશીલ કુમાર સિંહ

**236. ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે (International Muscum Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 12 માર્ચ (B) 14 જુન (C) 15 મે (D) 18 મે

**237. તાજેતરમાં યુકે એશિયન ફિલ્મ ફેસ્ટિવલમાં કઈ ફિલ્મને શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળ્યો?**
(A) મિશન મજનુ (B) યુ ટર્ન (C) ભગવાન ભરોસે (D) ગેસ લાઈટ

**238. વર્લ્ડ ફુડ ઈન્ડિયા 2023 પર પ્રથમ આંતર– મંત્રાલય સમિતિની બેઠક કયાં યોજાઈ હતી.**
(A) મુંબઈ (B) નવી દિલ્હી (C) હૈદરાબાદ (D) ચંદીગઢ

**239. તાજેતરમાં 'ધ ગોલ્ડન યર્સ' (The Golden Years) નામનું નવું પુસ્તક કોને લખ્યું?**
(A) અમિત અબ્રાહમ (B) સૈયદ મુજતબા અલી (C) આગા શાહિદ અલી (D) રસ્કિન બોન્ડ

**240. અમેરિકાના ન્યુયોર્ક પોલિસ વિભાગમાં દક્ષિણ એશિયાની સર્વોચ્ચ ક્રમાંકિત મહિલા કોણ બની છે?**
(A) પ્રિયંકા શર્મા (B) પ્રતિમા ભુલ્લર (C) રજની મિશ્રા (D) પુજા વર્મા

**241. તાજેતરમાં લુડોવિટ ઓડોરે કયા દેશના વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યો છે?**
(A) સોમાલિયા (B) સ્લોવાકિયા (C) ડેનમાર્ક (D) નીવરલેન્ડ

**242. તાજતેરમાં કર્ણાટક રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે કોને શપથ લીધા?**
(A) સિદ્દાર મૈયા (B) શિવાનંદ જૈના (C) યન્ના બસવરાજ (D) નવીનમૂર્તી

**243. સાઉથ એશિયન યુથ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ 2023 નું આયોજન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે?**
(A) અરુણાચલ પ્રદેશ (B) અસમ (C) ઓડિશા (D) હરિયાણા

**244. ડિજિટલ ગ્રામીણ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે કઈ રાજ્ય સરકારે 'PAHAL' યોજના શરૂ કરી છે?**
(A) છત્તીસગઢ (B) મહારાષ્ટ્ર (C) ઉત્તરપ્રદેશ (D) મધ્યપ્રદેશ

**245. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ સૌથી વધુ મોબાઈલ સ્પીડના સંદર્ભમાં કયો દેશ વિશ્વમાં ટોચના સ્થાને છે?**
(A) કુવૈત (B) કતર (C) નોર્વે (D) ડેનમાર્ક

Banking Academy

**246. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં સૌથી મોટા સ્કાયવોક બ્રિજનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું?**
(A) કર્ણાટક (B) તમિલનાડુ (C) મધ્યપ્રદેશ (D) મહારાષ્ટ્ર

**247. તાજેતરમાં કયા દેશે 'એશિયા પેટ્રોકેમિકલ ઈન્ડસ્ટ્રી સમિટ 2023' નું આયોજન કર્યું?**
(A) જાપાન (B) ભારત (C) ઈન્ડોનેશિયા (D) ફિલીપીંસ

**248. નીચે આપેલ પૈકી વિધાન 'પ્રોડકશન લિંક ઈન્સેન્ટિવ યોજના'ના સંદર્ભમાં સત્ય છે.**
(1) સૌ પ્રથમ પ્રોડકશન લિંક ઇન્સેન્ટિવ (PLI) યોજનાની શરૂઆત વર્ષ 2019 માં કરવામાં આવી.
(2) યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક ઉત્પાદનને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક તેમજ શ્રેષ્ઠ બનાવવાો છે.
(3) આ યોજનામાં કુલ 14 વિવિધ ઉત્પાદનક્ષેત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે.
(A) માત્ર (1) (B) માત્ર (2) (C) માત્ર (2) & (3) (D) આપેલ તમામ

**249. નીચે આપેલ પૈકી વિધાન INS વાગ્શીર અંગે સત્ય છે.**
(1) તે સ્કોર્પિન શ્રેણીની સાતમી સબમરીન છે.
(2) આ સબમરીનનું નિર્માણ કોચીન શિપયાર્ડ ખાતે કરવામાં આવ્યુ છે.
(3) INS કલવારી સ્કોર્પિન શ્રેણીની સૌથી પહેલ સબમરીન છે.
(A) માત્ર (1) (B) માત્ર (2) (C) માત્ર (3) (D) આપેલ તમામ

**250. તાજેતરમાં સરળ ગ્રામીણ પરિવહન માટે કઈ રાજ્ય સરકારે 'મુખ્યમંત્રી ગ્રામ ગાડી યોજના' શરૂ કરી?**
(A) છત્તીસગઢ (B) ઝારખંડ (C) મધ્યપ્રદેશ (D) આસામ

**251. હાલમાં ભારતે ચક્રવાતથી પ્રભાવિત કયા દેશ માટે 'ઓપરેશન કરુણા' શરૂ કર્યૂ?**
(A) મ્યાનમાર (B) સિંગાપોર (C) થાઈલેન્ડ (D) વિયતનામ

**252. તાજેતરમાં વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ 'ઈન્ટરનેશનલ મ્યુઝિયમ એક્સ્પો 2023' કયા શરૂ કર્યો?**
(A) દહેરાદૂન (B) મુંબઈ (C) નવી દિલ્હી (D) જયપુર

**253. તાજેતરમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા આંતકવાદી ગેંગસ્ટર ડ્રગ ટ્રાફિકરની સાંઢગાંઢ સામે કયુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું?**
(A) ઓપરેશન ધ્વસ્ત (B) ઓપરેશન અર્જુન (C) ઓપરેશન ચક્રવ્યુહ (D) ઓપરેશન

**254. તાજેતરમાં Zomato એ કઈ બેંક સાથે 'Zomoto UPI' લોન્ચ કર્યુ?**
(A) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (B) ICICI બેંક (C) કોટક મહિન્દ્રા બેંક (D) પંજાબ નેશનલ બેંક

**255. કઈ રાજ્ય સરકારે બેરોજગાર યુવાનો માટે 'મુખ્યમંત્રી શોધો કમાઓ યોજના' શરૂ કરી છે?**
(A) અરુણાચલ પ્રદેશ (B) ઉત્તર પ્રદેશ (C) હરિયાણા (D) મધ્યપ્રદેશ

**256. તાજેતરમાં "ઈટ ગોટ એન એમઝિંગ બ્લડબાથ: ધ અંશુમન ગાયકવાડ નેરેટિવ" પુસ્તક કોણે રજુ કર્યુ?**
(A) રાધિકા ઝા (B) વિશ્વનાથ ઘોષ (C) આદિત્ય ભૂષણ (D) ઈંદિરા ગોસ્વામી

**257. તાજેતરમાં કયા એરપોર્ટના નવા ટર્મિનલ પ્રોજેક્ટને 'ઈન્ટરનેશનલ સેફ્ટી એવોર્ડ' આપવામાં આવ્યું?**
(A) કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ (B) ત્રિચી એરપોર્ટ
(C) રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ (D) ગોવા ઈન્ટરનેશનલ એરપોર્ટ

**258. વિશ્વ કાચબા દિવસ (World Turtle Day) કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 21 જુન (B) 12 જુન (C) 23 મે (D) 16 મે

**259. હાલમાં સાગર પરિક્રમાનો પાંચમો તબક્કો કયા રાજ્યમાં શરૂ કરવામાં આવ્યો છે?**
(A) મહારાષ્ટ્ર (B) તમિલનાડુ (C) ગોવા (D) ગુજરાત

**260. તાજેતરમાં નીચેનામાંથી કોના દ્વારા ગુજરાતના દ્વારકામાં નેશનલ એકેડમી ઓફ કોસ્ટલ પોલિસિંગ (NACP) કેમ્પસનો શિલાન્યાસ કર્યો?**
(A) વિજય રૂપાણી (B) ભૂપેન્દ્ર પટેલ (C) અમિત શાહ (D) આચાર્ય દેવવ્રત

**261. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કયા દેશના સર્વોચ્ચ નાગરિક સમ્માનથી સમ્માનિત કરવામાં આવ્યું?**
(A) જાપાન (B) પાપુઆ ન્યુ ગિની (C) ઈંગ્લેન્ડ (D) ઓસ્ટ્રેલિયા

**262. કઈ રાજ્ય સરકારે મહિલાઓ માટે કાર્યસ્થળને સુરક્ષિત બનાવવાના ઉદ્દેશ્ય સાથે 'સહસ પહેલ' શરૂ કરી છે?**
(A) તમિલનાડુ (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) તેલંગાણા

**263. તાજેતરમાં કયા દેશના 50,000 વર્ષ જુના વૃક્ષને વિશ્વના સૌથી જૂના વૃક્ષ તરીકે ઓળખવામાં આવ્યું?**
(A) ચિલી (B) મિસ્ત્ર (C) કનાડા (D) સાઉથ આફ્રિકા

**264. ગુડ ગવર્નન્સ રેગ્યુલેશનને મંજુરી આપનાર દેશનું પ્રથમ રાજ્ય કયું બન્યું છે?**
(A) મહારાષ્ટ્ર (B) છત્તીસગઢ (C) ગુજરાત (D) હરિયાણા

**265. તાજેતરમાં UN માઈગ્રેશન એજન્સીના પ્રથમ મહિલા ડાયરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી?**
(A) જીના મોસવેલ (B) બારબરા સ્મિથ (C) લિંડા રેંડલ (D) એમી પોપ

**266. કયા રાજ્યના સ્ટાર્ટઅપ મિશનને UBI ગ્લોબલ દ્વારા વિશ્વના નંબર 1 પબ્લિક બિઝનેસ ઈન્ક્યુબેટર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે?**
(A) ઉત્તર પ્રદેશ (B) હિમાચલ પ્રદેશ (C) કેરળ (D) ગુજરાત

**267. હાલમાં કયા રાજ્યના તુલજાભવાની મંદિરમાં ભક્તો માટે ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો છે?**
(A) મહારાષ્ટ્ર (B) તમિલનાડુ (C) રાજસ્થાન (D) ગુજરાત

**268. જૈવિક વિવિધતા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ કયા દિવસે ઉજવવામાં આવે છે?**
(A) 19 મે (B) 20 મે (C) 21 મે (D) 22 મે

**269. ઉત્તર પ્રદેશના કયા શહેરમાં 'નાથ કોરિડોર' વિકસાવવામાં આવશે?**
(A) મથુરા (B) બરેલી (C) આગરા (D) વારાણસી

**270. નીચે આપેલ પૈકી વિધાનો G-7 દેશોના સંદર્ભમાં સત્ય છે.**
(1) વર્ષ 2023 માં યોજાયેલ શિખર સંમેલન G-7 ની 48 મી આવૃત્તિ હતી.
(2) G-7 દેશોમાં ચીન, જર્મની અને ઈટલીનો સમાવેશ થાય છે.
(3) તેની પાસે પોતાનું ચાર્ટર તેમજ સચિવાલય નથી
(A) માત્ર (1) (B) માત્ર (2) (C) માત્ર (3) (D) એક પણ નહી.

Banking Academy

# 14 Facts.... Inshort

1. હાલમાં પાકિસ્તાની – કેનેડિયન તારેક ફતાહનું નિધન થયુ છે જે કયાં ક્ષેત્ર સાથે જોડાયેલા હતા? – **પત્રકારત્વક્ષેત્રે**
2. ભારત કયા દેશ સાથે મળીને 'ચેમ્બર ઓફ કોમર્સ'ની સ્થાપના કરશે? જેથી બંને દેશોના વ્યાપારી સંબધોને મજબૂતી મળશે. – **યુક્રેન**
3. ભારત કયાં દેશમાં, તે દેશની સૌ પ્રથમ ઓઈલ રિફાઈનરીનું નિર્માણ કરવામાં સહાયતા કરશે? આ રિફાઈનરીનું કાર્ય વર્ષ 2025 સુધીમાં પૂર્ણ થશે, તેમાંથી ઉત્પાદન થતી પેદાશોથી 70% સ્થાનિક ઉર્જા માંગને પૂરી પાડશે. – **મંગોલિયા**
4. બેલ્જિયમ કંપની વિટો ભારતના કયા શહેરમાં કચરા આધારિત બાયોડિઝલ પ્રોજેક્ટ શરૂ કરશે? – **અયોધ્યા, ઉત્તરપ્રદેશ**
5. તાજેતરમાં કોણે બાંગ્લાદેશના 22 માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે? – **મોહમ્મદ શહાબુદ્દીન ચુપ્પુ**
6. IIT મદ્રાસ આફ્રિકાના કયા દેશમાં સૌપ્રથમ ભારતીય ટેકનોલોજી સંસ્થા (IIT) ની સ્થાપના કરશે? – **તાંઝાનિયા**
7. વર્ષ 2023-24 માટે NASSCOM ના ચેરપર્સન તરીકે પસંદગી કરવામાં આવી છે? – **અનંત માહેશ્વરી, માઈક્રોસોફ્ટ ઈન્ડિયા પ્રમુખ**
8. પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ કયાં NAMO મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટનું લોકાપર્ણ કર્યુ છે? – **કેન્દ્રશાસિત પ્રદેશ સેલવાસ**
9. સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI) ના પ્રમુખ તરીકે કોણ બિનહરીફ ચુંટાયુ ? – **પંકજ સિંહ**
10. રાષ્ટ્રીય રમત – 2023 જેને 37 મી રાષ્ટ્રીય રમત પણ કહેવામાં આવે છે તેનુ આયોજન કયા રાજ્યમાં અને કોના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે? – **ગોવા, પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી**
11. એસોસિયેશન ઓફ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની (ARCs) ના નવા મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે? – **હરિ હર મિશ્રા**
12. મનકી બાત @ 100 પર એક દિવસીય રાષ્ટ્રીય સંમેલનમાં ઉપરાષ્ટ્રપતિ જગદીશ ધનખર દ્વારા કયા બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યુ? – **કોફી ટેબલ બુક 'My Dear Fellow Citizen' અને પ્રસાર ભારતીના પૂર્વ CEO શશી શેખર વેપાતિ લિખિત Collective Spirit, Concrete Action'.**
13. કયા દેશમાં જગન્નાથ સોસાયટી દ્વારા જગન્નાથ મંદિરનું નિર્માણ કરવામાં આવશે? – **બ્રિટનની રાજધાની લંડનમાં નિર્માણ થશે. જે યુરોપનું સૌપ્રથમ જગન્નાથ મંદિર હશે.**
14. અમેરિકાના કયા રાજ્યએ સત્તાવાર રીતે દિવાળીને રાજ્ય રજા તરીકે જાહેર કરી છે? – **પેન્સિલવેનિયા રાજ્ય**
15. પ્રધાનમંત્રીએ તાજેતરમાં દેવકા સીફ્રન્ટ જનસમર્પિત કર્યો છે, જે કયાં આવેલ છે? – **કેન્દ્રશાસિત પ્રદેશ – દમણ**
16. વડાપ્રધાને કેરળના તિરુવનંતપુરમ ખાતેથી નવા લોગો વાળી પ્રથમ વંદે ભારત એકસપ્રેસ ટેનનું લોકાર્પણ કર્યુ. આ નવાલોગોમાં કયા પ્રાણીનો સમાવેશ કરવામાં આવ્યો છે? – **દોડતા ચિત્તાના લોગોવાળી**
17. ગુજરાત સરકાર દ્વારા કયાં રાજ્ય ધોરીમાર્ગ ઉપર પ્રથમ પાઈલોટ પ્રોજેક્ટ શરૂ કરાયો. જેમાં અકસ્માત નિવારણ માટે રોલર ક્રશ બેરીયરનો ઉપયોગ કરવામાં આવ્યો છે? – **ડાંગ જીલ્લો, ગુજરાત**
18. JCO સમિટ – 2023 ની મેજબાની કોના દ્વારા કરવામાં આવશે? – **નવી દિલ્હી, ભારત.**
19. સાંસ્કૃતિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે કઈ રાજ્ય સરકાર દ્વારા "હેરિટેજ ફેસ્ટિવલ– 2023 નું" આયોજન કરવામાં આવ્યુ? – **ગોવા સરકાર**
20. કયાં ભારતીય – અમેરિકનને 'ઈમિગ્રન્ટ એચિવમેન્ટ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા છે? આ પુરસ્કાર અમેરિકાની વિરાસત પ્રત્યે પ્રતિબધ્ધતા તેમજ સમર્પણ માટે, દર વર્ષે કોઈ વ્યકિત કે સંસ્થાને આપવામાં આવે છે. – **નીલી બેંદાપુડી, વર્તમાનમાં તેણી 'પેન સ્ટેટ યુનિવર્સિટી' ના અધ્યક્ષ છે.**
21. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમન દ્વારા કયા પુસ્તકનું અનાવરણ કરવામાં આવ્યુ? – **'Reflection' તેને જાણીતા બેંકર નારાયણ વાઘુલ દ્વારા લખવામાં આવ્યુ છે. આ પુસ્તકમાં વાઘુલે નાણાકીય ક્ષેત્રમાં તેના અનુભવોનું વર્ણન કર્યુ છે.**
22. હાલમાં કોનુ નિધન થયુ છે? જેને કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR) માં 25 વર્ષ સુધી વરિષ્ઠ વૈજ્ઞાનિક તરીકે સેવા આપી તેમજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્ટિફિક હેરિટેજ (IISH) ના નિર્માતા ગણવામાં આવે છે. – **ડો.એન.ગોપાલકૃષ્ણન**
23. અજરબૈજાનની રાજધાની બાકુમાં આયોજીત ગ્રાન્ડ પ્રિક્સ – 2023 ફોર્મૂલા – 1 વિશ્વ ચેમ્પિયનશીપના ચોથા રાઉન્ડમાં કોન વિજેતા બન્યુ? – **સર્જીયો પેરેજ**
24. કઝાકિસ્તાનની રાજધાની અસ્તાનામાં આયોજીત 17 મી વિશ્વ ચેસ ચેમ્પિયનશીપ કોણ જીત્યુ? – **ડીંગ લીરેન, ચીનનો સૌપ્રથમ વિશ્વ ચેસ ચેમ્પિયનશીપ**
25. ભારત સરકારે બેંક ઓફ ઈન્ડિયાના (BOI) નવા વહીવટી નિયામક (Managing Director) તરીકે કોની નિમણૂક કરી છે? – **રજનીશ કર્ણાટક**

Banking Academy

26. 'મેડ ઈન ઈન્ડિયા : 75 પર્સ ઓફ બિઝનેસ એન્ડ એન્ટરપ્રાઈઝ' પુસ્તક કોના દ્વારા લખવામાં આવ્યુ છે? જેમાં લેખક મેડ ઈન ઈન્ડિયામાં રાષ્ટ્રનો વ્યવસાયિક વારસો અને સંસ્કૃતિનું બહુપક્ષીય સર્વેક્ષણ આપે છે? – **નિવૃત્ત ભારતીય વહીવટી સેવા (IAS), નીતિ આયોગના ભુતપૂર્વ મુખ્ય કારોબારી અધિકારી – અમિતાભ કાંત**

27. ભારતની અધ્યક્ષતામાં ત્રીજી G-20 એજ્યુકેશન વર્કિંગ ગ્રુપની બેઠક કયાં યોજાઈ હતી? – **ભુવનેશ્વર, ઓડિશા**

28. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'સમાજના છાયડા' પુસ્તકનું વિમોચન કયુ છે. જે કોના દ્વારા લખવામાં આવી છે? – **વરિષ્ઠ પત્રકાર રમેશ તન્ના (તે હકારાત્મક વાર્તાઓની શ્રેણીનું 10 માં ક્રમાંકનું પુસ્તક છે.)**

29. કયા દેશે ChatGPT ની હરિફ 'Gigachat – AI - Chatbot' લોન્ચ કરી છે? – **રશિયા**

30. ફ્રાન્સમાં ચાલી રહેલી બહુરાષ્ટ્રીય યુધ્ધ કવાયત ઓરિઓનમાં ભારતની વાયુસેનામાંથી કઈ સૌપ્રથમ મહિલા પાઈલોટ રાફેલ લડાયક વિમાન ઉડાવશે? – **શિવાંગી સિંઘ**

31. કયા સમાજવાદી નેતાને સમાજવાદની ચળવળમાં યોગદાન બદલ 'શતાબ્દી પુરુષ' (Man of century) નું બિરુદ આપવામાં આવ્યું છે? – **પંડિત રામકિશન (તેઓ જયપ્રકાશનારાયણ ચળવળમાં જોડાય, વર્ષ 1977 માં સાંસદ અને ચાર વખત રાજસ્થાનમાં ધારાસભ્ય તરીકે ચુંટાયા)**

32. જ્યોફ્રી હિન્ટને હાલમાં ગુગલમાંથી રાજીનામુ આપ્યુ છે જેમણે કઈ આધુનિક તકનીકીમાં શ્રેષ્ઠ યોગદાન આપ્યુ છે? – **ChatGPT અને Bing, જ્યોફ્રી હિન્ટનને 'AI ના ગોડફાધર' પણ કહેવામાં આવે છે.**

33. કયા રાજ્યની સરકારે ભારતીય પુરુષ અને મહિલા હોકી (સિનિયર અને જુનિયર) બંને ટીમોની સ્પોન્સરશીપ વધુ 10 વર્ષ માટે 2023 થી 2033 સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે? – **ઓડિશા રાજ્ય**

34. રાજસ્થાનમાં કયા ત્રણ નવા વિસ્તારને સંરક્ષણ માટે આરક્ષિત કર્યા છે? – **બારાન જીલ્લામાં સોરસન, જોધપુર જીલ્લામાં ખીચાન અને ભીલવાડા જિલ્લામાં હમીરગઢ**

35. ફોર્બ્સ 2023 ના અહેવાલ અનુસાર સૌથી વધુ કમાણી કરનાર રમતવીરની યાદીમાં મોખરાના સ્થાન પર કોન છે? – **ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (પોર્ટુગીઝ)**

36. ભારતીય જીવન વીમા નિગમ (LIC) ના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક થઈ? – **સિધ્ધાર્થ મોહંતી**

37. તેલંગાણા સરકારે તાડી કાપનારાઓ માટે કઈ નવી વીમા યોજનાની જાહેરાત કરવામાં આવી છે? જેમાં તાડના ઝાડમાંથી તાડી એકત્ર કરતી વખતે અકસ્માતને કારણે મુત્યુ પામેલા તાડી કાપનારના પરિવારને 5 લાખની આર્થિક સહાય પૂરી પાડશે. – **ગીથા કર્મિકુલા ભીમ**

38. માઈક્રોસોફ્ટ દ્વારા કઈ બે પહેલો શરૂ કરવામાં આવી જે ભારતીય સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમોને (SMB) મદદરૂપ થશે? – (i) સમર્પિત હેલ્પલાઈન નંબર– 1800-102-1147 (ii) SMB કેન્દ્રિત વેબસાઈટ

39. તાજેતરમાં યોજાનાર 'FIM World JuniorGP World Championship' માં પહેલીવાર કોઈ ભારતીય ભાગ લેશે? – **જ્યોકી એમેન્યુઅલ**

40. પાકિસ્તાનના કયા ખેલાડીએ વન – ડે – ઈન્ટરનેશનલ (ODI) ક્રિકેટમાં સૌથી ઝડપી માત્ર 97 ઈનિંગ્સમાં 5000 રન પૂરા કર્યા છે? – **બાબર આઝમ**

41. તાજેતરમાં દક્ષિણ કોરિયાના જિંજુમાં આયોજીત એશિયન વેઈટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ – 2023 માં મહિલાઓની 55 કિગ્રા વર્ગમાં કઈ ભારતીય મહિલા ખેલાડીએ સિલ્વર મેડલ જીત્યું? – **બિંદિયારાની દેવી**

42. યમુના એક્સપ્રેસવે ઈન્ડસ્ટ્રીયલ ઓથોરિટી (YEIDA) દ્વારા ઉત્તર પ્રદેશના કયા શહેરમાં દેશની પ્રથમ પોડ ટેક્સી સેવા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે? આ પ્રોજેક્ટ વર્ષ 2024 ના અંત સુધીમાં પૂર્ણ કરવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. – **નોઈડા, ઉત્તરપ્રદેશ**

43. કઈ ત્રણ ઈરાની મહિલા પત્રકારોને 'UNESCO/ Guillermo Cano World Press Freedom Prize - 2023' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે? – **નીલોફર હમીદી, ઈલાહે મોહમ્મદી અને નરગીસ મોહમ્મદી**

44. ફ્રાન્સે તેમના 14 જુલાઈની રાષ્ટ્રીય દિવસ ઉજવણી માટે યોજાતિ 'બેસ્ટિલ ડે પરેડ' માં 'ગેસ્ટ ઓફ ઓનર' તરીકે કોને આમંત્રિત કરવામાં આવ્યા? – **ભારતના વડાપ્રધાન, નરેન્દ્રમોદી**

45. UGC એ કેન્દ્રીત યુનિવર્સિટીમાં ફેકલ્ટી સભ્યોની નિમણુંક કરવા માટે કયુ પોર્ટલ બનાવ્યુ છે? જે યુનિવર્સિટીઓમાં નોકરીની જાહેરાત કરવી, અરજી સ્વીકારવી, અરજદારોની તપાસ કરવી, ઈન્ટરવ્યુ લેવા વગેરે જેવા કાર્યો કરશે – **CU Chayan Portal**

46. તાજેતરમાં સુરતના પદ્મભૂષણ વિજેતા પદ્માબેન દેસાઈનું 91 વર્ષની વયે નિધન થયુ છે તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા? – **અર્થશાસ્ત્ર**

47. ભારતીય નૌસેનાએ હાલમાં કયા જહાજને તેની 36 વર્ષની સેવા બદલ નિવૃત્તિ કાર્યક્રમનું આયોજન કોચી ખાતે રાખવામાં આવ્યુ? – **INS મગર**

48. ઉત્તરપ્રદેશ સરકારે બુંદેલખંડના કયા જીલ્લામાં તે રાજ્યની સૌપ્રથમ ફાર્મા પાર્કની સ્થાપનાને મંજૂરી આપી છે? – **લલિતપૂર**

49. કયા ભારતીય – અમેરિકનની અમેરિકામાં બિડેન વહીવટમાં ઘરેલુ નીતિ સલાહકાર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે? – **નીરા ટંડન**

50. ભારતના કયા રમતવીરે કયુબાના હવાના ખાતે આયોજીત "V Prueba de Confrontaction -2023" માં પુરુષ ત્રિપલ જમ્પમાં કેટલા મીટર કુદીને રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો? – **પ્રવિણ ચિત્રાવેલ, 1737 મીટર**

51. દેશમાં પ્રથમવાર કયા રાજ્યએ તેની ઉચ્ચશિક્ષણ સંસ્થાઓની ગુણવત્તાનું મુલ્યાંકન કરવા કેન્દ્ર સરકારના નેશનલ ઈન્સ્ટિટયૂશન રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) આધારિત માળખુ બનાવ્યુ છે? – **કેરલ, કેરલ ઈન્સ્ટિટયુશન રેન્કિંગ ફ્રેમવર્ક (KIRF)**

52. 'દ્રોપદી મુર્મુ : ફ્રોમ ટ્રાઈબલ હિન્ટરલેન્ડ ટુ રાયસીના હિલ' કોના દ્વારા લખવામાં આવ્યુ છે? – **કસ્તુરી રે (ધ ન્યુ ઈન્ડિયન એક્સપ્રેસના પત્રકાર)**

53. કેન્દ્રિય કાયદા અને ન્યાયમંત્રી કિરણ રિજ્જુ દ્વારા કઈ સિનેમાનું ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યુ છે? તે સિનેમા સૌપ્રથમવાર અરૂણાચલની સ્થાનિક ભાષા 'ટેગિન' માં બનાવવામાં આવી છે. આ ભાષાનો ઉપયોગ અરૂણાચલ પ્રદેશના સુબનસીરી જીલ્લા 'ટેગિન' સમાજ દ્વારા કરવામાં આવે છે. "લવ ઈન 90" **નિર્દેશક તપેન નટમ**

54. મહારાષ્ટ્ર સરકાર દ્વારા પ્રતિ વર્ષ આપવામાં આવતો 'ડો. ભીમરાવ આંબેડકર એવોર્ડ– 2023' થી કોને સન્માનિત કરવામાં આવ્યા? – **યોગી આદિત્યનાથ (ઉત્તરપ્રદેશ – મુખ્યમંત્રી)**

55. કઈ કંપની ત્રણ વર્ષ માટે ICC નો વૈશ્વિક પ્રાયોજક તરીકેનો કાર્યભાર સંભાળી લેશે? હાલમાં BharatPe ICC નો વૈશ્વિક પ્રાયોજક છે જે વર્ષ 2023 ના અંતસુધી રહેશે. – **Mastercard**

56. T-20 ક્રિકેટમાં કયા ભારતીય ખેલાડીએ સૌપ્રથમ 300 વિકેટ પૂરી કરવાનો ઈતિહાસ સર્જ્યો? – **યુજવેન્દ્ર ચહલ (ભારતીય ટીમ તેમજ IPL માં રાજસ્થાન રોયલ તરફથી રમે છે.)**

57. કયા ભારતીય ફૂટબોલ દિગ્ગજ ખેલાડીના જન્મ દિવસને ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) દ્વારા "AIFF Grassroots Day" ઉજવવાની ઘોષણા કરવામાં આવી છે? – **પ્રદીપકુમાર બેનર્જી**

58. પાંચમાં 'વૈશ્વિક આયુર્વેદ, ઉત્સવ– 2023' નું આયોજન કયાં કરવામાં આવશે? – **તિરુવનંતપુરમ, કેરલ**

59. હાલમાં અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘનું 29 મું સંમેલન ગુજરાતના કયા શહેરમાં આયોજન થયુ હતું? ગુજરાત સૌપ્રથમ સંમેલનનું યજમાન બન્યુ છે? – **ગાંધીનગર ગુજરાત**

60. ઉઝબેકિસ્તાનના તાશકંદમાં યોજાયેલી IBA મેન્સ વર્લ્ડ બોકિસંગ ચેમ્પિયનશિપ 2023 માં ભારતના કયા ખેલાડીઓએ બ્રોન્ઝ મેડલ જીત્યા છે? – **દીપક ભોરિયા – ૫૧ Kg. મોહમ્મદ હુસામુદ્દીન – 57 Kg નિશાંત દેવ – 71 Kg શ્રેણીમાં જીત્યા છે.**

61. તાજેતરમાં કોના દ્વારા વિચરતી જાતિના શિક્ષણથી વંચિત બાળકોને ભણાવવા માટે આર્કષક બસ તૈયાર કરવામાં આવી છે? – **સુરતનું સ્વૈચ્છિક સંગઠન 'માનવતાની મહેક'**

62. Twitter ના CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે? – **લિન્ડા પારિકેન**

63. અઝરબૈજાનના બાકુમાં આયોજીત શૂટિંગ ISSF વર્લ્ડ કપ 2023 માં કઈ જોડીએ 10 મીટર એર પિસ્તોલ મિશ્રિત ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો – **દિવ્યા થડીગોલ – સરબજોત સિંહ (ભારત)**

64. રેલવે મંત્રાલયે જાહેર ફરિયાદોના ઝડપી નિવારણની સુવિધા માટે શેની શરૂઆત કરી છે? – **'Rail War Room' નવી દિલ્હી સ્થિત રેલવેમંત્રાલયમાં**

65. ભારતના કયા રાજ્યએ સમર્પિત 'ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશનની' સ્થાપના કરી છો – **મહારાષ્ટ્ર**

66. બેંક ફોર ઈન્ટરનેશનલ સેટલમેન્ટસ (BIS) સાથે કઈ સંસ્થાએ 'G20 Techsprint' લોન્ચ કર્યુ છે? – **RBI**

67. કઈ સંસ્થાએ 'કૃષિ અને બજાર માહિતી પ્રણાલી (AMIS)' ની સ્થાપના કરી છે? – **FAD**

68. નેપાળના કયા પર્વતારોહકે 26 વખત પર્વત માઉન્ટ એવરેસ્ટે ચઢનાર વિશ્વની બીજી વ્યકિત બની છે? – **પાસંગ દાવા**

69. રાષ્ટ્રીય હોમિયોપેથિક કોન્ફરન્સ 'Homoecon - 2023' નું આયોજન ભારતમાં કયા થયું? – **દૂન વિશ્વવિદ્યાલય, દેહરાદૂન, ઉત્તરાખંડ**

70. હાલમાં કાયદો અને ન્યાય મંત્રાલયનો સ્વતંત્ર હવાલો કોને સોપવામાં આવ્યો છે? – **રામ મેઘવાલ**

71. હાલમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના મંત્રી કોને બનાવવામાં આવ્યા છે? – **કિરણ રિજ્જુ**

72. નેપાળના કયા પર્વતારોહકે માઉન્ટ એવરેસ્ટ શીખર 27 મી વખત સર કર્યો છે? તેણે વિશ્વનો સૌથી ઉંચો પર્વત સૌથી વધુ વખત સર કરી વિશ્વ વિક્રમ સર્જયો છે. – કામી રીતા શેરપા

73. વડાપ્રધાન દ્વારા કયા રાજ્યની પહેલી વંદે ભારત એકસપ્રેસને લીલી ઝંડી બતાવવામાં આવી? – **ઓડિશા (પુરી થી હાવડા વચ્ચે ચાલશે)**

74. CJI ડી. વાય ચંદ્રચૂડે સુપ્રીમ કોર્ટમાં કયા બે નવા ન્યાયધીશને શપથ લેવડાવ્યા? – **પ્રશાંતકુમાર મિશ્રા (આંધપ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને સિનિયર વકીલ કે. વી. વિશ્વનાથ.)**

75. હાલમાં કર્ણાટકના મુખ્યમંત્રી અને નાયબ મુખ્ય તરીકે કોણે શપથ લીધા? મુખ્યમંત્રી – **સિદ્ધારમૈયા, નાયબ મુખ્યમંત્રી – ડી.કે. શિવકુમાર**

76. ભારતે મ્યાનમારમાં ચક્રવાત મોચાથી પ્રભાવિત લોકોને મદદ કરવા માટે કયું ઓપરેશન હાથ ધર્યુ છે? – **ઓપરેશન કરુણા**

77. તાજેતરમાં કયા સ્થળે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીએ મુખ્ય સચિવો. અધિક મુખ્ય સચિવ, જિલ્લા કલેકટર અને વિભાગોના વડાઓનું 10 મું ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવશે? – **સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા**

78. “ધ બિલિયન ડોલર ડેથ ટ્રેડ” અહેવાલ કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથે સંકળાયેલા છે? જેમાં આતંરરાષ્ટ્રીય હથિયાર માળખુ જે મ્યાનમારમાં માનવ અધિકારોનું હનન કરવામાં મદદરૂપ થયુ છે. – **સંયુકત રાષ્ટ્ર (UN)**
79. “The Golden Years : The Many Joys of Living a good Long Life” પુસ્તક કોના દ્વારા લખવામાં આવ્યુ છે? – **ભારતીય લેખક રસ્કિન બોન્ડ (જેમાં વ્યકિતની વૃધ્ધા અવસ્થામાં આંનદ અને પડકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.)**
80. વોટર ટેક્નોલોજી કેન્દ્ર સ્થાપવા માટે ઈઝરાયલ દ્વારા ભારતની કઈ શૈક્ષણિક સંસ્થા સાથે જોડાણ કર્યું? – **ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી – (IIT) – મદ્રાસ**
81. રેયાનાહ બર્નાવી Spacex રોકેટની મદદથી આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનની મુલાકાત લેશે. તે કયાં દેશની સૌપ્રથમ મહિલા અવકાશયાત્રી છે. – **સાઉદી અરેબિયા**
82. ગરુડ એરોસ્પેસ અને હિન્દુસ્તાન એરોનોટીકલ લિ. ની કઈ પેટા કંપની વચ્ચે મેક ઈન ઈન્ડિયા ડ્રોનના ઉત્પાદન માટે સમજૂતી કરવામાં આવી ? – **નૈની એરોસ્પેસ**
83. ધ બોર્ડ ઓફ કંન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઇન્ડિયા (BCCI) ની જાહેરાત અનુસાર હવેથી કઈ કંપની કેવલ કિરણ કલોથિંગ લિ. ની બદલે ભારતીય ક્રિકેટ ટીમને કીટ સ્પોન્સર કરશે? – **Adidas**
84. તાજેતરમાં કઈ ટીમે 27 મી વખત લા–લીગા ફૂટબોલ ટૂર્નામેન્ટનું ટાઈટલ જીત્યું છે? – **બાર્સેલોના**
85. ગુજરાતના કયા શહેરમાં અમૃત આવાસોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું? – **ગાંધીનગર**
86. હાલમાં ત્રણ સામાજીક સુરક્ષા યોજનાઓ પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PM-SBY), પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના (PMJJBY) અને અટલ પેંશન (APY) એ સફળતા પૂર્વક કેટલા વર્ષ પૂર્ણ કર્યા છે? – **8 વર્ષ**
87. ભારતના G-20 પ્રમુખપદના ભાગરૂપે Y20 જૂથના Y20 પરામર્શ કાર્યક્રમનું આયોજન કયા કરવામાં આવતુ હતું? – **કાશ્મીર યુનિવર્સિટી**
88. હાલમાં ચર્ચામાં રહેલી ‘Donanemab’ દવા કયા રોગના સારવાર સાથે સંકળાયેલ છે? – **અલ્ઝાઈમર**
89. કઈ સંસ્થાએ ‘I Drone Initiative’ હેઠળ બ્લડ બેગ ડિલિવરીની ટ્રાયલ રન સફળતાપૂર્વક હાથ ધરી હતી? – **ICMR**
90. ભારતે કયા દેશ સાથે ગતિશીલતા કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જેની હેઠળ 42,000 ભારતીયોને કામ કરવાની મંજૂરી આપશે? – **ઈઝરાયલ**
91. કઈ કંપનીએ Wastonx AI લોન્ચ કર્યુ છે? – **IBM**
92. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કયા રોગ માટે 10 મહિના લાંબી વૈશ્વિક આરોગ્ય કટોકટીનો અંત જાહેર કર્યો છે? – **MPox**
93. ઓસ્ટ્રેલિયા દ્વિપક્ષીય સંબધોને વધારવાના બંને દેશોના પ્રયાસોના ભાગરૂપે ભારતમાં કયા કોન્સ્યુલેટ જનરલની કચેરી સ્થાપિત કરવામાં આવશે? – **બેંગલુરુ વર્તમાનમાં ભારતમા ચાર કોન્સ્યુલેટ જનરલ કાર્યરત છે દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને કોલકત્તા**
94. રુસના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાઈસી વચ્ચે કયા બે શહેરને જોડતી રેલમાર્ગ માટે કરાર કરવામાં આવ્યો છે. આ રેલમાર્ગ 7,200 કિમીના ઈન્ટરનેશનલ નોર્થ – સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INTC) નો હિસ્સો છે. આ કોરિડોર રુસના સેન્ટ પીટર્સ બર્ગને મુંબઈ સાથે જોડશે – **રસ્ત શહેર (ઈરાન) થી અસ્તારા (અઝરબૈજાન)**
95. કઈ યુનિવર્સિટીએ કલાઈમેન્ટ ચેન્જ પર બે દિવસીય Youth 20 ઈવેન્ટનું આયોજન કર્યુ હતું? – **કાશ્મીર યુનિવર્સિટી**
96. હિંદ પ્રશાંત ક્ષેત્રમાં અમેરિકા કયા દેશમાં પોતાનુ લશ્કરી મથકનું નિર્માણ કરશે? – **પાપુઆ ન્યુ ગીની**
97. દેશના સૌથી મોટા હાઈકોર્ટ ભવનનું કયા રાજ્યમાં નિર્માણ થશે? – **રાંચી, ઝારખંડ (165 એકરમાં ફેલાયેલું છે.)**
98. ઈસરો કયા નેવિગેશન સેટેલાઈટનું GSLV-F12 રોકેટની મદદથી પ્રક્ષેપણ કરશે? – **NVS-01 (NAVIC સેવાનો હિસ્સો છે.)**
99. કયા દેશના 5,000 વર્ષ જૂના એક વૃક્ષને વિશ્વના સૌથી જૂના તરીકે સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી છે? – **ચિલી (પેટાગોનિયન સાયપ્રસ નામનું વૃક્ષ – ગ્રેટ ગ્રાન્ડફાધર હુલામણું નામ)**
100. પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (PNGRB) ના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી? – **એ કે જૈન**
101. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાપાનના કયા શહેરમાં મહાત્માગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યુ? – **હિરોશિમા (મોટોપાસુ નદીને અડીને આઈકોનિક A-Bomb ડોમની નજીક છે.)**

## Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

# GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ








COMBO BOOKS SET

8140858555

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો


# GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ





## Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
|---|---|---|
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

## Branches

### VARACHHA (Surat)

4th Floor, "Silver Business Hub",
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha,
Surat PH: 70464 16555

### KATARGAM (Surat)

422, 4th Floor, KBC -Kedar Business Hub,
Katargam Dabholi BRTS Road,
Near Bapa Sitaram Chowk, Katargam,
Surat PH: 70466 31555